श्री सद्गुरवे नमः

વર્ષ ૨ જું. — સસ્તી વાર્તામાળા. — પુસ્તક ૭-૮

शहेनशाह जहांगीर

લેખક,

ચીમનલાલ રતનલાલ દેસાઈ.

ભરૂચ.

પ્રથમાવૃત્તિ પ્રત ૨૫૦૦ — પોષ માહ — સં. ૧૯૭૧ સને ૧૯૧૫

પ્રકાશક,

ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા.

વ્યવસ્થાપક—સસ્તી વાર્તામાળા.

મુંબઈ નં. ૧૩

કાચું પૂઠું ૦-૬-૦ — પાકું પૂઠું ૦-૮-૦

રજીષ્ટર નંબર ——————— આ પુસ્તકના માલિક

ઢીલ થવાનું કારણ:—

"**વાર્તામાળા**" ના પ્રસ્તુત પુસ્તક **શાહેનશાહ જહાંગીરને** પ્રકટ કરવામાં **અસાધારણ ઢીલ થઈ છે.** તેનું કારણ, કેટલાંક સાંસારિક કાર્યોમાં રોકાણ થવાનું છે. એ પુસ્તકો અન્ય સજ્જનોને લખવા આપેલાં ત્યાંથી આવ્યા પછી બરાબર તપાસી છાપવા આપવાનું હોવાથી પણ કેટલીક ઢીલ થઇ છે. એ માટે સજ્જન ગ્રાહક બંધુઓ ક્ષમા કરશે.

હવે પછીનાં પુસ્તકો **"મહારાષ્ટ્રીય કથાકુંજ"** વગેરે છપાય છે જે **પંદરેક દિવસમાં પોષ્ટ થશે,** અને તે પછીનું પુસ્તક **"ઉમાજી નાયક"** **પણ ત્યાર પછી પંદરેક દિવસે** પોષ્ટ થશે.

નવા વર્ષનું પ્રથમ પુસ્તક:-

શ્રાવણમાં બહાર પડી જશે. અનિવાર્ય કારણોથી માત્ર આ વખતેજ ઘણો વિલંબ થયો છે તે માટે પુનઃ ક્ષમા યાચના છે. ભવિષ્યમાં તેવો વિલંબ નહિ થાય તેની ખાત્રી રાખવી અને કોઇ પ્રકારની શંકા રાખવી નહિ.

રજીષ્ટર નંબર—ઘણાં ગ્રાહકો રજીષ્ટર નંબર પત્રો લખે છે તેમણે કૃપા કરી રજીષ્ટર નંબર સાથે અમને પત્ર લખવો જેથી તુરત ઉત્તર મળશે.

એજંટો—કેટલાંક ગ્રાહકોને એજંટો તરફથી સંતોષ મળતો નથી તેમણે નવા વર્ષથી અમારે ત્યાંથી પુસ્તકો મંગાવી ગ્રાહક થવું.

ગ્રાહકો વધારવાની અમારી પ્રાર્થના ગ્રાહક બંધુઓએ સ્મરણમાં રાખવી.

મેનેજર—સસ્તીવાર્તામાળા-મુંબઈ નં. ૧૩

પ્રકાશક, (સર્વ હક્ક સ્વાધિન.)
ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા.
મુંબઈ નં. ૧૩.

અમદાવાદ સલાપોસ રોડ,
ધી ડાયમંડ જ્યુબિલિ પ્રીન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

छेवटनी कबुलत !

कव्वालि—हमे हार्या जमानाथी, हवे फांटो नथी बाकी;
घडो फुटयो घणा घाथी, हवे फांटो नथी बाकी.
उछाळी अस्खलित छोळो, हजारोनी करी तृप्ति;
गयुं पाणी फुवाराथी, हवे छांटो नथी बाकी.
बनीने मर्द पाडी बूम, फोडया कान दुनियाना;
थया ए जीभना टुकडा, हवे घांटो नथी बाकी.
नसोमां झेर रेडीने, बगाडयुं खुन दुश्मननुं;
नसोने हाड ए टुटयां, हवे फांटो नथी बाकी.
गगन भेदी दिवालोनी, कराडो , बांधता बेठा;
तणाया सर्व त्यां प्हाणा, हवे वांटो नथी बाकी.
च्हड्या आकाशनी टोचे, उड्या'ता वायुनी ल्हेरे;
पड्या पाताळथी हेठे, पगे रांटो नथी बाकी.
जगत् जोशे हजारो आंखथी ने आंसुडां ल्होशे;
थशे खाली नयनमां पूर, त्यां पाटो नथी बाकी.
जशुं जोशुं-बधा जोशे, जशे ते जातना दोषे;
नथी ते शुं हवे खोशे ? फरी आंटो नथी बाकी—**वसंत.**

श्री सद्गुरवे नमः

વર્ષ ૨ જું.

સસ્તી વાર્તામાળા.

પુસ્તક ૭-૮

शहेनशाह जहांगीर

લેખક,
ચીમનલાલ રતનલાલ દેસાઈ.
ભરૂચ.

પ્રથમાવૃત્તિ	પૌષ	સં. ૧૯૭૧
પ્રત ૨૫૦૦	માહ.	સને ૧૯૧૫

પ્રકાશક,
ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.
વ્યવસ્થાપક—સસ્તી વાર્તામાળા.
મુંબઈ નં. ૧૩

કાચું પુંઠું ૦—૬—૦

પાકું પુંઠું ૦—૯—૦

પ્રકાશકની પ્રસ્તાવના.

"મ્હારા જેવા હજારો રાજાઓ તથા સામ્રાજ્યના અધિપતિઓ ક્યાંએ ચાલ્યા ગયા! તેમનાં આજે નામ નિશાન પણ નથી, છતાં આ જગત તો તેનું તેજ છે. હું આ જગતમાં ક્ષણસ્થાયી છું એમ સમજી મ્હારે કંઇક શુભ કરવું એવી ઇચ્છા થાય છે, જેનું ફળ મ્હને અનંતકાળ પર્યંત ચિરસ્થાયી મળે અને પરલોકમાં શાંતિ અને સુખ મળે......સ્મરણમાં રાખજો કે આ પૃથ્વી મ્હારૂં કે તમારૂં ચિરસ્થાન નથી. પૃથ્વીપરનાં કોઇ દ્રવ્યોપર અનંત આશાઓ અને ચિર વિશ્વાસ કદી પણ સ્થાપશો નહિ." "**શહેનશાહ જહાંગીર.**"

સસ્તી વાર્તામાળાના ગ્રાહક બંધુઓને આજે **શહેનશાહ જહાંગીર** નામક પુસ્તક સાદર કરવામાં આવે છે. આ બીજા વર્ષનું ત્રીજું પુસ્તક છે. અત્યાર સુધી પ્રકટ થયેલી નવલકથાઓ કરતાં એ ભિન્ન પ્રકારનું છે. તેમ છતાં તેમાં આ લેખાયલા વિષયમાંથી મનુષ્ય માત્રને ઘણે ભાગે શિક્ષણ અને આનંદ મળે તેમ છે. ઉત્તમ પ્રકારનાં જીવનચરિત્રો વાંચવાથી વાંચકની નીતિ રીતિ ઉત્તમ પ્રકારની થાય છે એ સર્વમાન્ય વાર્તા છે. પ્રસ્તુત પુસ્તકમાંથી વાચક બંધુઓને કિંચિદ્ પ્રમાણમાં પણ જો ઉત્તમ બોધ પ્રાપ્ત થશે તો લેખક-પ્રકાશકને આનંદ થશે-સંતોષ થશે.

ઇન્દ્રપ્રસ્થ-દિલ્લી-ની ગાદી ઉપર અનેક રાજાઓ પ્રતિષ્ઠિત થઇ ગયા છે, તેમાં પંદરમી સદી મોગલો ઉપર પ્રસન્ન થઇ હતી એમ કહેવું પડશે. એ સદીમાંજ મોગલોનો ભાગ્યરવિ ઉદય પામ્યો હતો. મોગલોના પ્રથમ શહેનશાહ બાબરે ભારતવર્ષમાં મોગલ સામ્રાજ્યનો પાયો રોપ્યો અને તે પછી તેમના પૌત્ર "દિલ્લીશ્વરો વા જગદીશ્વરો વા" કહેવડાવનાર અકબરશાહે યુક્તિપ્રયુક્તિથી, લોભલાલચ બતાવીને ભારતવર્ષમાં ઘણે સ્થળે પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું, અથવા કહો કે ભારતસામ્રાજ્યરૂપ વાટિકાને તેમણે ફળફુલ પત્ર પલ્લવથી વિભૂષિત કરી હતી. એ તૈયાર વાટિકાનો ઉપભોગ કરવાનું કાર્ય જે ભાગ્યશાળી પુરૂષના લલાટમાં લખાયું હતું તેજ મહાપુરૂષ-શહેનશાહ-જહાંગીર-નું આ પુસ્તકમાં જીવનચરિત્ર લખાયું છે. અન્ય મોગલ શહેનશાહોનાં જીવનચરિત્ર વાંચતાં કોઇકમાં ધર્મ અને કોઇકમાં સામ્રાજ્યનો

પ્રસાર કરવાની મહત્વાકાંક્ષા જણાય છે, તેમાં પણ અકબરશાહ અને ઔરંગઝેબના ચરિત્રોમાં કંઇક વિશેષતા છે, પણ જહાંગીરશાહના ચરિત્રમાં તેવું કોઇ પણ પ્રકારનું અંધ મહત્વ જણાતું નથી ! તે સરલ હૃદયના, સચ્ચરિત્રવાન, પ્રજાને પુત્ર તુલ્ય ગણનાર, ન્યાયી, સત્યપ્રિય, નિષ્કપટી અને દયાળુ જણાયા છે, એટલુંજ નહિ પણ તેઓને કુદરતી રીતેજ અધ્યાત્મ જ્ઞાન થયેલું પણ જણાય છે. તેમનામાં જન્મજન્ય અને કર્મજન્ય અનેક શુભ સંસ્કારોનાં બિજ પડેલાં હોવાથી યોગ્ય સમય આવતાંજ તે ખીલી નીકળ્યાં અને પરિણામે તેઓ એક આદર્શ શહેનશાહ તરીકે ગણાઇ ગયા છે. તેમના જીવન ચરિતમાંથી, ઘણે સ્થળેથી, સામાન્યથી તે શ્રીમંત પર્યંત વાચક બંધુઓને કંઇકિ પણ ઉપદેશ મળે એમ છે, હૃદયને દોરવાનો માર્ગ જડે એમ છે. શાહનાં ચરિત્ર–ઉદ્યાનમાં કેટલાંક ઉત્તમ ફળો છે. જેનાં અહોભાગ્ય હોય તેણે તે ફળનો ઉપભોગ કરવો. અન્ય મોગલ શહેનશાહોએ પોતાનું ચરિત્ર પોતાના નોકરો દ્વારા લખાવ્યાં છે તેથી નોકરો તેમાં જોઇએ તેવું સત્ય લખી શકે નહિ એ સ્પષ્ટજ છે, પરંતુ આ ચરિત્ર જહાંગીરશાહે પોતાને હાથેજ લખેલું હોવાથી તે વિશેષ મહત્વશીલ ગણી શકાશે.

જહાંગીરશાહનું ચરિત્ર, મૂળ ફારસીમાં લખાયું છે તે ઉપરથી સુપ્રસિદ્ધ बंगाली विदुषी लेखिका श्रीमती कुमुदिनी मित्रे બંગાલી ભાષામાં લખ્યું છે. તે ઉપરથી તથા શ્રીમાન દેવીપ્રસાદ મુન્સીકૃત શાહજહાનામા નામક હિંદી પુસ્તકો ઉપરથી પ્રસ્તુત પુસ્તક ભરૂચ નિવાસી રા. રા. ચીમનલાલ રતનલાલ દેસાઇએ લખ્યું છે. રા. ચીમનલાલ હજી ઉછરતા લેખક છે. તેમનો આ પ્રથમ પ્રયાસ છે છતાં તેમણે જે પરિશ્રમ લઇ નિઃસ્વાર્થ ભાવે આ પુસ્તક લખી આપ્યું છે તે માટે પ્રકાશક તેમના તથા મૂળ બંગાલી પુસ્તક લખનાર ભગિની શ્રીમતી કુમુદિની મિત્ર બી. એ. વગેરેનો આભાર માને છે. અનિવાર્ય સાંસારિક કાર્યોમાં રોકવાથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં ઘણી ઢીલ થઇ છે તે માટે ગ્રાહક બંધુઓની ક્ષમા માગવામાં આવે છે. અન્ય પુસ્તકો છપાય છે. સત્વર બહાર પડશે.

અમદાવાદ.
જેઠ વદ ૫ ગુરૂ. ૧૯૭૧ }

ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.

અગત્યની સૂચના.

૧. બીજા વર્ષમાં **પ્રત્યેક ગ્રાહક બંધુએ થોડાં થોડાં ગ્રાહક વધારવા અવશ્ય તસ્દી લેવી.** તેઓની થોડી મહેનતથી ઘણાં ગ્રાહકો થઇ શકશે. ઇચ્છા હોય તેમણે હેન્ડબીલો અને ઑર્ડર કાર્ડો વિશેષ મંગાવી લેવાં અને મિત્રવર્ગમાં ફેલાવવાં. સસ્તું સાહિત્ય જેમ વધુ ફેલાય તેમજ લાભ છે.

૨. હવે પછીનું **ચોથું અને પાંચમું પુસ્તક** આસરે પંદર પંદર દિવસને અંતરે પ્રકટ થઇ જશે.

૩. **એજન્ટો** દ્વારા ગ્રાહક થનાર સજ્જનોએ પ્રથમ પુસ્તક સાથેજ પોતાનું લવાજમ ભરી દેવું અને મેનેજરની સહી સાથેની રસીદ મેળવવી. ઢીલ કરવાથી તેમનાં નામ કમી થશે. લવાજમ અગાઉથીજ લેવાનો રિવાજ છે. **એજન્ટો દ્વારા જેઓને ગ્રાહકમાં ન રહેવું હોય તેમણે અમારે ત્યાં પરભાર્યા ગ્રાહક થવું, જેથી તેઓને પુસ્તકો પોષ્ટદ્વારા મોકલાશે.**

૪. લવાજમ માટે મનીઑર્ડર મોકલનારે લવાજમ ઉપરાંત ૦–૧–૦ વધુ મોકલવો, જેથી તેમને પુસ્તકો અનરજીષ્ટર્ડ બુકપોષ્ટથી મોકલાશે, અથવા વી. પી. થી પુસ્તકો મંગાવવાં.

૫. હિંદુસ્તાનનાં ગ્રાહકો માટે **કાચા પૂઠાંના** રૂ. ૨–૦–૦ અને પાંચ સોનેરી અથવા રૂપેરી નામો સાથેના **પાકા પૂઠાંના** રૂ. ૩–૦–૦ વી. પી. ખર્ચ એક આનો વધુ છે. **આફ્રિકાના** ગ્રાહકો માટે **કાચા પૂઠાંના** રૂ. ૨–૧૦–૦ તથા **પાકા પૂઠાંના** રૂ. ૪–૦–૦ છે. કેટલાક ગ્રાહકોએ પ્રથમ વર્ષમાં રૂ. ૨–૬–૦ મોકલ્યા છે તેમણે ૦–૪–૦ વધુ મોકલવા.

૬. ઠેકાણાં બદલાતાં તુરતજ ખબર આપવી. અમારે ત્યાંથી દરેક પુસ્તકો ચોકસાઇથી પોષ્ટ થાય છે. ગ્રાહકોએ પૂરૂં નામ, ગામ, પોષ્ટ, જીલ્લો સ્પષ્ટ અક્ષરે લખવું, **પત્રવ્યવહારમાં રજીષ્ટર નંબર અવશ્ય** લખવો.

૭. **પ્રથમ વર્ષનાં પાંચ પુસ્તકો બધાં વેચાઇ ગયાં છે. માટે હવે તે પુસ્તકો મળશે નહિ.**

૮. જવાબ માટે રિપ્લાઇ કાર્ડ કે ટીકીટ મોકલવા ભૂલવું નહિ. સર્વે પત્રવ્યવહાર **સસ્તી વાર્તાવાળાના મેનેજરને** શરનામે ચલાવવો.

श।.नशाह ज.ांगीर.

પ્રકરણ ૧ લું.

રાજ્યાભિષેક.

ઇસ્વીસન ૧૬૦૫ ના અકટોબરની તારીખ દશમી અને ગુરૂવારે બે ઘડી દિવસ ચઢતાં–મ્હારી આડત્રિશ વર્ષની વયે–આગ્રા શહેરમાં મ્હને રાજ્યાભિષેક થયો હતો. નશ્વર અને ક્ષણભંગુર, ધન સંપત્તિ અને સુખ ઐશ્વર્ય તથા માયા મોહથી ભરેલા સંસારને ચિરસ્થાયી જાણી તેના ઉપર મ્હેં પૂર્ણ વિશ્વાસ રાખ્યો હતો એ માટે કોઈ વ્યક્તિ મ્હારો ઉપહાસ કરશે નહિ. તે તો ફક્ત ખુદાની–ઈશ્વરની આજ્ઞાજ હતી. તેની આજ્ઞાને આધીન થવું એ મ્હારો અને પ્રત્યેક મનુષ્યનો ધર્મ છે. જે મુહૂર્તે હું તખ્તનશીન થયો તે સમય સૂર્યોદયનો હતો. મ્હેં તે સમયને સમૃદ્ધિ, ઉન્નતિ અને જયનાં શુભ ચિહ્ન તરીકે ગણ્યો. મ્હેં "જહાંગીર બાદશાહ" એટલે "સૃષ્ટિ વિજેતા નૃપતિ" અથવા "જહાંગીરશાહ" એટલે "પૃથ્વી-વિજયી રાજા" નામ ધારણ કર્યું. રાજ્યમાં ચાલતાં નાણાં ઉપર "બાદશાહ અકબરના અત્યંત વિશ્વાસુ અને ગૌરવપૂર્ણ પ્રિય પુત્ર જહાંગીર અને પૃથ્વી-રક્ષક ખુશરૂ (જહાંગીરનો મ્હોટો પુત્ર–યુવરાજ) ની આજ્ઞાથી આગ્રા શહેરમાં તૈયાર થયેલા" એવા શબ્દો નાણાં પાડવાનાં નવાં બીબાં ઉપર કોતરાવવા આજ્ઞા કરી.

આ સમય નૂતન વર્ષારંભનો હોવાથી મ્હેં રાજ્યમાં મ્હોટો ઉત્સવ શરૂ કર્યો. ઉત્સવ નિમિત્ત મ્હારા પિતાએ એક ઉત્તમ રત્ન જડિત સિંહાસન, પુષ્કળ દ્રવ્યનો વ્યય કરી તૈયાર કરાવ્યું હતું. એ સિંહાસનમાં દોઢસો કરોડ રૂપિયાનાં મણિ, મુક્તા ઇત્યાદિકનો ખર્ચ થયો હતો, તે ઉપરાંત કરોડ રૂપિ-

યાનું સુવર્ણ, તેને દેદીપ્યમાન કરવામાં ખરચવું પડયું હતું. એક સ્થળેથી બીજે સ્થળે સ્હેલાઇથી લઈ જવાની સગવડ પડે તે માટે તેના જુદા જુદા વિભાગો બનાવ્યા હતા, અને જયારે જ્યાં જ્યાં જરૂર પડતી ત્યારે ત્યાં તુરત તે ભાગોને જોડી દેવામાં આવતા હતા. સિંહાસનમાં પોલા રહેલા ભાગને પચાસ મણ સુગંધીદાર પદાર્થોથી ભરી દીધો હતો.

સિંહાસનારોહણ કરવાની લાંબા સમયની મ્હારી ઇચ્છા પરિપૂર્ણ થઇ, તેજ દિવસે રાજમુકુટ મ્હારી સમક્ષ લાવવાની મ્હેં આજ્ઞા કરી. આ મુકુટ મ્હારા પિતાએ ઇરાનના રાજાઓના મુકુટ જેવોજ તૈયાર કરાવ્યો હતો. હજારો અમીર અને ઉમરાવોની સમક્ષ આ મુકુટ લાવવામાં આવ્યો અને તેઓએ જાતેજ તે મ્હારા મસ્તક પર પહેરાવ્યો. મ્હારા રાજ્યનાં સુખ અને સ્થિરતાના શુભ ચિહ્ન તરીકે એક કલાક સુધી મ્હારા મસ્તક પર એ મુકુટ મ્હેં રહેવા દીધો. મુકુટને બાર ખુણા હતા. પ્રત્યેક ખુણામાં પંદર લાખ રૂપિયાનો એક એક અમૂલ્ય હિરો જડવામાં આવ્યો હતો. મુકુટના મધ્ય ભાગમાં પંદર લાખ રૂપિયાનું એક મોતી હતું. એ ઉપરાંત ભાત ભાતનાં કિમતી બીજાં બસો મોતી, માણેક ઇત્યાદિ રત્નો મઢવામાં આવ્યાં હતાં. દરેક ચૂનીની કિંમત ૭ હજાર રૂપિયા હતી. મ્હારા પિતાએ એ સર્વ ખર્ચ પોતાની ખાનગી તિજોરીમાંથી નહિ કરતાં રાજકોષમાંથી કર્યો હતો. મ્હારા રાજ્યાભિષેકના શુભ સમાચાર ચારે દિશામાં ફેલાવવા ચાલીશ દિવસ અને રાત્રિ પર્યંત જુદી જુદી જાતનાં વાદ્યો વગડાવવાની વ્યવસ્થા કરી હતી. મ્હારા સિંહાસનની ચારે બાજુએ બિછાવવાને અતિ મૂલ્યવાન સુવર્ણ ખચિત શેત્રંજી તૈયાર કરાવી હતી. નાના પ્રકારની સુગંધ સારૂ સોના રૂપાની ધૂપદાનીઓ તૈયાર કરાવી હતી. રાજ્યારોહણને દિવસે ત્રણ હજાર બત્તી સમસ્ત રાત્રિ પર્યંત જ્વલંત રાખી હતી અને તે પણ સોના અને રૂપાથીજ બનાવવાની આજ્ઞા થઈ હતી. હજારો તરૂણ અને સુંદર સરદારો મૂલ્યવાન રેશમી વસ્ત્રો, હીરા, માણેક, પન્ના ઇત્યાદિથી ભરેલા ઝબ્બાઓ ધારણ કરી પોતાની ઉંચ નીચ પદ્વી અનુસાર મ્હારી આજ્ઞાની વાટ જોતા બેઠા હતા. ચાળીશ દિવસ અને રાત્રિ પર્યંત પુષ્કળ ધામધુમ અને કરોડો રૂપિયાનો ખર્ચ કરી રાજ્યાધિકારી થઈ, જગતને મ્હારા ઐશ્વર્ય અને સંપત્તિનું મ્હેં ભાન કરાવ્યું.

પ્રકરણ ૨ જું.

જન્મવૃતાંત.

મ્હારા પિતાને અઠ્ઠાવીશ વર્ષની વયમાં જેટલાં બાળકો થયાં તે સર્વે એક એક કલાકથી વધુ સમય જીવતાં રહ્યાં નહિ. તેમ થવાથી મ્હારા પિતા હમેશાં અતિશય ચિંતામાં રહેવા લાગ્યા. પોતાના હૃદયની મહાન આકાંક્ષાની પૂર્ણતાને માટે તેઓ હમેશાં સર્વ શક્તિમાન પરમેશ્વરની હૃદયદ્રાવક પ્રાર્થના કરતા. જે સમયે મ્હારા પિતા આ પ્રકારની ચિંતા અને દુઃખમાં કાળ વ્યતીત કરતા હતા તે સમયે એક અમીર કે જે સાધુ અને ફકીર પ્રત્યે મ્હારા પિતા હમેશાં પુજ્ય અને માનની લાગણીથી જુવે છે એવું જાણતો હતો. તેણે મ્હારા પિતાને, અજમેર નગરી કે જ્યાં મૈનુદિન તેહુતિ ફકીરનું કબ્રસ્થાન છે ત્યાં આગળ એક પરમ પવિત્ર સાધુ રહે છે તેમને મળવાની સલાહ આપી. આશા અને આનંદથી પ્રફુલ્લ થઇ પિતાએ કહ્યું: "જો કદાપી ભગવાન્ એક પુત્ર રત્ન આપવા કૃપા કરે, તો જરૂર તે પવિત્ર સાધુની પૂજા તથા દર્શને આગ્રાથી અજમેર સુધી પગે ચાલતો (સુમારે ૧૪૦ ગાઉ) જઇશ." પિતાની તે આશા પરિપૂર્ણ થઈ. મ્હારા બંધુના મૃત્યુને છ માસ થયા પછી સર્વનિયંતા જગદીશ્વરે મ્હને જન્મ આપી પૃથ્વીને સ્વાધીન કર્યો. પિતાએ પોતાની પ્રતિજ્ઞાનુસાર રાજ્ય દરબારમાંથી કેટલાક અંગત સરદારોને લઈ આગ્રાથી અજમેર કુચ કરવા માંડી. હમેશાં પાંચ પાંચ ગાઉ રસ્તો કાપતા કાપતા છેવટે મૈનુદિનની કબર પાસે આવી પહોંચ્યા. પિતાએ પ્રથમ મૈનુદિનની કબરની સપ્રેમે પૂજા કરી, ત્યાર પછી પેલા પવિત્ર ફકીરના દર્શને ગયા. આ ફકીરનું નામ સલિમ હતું. મ્હને કેડમાં લઇ પિતા ફકીર પાસે આવી ઉભા અને મ્હને તેમના ચરણમાં મુકયો, અને હું નિરોગી તેમજ દીર્ઘાયુષી થાઉં એવો આશીર્વાદ માગ્યો. ભવિષ્યમાં

પોતાને કેટલાં સંતાન થશે તે જણાવવાની કૃપા કરવાને પણ પિતાએ તેમને પ્રાર્થના કરી. ખુદ બાદશાહના ત્યાં આવવાથી ફકીર અત્યંત ખુશી થયો અને કહ્યું: "ઈશ્વર કૃપાએ આપને ત્યાં ત્રણ પુત્રનો જન્મ થશે." પિતાએ કહ્યું: "એમાં સર્વથી મ્હોટાને આપના ચરણમાં મુકયો છે." ફકીરે કહ્યું: "ભગવાન એનું કલ્યાણ કરો." જ્યારે આપે એને મ્હારા ચરણમાં અર્પણ કર્યો છે, ત્યારે હું આ બાળકનું નામ મ્હારા નામાનુસાર મહમ્મદ સલીમ રાખું છું. પિતાએ ફકીરનો આવો પ્રીતિપૂર્ણ ભાવ દેખી તેને પોતાના શુભ ચિહ્ન તરીકે ગણ્યું. પિતાનો તે ફકીર સાથે પૂર્ણ ચૌદ વર્ષ પર્યંત ગાઢો પ્રેમ સંબંધ રહ્યો હતો. પિતા મ્હને કોઇ પણ વખતે "સલીમ" શબ્દથી બોલાવતા નહોતા, પણ તેઓ હમેશાં મ્હને "બાબા" નામથી સંબોધતા હતા. ગમે તેમ પણ મ્હારા મૃત્યુકાળ પર્યંત મ્હારા આપ્ત વર્ગમાં હું મહંમદ સલીમ તરીકેજ ઓળખાયો છું, તથાપિ તુર્ક સામ્રાજ્યની રાજ્યનીતિ પ્રમાણે હું મહાન સામ્રાજ્યનો અધિશ્વર હોવાથી શહેનશાહ જહાંગીર નામ ધારણ કર્યું. મ્હને વિશ્વાસ હતો કે, મંગળમય ઈશ્વરની કૃપા વડે હું દીર્ઘ જીવન પ્રાપ્ત કરીશ એટલુંજ નહિ પણ મ્હારા નામનું સાર્થક કરી શકીશ.

પ્રકરણ ૩ જું.

મહત્વની બાર આજ્ઞા.

રાજ્ય સિંહાસન પ્રાપ્ત થયા પછી તુર્તજ પ્રથમ મ્હેં "ન્યાયની સાંકળ" તૈયાર કરાવી. એક હોંશીઆર કારીગર પાસે આ સાંકળ સુવર્ણની તૈયાર કરાવી હતી. તેની લંબાઈ ૧૪૦ ગજ હતી અને તેમાં થોડે થોડે અંતરે ન્હાના ન્હાના એંશી ઘંટ લટકાવેલા હતા. એ સાંકળ એકવીશ મણ સોનાની તૈયાર થઇ હતી. તેનો એક ભાગ આગ્રાના રાજમહાલયમાં અને બીજો યમુના નદીના તટ પર, એક પત્થરસ્તંભ સાથે બાંધ્યો હતો. આ સાંકળ બાંધ્યા પછી મ્હેં મ્હારા અમલદારોને નીચે

લખેલી બાર આજ્ઞાઓ પ્રમાણે અમલ કરવાને ફરમાવ્યું:—

૧. હું મ્હારી પ્રજાના ત્રણ કર નામે જેખત, સિરમુહારી, અને તુમધા માફ કરૂં છું, કે જેની ઉપજ મ્હારા પિતાના વખતમાં સોળહજાર મણ સુવર્ણ* જેટલી થતી હતી.

૨. મહાન્ ઈશ્વરે મ્હારા પર પ્રજા રક્ષણનો ભાર મુકયો છે. તે પ્રજાની સંપત્તિ કોઈ ચોરી જાય અથવા અત્યાચાર કરી લઈ જાય, તેવા દુષિત મનુષ્યને ન્યાયાધીશ પાસે હાજર કરવાની અને તેમની ચોરાયલી સંપત્તિ તેવા પાસેથી પાછી લઈ તેના માલિકને સોંપવાની આજ્ઞા કરૂં છું. કોઇ પણ જીલ્લો જનશૂન્ય અથવા તેનો નાશ થાય એમ લાગે તો તેવે સ્થળે ફરીથી નગર વસાવવું, અને જનસંખ્યા વધારવાને તેમને પ્રત્યેક રીતે મદદ કરવી. દ્રવ્યાદિકના અભાવે વેપાર મંદ પડી ન જાય તે માટે પ્રજાને વખતો વખત જોઈતી મદદ રાજ્યમાંથી કરવા આજ્ઞા ફરમાવું છું. જનશૂન્ય જીલ્લાઓ લોકપૂર્ણ કરવા, મસ્જિદો બાંધવી, રસ્તાઓ દુરસ્ત કરવા, અને રંક અને અમીરોને રહેવા લાયક મહાલયો અને મકાનો બાંધવાં, પ્રવાસીઓ માટે વિશ્રામશાળા અને જળાશયો બાંધવાનો હું આદેશ કરૂં છું. જે જીલ્લાઓ મ્હારા ખાસ અધિકારમાં હોય અને જે જીલ્લામાં "કૌરી+"ઓ રહેતા હોય તે જીલ્લામાં અધિકારીઓને સર્વે સ્થળો બંધાવવાનો ખર્ચ રાજ્યભંડારમાંથી આપવો.

૩. વેપારીની અનુમતિ વિના કોઇ પણ અધિકારી તેનો માલ તપાસી શકે નહિ અથવા હાથ અડકાડી શકે નહિ, પણ જો તે પોતાની વસ્તુ વેચવાની ઇચ્છા પ્રદર્શિત કરે, તો તે વખતે લેનાર વેપારીઓ ગડબડ કર્યા વિના તે લઇ શકશે.

૪. કોઇ પણ મનુષ્યના મરણ પછી તેની સંપત્તિનો તેના પુત્ર સિવાય

---

* અઠ્ઠાવીશ શેરનો એક મણ.

+ "કૌરી"ની પદવી અકબર બાદશાહે નિર્માણ કરી હતી. એ અમલદારો ઉપર એક કરોડ સિક્કા (એક રૂપિયાના ૪૦ સિક્કા થાય.) ઉઘરાવવાની આજ્ઞા થતી, તેથીજ તેઓ "કોરી" (અથવા કરોડી) કહેવાતા.

કોઈ ગેરઉપયોગ કરે નહિ, કોઇ ચોરી જાય નહિ અથવા તો તેના સંતાનો ઉપર કોઇ અત્યાચાર કરે નહિ તેની તપાસ સરકારી રીતે રાખવી. પણ મરણ પામેલા મનુષ્યને કાંઇ સંતાન ન હોય તો તે સંપત્તિનો સર્વના ઉપ- યોગમાં આવે એવા ઉપાસનામંદીર અને સરોવર બંધાવવા પાછળ અથવા તો એવા કોઇ બીજા જનહિતના કાર્યમાં ઉપયોગ કરવો કે જેથી મરણ પામનારના આત્માનું કલ્યાણ થાય.

૫. કોઇ પણ મનુષ્ય કોઇ પ્રકારના કેફી પદાર્થ તૈયાર કરે અથવા વેચી શકે નહિ તેની અધિકારી વર્ગે તપાસ રાખવી. જો કે મ્હને સોળ વર્ષની વયથીજ મદ્યપાનનું વ્યસન લાગુ પડ્યું છે, પણ મ્હને તેનો પૂર્ણ કડવો અનુભવ મળવાથીજ આ નિયમ હું બાંધુ છું. મદ્યપાન કરવાથી મનુષ્ય દુર્બળ થાય છે, તેની શારીરિક અને માનસિક શક્તિનો નાશ થાય છે, અને બીજા હજારો મિથ્યા વિચારોનો ઉદ્દ્ભવ થાય છે. હું કબુલ કરૂં છું કે મ્હને પણ તે સર્વ જાતની દુર્બળતા પ્રાપ્ત થઇ છે. હું મદ્યપાનને વશ એટલે સુધી થઇ ગયો હતો કે, જો એક કલાકને અંતરે મદ્યપાન ન લઉં તો મ્હારા બન્ને હાથ ધ્રુજી ઉઠે અને મ્હારી નિદ્રા પણ જતી રહે! મ્હારા પ્રત્યેક પ્યાલામાં અર્ધો શેર મદ્ય રહી શકે છે. તે હું દર કલાકને અંતરે લેતો. આવા વીશ પ્યાલા મદ્ય હું હમેશાં લેતો હતો. અને કોઇ કોઇ વખતે તો તેથી પણ અધિક લેતો. પણ આ અતિશય મદ્યપાનનું કુફળ મ્હને મળી ચુકયું છે! હું એટલો બધો ભયભીત થઈ ગયો છું કે આ વધી જતો વ્હેપાર જરૂર મ્હારો નાશ જલ્દી કરશે. તેથી કરીને આ વ્યસનને જડ- મૂળથી દૂર કરવા હું પ્રતિજ્ઞા કરૂં છું. હું ગત છ માસમાં વીશ પ્યાલાથી ઉતરતાં ઉતરતાં છેવટ પાંચ પ્યાલા સુધી આવી પહોંચ્યો છું. મ્હેં એવો નિયમ બાંધ્યો છે કે, સંધ્યા થવાના બે કલાક પહેલાં મદ્યપાન લેવું, બીજા કોઇ પણ વખતે લેવું નહિ. પણ જો કદાચ રાજ્ય કારણસર મોડું થાય તો સંધ્યાકાળે પ્રાર્થના કર્યા પછી મદ્યપાન લેવું. હું ઇશ્વરની પ્રતિજ્ઞા લઈને કહું છું કે મ્હારા પિતામહ હુમાયુની માફક પીસતાળીશ વર્ષની વય થતાં હું મદ્યપાનથી તદ્દન વિરક્ત થઇશ. "જે કાર્ય નહિ કરવા માટે ઇશ્વરે આજ્ઞા

કરી છે તે નહિ કરવાથીજ પ્રત્યેક મનુષ્યની મુક્તિનાં દ્વાર ઉઘાડાં થાય છે."

૬. મ્હારા રાજ્યમાં મ્હારી પ્રજાના કોઇ પણ ઘરમાં ઘરધણીની ઇચ્છા વિરૂદ્ધ જોરજુલમથી કોઇ મનુષ્ય પ્રવેશ કરી શકશે નહિ. કોઇ નગરમાં મ્હારૂં સૈન્ય જાય તો તે પણ બળાત્કાર કર્યા વિના ઘરના માલિકને ભાડું આપવાનું ઠરાવીનેજ કોઇના પણ ઘરમાં રહી શકશે. જો કદાચ ઘરધણી પોતાનું ઘર ભાડે આપવા રાજી ના હોય તો પોતાના તંબુ તાણી દરેકે તેમાં રહેવું; કારણ કોઇ પણ અપરિચિત મનુષ્ય કોઇના ઘરમાં જોર-જુલમથી રહેવા જાય તો તેના ઘરમાં રહેતાં બાળ બચ્ચાં અને સ્ત્રીઓને દુઃખ થાય અને તેમને ઘણુંજ કષ્ટ સહન કરવું પડે. તેમ નહિ કરવા મ્હારો દરેકને હુકમ છે.

૭. કોઇ પણ અપરાધને માટે કોઇ પણ મનુષ્યના નાક કાન કાપવાની મનાઇ કરૂં છું. જો કોઇ ચોરી કરવાના અપરાધ માટે પકડાયો હોય તો તેને કાંટાવાળી ચાબુકથી ફટકા મારવાની સજા કરવી અથવા તો પુનઃ એવું કામ નહિ કરે તે માટે તેને કુરાનના સોગંદ લેવડાવવા.

૮. જીલ્લા અધિકારી અથવા કોઇ પણ જાગીરદારે પ્રજાની જમીન બળપૂર્વક લેવી નહિ, અથવા તેમાં બળાત્કારે વાવણી કરવી નહિ. જીલ્લાના કોઇ પણ જાગીરદારે પોતાની હદ બહાર બીજાની જમીન તરફ દળવું નહિ અથવા બીજા જીલ્લાનાં પશુ અગર મનુષ્યને પોતાના જીલ્લામાં બળપૂર્વક કદાપી લાવવાં નહિ. સર્વેએ પોતપોતાના જીલ્લાની ઉન્નતિના પ્રયત્નો એક સરખી રીતે શાંતિથી કર્યે જવા.

૯. વિષનાશક ઔષધનો કોઇએ પણ અનિયમિતપણે ઉપયોગ કરવો નહિ.

૧૦. મુખ્ય મુખ્ય શહેરમાં અધિકારીઓએ જોઇતા પ્રમાણમાં દવા-ખાનાઓ બંધાવવાં. આ સર્વ દવાખાનામાં હોંશીઆર વૈદ્યની યોજના કરવી, અને રોગીઓ માટે સર્વ પ્રકારનાં સુખ અને સ્વચ્છતા જળવાય તેવા ઉપાયો હમેશાં કરતાં રહેવું. રોગી મનુષ્યને સંપૂર્ણ આરામ થતાં સુધી દવાખાનામાં રાખવા અને તેનો સઘળો ખર્ચ રાજભંડારમાંથી કરવો. રોગી નિરોગી થાય એટલે તે પોતાના ઇચ્છિત સ્થાને જઇ શકે તથા ત્યાં જતાં સુધી તેને

ખોરાકની તંગી ના પડે તેટલા માટે તેમને પુરતું દ્રવ્ય પણ રાજભંડાર-માંથી આપવું.

૧૧. મ્હારા જન્મ દિવસે રાજ્યમાં કોઇએ માંસાહાર કરવો નહિ, અને વર્ષમાં જે જે દિવસોએ મનાઈ હુકમ કર્યો હોય તે તે દિવસોમાં કોઇએ પણ પશુ વધ કરવો નહિ. મ્હારા રાજ્યારોહણના (દિવસ) ગુરૂવારે અને રવિવારે પણ માંસ ભક્ષણ કરવું નહિ, કારણ રવિવાર કે જે દિવસે ઇશ્વરે પ્રાણી માત્રને ઉત્પન્ન કર્યા છે તે દિવસે કોઇ પણ જીવની હત્યા કરવી એ એક અઘોર પાપ ગણાય છે. અગિયાર વર્ષ સુધી મ્હારા પુજ્ય પિતાએ આ નિયમનું પાલન કર્યું છે, અને એ અરસામાં રવિવારને દિવસ તો તેમણે કદાપી માંસ ભક્ષણ કર્યું નથી. તદનુસાર હું પણ મ્હારા રાજ્યમાં તે દિવસે માંસ ભક્ષણ કરવાનો નિષેધ કરૂં છું.

૧૨. મ્હારા પુજ્ય પિતાના વખતમાં જે જે અધિકારીઓ જે જે સત્તાઓ ભોગવતા હતા તે તે અધિકારીઓને તે તે સ્થાનેજ રાખું છું. એમાં પણ જો કોઇ વ્યક્તિ વધુ બુદ્ધિશાળી જોવામાં આવશે તો હું તેમની ઉચ્ચ સ્થાને નિમણુક કરીશ. જેમકે જે દશ ઘોડેસ્વારોનો અધિકારી હશે તેને પંદર ઘોડેસ્વારોનો ઉપરી બનાવીશ. આ પ્રમાણે મ્હારા રાજ્યમાં એક ખાસદારથી લઇને એક મ્હોટા પ્રધાન પર્યંત સર્વની યોગ્યતાનુસાર હું તેમને યોગ્ય પદવી આપીશ.

પ્રકરણ ૪ થું.

પ્રજા પ્રેમ.

મ્હારી પ્રજાના સુખ અને સંપત્તિ વધે તે માટે મ્હેં બનતો પ્રયત્ન કર્યો છે અને સમયોચિત્ત જે જે ફેરફારો મ્હારી પ્રજાના સુખને ખાતર કરવા યોગ્ય લાગે તેવા તેવા હુકમો મ્હેં સમયાનુ-સાર કર્યા છે. રાજ્યના કાયદાનું બંધારણ મ્હેં પ્રજાના સુખ ઉપરજ રચેલું

છે; તથાપિ કોઈ કોઈ મનુષ્યો* મ્હારા ઉદ્દેશનો હેતુ નહિ સમજતાં પ્રજાવર્ગમાં મ્હારા પ્રત્યે અસંતોષની લાગણી ફેલાય એવાં કૃત્યો કરે છે, તે લોકો રાજ્યમાં શાંતિના વિરોધી છે. આવાં મનુષ્યોને બંડખોર અને ફિતુરીજ કહી શકાય. હું મ્હારા રાજ્યમાં શાંતિ, વિશુદ્ધ ન્યાય, અને સુવ્યવસ્થા સ્થાપિત કરવા બનતો પ્રયાસ કરૂં છું; અને આવા લોકો તે શાંતિ અને સુખનો પરમ લાભ ગુમાવી તેથી વિરૂદ્ધ આચરણ કરે છે.

રાજ્ય શાસન મ્હારા હાથમાં લીધા પછી મ્હારા અધિકારી વર્ગને સંતુષ્ટ કરવા તેમનો પગાર વધારવાની વ્યવસ્થા મ્હેં કરી છે. મ્હેં કેવળ મ્હારા રાજ્યના અધિકારીઓનો પગાર વધારવા ઉપાય લીધો છે એટલું જ નહિ, પણ ઈરાન, બોખારા અને સર્વ કોઇ વિદેશી અમલદારોનો પગાર પણ વધાર્યો છે. મ્હારી સર્વ સંપત્તિ, ધન, ઐશ્વર્ય અને સુખ એ મ્હારી પ્રજાને લીધેજ છે તે હું સારી રીતે જાણું છું. આ વિશાળ રાજ્યમાં હજારો–કરોડો મનુષ્ય હોવા છતાં જેમણે મ્હારા પર કૃપા કરી મ્હને સામ્રાજ્યપદે સપ્રેમે અભિષિક્ત કર્યો છે, ત્યારે મ્હારો પણ એજ ધર્મ છે કે મ્હારા તે સર્વ બાંધવોના સુખ–સંપત્તિ વધે તેવા ઉપાયો લેવા. તેમનાં દુઃખ દૂર કરવા બનતા પ્રયત્નો કરવા અને તેમનું આપત્તિમાં રક્ષણ કરવું. આ કર્તવ્યનું જો હું પાલન ના કરૂં તો પરલોકમાં ન્યાય થતી વખતે મ્હારે માટે કઠિન શિક્ષા, અશાંતિ અને નરક સિવાય બીજું કાંઇજ હોઇ શકે નહિ.

અધિકારી વર્ગના પગારની વૃદ્ધિ સાથે મ્હારા રાજ્યના તમામ કેદીઓને મુક્ત કરવાનો હુકમ આપ્યો. આથી ગ્વાલિયરની તુરંગમાંથીજ ફક્ત સાત હજાર કેદીઓને મુક્તિ મળી. આમાં કેટલાક તો ચાળીશ ચાળીશ વર્ષથી કારાગૃહમાં દુઃખથી પીડાતા હતા. સમસ્ત ભારતવર્ષમાં કેટલા કેદી કેટલા વખતથી કારાગૃહના ભોગ થઇ પડ્યા હતા તેની ગણત્રી અને અનુમાન કરવું કઠિણ હતું. એક ફક્ત બંગાળા દેશમાંજ બે હજાર અને ચારસો કિલ્લામાં જેટલા કેદીઓ હતા તે સર્વ કેદીઓને મુક્ત કર્યા. રાજા માનસિંહને

* આ સ્થાને જહાંગીરે પોતાના જ્યેષ્ઠ પુત્ર ખુશરૂ અને તેની મંડળી પ્રતિ કટાક્ષ રૂપમાં કહ્યું છે.

બસોએંશી પુત્રો હતા. આ સર્વેએ પિતા સામે વારંવાર બંડ કર્યાં હતાં. રાજા માનસિંહે પોતાના પુત્રોને ઠેકાણે આણવાને સામું ઘોર યુદ્ધ કર્યાં હતાં. આ બધા પુત્રો, આત્મ રક્ષાર્થે બંગાળામાં હજારો કિલ્લા બાંધી તેમાં ભરાઈ બેઠા હતા. પરંતુ ચાર વર્ષની અંદર મ્હારા વડીલે સમસ્ત બંગ દેશ અને તેમાંના સર્વે કિલ્લાઓ પોતાને સ્વાધીન લીધા. રાવ માનસિંહના બધા પુત્રો લઢાઈમાં પડયા, અને ખુદ માનસિંહે મ્હારા પિતાની નોકરી સ્વીકારી તેમના સૈન્યમાં મ્હોટી સરદારી લીધી.

પ્રકરણ ૫ મું.

રાજકાર્ય.

રાજ્યારોહણ કર્યા પછી રાજ્યમાં જે જે કિંમતી મુદ્રાઓ ચાલતી હતી તે મ્હેં નવીન તૈયાર કરાવી અને પ્રત્યેક મુદ્રા ઉપર નવું નામ પડાવવાનો આદેશ કર્યો. બે હજાર તોલાની એક સુવર્ણ મુદ્રાનું નામ "નૂર–ઇ–શાહિ." (સામ્રાજ્યનો પ્રકાશ) અને એકહજાર તોલાની સુવર્ણ મુદ્રાનું નામ "નૂરજહાંન" (પૃથ્વીનો પ્રકાશ) રાખ્યું. એ પ્રમાણે અન્ય મુદ્રાઓનાં પણ નામ પાડવામાં આવ્યાં. પ્રત્યેક રૂપાની મુદ્રા પણ સુવર્ણની મુદ્રાના જેવી બનાવવામાં આવી. એ સર્વે મુદ્રાઓની એક બાજુએ મ્હારા રાજત્વનું વર્ષ અને બીજી બાજુએ મ્હારા ધર્મનો મૂળ મંત્ર "લાઇલ્લિા ઇલ્લિલ્લા, મહમ્મદ ઉરરસુલલ્લા" (એક માત્ર પરમેશ્વર સિવાય અન્ય ઈશ્વિર નથી. મહમ્મદ એ ઇશ્વિરનો દૂત છે.) આ પ્રમાણે કોતરાવ્યું.

સમગ્ર હિંદુસ્તાનમાં આગ્રા નગરી અતિશય પ્રસિદ્ધ છે. અતિ પ્રાચીન કાળથી એ નગરી એક અભેદ્ય કિલ્લાવડે સુરક્ષિત હતી, પરંતુ મ્હારા પિતાએ તે કિલ્લો તોડી નાંખી મ્હોટા મ્હોટા પત્થર દ્વારા અન્ય કિલ્લો બંધાવી આગ્રા નગરીને વિશેષ સુરક્ષિત કરી. એ નગરી યમુના નદીના ઉભય તટ પર્યંત આવી છે અને આવક તેમજ લોક સંખ્યામાં અતુલનીય

છે. ઉત્તમ કોતર કામવાળાં વિશાળ અને સુશોભિત અસંખ્ય મહાલયો અને મસ્જિદો, મનોહર સ્નાનાગાર, અને વિશાળ પ્રમોદગૃહો વડે એ નગરી પરિપૂર્ણ થઇ રહી છે.

અફગાનોના ભારતવર્ષમાં આવવા પહેલાં, ઘણાં વર્ષ પૂર્વથી આગ્રા નગરી વિશેષ સમૃદ્ધિશાળી છે. હિંદુઓનાં લખેલાં વર્ણનો ઉપરથી જાણી શકાય છે કે યમુના નદી પર્વતમાંથી ઉત્પન્ન થઇ છે. હસારાબાદની નજીક જે સ્થળેથી યમુના નદીનાં પ્રથમ દર્શન થાય છે તે સ્થાનમાંથી નદી એવા પ્રબળ વેગમાં વહે છે કે તેમાં જો હાથી પડયો હોય તો તે એક તણખલાની પેઠે તણાઈ જાય. આગ્રાના કિલ્લાની નીચે થઇને યમુના નદી બંગ દેશ તરફ પ્રવાહિત થઇ છે.

સિકન્દર લોદિ ગ્વાલિયર ઉપર હુમલો કરવા માટે, ભારત સામ્રાજ્યની રાજધાની દિલ્લીથી આગ્રા આવ્યો, અને પોતાની રાજધાની આગ્રામાં ઉપાડી લાવ્યો. અંતે જગદીશ્વરની ઇચ્છાથી મ્હારા પૂર્વપુરૂષ બાદશાહ બાબરે સિકન્દરના પુત્ર ઈબ્રાહિમને પરાજિત કર્યો અને દિલ્લી તથા સમગ્ર બંગદેશ જીતી લીધો, અને યમુના નદીને સ્હામે કિનારે એક મનોહર વિશાળ બગિચો બંધાવ્યો. બગિચાની એક બાજુએ ચાર થાંભલાવાળો શ્વેત આરસપહાણનો એક સુંદર મંડપ બંધાવ્યો હતો. તેની ચારે દિશામાં ચીકણા આરસના ચાર થાંભલા સહિત એક મ્હોટી વેદી બનાવી હતી અને તેના ઉપર ગુંબજ હતો. ગુંબજનો પરિધ ૭૧ ફિટ હતો. વેદીની અંદરની છતમાં નાના પ્રકારના આશ્ચર્યકારક કોતરકામવાળાં, સુવર્ણ જડેલાં સુશોભિત ચિત્રો ચિતરવામાં આવ્યાં હતાં. બગિચાની અંદર બે ગાઉ સુધી લાંબો, એક ગુપ્ત માર્ગ બનાવ્યો હતો. તેની બન્ને બાજુએ ૯૨ ફિટ ઉંચાં સોપારીનાં વૃક્ષો ઉભાં હતાં. એ સર્વ ઉંચાં ઘટાવાળાં વૃક્ષોને લીધે માર્ગ અતિશય મનોહર જણાતો હતો. બગિચાના મધ્ય ભાગમાં એક ગાઉ સુધીનું એક સરોવર ખોદાવ્યું હતું, તેની ચારે બાજુએ મ્હોટા પત્થરનાં આસનો બનાવ્યાં હતાં. એ સરોવરની વચમાં એક બે માળનો મંડપ બંધાવ્યો હતો. તેની ભીંતો અને બારણાં, સૂક્ષ્મ કારીગીરીવાળી ચમત્કારિક મનુષ્ય-મૂર્તિઓ અને ચિત્રાવળીથી સુસજ્જિત બનાવ્યાં હતાં. મ્હોટા પત્થરના એક

સુંદર સેતુદ્વારા એ મંડપમાં આવજા થઈ શકે એમ હતું. એ બગિચો ૭૫૦ વિઘા પૃથ્વી ઉપર બંધાવ્યો હતો. એનું નામ " બેજુગ-ઈ-ગુલફ્-શાન " (ગુલાબની સુંગધ વિસ્તારનાર) એવું રાખ્યું હતું. બગિચાના એક ખુણામાં એક વિશાળ મસ્જિદ અને કુવો હતો. બાબરશાહના સમયમાં નાના પ્રકારનાં વિદેશી ફળનાં વૃક્ષ એ બગિચામાં રોપવામાં આવ્યાં હતાં. ત્યારથી એ ફળો ભારતવર્ષમાં જન્મ પામે છે. ફિરંગીઓના દેશમાંથી લાવવામાં આવેલાં ફળોમાં દાડેમ એ મુખ્ય છે. એ બગિચામાં એક સમય એક લક્ષ દાડેમ થયાં હતાં. દાડેમ સિવાય કાબુલથી લાવેલાં દ્રાક્ષ, આપેલ અને બદામનાં વૃક્ષો એજ બગિચામાં રોપ્યાં હતાં. તે બધાં ઉપર પુષ્કળ ફળો થતાં હતાં, અને ત્યારથીજ એ ફળો ભારતવર્ષમાં પુષ્કળ ઉત્પન્ન થાય છે. એ બધાં વિદેશી ફળો ઉપરાંત ભારતવર્ષનાં સર્વ ફળનાં વૃક્ષો એટલાં બધાં હતાં કે તેનું વર્ણન કરવું અસાધ્ય છે. બગિચામાં નાના પ્રકારના ગુલાબ અને ચંમેલીનાં વૃક્ષો હતાં. ચંમેલીનાં પુષ્પો ભારતીય પુષ્પોમાં સર્વથી વિશેષ આદરને પાત્ર છે. ટુંકમાં કહેતાં " ગુલફ્શાન "માં એટલા બધા વિચિત્ર પ્રકારનાં પુષ્પ અને વૃક્ષો હતાં કે તેની તુલના થઈ શકે નહિ. તે સૌંદર્ય અને સુગંધીમાં અવર્ણનીય હતો.

મ્હારા પિતાદ્વારા આગ્રાનો કિલ્લો, રાતા રંગના પત્થરોવડે પુનઃ બંધાવવામાં આવ્યો હતો. એ નવીન કિલ્લામાં પ્રવેશ કરવા માટે ચાર મુખ્યદ્વાર અને બે ન્હાનાં દ્વાર હતાં. તે એવાં સર્વાંગ સુંદર અને મનોહર રૂપે બનાવ્યાં હતાં કે તેને જોતાંજ એવું જણાતું કે જાણે તે એક અખંડ પત્થરમાંથીજ બંધાવ્યાં હોય ! આ કિલ્લો બંધાવતાં ૨૬ કરોડ ૨૫ લાખ રૂપિયા ખર્ચ થયો હતો. એ સમયે, શહેનશાહની ઇચ્છાનુસાર રાજ્યના મુખ્ય મુખ્ય ધનવાનોએ નગરમાં ચમત્કારિક મહાલયો અને મનોહર બગિચાઓ બંધાવ્યા હતા. વાસ્તવિક રીતે જોતાં આગ્રા એ આશ્ચર્યકારક નગર છે. ભારતવાસીઓ જેને ઇશ્વર તરીકે માને છે તે શ્રીકૃષ્ણનું જન્મસ્થાન મથુરાં, અને ગ્વાલિયર નગર, સમૃદ્ધિ તથા ઐશ્વર્યમાં આગ્રા નગરના જેવુંજ ચિર પ્રસિદ્ધ ગણાય છે.

કાશીના રાજા માનસિંહે ૫ કરોડ ૪૯ લાખ રૂપિયાનો ખર્ચ કરી એક મંદિર બંધાવ્યું હતું. મંદિરના મુખ્ય દેવતાના મસ્તક ઉપર ૪૫ લાખ રૂપિયાનો મણિમુક્તાવાળો મુકુટ હતો.

મુખ્ય દેવતાના નોકરસ્વરૂપ ચાર મૂર્તિઓ હતી તે સોનાની બનાવી હતી. તેના મસ્તક ઉપર પણ મણિમુક્તા જડેલા મુકુટો હતા. હિંદુઓને વિશ્વાસ હતો કે, કોઈ પણ મૃતક મનુષ્યને એ દેવના સમક્ષ રાખવાથી તે પુનઃ જીવતું થાય છે ! એ વાત ઉપર વિશ્વાસ નહિ કરતાં મ્હેં એક મનુષ્યને મોકલી સત્ય વાત જાણવાનો યત્ન કર્યો હતો. પરિણામે તે વાત અસત્ય જણાવાથી એ ઢોંગી મંદિર તોડાવી પાડી ત્યાં સત્યનું મંદિર સ્થાપવા માટે એક મસ્જિદ બંધાવી હતી !

પ્રકરણ ૬ ઠ્ઠું.

હિંદુજાતિ પ્રત્યે અકબરશાહનો પ્રેમ.

મ્હારા પિતા કોઇના પણ ધર્મમાં હસ્તક્ષેપ કરતા નહિ. હિંદુ અને મુસલમાનોને સમાન હક્ક આપી સરખી રીતે રાખતા. પિતા કોઇના પણ વડીલોએ બાંધેલા ધર્મ મંદિરનો નાશ કરતા નહોતા, અથવા તો કોઇ પણ ધર્મના ધર્માચરણમાં આડે આવતા નહિ. મ્હેં એમ કરવાનું કારણ તેમને પુછ્યું. તેના ઉત્તરમાં તેમણે કહ્યું કે " પ્રિયવત્સ ! હું મહાન ઇશ્વરનો સુક્ષ્મ અંશ સ્વરૂપ છું, એક અતિ ક્ષુદ્ર નૃપતિ છું. સુક્ષ્મ દૃષ્ટિથી જોતાં માલુમ પડે છે કે, પરમેશ્વર નિષ્પક્ષપાત બુદ્ધિથી પ્રાણી માત્રનું રક્ષણ કરે છે. મ્હારા ઉપર મહાન કૃપા કરી જે પ્રજાનું રક્ષણ કરવાનો ભાર મ્હારા મસ્તકે મુકયો છે, તેમના રક્ષણનું કાર્ય ત્યજી દઈ તેમનાં હૃદય ભેદાય એવાં કાર્ય કરવાથી હું મ્હારો ધર્મ અને પવિત્ર ખુદા–ઇશ્વરની આજ્ઞા ચુકું છું એમ મ્હને લાગે છે. ઇશ્વરના રાજ્યમાં પ્રાણી માત્રને તેમજ મ્હને શાન્તિ મળે તેવાંજ કાર્યો મ્હારે કરવાં જોઇએ. આટલું જાણવા છતાં શા

કારણથી મ્હારે તેમનાં દુઃખ અને કષ્ટના કારણ રૂપ થવું જોઈએ ? જે પ્રજાએ મ્હારાપર પૂર્ણ વિશ્વાસ મૂકી મ્હને પોતાનો પ્રમુખ—બાદશાહ—બનાવ્યો તે પ્રજાને અન્યાય અને ત્રાસ આપવો તે શું મ્હારૂં કર્ત્તવ્ય છે ? તેમ કદાપિ હોઇ શકે નહિ. વળી એ પણ વિચાર કરવો જોઇએ કે રાજ્યમાં છ ભાગ મુખ્ય મુખ્ય ધર્મો પાળનારી પ્રજા છે. તે સર્વમાં પાંચ ભાગના હિંદુ અથવા મુસલમાન ધર્મના વિરોધી છે. સર્વને મ્હારા ધર્મમાં લાવવાની ઇચ્છાથી જો હું પક્ષપાત અને અત્યાચાર કરૂં, તો તે બધાને લશ્કરી મદદથી પ્રાણ દંડ કરવો અથવા ત્રાસ આપી મુસલમાન કરવા સિવાય અન્ય કાંઇ ઉપાય નથી. એ કારણથી હું કોઇ પણ ધર્મનો વાંધો નહિ લેતાં યુક્તિ પ્રયુક્તિથી મ્હારૂં કાર્ય સાધી લઉં છું. વધુ વિચાર કરતાં માલુમ પડે છે કે હિન્દુઓ, વિજ્ઞાન તેમજ શિલ્પ શાસ્ત્રમાં ઘણાજ કુશળ છે. વિચાર અને બુદ્ધિ સ્વાતંત્ર્યમાં પણ હિંદુ મગજ મુસલમાનો કરતાં હજાર દરજ્જે ચઢીયાતું છે. મનુષ્ય જાતિના કલ્યાણ માટે તેઓ કેટલા ઉદ્યમી છે અને રાજ્યકાર્યમાં તેઓ કેટલા પ્રવિણ અને ચતુર છે તે તેમની બુદ્ધિ અને ગુણોથી મેળવેલા અધિકાર ઉપરથીજ તમને માલુમ પડશે. બરાબર નિરીક્ષણ કરતાં માલુમ પડે છે કે આગ્રા નગરી, પૃથ્વીમાં વસતા દરેક ધર્માનુયાયીઓ, ભિન્ન ભિન્ન પ્રકૃતિ અને બુદ્ધિશાળી મનુષ્યથી ભરપૂર છે.”

આગ્રાના રાજદુર્ગમાં મ્હેં મ્હારા જ્યેષ્ઠ પુત્ર ખુશરૂને કેદી બનાવી રાખ્યો છે. જો કે તેનો મ્હારા પ્રત્યેનો તિરસ્કાર અને કરેલાં ખરાબ વર્તનો મ્હારા ધ્યાનમાં છે, તોપણ તેના ખર્ચ માટે પ્રતિ માસે ૪૫ લક્ષ રૂપિયા આપવાનો મ્હેં હુકમ કર્યો છે. હું દરમાસે એકવાર ત્હેને મળવા જાઉં છું. અઠવાડિયામાં એક દિવસ તેના પુત્ર પુત્રીઓને પોતાના પિતાનો મેળાપ કરવાની છુટ આપી છે.

સૈયદખાં મ્હારા પિતા અકબરના વખતથી નોકરીમાં હતા. મ્હેં તેમને લાહોરના સૈન્યનું આધિપત્ય આપી પંજાબના રક્ષણનો ભાર પણ તેમને સોંપ્યો. એ પદવીપર નીમતી વખતે તેમને એક હાથી, એક મણિમુક્તાથી સુશોભિત તલવાર, એક અશ્વ, એક રત્ન જડિત ફેંટો, અને એક ઉત્તમ

પોષાક ભેટ તરીકે આપ્યાં. સૈયદખાંનો જન્મ મોગલ વંશમાં થયો હતો. તેને એ કાર્યપર નિયુક્ત કર્યો કે તુરતજ મ્હારા સાંભળવામાં આવ્યું કે તેના હાથ નીચેનાં કેટલાંક માણુસો અત્યંત નિષ્ઠુર અને અત્યાચારી છે. એ વાત સાંભળી કે તુરતજ મ્હેં ખોજા સાદક નામના એક સરદારને એવું કહીને મોકલ્યો કે "**ઉચ્ચ અને નીચ સર્વને હું સમાન ભાવે જોઉં** છું, અને તેથી કરીને મ્હેં કોઇ પણ જગ્યાએ મોકલેલા અધિકારીના હાથ નીચેનાં માણુસો અત્યાચાર અથવા તો કાંઈ અવિચારી નિષ્ઠુર કાર્ય કરે તો તેવાને મ્હારૂં ઉપલું સૂત્ર સમજાવવું." ખોજા સાદકને આ રીતે સમજાવી એક પ્રતિજ્ઞા-પત્ર પણ મ્હારા સહી-સીક્કા સાથેનું આપ્યું. પ્રતિજ્ઞા-પત્રમાં લખ્યું કે "હું અથવા મ્હારા કોઇ પણ મનુષ્યો અત્યાચાર કે અન્યાયનું કાર્ય કરશે તો તેમને તેમજ મ્હને દંડ અથવા દેહાંતની શિક્ષા કાયદાનુસાર કરવામાં આવશે." કાયદો રાજા અને પ્રજા બન્ને માટે એકજ જાણુવો.

રાજ્યમાં જેટલા હાથી હતા તે સર્વના પર દેખરેખ રાખવાને એક હજાર હાથી દીઠ એક ફોજદારની નિમણુંક કરી. મ્હારા રાજ્યના હાથીની ગણુના કરવી એ ઘણુંજ કઠિન કાર્ય છે. યુદ્ધમાં કામ આવી શકે એવા શીખવીને તૈયાર રાખેલા બાર હજાર હાથી છે. એ સઘળા હાથીની આહાર સામગ્રી લઇ જવા માટે ન્હાના ન્હાના બીજા એક હજાર હાથી છે. રાજ મહિલાઓને બેસવા માટે સોના રૂપા જડિત પાલખીવાળા અને સુંદર સાજથી સજ્જીત એવા એક લક્ષ હાથી છે. એ સઘળા હાથીને પાળવા દર માસે સાત લાખ આઠ હજાર રૂપિયા ખર્ચ થાય છે.

બોખારાવાસી શેખ ફરીદ મ્હારા પિતાના વખતમાં "મિરબક્ષી" ના હોદ્દા પર હતા. મ્હેં તેમને તેજ હોદ્દા પર કાયમ રાખી રત્નજડિત એક તલવાર અને એક ઉત્તમ પોષાકની ભેટ આપી. તેમના ગુણો ને પરાક્રમોની પ્રશંસા કરી મ્હેં કહ્યું કે:–" રણુમાં જેવી દક્ષતાથી તલવારનું કાર્ય કરો છો તેવીજ રીતે તમારી કલમ પણ જુસ્સાદાર લખાણ લખવામાં મશહૂર છે. તે બધા ગુણોની કદર કરવાનેજ હું આપને આ ભેટ આપું છું." મ્હારા પિતાએ મકિમખાંને વજીરનો ખેતાબ આપ્યો હતો. મ્હેં પણ તેમનો

તે ખેતાબ કાયમ રાખી તેમને વજીરના કાર્યપર નિયુક્ત કર્યા. ખોજા ફતા-ઉલ્લાને મ્હારા ખાનગી કામ માટે રોકયો. અબદલરજાક પોતાનું કામ છોડી જ્યારે જ્યારે મ્હારા પિતા બોલાવે ત્યારે ત્યારે હાજર થતો; અને તેને સોંપવામાં આવતાં દરેક કાર્યો તે ખંતથી ને ઉત્સાહથી પૂર્ણ કરતો તેથી તેને ઉંચે દરજ્જે ચઢાવ્યો. મ્હેં પણ તેને તેજ પદ પર કાયમ કર્યો. મ્હારા પિતાને જેમણે પ્રસંગોપાત સલાહ આપી છે, પોતાનું કર્તવ્ય કરી બતાવ્યું છે અને એકનિષ્ઠાથી જેઓ વફાદાર રહ્યા છે તે બધાને મ્હેં યોગ્ય સન્માન આપ્યું છે.

પ્રકરણ ૭ મું.

બંધુ પ્રેમ.

ચિત્રકાર અબદુલ હમિદનો પુત્ર સરિફખાં બાલ્યાવસ્થાથી યૌવન પર્યંત મ્હારી સાથેજ રહી ઉછરી મ્હોટો થયો. હું યુવરાજ હોવાથી મ્હેં તેને ખાંનો ખેતાબ આપ્યો. હું રાજ્યસિંહાસન પર આવ્યો કે તુરતજ તેને અમિર–ઉલ્–ઉમરાના ખેતાબથી ભૂષિત કર્યો. મ્હારા પ્રતિ તેનો આવો ગાઢ પ્રેમ હોવાને લીધેજ મ્હેં તેને આ ખેતાબ આપ્યો હતો. સરિફખાં મ્હને એક બંધુ, ભાઇ, પુત્ર, સંગી અને અકૃત્રિમ સરલ હૃદયનો મિત્ર થઈ પડયો હતો. મ્હને સમજણ પડતી નથી કે, તના આવા પ્રેમનો બદલો હું તેનું કેવું શુભ કરી વાળું? તેના આવા નિઃસ્વાર્થી પ્રેમના ઋણમાંથી હું કેવી રીતે મુક્ત થાઉં? હું તેને મ્હારા શરીરના એક અંશ રૂપજ ગણતો. મ્હારા સમસ્ત સામ્રાજ્યમાં તેના જેટલી બુદ્ધિ, વિદ્યા, અને વિરતામાં બરાબરી કરી શકે તેવું કોઇજ નથી એ મ્હને સ્પષ્ટ માલુમ પડે છે. તેને એકાદ મ્હોટી પદવી આપી બંધુપ્રેમ વ્યક્ત કરૂં એવું ઘણીવાર થઇ આવતું; પણ મ્હારા પિતાએ એવો કાયદો બાંધ્યો છે કે, રાજ્યના સર્વ મુખ્ય સરદારોમાંના કોઇને પણ પાંચ હજારથી વધારે સૈન્યના સૈન્યાધ્યક્ષ નિમવા નહિ. કારણ અધિક સૈન્યનો નાયક કોઇ પણ વખત વિદ્રોહી થઈ

સમ્રાટની વિરૂદ્ધ થાય એ સંભવિત છે. મ્હેં પણ તે કાયદાને માન આપી શરીફખાંને પાંચ હજાર સૈન્યનીજ સરદારી આપી. મ્હારા જાણવામાં આવ્યું કે એક વ્યક્તિ અમીર–ઉલ–ઉમરાવની પદવિ માટે જરા શંકા કરવા લાગ્યો છે. તેનો મ્હેં એવો ઉત્તર આપ્યો કે, મ્હારૂં જે કાંઇ છે તે સર્વ તમારૂંજ છે. શરીફખાંએ પણ મ્હેં આપેલા સન્માનને માન આપી જ્યાં સુધી મ્હારી નોકરીમાં રહ્યો ત્યાં સુધી પાંચ હજાર સૈન્યના સરદારથી કદાપિ પણ વધવાની આશાથી કામ કર્યું નથી, પણ પોતે એટલેથીજ સંતુષ્ટ થઇ દરેક કર્મ પોતાનુંજ ગણી કરતો. અલાહાબાદથી મ્હારા પિતા સાથે જે જે વિશ્વાસુ સરદારો આવ્યા હતા તેમાં શરીફખાં પણ એક હતો. પિતાના મરણ પછી સોળમે દિવસે જ્યારે હું રાજ્યાસન પર બેસવાનો હતો તે દિવસે બધા અમીર ઉમરાવોની પેઠે શરીફખાં પણ ભેટ લઇ મ્હારી સન્મુખ આવી ઉભો રહ્યો. તેને જોતાંજ મ્હારૂં અંતઃકરણ પ્રેમથી ઉભરાઇ ગયું અને મનમાંજ કહ્યું: " સર્વ શક્તિમાન ઇશ્વરની કરૂણાથીજ મ્હને આ નવું જીવન–રાજ્યાસન–પ્રાપ્ત થયું છે. મ્હને એમ પણ લાગ્યું કે, શરીફખાં ઉપર મ્હારો જે અનુરાગ હતો તેના બદલા તરીકેજ ઇશ્વરે મ્હને આટલા મ્હોટા સામ્રાજ્યનો અધિશ્વર બનાવ્યો. હું જ્યારે તખ્તનશિન થયો ત્યારે મ્હારે માથે વિપદ્‌નો પ્રસંગ આવશે એવી જરા પણ શંકા કે કારણો નહોતાં, છતાં મ્હને એટલી પૂર્ણ ખાત્રી હતી કે મ્હારે કદાચ દૈવવશાત્ તેવા પ્રસંગમાં સપડાવું પડે તો શરીફખાં મ્હારે માટે પોતાનું આત્મસમર્પણ કરીને પણ મ્હારો બચાવ કરશે. શરીફખાંને અમીર–ઉલ્–ઉમરાવની પદવી આપી બંગાળ દેશના રક્ષણનો ભાર તેને સોંપ્યો. તેને વિદાય કરતી વખતે મ્હને જે દુઃખ અને શોક થયો છે તેનું વર્ણન કરવું અશક્ય છે. તેના વિરહની વેદના ખરેખર મ્હારા જેવાને અસહ્યનીયજ થઇ પડી. આ હૃદયના ઐક્યની વાતોમાં વિશેષ તો શું લખું? શરીફખાંનો જન્મ સિરાજ શહેરમાં થયો હતો. શરીફખાંના પિતા પણ ત્યાંના સમ્રાટ્ શાહ સુજાના વજીર તરીકે કાર્ય કરતા હતા. તેના પિતા મ્હારા પિતા હુમાયુના પરમ મિત્ર અને ઉચ્ચ પદવિધર હતા. તેની માતા દેવદૂત મહંમદના વંશની હતી.

પ્રકરણ ૮ મું.

મ્હારો પરિવાર.

પૂર્વે મ્હેં કેટલાંક કારણસર રાજા માનસિંહની બંગાળાની સુબેદારી કાઢી નાંખી હતી, પણ કેટલાંક કારણસર તેને તે પદ પર પુનઃ સ્થાપિત કર્યો, અને તેને એક સુંદર પોષાક, એક મણિમુક્તા-જડિત તલવાર, અને મૂલ્યવાન અશ્વોમાંથી એક હજાર રૂપિયાનો એક "કોખપારા" નામનો અશ્વ ભેટ આપ્યો. સમસ્ત રાજસ્થાનના રાજપૂત સામંતોમાં રાજા માનસિંહના પિતામહ ભારમલે સમ્રાટ્ અકબરનું સર્વોપરી-પણું કબુલ રાખ્યું અને તેની તાબેદારી સ્વીકારી. રાજપૂતોમાં ભારમલ સૌથી વધારે વીર્યવાન, શૌર્યવાન અને સાધુપુરૂષ હતો. પિતાએ તેને યોગ્ય સન્માન આપવાને તેની કન્યાને પોતાના મહાલયમાં તેડાવી, અને થોડા સમય પછી મ્હારી સાથે તેનું લગ્ન કર્યું. મ્હારા પુત્ર ખુશરૂનો જન્મ આ રાજપૂત રાજકુમારીના ગર્ભથી થયો હતો. ખુશરૂના જન્મ સમયે મ્હારી ઉમ્મર ૧૭ વર્ષની હતી. આ વખતે ખુશરૂની ઉમ્મર વિશ વર્ષની છે. હું અનંત શક્તિમાન મહાન ઇશ્વિર પાસે પ્રાર્થના કરૂં છું કે, પ્રભુ એને બીજાં એક સો વર્ષનું દીર્ઘાયુષ્ય આપો. અત્યાર સુધી મ્હને એનાં આચરણથી ઘણોજ સંતોષ પ્રાપ્ત થયો છે, અને હું આશા રાખું છું કે, આજ પ્રમાણે તે ભવિષ્યમાં પણ મ્હારી અને ઇશ્વિર પ્રત્યે એવીજ પ્રીતિ રાખશે.* ખુશરૂથી એક વર્ષે મ્હોટી અને મ્હારા પ્રથમ સંતાન રૂપ એક કન્યા હતી.

કાસોબારના રાજકુમાર સુલતાન સારંગના પુત્ર સૈયદખાંની પુત્રી સાથે

* એ પછી છ મહિને જહાંગીરના આત્મ-જીવનમાં જોવામાં આવ્યું કે જહાંગીર એ પુત્રના વ્યવહારથી અતિશય ક્રોધે ભરાયા હતા. અત્યાર પહેલાં પણ ખુશરૂના ઉચ્છૃંખલ કાર્યોનો આપણને આભાસ થયો છે.

મ્હારો વિવાહ થયો. ખુશરૂના જન્મ પછી તેના ગર્ભથી એક કન્યાનો જન્મ થયો. તેનું નામ ઐાફ્તબાનિ બેગમ રાખ્યું. એ બાલિકા ત્રણ વર્ષની વયે મરણ પામી. ત્યાર પછી જેનિખાખોકારની ભત્રિજી–મ્હારી પતિ સાહેબ જમલના ગર્ભથી, કાબુલ શહેરમાં એક પુત્રનો જન્મ થયો. મ્હારા પિતાએ તેનું પરવિજ નામ રાખ્યું. પરવિજ દીર્ઘાયુષી, નિરાલસ્ય, અને કાર્યમાં ઉત્સાહપૂર્ણ થઇ નામના મેળવે, પ્રજાપ્રિય થાય અને મ્હારી હજારો ઉચ્ચ આશાને પૂર્ણ કરે એવી જગન્નિયંતા ઇશ્વિર પાસે હું અંતઃકરણથી પ્રાર્થના કરૂં છું. બે વર્ષ પૂર્વે મ્હેં એને ઉદયપુરના રાણા વિરૂદ્ધ ધર્મયુદ્ધ માટે મોકલ્યો હતો. તેના હાથ નીચેના અમીર, ઉમરાવો અને સર્વે લશ્કરી અમલદારો તેનાથી ઘણાજ સંતુષ્ટ થયા છે એ જાણી મ્હને ઘણોજ આનંદ તેમજ સંતોષ થયો છે. તેના હાથ નીચે વિશ હજાર ઘોડેસ્વારોની પલટન છે, અને તે પ્રત્યેક સ્વારો પાસે ત્રણ ત્રણ ઘોડાઓ છે.

લાહોરના પર્વતોની તળેટીના એક શક્તિશાળી રાજાની કન્યા સાથે મ્હારો વિવાહ થયો હતો. તેણે એક કન્યારત્નને જન્મ આપ્યો. તેનું નામ દૌલતનિસા બેગમ રાખ્યું. આ કન્યા ફક્ત સાત માસ જીવિત રહી મરણ પામી. ત્યાર પછી રાયપૂર કુટુંબની એક બીબી કરમતિના ગર્ભથી એક કન્યા થઇ. તેનું નામ બહારબાનુ બેગમ પાડયું, પરંતુ એ કન્યા બે માસ રહી મરણ પામી. ત્યારબાદ હિંદુસ્થાનના રાજપૂતોમાં પ્રધાન અને વીર્યવાન રાજા ઉદયસિંહની કન્યાથી એક પુત્રી થઇ. તેનું નામ બેગમ સુલતાન પાડયું. તે એક વર્ષની થઇ આ લોકનો ત્યાગ કરી ગઇ. એજ બેગમના ગર્ભથી ખુરમ* (શાહજહાંન)નો જન્મ થયો હતો. લખનૌના રાજાની કન્યાથી એક પુત્રી થઇ હતી. તે માત્ર સાત દિવસ પછી મરણ પામી. ખુરમ તીક્ષ્ણ બુદ્ધિસંપન્ન હોવાથી ઇશ્વિર કૃપાએ મ્હારા સર્વ ઉચ્ચ મનોરથો તે પૂર્ણ કરશે એવી મ્હને એનામાં આશા હતી. મ્હારાં સઘળાં સંતાનોમાં ખુરમજ મ્હારી તેમજ મ્હારા પિતાની અધિક સેવા ઉઠાવતો હતો. એ કારણથી પિતા તેને સર્વથી વધારે પ્રેમથી ચ્હાતા હતા. પિતા મ્હને ઘણી વખત કહેતા હતા કે: "ત્હારાં

* એજ પાછળથી સમ્રાટ્ શાહજહાં થયા હતા.

સર્વ સંતાનોમાં ખુરમ એક ગુણિયલ અને બુદ્ધિશાળી બાળક છે.” વળી તે સર્વથી ન્હાનો તેમજ સુંદર હોવાથી દરેક જણુ એને પૂર્ણ પ્રેમથી બોલાવતું હતું. ખુરમ પછી કાશીના યુવરાજની પુત્રીથી મ્હારે એક પુત્રી થઇ. તે એક વર્ષની થતાં કાળનો ગ્રાસ થઇ પડી. ત્યાર પછી ઇબ્રાહિમ હુસેનની કન્યાથી એક બાળકીનો જન્મ થયો. તે આઠ માસ જીવિત રહી આ લોકનો ત્યાગ કરી ગઇ. પરવેજની માતા સાહેબ જમલના ગર્ભમાંથી એક કન્યા થઇ. તે ફક્ત પાંચ માસ જીવી મર્ણ પામી. એ પછી ખુરમની માતાને એક પુત્રી થઇ. મ્હેં તેનું નામ લાજેત–ઉલ્–નિસા બેગમ રાખ્યું. પાંચ વર્ષની થઇને એણે પણ પોતાની બીજી બ્હેનોની માફક માનવ લીલાની સમાપ્તિ કરી. ત્યાર બાદ ફરીથી પરવેજની માતાને પેટે એક પુત્રનો જન્મ થયો. તેનું નામ જહાંદારખાં રાખ્યું. થોડા વખત પછી ખુરમની માતાએ એક પુત્રનો જન્મ આપ્યો, તેનું નામ શહેરીયાર પાડયું. મ્હારા એ બંને પુત્રોનો એકજ માસમાં જન્મ થયો હતો.

અમારા પરિવાર સાથે વિવાહ સંબંધથી* બંધાયલા રાજા માનસિંહનું મ્હારા પિતાના સામ્રાજ્યમાં એટલું બધું માન અને પ્રભાવ હતો કે, એક વર્ષમાં છ માસ તે પોતાની જાગીરમાં રહેતા અને છ માસ પિતાની રાજસભામાં બેસવાની તેમણે અનુમતિ મેળવી હતી. તેની પાસે અતુલનીય સમૃદ્ધિ હતી. તેઓ જેટલી જેટલી વખત પિતા પાસે આવતા તેટલી તેટલી વખત અઢાર લાખ રૂપિયા જેટલી રકમ તો તે નજરાણા તરીકે મૂકતા. રાજા માનસિંહને તેના પિતામહ ભારમલ તરફથી એટલી બધી ધન સંપત્તિ પ્રાપ્ત થઈ હતી કે જેથી તે સમસ્ત હિંદુસ્થાનમાં ધનવાનમાં ધનવાન મહાન શ્રીમંત રાજા ગણાતા હતા.

---

* રાજા ભારમલની કન્યા, ખુશરૂની માતા, રાજા માનસિંહની ભગિની થાય.

પ્રકરણ ૯ મું.

ધર્મનિષ્ઠા.

ઈશ્વરના અનેક નામોના સંશોધન માટે મ્હેં કેટલાક ધાર્મિક વિદ્વાનોની યોજના કરી હતી. તેમણે મ્હને પાંચસો બાવીસ નામનો સંગ્રહ કરી આપ્યો. મ્હારા પિતાની જપમાળામાં આથી અર્ધાં નામો હતાં. આ પાંચસો બાવીસ નામો વિશ વર્ણમાળા અનુસાર અનુક્રમે ગોઠવાવ્યાં હતાં. મ્હેં મ્હારા પહેરવાના ઝબ્બા ઉપર એ નામોને સુશોભિત અક્ષરે ઉત્તમ કારીગર પાસ ભરત કામથી ભરાવ્યાં હતાં. હું પ્રત્યેક શુક્રવારે સાધુ, ધાર્મિક અને જ્ઞાની પુરૂષોના સમાગમે જતો. સિંહાસનારોહણના એક વર્ષ પહેલાં મ્હેં એવી પ્રતિજ્ઞા કરી હતી કે, કોઈ પણ શુક્રવારે મદ્યપાન કરવું નહિ. આ પ્રતિજ્ઞા મ્હારાથી પ્રાણાંત સુધી પાળી શકાય એવી પ્રાર્થના હું ઈશ્વર પાસે રાતદિવસ કરૂં છું. અત્યાર સુધી તો ઈશ્વર કૃપાથી હું મ્હારી તે પ્રતિજ્ઞાથી ચલિત થયો નથી. નોકરોને કોઇ પણ દિવસ મનમાં બબડવા પ્રસંગ ન આવે તે સારૂ તેમનો પગાર વધારવાનો વખતો વખત હુકમ કર્યે જાઉં છું. "મ્હારા પિતાના મરણના શોક માટે નક્કી કરેલા દિવસોની અંદર કોઈ પણ વ્યક્તિ વિવાહ કે બીજા કોઈ પણ પ્રકારનું અનુષ્ઠાન કે વાદ્ય વગડાવી કે વગાડી શકે નહિ એવો હુકમ ફરમાવ્યો હતો." આ હુકમની મુદત પ્રજાને લાંબી લાગી છે એવું તુરતજ મ્હારી ધ્યાનમાં આવ્યું.

એક દિવસ મ્હને મ્હારા નોકરો દ્વારા ખબર મળી કે હાકિમ અલી નામના એક મનુષ્યને ત્યાં તેના પુત્રનો વિવાહોત્સવ હોવાથી જુદી જુદી જાતનાં ગીત વાદ્યો વગડાવી શહેરમાં વરઘોડો ફેરવે છે. મ્હેં આથી મહમ્મદ તેકિને તેની તરફ એવી સમજુત આપી મોકલ્યો કે, "મ્હારા પિતાનો તું હજારો રીતે ઉપકારી છતાં અને આવા શોકના પ્રસંગમાં મ્હારો મનાઈ

હુકમ હોવા છતાં આવી વર્તણુક ચલાવવી એ ત્હારૂં શુભ કર્ત્તવ્ય—અને રાજ્ય ભક્તિ નહિ હોવાની સાબીતી મળે છે. આ દુઃખદ પ્રસંગને વ્યતીત થયા બાદ તું ત્હારા પુત્રનો વિવાહ ઉત્સવ કરજે.” મહમ્મદ તેકિ મ્હારૂં આ ફરમાન લઈ આમોદ પ્રમોદ કરતા સર્વ મહેમાનો અને હાકિમ અલિ સન્મુખ આવી ઉભો રહ્યો, અને ફરમાન વાંચી સંભળાવ્યું. આથી સર્વ કોઈ ભયભીત થઈ શુભ અવસરનો ત્યાગ કરી સ્વગૃહે ચાલી ગયા. હાકીમ અલિએ પોતાના એ કર્મનો પશ્ચાતાપ કર્યો અને તેના નિવારણ માટે એક લક્ષ રૂપિયાની મુક્તામાળા મ્હને ભેટ કરી. તે વખતે તો કાંઇ નહિ બોલતાં મ્હેં સપ્રેમે તેનો સ્વીકાર કર્યો. કેટલાક દિવસ પશ્ચાત્ તેને મ્હારી સન્મુખ બોલાવી મુક્તામાળા તેનાજ ગળામાં મ્હેં મ્હારે હાથે પહેરાવી દીધી. એમ કરવાનું કારણ કે, મ્હારી પ્રજાની કોઇ પણ ભેટ લઇ બેસી રહેવું એ મ્હને ઘણુંજ લજ્જાસ્પદ તેમજ મ્હારી કીર્ત્તિના કલંકરૂપ લાગતું. જો હું ઇચ્છા કરૂં તો એવી કરોડો રૂપિયાની વસ્તુઓ હું એકઠી કરી શકું. પરંતુ જ્યાં સુધી મ્હારામાં સામર્થ્ય અને સત્તા છે ત્યાં સુધી મ્હારી પ્રજાની દરેક વ્યક્તિના ગુણ અને બુદ્ધિ અનુસાર તેમને પદવીઓ અને ભેટો આપવી એનેજ હું મ્હારો ખરો ધર્મ ગણું છું.

પ્રકરણ ૧૦ મું.

મુખ્ય અધિકારીઓની ઓળખાણ.

મ્હેં પંજાબના સાશન કર્તા મહમ્મદખાંને એક લક્ષ રૂપિયા, એક મૂલ્યવાન પોષાક, હીરા અને બહુ મૂલ્ય મણી જડિત કમરપટો, તલવાર અને રાજ્ય-દંડ ભેટ તરીકે આપ્યાં. મહમ્મદખાં ફેરારખાંના વંશનો હતો. આ વખતે મ્હેં મહમ્મદ રેજાને પચાશ હજાર રૂપિયા આપી દિલ્લી નગરીનાં ગરીબ અને તંગીમાં આવી પડેલાં મનુષ્યોને મદદ કરવા માટે મોકલ્યો. વજીરખાંનો જન્મ રાજ્ય કુળમાં થયો હતો. અત્યાર પહેલાં મ્હેં તેને વજીર-ઉલ-મુલ્કનો ખેતાબ આપ્યો હતો અને હમણાં

મ્હેં એને પાંચસોથી વધારી એક હજાર ઘોડેસ્વાર સૈન્યની સરદારી આપી, અને વજીરના કાર્યપર નીમ્યો.

શેખ ફરીદનો ચોથો વંશજ સૈયદ અબ્દુલ ગફુર પોતાના સંતાનોને એવી આજ્ઞા કરી ગયો હતો કે તેમણે કોઈ પણ દિવસ શાંતિ, સુખ અને સ્વચ્છંદ વતણુક ચલાવી જીવન વ્યતીત નહિ કરતાં દુઃખથી ભરેલા સમરાંગણમાં જીવન પર્યંત પ્રાણાહુતિ આપવી, એ સઘળાં સન્તાનો, બોખારાના સૈયદોમાં શૌર્ય અને સાહસમાં ચિર વિખ્યાત થયા છે. શેખ ફરીદ પહેલાં ચાર હજાર સૈન્યનો અધિનાયક હતો, હમણાં મ્હેં તેને પાંચ હજાર સૈન્યની સરદારી આપી.

કંદહારના શાસન કર્ત્તા મિરજા સુલતાન હુસેનિના પુત્ર મિરજા રૂસ્તમ, બેરામખાં, કુજેલબાસના (Red cap)* ખાં ખાંન અબદર રહિમખાં, તેના બે પુત્ર ઈરીહ્દ્જિ અને દોરાબ તથા શેર ખાજા વગેરેને તેમના પદને લાયક, મણિમુક્તા જડિત તલવાર, પોશાક અને મૂલ્યવાન સાજ સહિતના અશ્વોની ભેટ આપી. અબદર રહિમ બેગનો પુત્ર મ્હારી રજા લીધા વિના પોતાની નોકરી છોડી દઈ મ્હારી પાસે આવતો રહ્યો. મ્હેં તેના તે કાર્ય માટે અસંતોષ પ્રદર્શિત કરી તેને સમજાવી પાછો તેના સ્થાન પર મોકલ્યો. આ બધાનું કારણ કે રાજાનો પ્રજા પ્રતિ હમેશાં પ્રેમ હોવો જોઇએ, અને સંતપ્ત થયેલા પોતાના નોકરોને સંતુષ્ટ કરી તેમને તેમના કાર્યમાં પ્રોત્સાહન આપવું જોઇએ, એ હું સારી રીતે સમજતો હતો.

મ્હારા સિંહાસનારોહણ પહેલાંજ મ્હેં કાબુલના લાલાબેગને બાજ બહાદુરનો ખેતાબ આપ્યો. રાજ્યાસન પ્રાપ્ત થયા પછી એકજ મહિને તે મ્હારી પાસે આવી કહેવા લાગ્યો કે, " હું તમારો દાસાનુદાસ છું. " તેટલા ઉપરથી મ્હેં તેની બીહારના શાસનકર્ત્તા તરીકે નિમણુક કરી. તે ઉપરાંત તેને એક લાખ રૂપિયા બક્ષિસ અને એક હજાર ઘોડેસ્વારના ઉપરીપણાથી વધારી બે હજાર સ્વારોનો નાયક નિમ્યો. તેના તાબાના સઘળા સરદારોને

---

* અકબરના સુપ્રસિદ્ધ પ્રધાન મંત્રીને માટે એ પદવી તદ્દન અપમાન સૂચક કહી શકાશે. સાધારણ રીતે ઈરાનીઓને એ નામથી બોલાવવામાં આવે છે.

એવું કહેવામાં આવ્યું કે, કોઇ પણ ગુન્હેગારને તેના ગંભીર અપરાધ માટે પ્રાણ દંડની પણ શિક્ષા કરવા માટે બાજ બહાદુરને અધિકાર આપવામાં આવ્યો છે. મ્હેં વળી એવો પણ ઉપાય શોધી કાઢ્યો કે તેની જાગીર-માંથી ઉત્પન્ન થતી આવક કરતાં તેને કાંઈ પણ વધારે મળે. તેના બાપ દાદાએ મરણ પર્યંત મ્હારા વડીલની નોકરીમાં જીંદગી વ્યતીત કરી છે; તે સેવાના ઘનિષ્ઠ સંબંધનો વિચાર કરીને મ્હેં તેમને આ ભેટો આપી છે. તેના પિતા મ્હારા વડવાઓના વખતમાં દિવાબત્તી કરવાનું–ફરાસનું કાર્ય કરતા હતા અને તે નિજામ–ઈ–કબાબ* નામે પ્રસિદ્ધ છે.

પરલોકવાસી થયેલા કાબુલના મહમ્મદ હાકિમ મિરજાને માત્ર એક પુત્ર હતો. તે પહેલાં પાંચસો સૈનિકોનો સરદાર હતો. તેને મ્હેં એક હજાર સૈનિકની સરદારી સોંપી. રાજપૂત વીર કાનુજનને એક રાજ્યનિષ્ઠાથી કી-ધેલી સેવાના બદલારૂપ આઠસો સૈન્યના સૈનિકથી વધારી પંદરસો સૈનિકની સરદારી આપી. મિરાન સદરૂદ્દિનને ત્રણુસો સૈન્યના અધિકારીપદ પરથી એક હજાર સૈન્યની સુબેદારી પર નિમ્યો. મ્હારા પિતાજીના વખતમાંના સૌથી જુના નોકરોમાં એજ સૌથી વધુ જુનો હતો. શેખ અબદુલ નબિ મને "ચાળીસ વાર્તાઓ" બાંચવામાં મદદ કરતો હતો. તે સમયે તે રાજ્ય લાયબ્રેરીનો અમ-લદાર હતો. ખરી રીતે જોતાં હું તેને મ્હારો ખલિફો અથવા પ્રભુ સમજી માન આપતો હતો. પરંતુ મ્હારા પિતાજીએ જેટલું અને જેવું સન્માન અબદુલ નબિને આપ્યું છે, તેટલું અને તેવું સન્માન ઘણાજ થોડા લોકો મેળવવા ભાગ્યશાળી થાય છે. શેખ દામ ઉલ–મુલ્ક, (જેનું પૂર્વ નામ શેખ અબદુલ્લા હતું તે) વિજ્ઞાન શાસ્ત્રમાં, વક્તૃત્વપણામાં અને સુક્ષ્મ-બુદ્ધિમાં, આ સમયે સર્વથી શ્રેષ્ટ હતો, પિતા તેમને હમેશાં યોગ્ય સન્માન આપતા હતા, પણ કેટલાક વખત પછી તેના તરફથી પિતાને અસંતોષ મળવાથી અબદુલ નબિ પિતાના સ્નેહનું પાત્ર થઈ પડયો. શેખ અબદુલ્લા વયોવૃદ્ધ હતા, અને અફગાન શેરખાં અને તેના પુત્રનું સલિમખાંની પાસે બહુ સારૂં ચલણ હતું. જ્યોતિષ વિદ્યામાં તેમનું જ્ઞાન સર્વોત્કૃષ્ટ હતું.

---

* પાકશાળાનો ઉપરી, કબાબ એ એક પ્રકારના ખોરાકનું નામ છે.

પ્રકરણ ૧૧ મું.

સંકલ્પ પાલન અને ધર્મોપદેશ.

હાકિમ હાજમ જે વેળાએ મેવાડની હારમાં દૌત્ય કાર્ય કરતો હતો તે વેળાએ આઉજબકસના બાદશાહ અબદુલ્લાખાંના પિતાના મરણથી તેને થતા શોકમાં સાંત્વન કરવાને મિરાન સદરજહાનને મ્હેં મોકલ્યો હતો. તે ત્રણ વર્ષ પછી સ્વદેશમાં પાછો ફર્યો. પિતાએ તેને સૈન્યમાં એક ઉંચી પદવિ આપી. જ્યારથી તે તે પદપર રહ્યો ત્યારથી તે અત્યાર સુધી મ્હેં તેની ઉન્નતિનાં દરેક પગલાં લીધાં. થોડા વખત પછી રાજ્યમાં તેને સર્વથી મુખ્ય ભિક્ષા આપનારની નોકરી ઉપર નિમ્યો. સુખ, દુઃખ, સંપદ અને વિપત્તમાં મિરાન સદરજહાંને એક સરખી રીતે પ્રેમપૂર્વક અમારી સેવા ઉઠાવી. ધર્મ અને શૌર્યમાં તે અતિશય શૂરવીર અને ચાલાક હતો. તેણે કૃતજ્ઞતાપૂર્ણ અને વિશ્વાસુ કર્મો એટલાં બધાં કર્યાં કે તેથી તેની મ્હેં વખતોવખત મ્હારા ખાનગી કાર્યમાં સલાહ પણ લીધી. જો કે હું તે વખતે યુવરાજ હતો; તોપણ તેજ વખતથી તેને ઉચ્ચ પદપર સ્થાપી તેના આવા સ્વાર્થત્યાગી ઋણમાંથી મુક્ત થવાય એવો મ્હેં સંકલ્પ કર્યો હતો. હિંદુસ્થાનનું સાર્વભૌમત્વ પ્રાપ્ત થયા પછી મ્હેં તેને મ્હારા અંગત મિત્ર તરીકે રાખી પાલન કરવાનું જણાવ્યું. ઉત્તરમાં તેણે નિવેદન કીધું કે, " મ્હારી અત્યાર સુધીની સેવાના બદલામાં જો આપે મ્હને કાંઈ બક્ષિસ આપવાનો વિચાર કર્યો હોય તો મ્હને ચારસો ઘોડેસ્વારોની સરદારી આપવી; તેનેજ હું મ્હારા કાર્યોની કદર થએલી ગણીશ. તેથી મ્હને પૂર્ણ સંતોષ થશે. " મ્હારો એવો નિયમ હતો કે, પહેલાં કોઇને પણ એકસો ઘોડેસ્વારોની સરદારીથી વધારે પદ પર નિમવો નહિ, કારણ કે શિખાઉ માણસને માટે તેટલી સરદારી પૂરતી છે એમ હું માનતો હતો, તથાપિ

તેની પ્રાર્થનાનુસાર ચારસો ઘોડેસ્વારોની સરદારી આપી તેની સેવાની કદર કરી. વાસ્તવિક રીતે મારૂં એવું માનવું હતું કે સહસ્ર તિર્થોમાં સ્નાન કરવાથી અને હજારો દેવ દેવીઓનાં દર્શન કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે; તેના કરતાં એક નિષ્કપટી અને વિશ્વાસને પાત્ર થયેલા હૃદયનો પ્રેમ પ્રાપ્ત કરવો એ હું અધિક કિમતી ગણું છું. વિશ્વાસુ સરદારે ઉઠાવેલી સેવાની કદર બુજી તેને યોગ્ય સન્માન અને પદવી આપી સંતુષ્ઠ કરવો એ હજારગણું વધારે પુણ્યનું કાર્ય છે એવું હું માનું છું. મ્હારી સત્તા નીચે જે કાંઇ હોય અને તેની માગણી જો કોઇ યોગ્ય મનુષ્ય કરે તો સ્વધર્મી કિંવા પરધર્મીનો ભેદભાવ દૂર કરી હું તે વિના સંકોચે આપું છું. સર્વ મનુષ્યોની આશા પરિપૂર્ણ કરવા હું હમેશાં અત્યંત આતુર છું.

મ્હારા જેવા હજારો રાજાઓ તથા સામ્રાજ્યના અધિપતિઓ કયાંએ ચાલ્યા ગયા છે! તેમનું આજે નામ નિશાન પણ નથી, છતાં આ જગત્ તેનું તેજ છે. હું આ જગત્માં ક્ષણ સ્થાયી છું એમ સમજી મ્હારે કાંઇક શુભ કરવું એવી ઇચ્છા થાય છે; કે જેનું ફળ મ્હને અનંતકાળ પર્યંત ચિરસ્થાયી હોય અને પરલોકમાં શાન્તિ અને સુખ મળે. પૃથ્વીમાં સહૃદયી અને સપ્રેમ વ્યવહાર કરનાર મનુષ્યના પ્રેમની કિંમત કરવી એ ઘણુંજ દુર્ઘટ કાર્ય છે. પુત્રોને માટે, પાછલા મ્હારા વંશ માટે, હજારો ગમે તેવાં કર્મો કરી પુષ્કળ ધન અને રત્નભંડાર તેમને ઉડાવવા મુકી જવા કરતાં એક વ્યક્તિનો પ્રેમ સંપાદન કરવો, એક મનુષ્યને સુખી કરવો, એ હજારગણું ઉત્તમ અને પુણ્યનું કામ હું સમજું છું. તદનુસાર હું વર્તન પણ કરૂં છું. પુત્ર! સ્મરણમાં રાખજો કે આ પૃથ્વી મ્હારૂં કે તમારૂં ચિરસ્થાન નથી. આ પૃથ્વી પરનાં કોઇ પણ દ્રવ્યો પર અનંત આશાઓ અને ચિરવિશ્વાસ કદી પણ સ્થાપશો નહિ. શું તમે નથી સાંભળ્યું કે, પાશ્ચાત્ય મહાન સોલોમનના સિંહાસનનો ધ્વંશ કેવી રીતે થયો? જેણે જ્ઞાન, ધર્માલોચન તેમજ મનુષ્યના સુખ શાન્તિના ઉપાયો લેવામાં જીવન વ્યતીત કર્યું છે, તેજ પુરૂષ સર્વથી પરમ સુખી છે. જ્ઞાની લોકો પોતાનું જીવન ધાર્મિક કર્મોમાં વ્યતીત કરે છે પણ તમે તમારૂં જીવન ગમે તેવી રીતે વ્યતીત

કરશો તો ' પણ તે પાણીના પ્રવાહની પેઠે વહી જાય છે. તે શું તમારી જાણ બ્હાર છે ? જે વડીલોપાર્જીત સંપત્તિનો ભોક્તા હું થયો તેનાજ ભોક્તા મ્હારા મૃત્યુ પછી તમે થશો તે જ્યારે નક્કીજ છે, ત્યારે તમારા વડીલોએ કરેલા આદેશો, સ્થાપેલા નિયમો, અને આપેલા બોધ પ્રમાણે વર્તન કરવું એ શું તમારૂં કર્ત્તવ્ય નથી ? તમારૂં પણ તેજ કર્તવ્ય હોવું જોઇએ. ભૌતિક સંપત્તિ પ્રમાણે આ સંપત્તિનો પણ બરોબર ઉપયોગ કરવો જોઇએ, તમારા એવા વર્તનથી જ તમારૂં નામ અમર થશે. તમારી કીર્ત્તિની સુગંધ ચારે દિશામાં ફેલાશે. જ્ઞાની મનુષ્યોના ઉપદેશ લેવા હમેશાં તત્પર રહો ! શિકારી ગમે તેટલા હોંશિયાર હોય છે તથાપિ વૃદ્ધ સિંહ તેને મળતો નથી. તમારે કોઈ પણ રાજ્ય અગર વ્યક્તિ સાથે યુદ્ધમાં ઉતરવાનો પ્રસંગ આવે તો બહાદુરીથી તમે તેના સામું થજો. સિંહના સામું યુદ્ધ કરવા વાઘજ તૈયાર થાય છે. પ્રતિસ્પર્ધી ગમે તેટલો બહાદુર હોય તથાપિ તેની ભીતિ રાખશો નહિ. યુદ્ધમાં તમારી સ્કંધે હજારો જખ્મો પડે તથાપિ તમારા બાહુબળનો પ્રભાવ, એક વૃદ્ધ અને યુદ્ધ નિપુણ યોદ્ધાને છાજે એવો કરજો. તરૂણ યુવકમાં સિંહ અને મદોન્મત્ત હાથી સામું યુદ્ધ કરવાની હિંમત હોય છે, પણ સંસારની અનેક આપત્તિઓમાં ઘાયલ થયેલા વૃદ્ધ અનુભવીઓના જેવી કુશળતા ક્યાં છે ? કલહ અને હજારો સંકટોથી ભરપુર સંસારમાં વસી દુઃખ અને દારિદ્રની સામા થઈ તેને પાછા ઠેલી પોતાના દિવસો આનંદમાં ગાળવાનું સામર્થ્ય કોનામાં છે ? તમારા દેશને ઉન્નત, ક્ષમતાવાન અને ઉદ્યોગી બનાવવાની જો તમારી ઇચ્છા હોય તો તરૂણ યુવકના વિચારો કદિ પણ ગ્રહણ કરતા નહિ, પણ સુખ દુઃખની કસોટીમાં કસાયલા હજારો સંકટોનો ભાર માથે લઇ રાજ્યની સેવા કરતાં કરતાં વૃદ્ધ થયા હોય તેવા મનુષ્યોની સલાહ લઇ દેશોદ્ધારનાં કાર્યો કરજો. અત્યારથીજ તમારા પુત્રોને દુઃખ વિપત્તિમાં નાખી દો. તમારા પુત્રો સંકટ કે વિપદ્‌માં આવી પડી ભીરૂ બનશે તે વખતે તેવા અનુભવી વૃદ્ધ માણસો અને તેમની સલાહ તેમને ઉત્તેજીત અને બહાદુર બનાવી તેમનો માર્ગ સરળ કરી આપશે. સાહસિક પુરૂષ પણ જો વિલાસનો ભોક્તા થયો તો જરૂર તેનું હૃદય વિપદ્‌માં

ભયભીત થશે, અને સમરાંગણમાંથી પાછો ફરશે. હું બે માણસોને કદી ક્ષમા આપતો નથી. યુદ્ધમાં જે પૂઠ બતાવી મ્હારા સન્મુખ આવી ઉભો રહે છે, તેનો તુરત વધ કરવાનો હુકમ આપુ છું. ફક્ત કાયર પુરૂષજ ક્ષમાને યોગ્ય છે; પરંતુ ભીષણ સંગ્રામમાં જે વ્યક્તિ તલવાર લઇ રણભૂમિમાં ઉતરે છે તે જો પૂઠ બતાવે તો તેવાને ક્ષમા કરવી હું યોગ્ય ધારતો નથી, કારણ તલવાર જેવી પવિત્ર વસ્તુ કલંકિત થાય તે કરતાં તેનું મરણ વધારે ઉત્તમ છે.

પ્રકરણ ૧૨ મું.

નુરજહાંન અને તેનો પિતા.

મિરજા ગ્યાસબેગ જેવા મુત્સદ્દી અને સચ્ચરિત્રવાન મનુષ્યની હું જેટલી પ્રશંસા કરૂં તેટલી થોડીજ છે. મ્હારા પિતાના વખતમાં તે સમગ્ર રાજમહાલયનો ઉપરી અમલદાર હતો. તે સિવાય એક હજાર સૈન્યનો સરદાર અને સામ્રાજ્યનો દિવાન હતો. મ્હેં તેને સાત હજાર સૈન્યનો સરદાર નિમ્યો એટલુંજ નહિ પણ મ્હારા સામ્રાજ્યનો દિવાન બનાવ્યો; વધારામાં તેને એતમાદ્ ઉદ્દૌલ્લાનો ખેતાબ આપ્યો. વર્તમાન સમયમાં તેના જેવો કોઇ ગણિતશાસ્ત્રી નથી. મધુર રચના, લેખન કળા અને પ્રાચીન કાવ્યના સૂક્ષ્મ વિચાર અને જ્ઞાનમાં તે ઘણોજ પારાંગત છે. તેની સ્મરણ શક્તિ પણ અદ્‌ભુત છે. પ્રાચીન કાવ્યને પોતાના વિચારમાં ગોઠવી એવી સરસ રીતે જનસમક્ષ મૂકતો કે તે વાંચી દરેકનાં હૃદય આનંદથી ઉભરાઇ જતાં. પુષ્કળ સંશોધન કરી તેણે પ્રાચીન કવિતાનો સંગ્રહ કરી રાખ્યો છે; તેમણે પણ ઘણીજ મધુર, ચિત્તાકર્ષક અને ઉચ્ચ ભાવનાવાળી કવિતાઓ બનાવી છે. તે રસાયનશાસ્ત્ર પણ જાણે છે. મોતીની ભસ્મમાંથી તેને રસ દ્રવ્ય તૈયાર કર્યું છે. રાજ્ય કાર્યમાં તે એટલો કુશળ હતો કે કોઇ પણ સરકારી કાગળો કે કાર્યો તેના વાંચ્યા વગર કે જાણ બહાર ભાગ્યે જ જતા. એતમાદ્ ઉદ્દૌલ્લા મ્હારી પત્ની નૂરજહાંનનો પિતા થતો હતો.

તેને આસફ્ખાં નામક એક પુત્ર હતો. આસફ્ખાંને મ્હેં મારો લેફ્ટેનન્ટ જનરલ નિમ્યો અને પાંચહજાર સૈન્યની સરદારી આપી. મ્હને એકંદરે ચારસો સ્ત્રીઓ હતી. તે બધામાં નૂરજહાંનજ મ્હારી પટ્ટરાણી થવા ભાગ્યશાળી થઈ હતી. મ્હેં તેને ત્રિશ હજાર સૈન્યની સરદારી આપી છે ! મ્હારા સામ્રાજ્યમાં એવું એક પણ સ્થાન કે નગર નથી કે જ્યાં મ્હારી પ્રિય નૂરજહાંને સુંદર બંગલા, અને મનોહર તથા સુશોભિત ઉદ્યાન બંધાવ્યાં ના હોય. તેની સૌંદર્ય પ્રિયતા અને દાનશીલતાનું પ્રત્યક્ષ ભાન કરાવનાર એ બંગલા અને ઉદ્યાનો છે. પ્રથમ તેની સાથે લગ્ન ગ્રંથીથી બંધાવાનો મ્હારો બિલકુલ વિચાર નહોતો. મ્હારા પિતાના રાજત્વકાળ સમયે તેનો વિવાહ શેર અફ્ગાન નામના પઠાણ સાથે થયો હતો.*

પણ તેના મરણ પછી મ્હેં મ્હારા ધર્મગુરૂને બોલાવી નૂરજહાન સાથે વિવાહ કર્યો. આ બદલ નૂરજહાનના ઘરેણા સારૂં સાત કરોડ વિશ લાખ રૂપિયા માગ્યા, તે આપવા મ્હેં કબુલત આપી. નૂરજહાનને ઘરેણાં કરાવવાની ઇચ્છા થવાથી તેણે એ રૂપિયા માગ્યા તેજ વખતે મ્હેં તેને રૂપિયા આપી દીધા. એ ઉપરાંત એક મૂલ્યવાન મોતીની માળા પણ આપી. એ માળામાં ચાળીશ મોતી હતાં, અને તે દરેક મોતીની કિંમત ચાળીશ હજાર રૂપિયા હતી. એ સમયમાં મ્હારા રાજ્યના અમીર ઉમરાવ, પ્રજા કે સામંતો તરફથી જે કાંઇ રત્નાલંકારો, દ્રવ્ય અને સુવર્ણાદિક આવતાં તે બધાં નૂરજહાનના અધિકાર નીચેજ રાખવામાં આવતાં. મ્હારા મહેલમાં નૂરજહાન મ્હને એક પૂર્ણ વિશ્વાસનું પાત્ર હતું. મ્હારાં ગુપ્તમાં ગુપ્ત દરેક કર્ત્તવ્યો તેની જાણમાં હતાં. ખરૂં કહું તો મ્હારા સમગ્ર રાજ્યનું સુખ અને સૌભાગ્ય એ પ્રતિભાશાળી નૂરજહાન અને તેના પરિવાર પરના પૂર્ણ વિશ્વાસને લઈનેજ હતું. એના પરિવારમાં તેનો પિતા મ્હારો પ્રધાન, તેનો પુત્ર મ્હારો લેફ્ટેનન્ટ જનરલ અને તેની પુત્રી–મ્હારી પત્નિ નૂરજહાન–એ મ્હારા પરમ સુખ દુઃખનાં વિભાગી હતાં.

---

* જહાંગીરે શેર અફ્ગાનનું ખૂન કરાવ્યું હતું તે કલંક દૂર કરવા તેને આ લખવું પડયું છે; તે વાત સર્વ કોઇને વિદિત છે.

પ્રકરણ ૧૩ મું.

રાય રાયાન.

રાજા વિક્રમજીતના પુત્રને રાય રાયાનનો ખેતાબ આપી તોપખાનાના ઉપરી તરીકે તેની નિમણુક કરી. મ્હારા રાજ્યમાં જેટલી તોપો અને તોપચી સૈન્ય હતું તેમાંનું ફક્ત સાઠ હજાર સૈન્ય તો રાજ્યધાની માટે રાખ્યું હતું અને ઉંટ ઉપર તોપો તુરત ગોઠવી એકદમ હલ્લો કરી શકાય અથવા ચઢી આવતા સૈન્યથી રક્ષણુ કરી શકાય એટલી તોપો પણ તૈયાર રાખવાનો મ્હેં હુકમ આપ્યો હતો. એ દરેક તોપચીઓ પાસે દશશેર દારૂ, વિશ ગોળા, અને સર્વ પ્રકારની જરૂરી વસ્તુઓ આપવામાં આવી હતી. વિશ હજાર તોપો હમેશાં ભરીને તૈયાર રાખવામાં આવતી. આ સર્વે તોપખાનાનો ખર્ચ નિભાવવા માટે વિશ પરગણામાંથી નવ લક્ષ રૂપિયાની આવક થાય એટલો કર નાંખ્યો હતો. "આ વિશાળ સૈન્યે હમેશાં મ્હારી આજ્ઞા પ્રમાણેજ ચાલવું" એવો મ્હેં હુકમ ફરમાવ્યો હતો.

રાય રાયાન મ્હારા પિતાના વખતમાં દિવાન હતા, તેમજ એક જુના અને અનુભવી સરદાર હતા. તે આ સમયે વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા છે, જ્ઞાન અને બુદ્ધિમાં વય ક્રમાનુસાર તેટલાજ પ્રવિણ થયા છે. શહેરી તેમજ સૈનિક બન્નેમાં તેઓ કુશળ છે. મ્હારા પિતાના રાજ્યમાં દિવાન હોવાથી તેમણે પુષ્કળ ધન એકઠું કર્યું છે. તેમની સમાન સત્તાવાળા સર્વ હિંદુ સરદારોમાં તેજ એક પુષ્કળ ધનવાન હતા. વર્તમાન સમયમાં શહેરમાંના કેટલાક જુદા જુદા વેપારીઓને તેમણે નવ કરોડ રૂપિયા જેટલી મ્હોટી રકમ ધીરી હતી. ગજશાળાના પદ પરથી તે આ વખતે વજીર-ઉલ-ઉમરાની પદવી સુધી ચઢયો. બોખારા નિવાસી સૈયદ ચાંદનો પુત્ર સૈયદ કમળ

જે સાતસો સૈન્યનો સરદાર હતો, તેની એક હજાર સૈન્યના રક્ષકની પદવિ સુધી ઉન્નતિ કરી, તેમજ હિંદુસ્થાનની પ્રાચીન રાજધાની દિલ્હી નગરી તેને એક જાગીર તરીકે ભેટ આપી. અફગાન સાથેના યુદ્ધમાં સૈયદ કમળનો પિતા પેશાવરમાં મરણ પામ્યો. ખેરૂનિ આજિમના પુત્ર ામરજા ખુરમને બે હજાર સૈન્યની સરદારીના પદ પરથી વધારી ત્રણ હજાર સૈન્યનો અધિનાયક નિમ્યો.

પ્રકરણ ૧૪ મું.

સતી દાહ પ્રથા અને હિંદુ જાતિ પ્રત્યે પ્રેમ.

હિંદુ લોકોમાં પતિ પાછળ સતી થવાના રિવાજ સંબંધી એવો કાયદો ઘડયો હતો કે, પુત્રવતી માતા પોતાના પતિ પાછળ સતી થવાની ઇચ્છા હોવા છતાં તેમ કરી શકશે નહિ. વળી મ્હેં એવો પણ કાયદો ઘડયો હતો કે, "કોઇ પણ સ્ત્રીની ઇચ્છા વિરૂદ્ધ તેના પતિ પાછળ તેને કોઈ બળાત્કારે સતી એટલે તેને જીવતી ચિતામાં નાંખી શકશે નહિ." ત્રીજો એવો પણ હુકમ ફરમાવ્યો કે, હિંદુ લોકોના કોઇ પણ ધર્મ કાર્યમાં અથવા બીજા કોઈ પણ ધાર્મિક વ્યવહારમાં કોઈ પણ મનુષ્ય વિઘ્ન નાંખી શકશે નહિ અથવા તો કોઇ પણ પ્રકારનો વાંધો ઉઠાવી શકશે નહિ. કારણ, **સર્વશક્તિમાન પરમેશ્વરે અપાર કરૂણા કરી તેના પ્રતિબિમ્બરૂપે મ્હને આ પૃથ્વીમાં મોકલ્યો છે. તેની દયા અપરંપાર છે. દુનિયાનાં પ્રત્યેક મનુષ્ય પ્રાણી, કીટ પતંગ ઉપર તેની દયા સમાનભાવે છે અને તેજ કારણથી હિંદુ જેવી એક વિશાળ જાતિનો નાશ કરવા પ્રયત્ન કરવો તે એક મહાન અત્યાચાર અને ઇશ્વરી ફરમાનના ઉલ્લંઘન તરીકે હું ગણું છું!** સમસ્ત હિંદુસ્થાનના છ ભાગમાંથી પાંચ ભાગના તો એકલા હિંદુ લોકોજ છે. મ્હારા સમસ્ત રાજ્યમાં વ્યાપાર, કળાકૌશલ્ય અને બીજા પ્રત્યેક ધંધામાં

હિંદુ લોકોજ પ્રવીણ છે, એક ધર્મ કરવા ખાતર કરોડો હિંદુના જીવનો નાશ કરવો એના જેવું અત્યાચારી અને ઘોર કર્મ જગતમાં બીજું કયું હશે? મ્હારો જન્મ મનુષ્યનાં લોહી રેડવા-રેડાવવા માટે નથી. બીજા કેટલાક સુક્ષ્મ વિષયોનો નિર્ણય એવી રીતે કર્યો કે, મ્હારા નોકરોમાંના કોઇને પ્રસંગવશાત્ પોતાના દેશમાં જવાને રજાની જરૂર પડે તો તેમણે મિરબક્ષી શેખ ફરીદ પાસે એ બાબત અરજ કરવી. આથી કરીને દરેક નોકરને પોતાને સ્વદેશ જઈ પોતાના કુટુંબને મળવાની રજા મળી શકશે. અત્યાર સુધી જાગિરનો બક્ષીસ પત્ર લાલ રંગનો હતો તેને હવેથી સોનેરી રંગનો કરવાનો હુકમ કર્યો.

પ્રકરણ ૧૫ મું.

મહોબ્બતખાં.

વજીરખાંને મ્હેં પુષ્કળ માન-મરતબો આપી બંગાળાના દિવાનપદે પ્રતિષ્ઠિત કર્યો. તેણે દશ વર્ષ સુધી ત્યાંની ઉપજનો હિસાબ ચોખ્ખો નહિ કરતાં અનેક ગોટાળા કર્યા, તેથી તેનો હિસાબ લેવા મ્હેં એક જણને ત્યાં મોકલ્યો. બાદકસાનનો રાજકુમાર મિરજા સરોખનો પુત્ર મિરજા સુલતાન સદ્‌ગુણાન્વિત હોવાથી હું તેને મ્હારા પુત્રની પેઠે ચ્હાતો હતો. તેને અમીર-ઉલ-ઉમરાના પદથી નીચે સ્થાપિત કર્યો. રાજા માનસિંહને ખુશ કરવા માટે તેના પુત્ર રાજા ભાઉસિંહને પંદરસો ઘોડેસ્વારોની સરદારી આપી. રાજા માનસિંહને હાલમાં પંદરસો સ્ત્રીઓ છે! દરેકથી તેને બે ત્રણ સંતાનો થયાં હતાં, પણ તે બધામાં માત્ર ભાઉસિંહજ જીવિત રહ્યો. પિતાની કીર્ત્તિમાં વૃદ્ધિ કરે એવા ગુણો ભાઉસિંહમાં નહોતા તથાપિ પણ હું એની ઉન્નતિ કર્યે જાઉં છું. તે મ્હારા પિતાના વખતમાં પાંચસો સૈનિકનો સરદાર હતો. કાબુલી ઘોરબેગનો પુત્ર જે મૈનાબેગ છેક બચપણથીજ મ્હારી પાસે રહી કામ કરતો હતો, તેને મ્હારા રાજ્યારોહણ પૂર્વે

મ્હેં પાંચસો સૈન્યની સરદારી આપી હતી. આ વખતે મ્હેં તેને "મહો-બ્બતખાં" નો ખેતાબ આપ્યો. તેમજ પંદરસો સૈન્યના અધિનાયક પદ પર સ્થાપી સામ્રાજ્યના સઘળા શિલ્પ વ્યાપાર પર દેખરેખ રાખવાના તેમજ બીજા કેટલાકમાં મંદ પડી જતા વ્યાપારની વૃદ્ધિ કરવાના કાર્યપર નિયુક્ત કર્યો છે.

મ્હારા રાજ્યના અશ્વોનું બરાબર જતન થાય છે કે કેમ? તેની તરફ કાળજીપૂર્વક સંભાળ રાખવામાં આવે છે કે નહિ? તેની બરાબર તપાસ રાખવાને એક નિકણદાસ નામના મનુષ્યને રાખ્યો છે અને દરરોજ બસેં અશ્વો મ્હારી સન્મુખ બતાવવા લાવવાનો મ્હેં તેને હુકમ કર્યો છે.

પ્રકરણ ૧૬ મું.

પરવેજનો વિવાહ.

ઈસ્વી સન ૧૬૧૦ ના સપ્ટેંબરની ૧૮ મી તારીખે મ્હારા પ્રિય પુત્ર પરવેજનો વિવાહ બહેરામ મિરજાના પૌત્ર રૂસ્તમની પુત્રી સાથે કર્યો. આ વિવાહ પ્રસંગે મ્હેં પરવેજને નવ લાખ રૂપિયા આપ્યા. વિવાહોત્સવ સમયે મ્હારા અમીર ઉમરાવોને કેટલાક શીરપાવો આપ્યા, તથા મહેલને સુગંધીદાર બનાવવા સો મણ સુગંધીદાર પદાર્થો મંગાવી તેનો આખા મહાલયમાં છંટકાવ કરાવ્યો. રાજ્ય વાટિકામાં જ્યારે મ્હારી સન્મુખ વરવધૂ આવી ઉભાં રહ્યાં ત્યારે મ્હેં સાઠ મોતીની એક માળા બક્ષીસ કરી. માળાના એક એક મોતીની કિંમત દશ દશ હજાર રૂપિયા હતી. આ ઉપરાંત એક પચીશ હજાર રૂપિયાની કિંમતની સાડી વધૂને ભેટ આપી. તેના ખાનગી ખર્ચ સારૂ દરવર્ષે સાત લાખ રૂપિયા આપવાનો હુકમ ફરમાવ્યો, અને એક સો દાસીઓ વધૂની સેવા માટે આપી.

મિરજા અલી અકબરસાહિની, ચાર હજારીના પદપરથી ઉન્નતિ કરી કાશ્મીરના સીમાન્ત પ્રદેશનો શાસન કર્તા નિમ્યો. મ્હેં તેને એક અશ્વ, મણિમુક્તા જડિત અશ્વપર મુકવાનો સાજ, સુંદર કમરપટા સાથેની એક

તલવાર અને એક લાખ રૂપિયા ઇનામ તરીકે આપ્યા. બકારખાં તુઇજુઅસાની મ્હારા પિતાના વખતમાં બે હજાર ઘોડેસ્વારનો સરદાર હતો, તેને મ્હેં વધારીને ત્રણ હજાર ઘોડેસ્વારની સરદારી આપી. તેને મુલતાનનો શાસનકર્ત્તા નિમી કેટલાક પ્રદેશનો હાકેમ પણ નિમ્યો. તેના હુકમના પત્રમાં તેને મ્હારા "પુત્ર" તરીકે ગણી નૂરજહાન બેગમની બ્હેનની પુત્રી સાથે તેનો વિવાહ કર્યો. તે એક સાહસી, વીર્યવાન તેમજ વિશ્વાસુ સરદાર તરીકે નામાંકિત છે. કોઇ સારો પ્રસંગ મળતો કે તુરતજ હું તેને ઉચ્ચ અને ઉચ્ચ પાયરીપર લઇ જવા હમેશાં તત્પર રહેતો. રાણા સિંહને ત્રણ હજાર રૂપિયા ઇનામ તરીકે આપ્યા અને તેની નિમણુક મ્હારા પિતાના કબ્રસ્થાનની દેખરેખ રાખવા પર કરી. આગ્રા નગરીની પશ્ચિમ બાજુએ આ સમાધિસ્થાન—કબ્રસ્થાન બંધાવેલું છે. મ્હેં મ્હારા અમીર લોકો માટે એવો હુકમ ફરમાવ્યો છે કે, રાજસભામાં આવી મ્હને કુર્નિસ કર્યા પહેલાં મ્હારા પ્રિય પિતાજીના સમાધિ સ્થાનને નમન કરવું. **મ્હેં એવો નિયમ કર્યો કે, રાજ્યકાર્યમાં હમેશાં મદદગારરૂપ, સમજુ અને જ્ઞાની તેમજ વૃદ્ધ અને કાર્યદક્ષ પુરૂષોનેજ ગોઠવવા. અલ્પ બુદ્ધિવાળા મનુષ્યના વિચારપર કાર્યભાર ચલાવવાથી રાજ કોઇ દિવસ વિપદમાં આવી પડવાનો સંભવ રહે છે.** એમ જાણી રાજયમાં જ્યાં જ્યાં દ્રષ્ટિ પડી ત્યાં ત્યાં કાર્યકુશળ, વિશ્વાસુ અને બુદ્ધિસંપન્ન મનુષ્યોની બરાબર કિંમત કરીનેજ નિમણુક કરતો. એક **મહાન્ સામ્રાજ્ય ચલાવવું તે કાંઇ જેવાં તેવાં મનુષ્યોનાં કામ નથી; સર્વ વિષયોમાં પ્રવિણ ને નિઃસ્વાર્થી મનુષ્યો વડે રાજ્યનો પાયો મજબૂત થાય છે. તેવા મનુષ્યોના અભાવે ઉચ્છૃંખલ વૃત્તિના મનુષ્યોની નિમણુકથી હજારો ગોટાળા થઇ રાજ્યમાં ફીતુર, બંડ ઇત્યાદિક થવાનો સંભવ રહે છે, તે હું સારી રીતે સમજું છું.**

પ્રકરણ ૧૭ મું.

વિદ્રોહ નિવારણ.

આ વખતે મ્હારા સાંભળવામાં આવ્યું કે, બક્ષીખાંના તાબાના સમરકન્દ પ્રદેશના કેટલાક લોકોએ વલીખાં નામક એક સરદારની તાબેદારી કબુલ કરી સર્વેએ એકત્ર થઈ બંડ ઉઠાવ્યું છે. મ્હારા પ્રતિ એ સરદારનું વિરૂદ્ધાચરણ જોઈ, મ્હેં પહેલાં મ્હારા પુત્ર પરવેજને કેટલુંક સૈન્ય લઈ બંડ સમાવવા મોકલવાનો વિચાર કર્યો હતો અને એવો પણ વિચાર કર્યો હતો કે, દક્ષિણમાં પૂર્ણ વિજય મેળવ્યા પછી હું જાતે સમરકંદ તરફ કુચ કરીશ, પરંતુ ભારતવર્ષમાં પુરતું સૈન્ય નહિ રાખતાં આટલા દૂર પ્રદેશમાં મ્હારા પુત્રને મોકલવો મ્હને ઉચિત ન લાગ્યું, તેથી તેને રાજનગરમાંજ રહીને દેખરેખ રાખવા મુકી જવાનો મ્હેં વિચાર કર્યો, પણ એટલામાં ઉદયપુરમાં બળવો જાગવાથી પરવેજને સૈન્ય લઇ ત્યાં મોકલ્યો. તેણે રાણાને હરાવી દેશ સર કર્યો, તથાપિ રાણાપર કૃપા કરી તેને તેનો દેશ પાછો સોંપ્યો. મ્હારા બીજા કેટલાક સરદારને પણ તેમના આ પરાક્રમ માટે મુલતાન તેમજ આગ્રા નગરીના સરદાર બનાવ્યા. ઈશ્વર કૃપાએ જો હું નજીકના વિદ્રોહની ચિંતાથી મુક્ત થાઉં તો આજ વર્ષમાં દક્ષિણમાં જઈ મ્હારો વાવટો ફરકાવવાનો મ્હેં વિચાર કર્યો. મ્હારી ગેરહાજરીમાં રાણો કદાચ ફરીથી વિરૂદ્ધાચરણ કરે તો તેનો મૂળથી નાશ કરવા માટે મ્હારા તાબાનું સઘળું સૈન્ય મોકલવા વિચાર કર્યો. પરવેજ સાથે જે જે સૈનિકો ગયા હતા તે બધામાં મ્હારા પિતાના વખતનો વજીર આસફખાં સર્વથી મુખ્ય હતો. યુદ્ધમાં જય પ્રાપ્ત કરી મ્હારો વાવટો ઉડાવી આવ્યો તે બદલ મ્હેં તેને પાંચ હજાર સૈન્યની સરદારી આપી; એ ઉપરાંત એક હિરા જડિત તલવાર, યુદ્ધમાં ઉપયોગી થઇ પડે એવો હાથી અને મૂલ્યવાન સાજ સજ્જિત લડાયક અશ્વ ભેટ આપ્યો. એજ વખતે મ્હેં તેને મ્હારા પુત્રના શિક્ષક તરીકે નિમ્યો. આસફખાંનું પૂર્વ નામ જફરબેગ હતું. તેની જન્મભૂમિ કાજ-

વાન હતી. મ્હારા પિતાએ તેને આસફખાંનો ખેતાબ આપ્યો હતો. આસફખાં સૌથી પહેલાં મ્હારા પિતાના વખતમાં મીરબક્ષીનું કામ કરતા હતા. અભિજ્ઞતા તેમજ તીક્ષ્ણ બુદ્ધિએ કરીને તે વજીરની પદવી સુધી પહોંચવા ભાગ્યશાળી થયો. તેની દૂરદર્શીતા અને તેનો વિદ્યાનુરાગ જોઇ મ્હેં તેને અમીરની પદવી આપી. આ વખતે મ્હેં તેના હાથ નીચેના દરેક નોકરોને એવો હુકમ ફરમાવ્યો કે, દરેક જણે તેના હુકમને માન આપવું. આમ કરવાનું કારણ મ્હને પૂર્ણ વિશ્વાસ હતો કે તેનું સાધુપણું, સ્વાર્થત્યાગ અને દુર્દર્શિતપણું કદાપિ પણ અયોગ્ય કાર્ય કરવા તરફ તેને ખેંચશે નહિ. તે જે કાંઇ કરશે તે યોગ્ય અને વિચારીનેજ કરશે એવો મ્હને પૂર્ણ વિશ્વાસ હતો. આ સમયે મ્હેં મ્હારા પુત્ર પરવેજને પાંચ લાખ રૂપિયાની કિમતી મુકતામાળા આપી અને એવું કહ્યું કે, "જેવી રીતે હિંદુ લોકોનું પવિત્ર ધામ કાશી છે તેવી રીતનું તું રાણાના રાજ્યમાં ત્હારા નામનું એક ઉત્તમ નમુનેદાર શહેર બંધાવ." અબદર રજાકને એક હજાર સૈન્યનો અધિનાયક બનાવી મ્હેં તેને શાહજાદાની સાથેજ રહેવાનો હુકમ કર્યો. આસફખાંના કાકા મુખ્તયારબેગને આડસો સૈન્યનો સેનાપતિ નીમી મ્હારા પુત્ર સાથે જવાનો હુકમ ફરમાવ્યો. અફગાન શેખ રાનુદિનને મ્હારા સિંહાસનારોહણ પહેલાં શેરખાંનો ખેતાબ આપ્યો હતો. તે એક અતિશય સાહસિક પુરૂષ હતો, પણ કેટલાક કાશ્મીરી સામંતો સાથે રાજકીય કામોને લીધે જોડાવાથી મદ્યપાનનું સેવન કરતાં શિખ્યો હતો.

પ્રકરણ ૧૮ મું.

અબુલફજલ.

અબુલફજલને જો કે હું ચંચળ બુદ્ધિનો જાણતો હતો, છતાં પણ તેના પુત્ર શેખ અબદર રહેમાનને બેહજાર સ્વારોનો સરદાર નિમ્યો હતો, અને હું તેને ઘટતું સન્માન પણ આપતો. અબુલફજલ એક વિદ્વાન અને પ્રતિભાશાળી ઐતિહાસીક લેખક હતો; પરંતુ તે અત્યંત

નાસ્તિક હતો. તેમજ પોતાની વિદ્વતાના પ્રભાવે કરી લોકોને પોતાના મતનો સ્વિકાર કરવા હમેશાં ઉપદેશ કરતો હતો. તેના પાંડિત્યનો પ્રભાવ ખુદ મ્હારા પિતા અકબરશાહપર પણ પડયો હતો. તેણે પિતાને એવું સમજાવ્યું હતું કે, "કુરાન એ કાંઈ ઇશ્વિરનાં વાક્ય નથી. તેનો લેખક મહમ્મદ છે. મહમ્મદ કાંઇ ઇશ્વિર કે ઇશ્વિર પ્રેરિત પયગમ્બર નથી. તે તો એક અરબસ્થાનવાસી મ્હારા જેવો મનુષ્ય હતો. તેણે પોતાના વક્તૃત્વના પ્રભાવે કરીનેજ પોતાના મત તરફ આટલાં માણુસો ખેંચ્યાં હતાં." મ્હારા પિતાજી ઘણા બુદ્ધિશાળી તેમજ જ્ઞાનીના સમાગમમાં સદા રહેવાવાળા હોવા છતાં, તેનાં આવાં વચનથી ભોળવાઇ જઈ તેને પોતાનો વિશ્વાસુ બનાવ્યો. તે જોઇ મ્હને ઘણુંજ આશ્ચર્ય થાય છે અને આજ કારણથી મ્હને અબુલફજલ તરફ અત્યંત તિરસ્કાર ઉપજે છે. મ્હેં એના આવા નિરીશ્વરવાદના ખાલી પાંડિત્યથી ખીજવાઈ જઈ તેનો વધ કરવા એક માણસની યોજના કરી. તે કામ પાર પાડયું.* અબુલફજલના જીવનનો આ પ્રમાણે અંત આણ્યો, તે કારણથી પિતા મ્હારાપર કોપાયમાન થયા, તેમજ મ્હારા આવા વર્તનથી ઘણાજ અસંતુષ્ઠ થયા. પોતાના મરણ પછી તેમણે મ્હને રાજ્યાધિકાર નહિ સોંપતાં મ્હારો પુત્ર ખુશરૂ, કે જેના કોઇ પણ ગુન્હા ન માફ થઈ શકે તેવા છે, તેને રાજ્યાસનપર બેસાડવા પોતાના કેટલાક વિશ્વાસુ સરદારોને વાત પણ કરી ચૂકયા હતા. મ્હને પણ તેમણે એક વખત સ્પષ્ટપણે કહી દીધું હતું કે, "મ્હારા મરણ પછી રાજ્યનો હક્ક ખુશરૂનો થશે." પણ અબુલફજલના મરણ પછી મ્હારાં કેટલાંક વર્તનથી તથા તેમની પ્રત્યેના મ્હારા નિખાલસ પ્રેમથી તેમને સંતોષ થયો ને પોતાનો નિશ્ચય ફેરવ્યો. એક વખત એકાએક પવિત્ર મહમ્મદનું નામ સ્મરણ કરી કહ્યું: "ત્હારી મદદથી હું આખા હિંદુસ્થાનનું રાજ્ય અલ્પ પ્રયાસે મેળવી શકીશ." શેખ સાદીએ કહ્યું છે કે:— "ઇશ્વિરે જેને લઇ લેવા વિચાર કર્યો હશે, તેને વગર વિલંબે ગમે ત્યાં છુપાઈ બેઠો હશે ત્યાંથી શોધીને લઈ લેશે." થોડાજ વખતમાં મ્હારી સર્વ

* અબુલફજલ (બુદ્ધિમાન ઇતિહાસ લેખક)ની હત્યાનું મૂળ શહેનશાહ જહાંગીર છે. એ સંબંધી અનેક મનુષ્યોને શંકા થાય છે પરંતુ આ સ્થળે જહાંગીરશાહ સ્પષ્ટરૂપે એ વાત સ્વીકારે છે.

ઇચ્છા અબુલફજલના મરણથી પૂર્ણ થઈ. પિતાએ એકવાર ફરીથી સત્યાસત્યની તુલના કરી, તેમના નાસ્તિક વિચારો એકદમ પલટાઈ ગયા, અને પુનઃ એકવાર પાછા તેઓ ખરા ઇશ્વરવાદી ધર્મનિષ્ઠ પુરૂષ બન્યા.

તુર્ક કારાખાંના વજીર સાદકખાંના પુત્ર જયેદખાંને બે હજાર સૈન્યના પદપર નિમ્યો. મ્હારા પિતાના શાસન કાળમાં તેણે ગોલંદાજ સૈન્યના સેનાધિપતિ તરીકે ઘણુંજ સંતોષકારક કામ કર્યું હતું, તેમજ આસીરના ઘેરા વખતે સમરાંગણમાં શૂરવીરતા તેમજ કુશળતા બતાવી બહુજ ખ્યાતિ મેળવી. એ કારણથી મ્હેં તેને ઉક્ત પદપર સ્થાપિત કર્યો, અને ત્રિશ હજાર રૂપિયા તથા એક મ્હોટી ચુની બક્ષીસ કરી. હિન્દુ વંશોદ્‌ભવ રાય મનોહરપર તેની યુવાવસ્થામાં મ્હારા પિતાની વિશેષ કૃપા હતી. તેને ફારસી ભાષા પ્રતિ ઘણોજ શૉખ હોવાને લીધે પિતા પણ તેની સાથે ફારસીમાં વાર્તાલાપ કરતા હતા. ખરેખર તે એક સચ્ચરિત્રવાન તેમજ જ્ઞાની વ્યક્તિ છે. પિતાના મરણ પછી હું તેને ક્રમાનુસાર ઉચ્ચ પદવીપર નિમતો ગયો છું. મ્હારા દરબારમાં તેને સારૂં સન્માન મળે છે. રાજા માનસિંહના પિત્રાઇ પહાડખાં બે હજાર સૈન્યનો અધિનાયક છે. તે યુદ્ધ વિદ્યામાં બહુ નિપુણ છે પણ તેઓ હમેશાં પોતાનું જીવન એકાંતમાંજ વ્યતીત કરે છે. જંગલ અને પહાડમાં રહેવું તેને ઘણુંજ ગમતું, અને તેજ કારણથી લોકોએ તેને પહાડખાં નામાભિધાન આપ્યું. દૌલતખાં મ્હારા પિતાના વખતથીજ મહેલનો ખાનગી મુખ્ય અમલદાર તરીકે હતો, આ કારણથી તેની લાંબી સેવાની કદર જાણી તેને નજીર–ઉદ્દૌલાનો ખેતાબ આપ્યો. મ્હારા સમસ્ત સામ્રાજ્યમાં દૌલતખાંજ માત્ર તેના નામ પ્રમાણે લાંચીઓ તેમજ વિશ્વાસઘાતક મનુષ્ય હતો. તેના મરણ પછી તેની ખાનગી ત્રિજોરીની તપાસ કરાવતાં પુષ્કળ રત્નાલંકાર, સોનારૂપાના મૂલ્યવાન દાગીના, રૂપાની તેમજ પિત્તળની થાળીઓ તથા ખુમચાઓ, અને બિલોરી કાચનો પુષ્કળ સામાન મળી આવ્યો. એ બધાની કિંમત કરાવતાં ત્રણ કરોડ રૂપિયા ઉપજે એટલી વસ્તુઓ મળી આવી. ઉપરાંત નેવું કરોડ રોકડ રૂપિયા તેના ભંડારમાંથી રોકડા મળ્યા. એ સઘળું દ્રવ્ય પિતાના રાજભંડારમાં લઇ લેવામાં આવ્યું. જેનખાં કોકાના પુત્ર

જફરખાં ઉપર પિતાએ ઘણીજ કૃપા દર્શાવી, તેના પર તેમજ ખાં-ઈ-આજમના પુત્રપર સમદષ્ટિ હોવા છતાં જફરખાં પોતાના ગુણે કરી પિતાનો વિશેષ પ્રીતિ પાત્ર થઈ પડયો. તેનું કારણ એજ હતું કે જફરખાં સૂક્ષ્મદર્શી પુરૂષ હતો. તેણે બાહ્ય વસ્તુઓનું કેટલુંક જ્ઞાન પિતાજીની સંગતમાં રહીને પ્રાપ્ત કર્યું હતું. આકાશમાં એકદમ ઉડી જતા પંખીના ટોળાંની ગણત્રી, તે ફક્ત એકવાર જોઇનેજ કરી આપતો. હિંન્દુ સંગીત શાસ્ત્રમાં તેણે ઘણીજ પ્રવિણતા મેળવી હતી અને તે એક સાહસિક અને કુશળ યોદ્ધો હતો. એ સર્વનું બરાબર નિરીક્ષણ કરીનેજ મ્હેં તેને મ્હારા દરબારમાં આશ્રય આપ્યો.

પ્રકરણ ૧૯ મું.

દસ્યુ દમન.

આ સમયે અન્ય કાર્યો સાથે ફેંદિયા નામની લુંટારાની એક ટોળીનો નાશ કર્યો. ઘણા વખતથી તેઓ આગ્રા નજીકના રસ્તા પર અને અન્ય સ્થાનોમાં લુંટફાટ ચલાવી પ્રજાના જાન માલને ઘણું નુકસાન કરતા હતા. રાજ્યમાં ઉદાહરણ બેસાડી શાંતિ સ્થાપવા માટે લુંટારાના સરદારોને પકડી હાથીના પગ તળે બાંધી કચડી મારવાનો હુકમ ફરમાવ્યો. આ કાર્યમાં સાતસો ઘોડેસ્વારોના સરદાર રાય દુર્ગાએ ઘણીજ બહાદુરી અને પરાક્રમ બતાવ્યું હતું. તે હમણાં વૃદ્ધાવસ્થાએ આવી પહોંચ્યો હતો. મ્હેં તેના કાર્યથી ખુશી થઈ તેને એક લાખ રૂપિયા, તથા એક હજાર સૈન્યની સરદારીનું માન તથા ભેટ આપી. સુજાયતખાનના પુત્ર મોકિમખાંને સાતસો સૈન્યની સરદારીથી વધારી એક હજાર સૈન્યનો ઉપરી બનાવ્યો. સુજાયતખાં મ્હારા પિતાના અમીરોમાંનો એક મુખ્ય અમીર હતો. મ્હારા યૌવનકાળમાં પિતાના ફરમાનથી તેની પાસે મ્હેં ધનુર્વિદ્યાનું જ્ઞાન સંપાદન કર્યું હતું. તેના એ ઉપકાર બદલ મ્હારા સિંહાસને આવ્યા પછી મ્હેં તેને પાંચ હજાર સૈન્યનો સરદાર બનાવી તેના ઋણમાંથી મુક્ત થયો.

રૂપખવાસ નામના એક મનુષ્યે મ્હારા પિતાના તાબાના એકસો વિશ નોકરોને ખોટી લાલચો આપી નોકરી છોડાવી કાઢી મુકયા. એ પુરૂષ હિમતપુરના યુદ્ધ વખતે પરાભવ પામી મ્હારા સરદારોને હાથે કેદ પકડાયો. તે અતિશય સાહસિક હોવા છતાં મદ્યપાનનો પુષ્કળ શોખીન હતો. સમસ્ત જીંદગીમાં તે કદાપિ નમાજ પડયો નથી, અથવા તો રમજાનના એક પણ દિવસે તેણે ઉપવાસ કર્યો નથી તેમ છતાં પણ તેણે નમાંજ પઢવાની તેમજ ઉપવાસ કરવાની પ્રતિજ્ઞા લેવાથી મ્હને તેનાપર દયા આવી; તેથીજ તેને જીવતો છોડી મૂકયો. શાહબાજખાંનો જન્મ હલકા કુટુંબમાં થયો હતો, પરંતુ સૈન્ય રચનામાં તે એટલો બધો કુશળ હતો કે પિતાએ તેને પાંચ હજાર સૈન્યનો અધિનાયક બનાવ્યો. તે તુર્ક ભાષા જાણતો હતો તેમજ તેની વ્યૂહરચના અતિ પ્રસિદ્ધ ગણાતી હતી, પણ પ્રયત્યક્ષ યુદ્ધનો આરંભ થતાંજ–શત્રુ દળની તલવારો મ્યાન બહાર થતી કે તુરતજ–તે યુદ્ધ–ભૂમિનો ત્યાગ કરી પલાયન કરી જતો. એ કારણથી મ્હેં તેને પાંચ હજાર સૈન્યની સરદારી પરથી ઉતારી બસો સૈન્યની સરદારી આપી, અને મુખ્ય શિકારી તરીકે તેની નિમણુક કરી.

પ્રકરણ ૨૦ મું.

સેનાપતિની વિશ્વાસઘાતકતા.

પાંચ ઘોડેસ્વારોના સરદારથી લઇને પાંચસો ઘોડેસ્વારોના સરદાર પર્યંત સર્વના ગુણ અને બુદ્ધિ પ્રમાણે તેમનો પગાર વધારવાનો મ્હેં હુકમ કર્યો છે. રાત્રિને સમયે કોઇ ચોર કે લુંટારાથી પ્રજાની શાંતિમાં ભંગ ન થાય તે સારૂ ત્રિશહજાર ઘોડેસ્વારોને નગરમાં સમસ્ત રાત્રિપહેરો ભરવા તથા દરેક જગ્યાની બરાબર તપાસ રાખવા હુકમ કાઢયો. બદક્શાનના રાજકુમાર અને મ્હારા મિત્ર મિરજા–શાહ–શેખ પિતાના રાજકાળમાં પાંચ હજાર સૈન્યના અધ્યક્ષ હતા, તેમના કાર્યની કદર જાણી તેમને સાત હજાર સૈન્યની સરદારી આપી. મ્હારો એવો નિયમ હતો કે કોઇ પણ તુર્કને

પાંચ હજાર સૈન્યના ઉપરીપણાથી વધારે પદપર નિમવો નહિ, તથાપિ મ્હારા તે નિયમનું ઉલ્લંઘન મ્હારે મિરજા–શાહ–શેખના સંબંધમાં કરવું પડયું હતું. શાહ–શેખ અતિ સરલ પ્રકૃતિનો મનુષ્ય હતો. પિતાએ તેને તથા તેના પુત્રને દરબારમાં બેસવાનો અધિકાર આપ્યો હતો. તેનો જાતિ સ્વભાવ ઘણોજ ઉમદા હતો. શાહ–શેખ ભારતવર્ષમાં ૧૫૨ વર્ષ જેટલી લાંબી મુદ્દત સુધી રહ્યો તથાપિ હિન્દુસ્થાની ભાષાનો એક શબ્દ પણ તેને બોલતાં કે લખતાં આવડયો નહિ ! પૃથ્વીમાં બદક્શાની જાતિ જેટલી કોઇ પણ મિથ્યાવાદી જાતિ નથી, પણ જ્ઞાન અને બુદ્ધિમાં તેઓ બીજી કોઇ પણ જાતિ જેટલા ઉચ્ચ અને ચઢીયાતા છે. શાહ–શેખમાં ખોટી શેખાઇ મારવાના ગુણ ન હોવાને લીધેજ તે મ્હારા પિતાના આદરનું પાત્ર થઇ પડયો. પણ બદક્શાનનિવાસી અમીર અલ્લાઉદ્દિનની પ્રચંચ જાળ અને સંગતથી થોડાજ વખતમાં તે પિતાના અસંતોષનું કારણ થઇ પડયો. એ કારણથી તેને કાબુલીખાના અબદુલ્લા પાસે કેદી બનાવી કાબુલ મોકલી દીધો. આ સમયે રાજદ્રોહી મનુષ્યને કાબુલના કિલ્લામાં કેદ કરવામાં આવતા હતા. રાજદ્રોહના અપરાધ માટે ત્યાં ચારસો કેદીને કેદ કરવામાં આવ્યા હતા. આ સર્વ વિશ્વાસઘાતીઓને પ્રતિજ્ઞા ઉપર મુક્ત કરવાનો મ્હેં હુકમ કર્યો. ખાજાઅબદુલ્લાને, બધા કેદીઓ તથા શાહ–શેખને પણ લઈને દિલ્લી તરફ આવવા હુકમ કર્યો. ખાજા અબદુલ્લા બધા કેદીને લઈ દિલ્લી તરફ આવતો હતો તેવામાં રસ્તામાં, અલ્લાઉદ્દીને કાબુલાધીપતિને કહ્યું કે, સમ્રાટ જહાંગીરના આદેશાનુસાર આ સર્વે વિદ્રોહી લોકોને અસ્ત્ર, શસ્ત્ર તથા બેસવા એક એક અશ્વ આપો. તદનુસાર વર્તનથી અલ્લાઉદ્દીને એ બધાને લઇને કાબુલ પર સ્વારી કરી અને પુષ્કળ લુંટ તથા દ્રવ્ય લઈ હજારોના જાન માલને નુકશાન કરી બદક્શાન તરફ પ્રયાણ કરી ગયો. પિતાના રાજત્વકાળથીજ તે બે હજાર સૈન્યની સરદારી પર હતો, છતાં તેણે વિદ્રોહાચરણ જેવું નિંદ્ય અને અઘટિત કાર્ય કર્યું. કેટલાક વખત પછી તે દુ:ખી થતો, હજારો કષ્ટથી પીડાતો મ્હારા સન્મુખ આવી ઉભો રહ્યો. મ્હેં તેને કહ્યું: જેણે તને આટલી ખાનદાની પર ચઢાવ્યો એવા મ્હારા પિતાનાજ વિરૂદ્ધ તેં હથિયાર

ધારણ કરી ઘણુંજ નિંદાજનક અને કૃતઘ્ન આચરણ કર્યું છે. આ વખતે તું કયા ત્હારા સાહસિકપણાથી મ્હારી સન્મુખ આવી ઉભો રહ્યા છે?" આ વાક્યથી એનું હૃદય ભેદાયું અને નેત્રમાંથી દડ્ દડ્ આંસુ નીકળી પડયાં. મ્હેં તેની શોચનીય અવસ્થા જોઈ કહ્યું: "તને મ્હારા પિતાએ બે હજાર સૈન્યની સરદારી પર નીમી ત્હારાપર પૂર્ણ વિશ્વાસ રાખ્યો, તેનું ફળ તેં મ્હારીજ વિરૂદ્ધ વિદ્રોહાચરણ કરી પ્રત્યક્ષ બતાવ્યું. હું હવે ત્હારા પર કેવી રીતે વિશ્વાસ મુકી શકું અને રાજ્યમાં કયા હોદ્દાપર તને નીમી શકું?" તે નિરૂત્તર રહ્યો. તેના મોઢાના વિકાર પરથી તેનું પશ્ચાતાપ કરતું હૃદય પરખાઇ આવ્યું. મ્હને દયા આવી અને તેને અઢી હજાર સૈન્યની સરદારી આપી. અમીર-ઉલ-ઉમરા નામના મ્હારા એક સરદારે મ્હને કહ્યું કે:- "ફક્ત એક વખત કરેલા અપરાધને માટે અલાઉદ્દીન જેવા વીર યોદ્ધાનો ત્યાગ કરવો ઉચિત નથી. તેના અપરાધની શિક્ષા તેને પૂરી મળી ચૂકી છે." તેની પણ આવી સલાહ હોવાથી મ્હેં તેને પુનઃ રાજમાં સરદારી આપી. હમણાં લશ્કરમાં ૧૫૦૦ આઉજ્બેક ઘોડેસ્વારો છે.

પ્રકરણ ૨૧ મું.

અદ્વિતીય ઐતિહાસિક.

સિંહાસનારોહણ થતાં પહેલાંજ મ્હેં શેખહુસેન જુલનારને મોકરેબખાંનો ખેતાબ આપ્યો હતો. દક્ષિણમાં ખાં ખાનની એક છાવણીમાં વસતા મ્હારા બંધુ દાનિયલના પરિવારને લાવવા યથોચિત ઉપદેશ આપી શેખ હુસેનને ત્યાં મોકલ્યો. શેખ હુસેન યત્નપૂર્વક સંભાળથી મ્હારા ભાઇના સઘળા પરિવારને તથા પુત્ર, ધન સંપત્તિ વગેરે લઇને આવી પહોંચ્યો. મ્હારા ભાઈ પાસે જે અઢાર કોટી રોકડ નાણું, પીસતાળીશ કરોડ રૂપિયાનું જર જવાહિર તથા રત્નાલંકાર ઈત્યાદિક હતું તે જરા પણ બદદાનત કર્યા સિવાય તેણે મ્હારે સ્વાધિન કર્યું. તે ઉપરાંત દાનિયાલના મ્હોટા

હાથી તથા બે હજાર ઈરાની ઘોડા હતા. મોકરેબખાંના જેવો વિશ્વાસુ અને સ્વાર્થહીન મનુષ્ય મળવો દુર્લભ છે. એ કારણથી ખુશી થઇ મ્હેં તેને ઈનામ તરીકે પાંચ હજાર સ્વારોની સરદારી આપી અને અમીર પદ આપ્યું, તથા એક હીરાજડિત તલવાર, કિમતી અલંકારથી સજ્જિત એક અશ્વ, રત્નજડિત પાઘડી અને પોષાક તથા એક શિક્ષિત હાથી ઈનામ તરીકે આપી તેને ગુજરાતનો શાસનકર્તા નિમ્યો. નેકિબખાંને પણ બે હજાર ઘોડેસ્વાર સૈન્યના પદપર નિયુક્ત કર્યો. એનું પૂર્વ નામ એનાયત-ઉલ-રહિમઅલી હતું; તે આજ દીન સુધી તેજ નોકરી પર છે. મ્હારા પિતાએ તેને નેકિબખાંનો ઇલકાબ આપ્યો. ઇતિહાસમાં તે અસાધારણ પંડિત હતો. તેની સ્મરણશક્તિ એટલી બધી તીવ્ર હતી કે બહુ પુરાતન તત્વમાંનું જો કોઇ સૂક્ષ્મ તત્વ પુછતું તોપણ તુરત તેનો તે સંતોષકારક ઉત્તર આપતો. તેણે ઘણા ઇતિહાસોનો અભ્યાસ કર્યો છે. ઇતિહાસ તત્વના જ્ઞાન સંબંધી તે અદ્વિતીય હતો. મ્હારા સમસ્ત સામ્રાજ્યમાં તેની તુલના કરી શકે તેવો કોઇ પણ ઇતિહાસજ્ઞ પંડિત નથી એવું કહ્યા સિવાય મ્હારાથી રહી શકાતું નથી. મ્હારા બાલ્યકાળમાં કેટલોક વખત મ્હેં તેની પાસે વિદ્યાભ્યાસ કર્યો હતો.*

પ્રકરણ ૨૨ મું.

રાજપૂત વિદ્રોહ.

શ્રાવણ માસની સાતમી તારીખે, રાજા માનસિંહના કાકા ભગવાનદાસના પુત્ર રામજી, બેચારામ અને શ્યામ એ ત્રણેને વિશ્વાસઘાતના અપરાધ માટે હાથીના પગ તળે કચડાવી નાંખ્યા. ભગવાનદાસના ત્રણ પુત્રોમાં રામજી સર્વથી ખરાબ તેમજ દ્રોહી મનુષ્ય હતો. રાજા

* નેકિબખાં નામના એક પુરૂષે સંસ્કૃત ભાષામાંથી ફારસી ભાષામાં મહાભારતનું ભાષાંતર કર્યું છે. તેજ કદાચ આ સુપ્રસિદ્ધ ઐતિહાસીક નેકિબખાં હોવો જોઇએ.

માનસિંહના પુત્ર પહાડસિંહને જ્યારે અલાહાબાદ નગરમાં બે હજાર ઘોડે-સ્વારનો સરદાર તેમજ કોટવાલ તરીકે નિમ્યો, ત્યારે રામજી તેને હરેક રીતે કષ્ટ આપવા પ્રયત્નો કરવા લાગ્યો. આ ઉપરાંત તેણે બીજા પણ કેટલાક કનિષ્ઠ કાર્યો કરવાનો ઉદ્યોગ આરંભ્યો, પણ તેમાં તે ફાવી શક્યો નહિ. તેની ટોળીના એક બીજા મનુષ્યે મ્હારી વિરૂદ્ધ હથિયાર ઉપાડવા આરંભ કર્યો. એ વાત મ્હારા જાણવામાં આવવાથી તેને કેદ કરી બંગાળાના સુબા મહમ્મદ અમિન પાસે મોકલી આપ્યો. મહમ્મદ અમિનને કહાવ્યું કે, બંગાલામાં આ મનુષ્ય આવે કે તુરત રાજા માનસિંહને હવાલે કરી દેવો. મહમ્મદે એ મનુષ્ય કે જેનું નામ એલિચારામ હતું તેના હાથ પગ બાંધી તેને એક બળદ ગાડીમાં બેસાડી લઈ જવા માંડ્યો. રસ્તામાં જતાં શેરાકતાલ અને ગાજીપુરની વચ્ચે એક દિવસ મધ્ય રાત્રે જ્યારે સઘળાં મનુષ્યો પૂર્ણ નિદ્રામાં શાંતિ લેતાં હતાં તે વખતે એલિચારામ રાણાની સાથે કેટલીક વાતચિત કરી તેને સમજાવી છોડી મુકવા કરગરવા લાગ્યો. નાસી જતી વખત ગડબડ થતી સાંભળવાથી મહમ્મદ અમિર નિદ્રામાંથી એકાએક જાગી ઉઠયો. તેને પકડવા સારૂ તેણે તેની પૂઠ પકડી, પણ ધારેલી મુરાદ પાર પડી નહિ. એલિચારામ બળદ ગાડીમાં બેસી દોડાવતો દોડાવતો યમુના નદીના તીર આગળ આવી ઉભો રહ્યો. નદીપાર થવાને નૌકા નહિ મળવાથી તેણે નદીમાં ઝંપલાવ્યું, અને તરતો તરતો નદીપાર પહોંચી ગયો. આ જગ્યાએથી કમનસીબે ગામના કેટલાક લોકોએ તેને ઓળખી કાઢયો અને કેદ પકડી મહમ્મદ અમિરને સોંપી દીધો. એ મનુષ્યને માટે હવે શું કરવું તેના ખુલાસા માટે મહમ્મદ અમિને મ્હને પુછાવ્યું. મ્હેં તેને કહાવ્યું કે રાજપૂતોમાં કોઇ પણ સરદાર જો તેનો જામિન થતો હોય તો તેને છોડી દેવો, પણ તેની દુર્દશાનો વિચાર કરી કોઇ પણ તેનો જામીન થવા કબુલ થયું નહિ. એ કારણથી હવે તેને માટે શું કરવું તેનો અમીર-ઉલ-ઉમરા પાસે ખુલાસો મંગાવ્યો. કાંઇ પણ સુજ પડી નહિ. જામીન લીધા વિના છોડી દેવામાં આવે તો જરૂર તે મહા અનર્થ કર્યા વગર રહેજ નહિ. અમીર-ઉલ-ઉમરાએ કહ્યું કેઃ-" તેને કોઇ વિશ્વાસુ માણસની દેખરેખ નીચે બંધીવાન તરીકે મૂકવો, અથવા તો ગ્વાલિયરના કિલ્લામાં તેને

કેદ કરવો.” આવી રીતનો વાર્તાલાપ ચાલે છે તે વખતે સાંભળ્યું કે, “દિલાવરખાં, ખાં ઉપાધિધારી ઇબ્રાહીમ ગગર અને શાહનોબાજ, ખાં ઉપાધિધારી હાસમ મંગુલિ વગેરે લોકો મ્હારા અનુચરો સામે અસ્ત્ર શસ્ત્રથી સજ્જ થઇ મહમ્મદ અમીનના કબજામાંથી એલિચારામનો ઉદ્ધાર કરવા આવે છે.” આ વર્તમાન સાંભળી મ્હેં આત્મરક્ષા માટે ચાર હજાર અશ્વારોહિ સૈન્યને એકદમ તૈયાર થવાનો હુકમ આપ્યો, અને એલિચારામ શત્રુના હાથમાં જાય નહિ તેનો પુરતો બંદોબસ્ત રાખવા મહમ્મદ અમિનને હુકમ મોકલ્યો. એ દરમ્યાન નવાજેસખાંએ એકદમ આવી અમીર–ઉલ્–ઉમરાને કહ્યું કેઃ શત્રુ લોકો એલિચારામનો છુટકારો કરી આપણા હાથમાંથી લઈ ગયા છે. સઘળા એક સ્થળે એકત્રિત થઈ મહમ્મદ અમિનને ઘેરી લેવા વિચાર રાખે છે. અમીર–ઉલ્–ઉમરાએ આ સંવાદ મ્હારા તરફ મોકલ્યા. કેટલીક ક્ષણ પછી વળી બીજી ભયંકર બીના સાંભળી. એ ઉપરથી મ્હેં મૂખ્ય મંત્રીને કહ્યું: “હવે શત્રુદળને આગળ વધવા દેવા ઠીક નથી. તમારા કબજામાં જેટલું સૈન્ય હોય તે બધુંજ લઇને એકદમ ત્વરિત વેગે તમારે જવું.” અમીર–ઉલ્–ઉમરાએ પણ તેજ ક્ષણે સૈન્ય લઇને વિદ્રોહીને સખ્ત શિક્ષા કરવા પ્રયાણ કર્યું. તેજ વખતે શેખ ફરીદે કહ્યું કેઃ “બનવા જોગ છે કે વિદ્રોહી મનુષ્યો રાજપૂતો સાથે મળી જઈ કાંઇ મામલો વધારે ગંભીર બનાવશે. એવી મ્હને ભવિષ્યની ચિંતા થાય છે.” તેથી તેના આધિનમાં જેટલું સૈન્ય હતું તે બધું લઈ અમીર–ઉલ્–ઉમરા સાથે મળી બંડ જેમ બને તેમ જલ્દી સમાવવા મેં તેમને ફરમાવ્યું. શેખ ફરીદના ગયા પછી ઘણીજ ભયંકર બીના સાંભળી તેમજ પ્રત્યક્ષ જોઈ. મ્હેં દરબાર ગૃહના સર્વથી ઉચ્ચ કિલ્લા પર ચઢી જોયું તો જણાયું કે, બન્ને પક્ષ તરફથી ભીષણ સંગ્રામ ચાલી રહ્યું છે. વિશહજાર રાજપૂતોનું સૈન્ય વિદ્રોહીઓને મળી અમીર–ઉલ્–ઉમરા સામું ભયંકર રીતે હુમલો કરી રહ્યું છે. અમીર–ઉલ્–ઉમરા પણ પૂર્ણ દક્ષતા અને કુશળતાથી પોતાનો બચાવ કરી રહ્યો છે. સાહસિક કુતુબખાં અને બીજા ઘણા સમર કુશળ યોદ્ધાઓ પણ રણભૂમિમાં શત્રુની તલવારોના ભોગ થઈ પડ્યા. દિલાવરખાં પોતાના સૈનિકો સહિત કુતુબખાંની મદદે જઈ

પહોંચ્યો, પણ શત્રુઓએ તેને અશ્વપરથી નીચે પાડી તલવારથી તેનો વધ કર્યો અને તેના સર્વ સૈનકોને હરાવી પરાજીત કર્યા. મ્હેં અમીર-ઉલ્-ઉમરાની મદદે બીજા ત્રણ હજાર સૈનિકો મોકલી આપ્યા, તેણે એ મદદથી ઘણા રાજપૂતોનો પરાભવ કર્યો. આ સમયે શેખ ફરીદ પોતાના તાબાનું દશ હજાર ભાલાવાળું સૈન્ય, અને પાંચ હજાર બંદુકધારી સૈન્ય લઇ મંત્રીની સહાયતા માટે સમરક્ષેત્રમાં આવી ઉભો રહ્યો. રાજપૂતો પણ પૂર જોસથી પોતાના બાહુબળનું દર્શન કરાવતા હતા. ઘણો વખત ઘોર સંગ્રામ ચાલ્યા પછી રાજપૂતોનો પરાભવ થયો. યુદ્ધ ચાલતું હતું તે અરસામાં એક રાજપૂત તલવાર લઇ શેખ ફરીદની હત્યા કરવા આવતો હતો, તે જોઈ શેખ ફરીદે તેના એક અનુચર પાસેથી એકદમ એક ભાલો લઇ પૂરવેગમાં આવતા રાજપૂતની છાતીમાં ખૂબ જોરથી ભોંક્યો. ભાલો એટલા જોરથી ભોંકાયો હતો કે તેના બરડા બહાર અંદરના માંસનો લોચો લઇ તે આરપાર નીકળી પડયો. તત્કાળ એ મનુષ્યની માનવ લીલા સમાપ્ત થઇ. રાજપૂતોનો પૂર્ણ પરાભવ થયો અને કેટલાક ધાકના માર્યા શિયાળની પેઠે પુઠ કરી ન્હાસી ગયા. જે ચાર હજાર રાજપૂતો બંધીવાન થયા હતા તે લોકોને હાથીના પગ તળે બાંધી કચડાવી મરાવી નાંખવાનો હુકમ કર્યો. આ ઘટના ઉપર આઉજબેક સેનાપતિ લખે છે કેઃ " બીજા કોઇ પણ સમ્રાટના વખતમાં જો આવા પ્રકારનો પ્રજાવિદ્રોહ થયો હોત તો જરૂર તેણે તેમની જાતિનો સમૂળો નાશ કરાવ્યો હોત." એના ઉત્તરમાં મ્હેં તેને નિવેદન કર્યું કેઃ " મ્હારા પિતાના વખતમાં એજ રાજપૂતોએ મોટી મોટી પદવિઓ ભોગવી છે, તેમજ મહાન કાર્યો પણ તેમનેજ હાથે થયાં છે; તે કારણથી તેઓ તેમને દરબારમાં ઘણુંજ માન આપતા હતા. બીજી કોઈ પણ જાતિ કરતાં-તેઓ રાજપૂતોને હમેશાં વધારે માન આપતા હતા. કેટલાક દુષ્ટ મનુષ્યાના અપરાધને લીધે સમસ્ત જાતિનો સમૂળો નાશ કરવો એને હું ઘણુંજ નિંદિત કાર્ય ગણું છું. જે મનુષ્ય દોષિત છે તેજ દંડને પાત્ર હોવો જોઇએ, અન્ય નહિ.

પ્રકરણ ૨૪ મું.

અમલદારોની ઉન્નતિ.

એ કષ્ટકારક અને દુઃખદાયક વિદ્રોહ સંબંધી અત્રે વિશેષ નહિ લખતાં મ્હારા રાજ્યમાં કેટલા હિતકારી અને વિશ્વાસુ અમલદારોની ઉન્નતિ કરી તેમને પારિતોષિક આપી તેમણે કરેલાં કાર્યોની કદર બુજી તેજ ઘટના લખવી હું યોગ્ય ધારૂં છું. કાબુલનો કાજી અબદુલ્લા કે જે પાંચસો ઘોડેસ્વારોનો સૈન્ય રક્ષક હતો. તેને તે પદ પરથી ચઢાવી પાંચ હજાર સૈન્યનો સૈનિક નિમ્યો, અને અપમાનિત થયેલા ખાજા મહમ્મદના પુત્ર ખાજા જકરીયાને પાંચસો ઘોડેસ્વારોની ટુકડીપર નિમ્યો. પુજ્યપાદ શેખ હુસેન જૈમિએ પોતાની પદોન્નતિ માટે મને એકાંતમાં કહ્યું. મ્હારા વખતમાં શેખ હુસેન જૈમિ નિષ્કલંક તેમજ ચારિત્રવાન પુરૂષ હતો. મ્હારા સિંહાસનારોહણના છ માસ પહેલાં શેખ હુસેને મ્હારા પર એક વિનતિ પત્ર મોકલ્યો. તેમાં લખ્યું હતું કેઃ તેને એક સ્વપ્ન થયું, તેમાં તેના જોવામાં આવ્યું કે, ઇશ્વિરે મ્હને હિન્દુસ્થાનનો સમ્રાટ બનાવ્યો. આ તેની મધુર ભવિષ્ય વાણીના પુરસ્કાર તરીકે તેણે ખાજા જાહેયારના પુત્રની પદોન્નતિ કરવા કહ્યું. તેની એ વિનવણી ઉપરથી મ્હેં ખાજા જાહેયારનો અપરાધ ક્ષમા કરી તેના પુત્રને ઉચ્ચ પદ પર સ્થાપિત કર્યો. કાબુલના તાસખાંબેગને મ્હેં બે હજાર સૈન્યની સરદારી પર નીમી રત્નાલંકાર પાઘડી, તલવાર અને મૂલ્યવાન સાજ સજેલ અશ્વ ભેટ આપ્યાં. મ્હારા પિતાએ તેને તાસખાંની પદવિ આપી હતી. મ્હારા કુટુંબના જુના અમલદારોમાં એ તાસખાં પણ એક હતો. તેણે મ્હારા પિતામહ હુમાયુના હાથ નીચે વ્યૂહ રચનાના સરદાર તરીકે કાર્ય કર્યું હતું અને મ્હારા કાકા મહમ્મદ હાસિમ મિરજાએ તેની અમીર પદ સુધી ઉન્નતિ કરી. આ વખતે તે

વૃદ્ધાવસ્થાએ પહોંચ્યો છે, તેના કેશ સફેત થઈ ગયા છે, ચાલ મંદ પડી છે, શરીરે કરચલીઓ વળી ગઈ છે; આટલું છતાં તેના મધુર અને હસતા વદનમાં કોઈ જાતનું પરિવર્તન દેખાતું નથી. બેહાજા બેગખાં નામના એક બીજા કાબુલીની પણ મ્હેં ઉન્નતિ કરી ઉચ્ચ પદ પર મૂકયો. તેને પંદરસો સ્વારોની સરદારી પરથી વધારી ત્રણ હજાર સૈન્યની સરદારી આપી. એ સેનાપતિ સાહસ તેમજ કાર્ય કુશળતામાં ઘણોજ પ્રખ્યાત છે. મહમ્મદ હાકીમના સર્વ સરદારોમાં એને સર્વથી શ્રેષ્ઠ ગણવામાં આવે છે. તે એક ખરો ધર્મવીર મુસલમાન યુવક હતો. ધર્મમાં તે એટલો ચુસ્ત હતો કે કુરાનમાં લિખિત દરેકે દરેક અનુષ્ઠાન તે કરતો હતો. થોડાજ વખતમાં મ્હેં એકસો કાબુલીની તેમના પદ પરથી અધિક પદ પર ઉન્નતિ કરી. મિરજા અબુલ કાસમ પણ મ્હારા પિતાનો જુનો અને વિશ્વાસુ નોકર હતો. તે ઉપરાંત તે એક શૂરવીર યોદ્ધા હતો. મ્હેં તેને એક હજારીના પદ પરથી વધારી પંદરસો સૈન્યનો સૈનિક બનાવ્યો. તેને ત્રિશ પુત્રો હતા; પરંતુ કોઇએ પણ મનુષ્ય થઇને સત્પુત્રના જેવું આચરણ કરી પિતાને સંતોષ આપ્યો નથી. દુઃખિત હૃદયે લખવું પડે છે કે જેને પુત્રની સંખ્યા વિશેષ હોય છે તે આ સંસારમાં સુખને બદલે દુઃખમાંજ દિવસો નિર્ગમન કરતો જણાય છે! અજમેરના શેખ સલિમના પુત્રને શેખ અલિખાંનો ખેતાબ આપી બે હજાર સૈન્યનો ઉપરી બનાવ્યો. વળી તેના પિતામહની સંવત્સરી ઉજવવા પચાશ હજાર રૂપિયા ભેટ આપ્યા. શેખ સાદી મ્હારાથી એક વર્ષ ન્હાનો છે. તે છેક ન્હાનપણથીજ મ્હારી સાથે ઉછરી મ્હોટો થયો હતો. તે એક ખરો વીર યોદ્ધો હતો, તેમજ તેની સ્વજાતિમાં તે પરમ આદરણીય હતો. શેખ સાદીએ કદાપિ પણ મદ્યપાન કર્યું નથી. એજ કારણથી હું હમેશાં તેની ઉન્નતિના ઉપાયો લેતો, તેની સલાહ પણ લેતો તેમજ તેના પર પૂર્ણ વિશ્વાસ રાખતો. મ્હારા રાજ્યનું શુભ કરવું, અને પ્રજાને સુખી કરવી તે બાબત ઉપર તે ઘણી કાળજી રાખતો. વાસ્તવિક કહેતાં હું તેને મ્હારા એક પુત્ર તરીકે ગણતો અને તેટલાજ સ્નેહથી તેને બોલાવતો. સૈયદ અલિ અશફને સેફખાંનો ખેતાબ આપ્યો. તે મ્હારા પિતાના અમીર

વર્ગમાં શ્રેષ્ઠ સૈયદ મહમ્મદનો પુત્ર હતો. સૈયદ અલિ બૌરીના સૈયદ વંશમાં જન્મ્યો હતો. તેણે પોતાના ગુણ, બુદ્ધિ અને બળથી પોતાના સૈયદ વંશનું નામ ઉજ્વલ કર્યું છે. સૈયદ વંશમાં રહેલા સર્વ ગુણોએ તેનામાં સ્થાન લીધું હતું. આથી તેની વિશેષ પ્રશંસા બીજી શી હોઈ શકે ? તે એક ગુણાન્વિત સૈયદ છે, એટલું કહેવાથી પણ તેની કિંમત વધે છે, એમ હું ધારૂં છું. આત્મપ્રશંસક અને અભિમાની લોકો ઉપર મ્હને તિરસ્કાર છુટે છે. સમસ્ત જીંદગીમાં સેફખાંએ કોઈનું કંઈ પણ નુકસાન કર્યું હોય એવું મ્હારા જાણવામાં કે સાંભળવામાં આવ્યું નથી. જીંદગી પર્યંત તેણે મદ્ય કે કોઈ પણ જાતના માદક પદાર્થોનું સેવન કર્યું નથી. ધીમે ધીમે મ્હેં તેની ઉન્નતિ કરી. મહમ્મદ કુલીખાંના પુત્ર ફરીદુનને એક હજારીના પદ પરથી બે હજાર સ્વારોનો સરદાર નિમ્યો. ફરીદુન (ફરદુન) એક પ્રખ્યાત ગૃહસ્થ વંશમાં જન્મ્યો હતો. તે શૌર્ય, વીર્ય, તેમજ દયા દાનમાં અતિ પ્રસિદ્ધ છે. તે એટલો બધો સાહસિક છે કે એક વખત એક સિંહ સામે લડવા ઉતરી પડયો. ઉનનાં વસ્ત્રોમાં સંતાડેલો એક હાથ સિંહના મુખમાં ઘાલી બીજા હાથમાં પકડેલી તલવાર વડે સિંહને ઘાયલ કર્યો. રાજા ખનપાળ અને બીજા કેટલાક અમલદારો સાથે અણબનાવ હોવાથી તેણે એકલાએજ તેના પર હુમલો કર્યો હતો. લોહી લુહાણ થવા છતાં તેણે કેટલીક વાર સુધી તેને અટકાવી રાખ્યો હતો, ત્યાર પછી ફરીદુનના નોકરોએ આવી તેને સહાયતા આપી હતી.

પ્રકરણ ૨૪ મું.

ન્યાયપરાયણતા.

આ સ્થળે હું એક એવી ઘટનાનો ઉલ્લેખ કરૂં છું કે, તેનાથી મ્હારાં રાજકીય કર્ત્તવ્યો અને કૌટુમ્બિક સ્નેહ–મમતાની વચ્ચે પરસ્પર વૈમનસ્ય હોવાથી મ્હારા હૃદયને અતિશય દુઃખ થાય છે. ખાન–ઈ–આઝમના પુત્ર મિરઝા નુરે એક મનુષ્યનો વધ કરવાથી તેને મ્હારી નજીક

લાવી ઉભો રાખવામાં આવ્યો. મ્હારા પિતાજીનો તેના પર પુત્ર તુલ્ય પ્રેમ હતો, તે તેની ગમે તેવી માગણી પરિપૂર્ણ કરતા. હું પણ તેટલાજ પ્રેમથી તેને ચાહતો હતો, પણ ગુન્હો કરનારને કાયદાનુસાર ન્યાયમંદિરમાં લાવી ઉભો કરવાનો મ્હારો સખ્ત કાયદો હતો. એ કારણસર તેને દરબારમાં મિર-ઇ-ન્યાયાધિશની સન્મુખ લાવી ઉભો કરવાનો હુકમ કર્યો. કેટલોક વખત વિચાર કરી ન્યાયાધિશે કહ્યું કે: "આ બાબતમાં બરોબર તપાસ કરી કાયદા પ્રમાણે જે કરવું યોગ્ય લાગશે તે કરવામાં આવશે." કેટલાક દિવસ તપાસ ચાલ્યા પછી ન્યાયાધિશે કહ્યું કે: "મિરજા નુરે અપરાધ કર્યો છે તે પુરવાર થાય છે. હજરત મહમ્મદના કાયદાનુસાર તેને પ્રાણદંડની શિક્ષા લાગુ પડે છે." મિરજા નુર ઉપર મ્હારો પુષ્કળ પ્રેમ હતો, તેમજ તેના પિતા તરફ હું હંમેશાં માનભરી દ્રષ્ટિથી જોતો હતો, છતાં પણ ઈશ્વરી ફરમાન-કાયદાનું ઉલ્લંઘન કરવાનું સાહસ મ્હારામાં નહિ હોવાથી મ્હારી અનિચ્છા છતાં તેના તરફની મ્હારી મમતાના વેગને રોકી મારાઓને સ્વાધીન કર્યો. આવો ન્હાનો ઉગતો તરૂણ અને તે પણ વળી મ્હારી પ્રીતિનું પાત્ર ! તેનો ઘાત કરાવવાથી મ્હને એક માસ પર્યંત તેનું દુઃખ સાલ્યું, છતાં કર્ત્તવ્ય કર્મ ગમે તેવું કઠોર અને કષ્ટદાયક હોવા છતાં તે બજાવતાં અટકવું નહિ. એ મ્હારો પરમધર્મ હું બરાબર સમજતો હોવાથી મ્હેં એ કાર્ય કર્યું. એથી વિરૂદ્ધ વર્તન કરવાથી, દોષિત ઠરેલા મનુષ્યને દંડ નહિ કરતાં મુક્તિદાન આપવાથી, દરેક મનુષ્ય પોતાના વિરોધીના સામું થઇ તેમની હત્યા કરતાં અટકશે નહિ એ વાતથી હું બરાબર માહિતગાર હતો. જે મનુષ્ય ઉપર સમસ્ત સામ્રાજ્યના સુખ દુઃખનો આધાર છે તે મનુષ્યની ફરજ એવીજ હોવી જોઈએ કે દોષિત ઠરેલા મનુષ્યને યોગ્ય દંડ કરવો. ખાન-ઇ-આજીમ પોતાના પુત્રના વધની વાત સાંભળી મૂર્છિત થઇ પડયો, પણ તેનામાં સારાસારનો વિચાર કરવાની બુદ્ધિ હોવાથી કહ્યું કે: "ઈશ્વરી ફરમાન (કાયદા)નો ભંગ કરનારને યોગ્ય શિક્ષા થવીજ જોઇએ." એ અમીર નેસટાલિક ભાષામાં મહા પંડિત હતો. આખું કુરાન તેને કંઠાગ્રે હતું. નેકિબખાંની પેઠે ઐતિહાસિક તત્વોમાં તે અતુલનીય હતો. ખાન-ઈ-આજીમની પેઠે આસફખાં પણ સમગ્ર

કુરાન મ્હોંડે બોલી જતો. તેની પ્રકૃતિ સુંદર તેમજ ચ્હેરો મધુર હતો. મ્હારા પિતાની રાજસભામાં તેના જેવો ન્યાયપરાયણ અને સદ્દગુણાન્વિત સરદાર એકે નહોતો. હું તેને અંતઃકરણપૂર્વક માન આપતો, અને હંમેશાં "કાકા" શબ્દથી સંબોધતો હતો. ખરેખર! તેના જેવા ન્યાયપ્રવીણ, ધર્માન્વિત, ચરિત્રવાન, અને વિદ્વત્તામાં શ્રેષ્ઠ મનુષ્ય જગતમાં મળવા અતિ વિરલજ છે. આટલું છતાં તેનામાં બે મોટા દોષ હતા. એક કૃપણતા અને બીજું નાસ્તિકપણું. મનુષ્યમાં શ્રેષ્ઠ, આસફખાં જેવા ન્યાયપરાયણ, અને ઉચ્ચ કર્મચારીમાં આવો દોષ હોવો એ એક કલંકરૂપ મ્હને લાગતું. લોભ એ એવી વસ્તુ છે કે તે આ દુનિયાનાં સર્વ સુખો નષ્ટ કરે છે એટલુંજ નહિ પણ પરલોકમાં પણ પુણ્યને અભાવે કષ્ટ સહન કરવું પડે છે. મ્હેં ઉંડો વિચાર કરી જોયું છે કે: "માનવહૃદયમાં ઉદારતા અને દયાના જેવા બીજા ઉત્તમ ગુણ નથી." તેનામાં સૌથી શ્રેષ્ટ અવગુણ અને તેના સર્વ ગુણોને–કર્ત્તવ્યોને ઢાંકી દેનાર કલંકરૂપ વળી એક બીજો અવગુણ સર્વપ્રાધાન્ય હતો. તે એ કે, તે કદાપી પરમેશ્વરની પ્રાર્થના કરતો નહિ. તેને એ સંબંધી જ્યારે જ્યારે પુછવામાં આવતું ત્યારે તેનો પ્રત્યુત્તર તે એવો વાળતો કે: "હજારો ન્હાનાં મ્હોટાં કાર્યોમાં મ્હારૂં જીવન રોકાઈ ગયેલું હોવાથી મ્હને નમાજ પઢવાનો જરા પણ વખત મળતો નથી." એવું કહી તે ઈશ્વરનો મહાન્ અપરાધી બનતો. મ્હારા પિતાના અત્યાગ્રહથી તે તેમની અનુમતિ લઈ, નિષ્ઠા અને પ્રેમપૂર્વક મક્કામાં દેહશુદ્ધિ પ્રાયશ્ચિત માટે ગયો. ત્યાં સર્વ પ્રકારનું ધર્માનુષ્ઠાન કરી પાછો ફર્યો. હિન્દુસ્તાનમાં પુનરાગમન કર્યા પછી પણ તેણે કદાપિ કોઈ ધર્મનું અવલંબન કરીને પ્રાર્થના કે નમાજ પઢી નથી.

મોયેજ–ઉલ્–મુલ્ક પહેલાં પાંચસો સૈન્યનો નાયક હતો; તેને હજાર સૈન્યનો સૈનિક બનાવ્યો. તેનું પૂર્વનામ મોલેજ–ઉદ–હુસેન હતું. મ્હારા પિતાના શાસનકાળમાં તે પોતદાર તરીકે કામ કરતો હતો. મ્હેં તેને તે જગ્યાએ કાયમ કરી તે ઉપરાંત રાજ્ય વાટિકાઓના ઉપરી તરીકે નિમ્યો. તે એક પ્રખ્યાત લેખક તેમજ સરલ અને સત્યાવલંબી મનુષ્ય હતો. અજમેરના શેખ સલિમના એક પૌત્ર શેખ બાયજીદને બે હજારી સરદારથી વધારી

ત્રણ હજારી સરદારી આપી. શેખ બાયજીદની માતા મ્હારી ધાત્રી હતી. પૃથ્વીપર જન્મ ધારણ કરતાંજ મ્હેં તેના સ્તનનું દુધ પાન કર્યું હતું. શેખ બાયજીદ તીક્ષ્ણ બુદ્ધિશાળી અને વિચક્ષણ હતો. જે કાર્યપર તેને મુકવામાં આવતો તેને પરિપૂર્ણ કરવા તે હમેશાં ઉત્સુક રહેતો.

પ્રકરણ ૨૫ મું.

હિન્દુ પંડિત સાથે ધર્મ વિવાદ.

હિંદુ જાતિમાં જેઓ જ્ઞાની અને ધર્મોપદેશક તરીકે પોતાનું જીવન વ્યતીત કરતા હોય છે, તેમને પંડિત નામની સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. મ્હેં એક દિવસ સાંજે મ્હારા મહેલમાં કેટલાક પંડિતોને બોલાવી ધર્મ વિષય પર ચર્ચા ચલાવવા કહ્યું. ઇશ્વર અને મૂર્ત્તિપૂજા સંબંધી વાદવિવાદ ચાલતો હતો. મ્હને શંકા પડવાથી મ્હેં પૂછ્યું કે: "અનાદિ, અનંત અને નિરાકાર પરમેશ્વરમાં કોઇ જાતનું પરિવર્તન થતું નથી તેમજ તેનો ધ્વંસ થઇ શકતો નથી, તેનો આકાર કોઈ પણ રીતે ધ્યાનમાં આવી શકતો નથી, તે નિરાકાર છે એવી દરેકની માન્યતા છે; ત્યારે હિન્દુ લોકો કઈ ભાવનાઓ લઇને તેની મૂર્ત્તિરૂપે પૂજા કરે છે?" વધુ શંકા થવાથી ખુલાસા માટે મ્હેં પૂછ્યું કે: "મૂર્ત્તિ ઘડી તે દ્વારા જો તેનો પ્રકાશ તમે વ્યક્ત કરાવવા માગતા હો ત્યારે તો તમારી એવી પણ કલ્પના હોવી જોઇએ કે તે દરેક વસ્તુમાં વ્યાપક છે. ત્યારે પછી આવી રીતે હજારો જાતની મૂર્ત્તિઓ ઘડી તેના અસ્તિત્વને સાબિત કરવાની શી જરૂર છે? તે પ્રકાશરહિત છે ત્યારે તેને પ્રકાશિત કરી તેની મર્યાદાની હદ બાંધવાથી શું તેની અનંતતાની ભાવનામાં ખામી નથી આવતી? મૂર્ત્તિ બનાવી તે દ્વારા જો ઇશ્વરના ગુણ પ્રકાશ કરવાની ઇચ્છા હોય તો મ્હારે કહેવું પડશે કે કોઇ પણ પાર્થિવ વસ્તુ દ્વારા સૃષ્ટિ કર્ત્તાના ગુણ પૂર્ણપણે જાણી શકાશે નહિ, અને કોઇ પણ પાર્થિવ વસ્તુ સાથે તેની તુલના પણ થઇ શકશે નહિ. મનુષ્ય ઘડિત પદાર્થોને જ્યારે આપ ઇશ્વર ગણી પૂજન

કરો છો અને તેનેજ ઉપાસનાને પાત્ર ગણી તેનામાં વિશ્વાસ મૂકો છો, તે ઉપરથી મ્હને તો એમજ સમજાય છે કે, આપ સર્વ હિંદુ લોક વિષમ ભ્રમ જાળમાં લપેટાયા છો. ખરેખર આપની સર્વેની અવસ્થા બહુ દયાપાત્ર લાગે છે. કારણ અદ્વિતીય, અપાર મહિમાન્વિત અને સર્વશક્તિમાન પરમેશ્વરજ એક સર્વ મનુષ્યનો આરાધ્ય દેવ છે." આ સંવાદ પછી કેટલાક બુદ્ધિમાન અને વિદ્વાન પંડિતોએ પોતાના ધર્મ માટે કહેવાતી આવી દુર્બળતા અને અસંપૂર્ણતાનો અસ્વિકાર કર્યો. તેમને પોતાની માન્યતા ખરી છે તે સાબિત કરી આપવાનું કહેતાં તેમણે ઉત્તર દીધો કેઃ "મનને સ્થિર અને કાબુમાં રાખવાને સર્વશક્તિમાન નિરાકાર પરમેશ્વરના અનંત સ્વરૂપનું ધ્યાન ધરવું તે કદાપિ એકદમ બની શકતું નથી. તેથીજ મૂર્ત્તિપૂજાની પ્રતિષ્ઠા કરી છે અને તે દ્વારા તેઓ ઇશ્વરનું પૂજન અર્ચન કરે છે. હૃદયમાં ઇશ્વર પ્રતિની ભક્તિને સ્થાપવામાં એની પ્રથમ ખાસ જરૂર છે. મહારાજ! કોઈ પણ સાકાર વસ્તુને પ્રેમથી ચાહ્યા વિના, નિરાકાર કે જે આપણા મન, બુદ્ધિ કે વાણીમાં આવી શકતો નથી તેના પર પ્રેમ કેવી રીતે થઈ શકે?"

મ્હારા પિતા અકબરને આવા પંડિતો સાથે વાદવિવાદ કરવો ઘણુંજ પ્રિય હતું, તે હમેશાં સર્વ જાતિ અને સર્વ ધર્મવાળા મનુષ્યો સાથે વખત વ્યતીત કરતા હતા, એનું પરિણામ એ આવ્યું કે, મ્હારા પિતા સર્વ શાસ્ત્રના ઉદ્દેશોનું રહસ્ય સમજતા હતા અને ગદ્ય પદ્ય રચવામાં તેમણે સંપૂર્ણ યોગ્યતા મેળવી હતી. એમ થવાથી એક મહાન વિખ્યાત પંડિત બાદશાહ તરીકે જગતમાં તેમની નામના અમર થઇ.

પ્રકરણ ૨૬ મું.

અકબરની કથા.

મ્હારા પિતાની સ્મૃતિ ચિરસ્મરણીય રાખવાને માટે આ સ્થળે હું તેમની આકૃતિનું વર્ણન કરૂં છું. તેઓ શરીરે ઉંચા અને ગૌરવર્ણી હતા. તેમનાં ચક્ષુ અને ભ્રમરનો રંગ કૃષ્ણ વર્ણનો હતો. બન્ને ભ્રમરો

એક બીજા સાથે જોડાઇ ગઈ હતી. દેખાવમાં એક સુંદર પુરૂષ તરીકે લાગતા, તેમની શારીરિક શક્તિ અતુલ હતી. તેમના બન્ને બાહુ લાંબા હતા અને શરીરમાં એક સિંહ જેટલું બળ જણાતું. તેમની નાસિકા પર એક તલ હતો. જ્યોતિષીઓએ કહ્યું હતું કે, એ તેમના અસાધારણ સુખ અને સૌભાગ્યનું એક ચિહ્ન હતું. ખરી રીતે જોતાં જેણે ૨૫ વર્ષ સુધી વિશાલ હિંદુસ્થાનનું એક છેડાથી બીજા છેડા સુધી (જેની મુસાફરી કરતાં બે વર્ષ વ્યતીત થાય તે સ્થળે) શત્રુ વગરના થઈ એકછત્રી સામ્રાજ્યપણું ભોગવ્યું, એવા પુરૂષમાં ઐશ્વર્ય અધિક હોય તેમાં શી નવાઇ? તેના રાજ્ય ભંડારમાં અઢળક ધન હતું. એક દિવસ તેમણે પોતાના રાજ્યકોષમાંનું ફક્ત સોનું જોખવા હજીમખાંને બોલાવ્યો. એ અધિકારી પ્રથમ આગ્રા શહેરમાં રાજકોષનું સુવર્ણ તોલવાની પદવિ પર હતો. મ્હારા પિતાને સોનું તોલાવી તેનું વજન જાણવાની ઇચ્છા થવાથી શહેરના જુદા જુદા શરાફોની દુકાનેથી સુવર્ણ તોલનારને તેમના કાંટા સહિત બોલાવ્યા. તે સર્વે કાંટાવાળાઓએ પાંચ માસ–રાત અને દિવસ–સુવર્ણનું વજન કરવામાં ગાળ્યા. પાંચ માસ પછી સર્વ સુવર્ણ તોલાઈ રહ્યું હશે એમ જાણી તેના પરિણામથી જાણીતા થવાને પિતાએ પોતાના માણસોને મોકલ્યાં. જવાબમાં તેઓએ એવો સંદેશો કહાવ્યો કેઃ એક હજાર માણસ ચારસો કાંટાવાળાની મદદથી રાત્રિ અને દિવસ પાંચ માસ થયા વજન કર્યે જાય છે તથાપિ રાજ્ય ભંડારના સુવર્ણનું વજન પુરૂં થઇ શકયું નથી. એ સાંભળી પિતાએ સુવર્ણ તથા સુવર્ણમય અલંકારોને પોતાના યથાસ્થાને યોગ્ય બંદોબસ્ત નીચે મુકી દેવા હુકમ ફરમાવ્યો, અને તેને તેના કાર્યમાંથી મુક્ત કર્યો. આટલું સુવર્ણ તો ફક્ત રાજકોષમાંજ હતું. પિતાની હાથીશાળા પણ વિશાળ હતી. પૃથ્વીના કોઇ પણ સમ્રાટ્ પાસે આટલા હાથી હતા નહિ તેમ હવે પછી આવશે કે કેમ? તેની પણ શંકાજ છે. તેમની હાથીશાળામાં બારહજાર મોટા હાથી તથા વિશ હજાર હાથણીઓ હતી. એ બધાંનાં આહારાદિક ખર્ચ માટે દરરોજ ચાર લાખ રૂપિયા ખર્ચવામાં આવતા હતા. એ સિવાય શિકારને માટે બીજાં હજારો જાતનાં જાનવરો રહેતાં. પિતાજીને શિકાર કરવાનો બહુજ શોખ

હતો. તેમની સંગ્રહશાળામાં બાર હજાર મૃગ, બાર હજાર નીલગાય, જંગલી ઘેટાં, ગેંડા, જળઘોડા, ઉંટ જેવાં પક્ષી ઇત્યાદિક દરેક જાતનાં વિચિત્ર જાનવરો હતાં.

મ્હેં યુદ્ધને માટે અને આનંદ વિહાર માટે કેટલાક હાથી રાખી બીજા છોડી મુકયા હતા. પૃથ્વીવિજયી અજેય તૈમુરની સ્વારી પછી છ પુરૂષો દિલ્હીના તખ્ત પર બેઠા. મ્હારા પિતા તેના આઠમા ઉત્તરાધિકારી હતા. એ સર્વમાં મ્હારા પિતાએ જેટલી સંપત્તિ અને સુખ ભોગવ્યું છે તેના દશમા ભાગ જેટલું પણ ભાગ્યેજ કોઇ સમ્રાટે ભોગવ્યું હશે. તેમના પૂર્વે થઇ ગયેલા બાદશાહોને સર્વ વિષયમાં પરાજય કરવાની તેમની ઇચ્છા હતી. તેમનું રાજ્ય ચિરસ્થાયી થાય તેવી તેમને બહુજ ઇચ્છા હતી. પૃથ્વીના કોઇ પણ મનુષ્ય સાથે તેમના માનસિક સદ્દગુણો અને ઉચ્ચ કલ્પનાની તુલના થઈ શકે તેમ નથી.

પ્રકરણ ૨૭ મું.

અકબરશાહનો પરિવાર.

મ્હારા પિતાની વીશ વર્ષની વય થઈ તે સમયે તેમને એક પ્રથમ સંતાન થયું. તેનું નામ ફાતમાબાનુ બેગમ રાખ્યું. એ બાળક કન્યા એક વર્ષની થઈ મરણ પામી, તેની માતાનું નામ બીબી પાંગરાઇ હતું. બીબી આરામ બકરમના ગર્ભથી બે પુત્રનો જન્મ થયો હતો. એકનું નામ હુસેન અને બીજાનું નામ હસન રાખ્યું. આસફખાંની માતા બિરિજા બેગમને હુસેનના લાલનપાલન માટે મુકયો, પણ તે અરાડ દિવસ રહી મરણ પામ્યો, હસનને ઉછેરવાનું કામ જેનખાં કોકાને સોંપ્યું; પરંતુ તે દશમે દિવસે મરણ પામ્યો. ત્યારબાદ બીબી સલીમાના ગર્ભથી એક કન્યાનો જન્મ થયો. એના રક્ષણનો ભાર મ્હારા પિતાની માતા મરિયમ મકૌની પર નાંખવામાં આવ્યો. તેનું નામ શાહજાદા ખાનમ એવું પાડયું.

મ્હારી બધી બ્હેનોમાં એજ બહેન એક એવી હતી કે જે નિરંતર મ્હારા શુભમાં પોતાનું સુખ જોતી. મ્હારી એ બહેનની બરાબરી કરી શકે તેવી કોઇ બહેન નથી, પણ તે હમેશાં પોતાનો કાળ ઇશ્વિર આરાધનમાં વ્યતીત કરતી હતી. ત્યારબાદ બીબી ક્ષીરાના ગર્ભથી એક પુત્રનો જન્મ થયો, તેનું નામ પહાડી રાખ્યું. ઉમ્મરમાં આવતાં પિતાએ તેને દક્ષિણમાં મોકલ્યો. ત્યાં તેણે ગડગાઇલિ, પર્ણાલા વગેરે સર્વ દુર્ગ જીતી લીધા, અને નર્મદા નદીના દક્ષિણ ભાગના પ્રદેશમાં નિવાસ કર્યો. એ રાજકુમારે ત્રિશ વર્ષની વયે ખાકુનપૂર નગરમાં પ્રાણ વિસર્જન કર્યો. પિતાએ તેનું નામ સુલતાન મુરાદ રાખ્યું હતું; પણ તેનો જન્મ ફત્તેહપુરમાં આવેલા એક પહાડ પર થવાથી સર્વ તેને પહાડી કહીને બોલાવતા હતા. સુલતાન મુરાદનો રંગ ઘઉંવર્ણો હતો. તે નમ્ર, આત્મશ્રદ્ધાવાન, સાહસિક તેમજ સર્વ કાર્યમાં બુદ્ધિશાળી હતો. પિતાએ તેને ઇમારત બાંધવાના ઉપરી અમલદાર તરીકે નિમ્યો. પહાડીના જન્મ પછી મિહાર સેમ્માના ગર્ભથી એક કન્યા થઈ. પિતાએ એનું નામ મીઠી બેગમ રાખ્યું. એ કન્યા આઠ માસ રહી પરલોક પહોંચી ગઈ. ત્યારબાદ બીબી મરિયમના ગર્ભથી એક પુત્રનો જન્મ થયો; તેનું લાલનપાલન કરવા રાજા ભારમલ પાસે તેને મોકલી આપ્યો.

સુલતાન મુરાદના મૃત્યુ પછી મ્હારા બંધુ શાહજાદા દાનિયલને દક્ષિણ સર કરવા ચઢાઈ લઇ મોકલ્યો. બુરહાનપુરમાં દાનિયલનો પિતા સાથે મેળાપ થયો. એ જગ્યાએથીજ ખાંખાંન અને અન્ય ઉચ્ચ પદવિવાળા અમીરોએ પિતાની અનુમતિ લઇ મ્હોટા સૈન્ય સાથે દક્ષિણ તરફ કુચ કરી. દાનિયલે અહમદનગરનો કિલ્લો સર કર્યો. પિતા ફરીથી બુરહાનપુર પાછા ફર્યા અને દાનિયલને દક્ષિણનો શાસનકર્તા નિમી પોતે આગ્રા તરફ પાછા ફર્યા. ત્રિશ વર્ષની ભર યુવાવસ્થામાં દાનિયલ, મદ્યપાનના અતિશય શૉખને લીધે મરણ પામ્યો. દાનિયલને શિકાર કરવાનો બહુજ શૉખ હતો, અને બંદુકથી નિશાન તાકવામાં પણ તે પ્રવીણ હતો. ઉડતા પંખીને મારવા માટે તેમની પાસે એક બંદુક હતી. એનું નામ જેમ્મૌજા (કૉફિન) એવું પાડયું હતું. એ બંદુક તેને એટલી બધી પ્રિય હતી કે તેના ઉપર તેણે એક

સુંદર કવિતા રચી કોતરાવી હતી. તેનો ભાવાર્થ એવો હતો કે "હે મૃગની સહચરિ! તું જેની તરફ તારી દ્રષ્ટિ નાંખે છે તેને તું અનંતકાળની નિદ્રામાં સદાને માટે પોંઢાડે છે. ત્હારા એ દૈવી ગુણોને જોઇ હું ખુશ ખુશ થઈ જાઉં છું." દાનિયલના વધતા જતા મદ્યપાનના નિવારણ માટે ખાંખાનને એવી રીતનો હુકમ ફરમાવ્યો હતો કે, કોઈ પણ માણસ દાનિયલ માટે દારૂ લાવશે, અથવા કોઇ વેચાતો ખરીદવા જશે, અથવા તો કોઇ દુકાનદાર આપશે તેને પ્રાણદંડની શિક્ષા કરવામાં આવશે. એ વખતથી થોડોક વખત સુધી દાનિયલના કોઇ પણ નોકર કે મિત્ર તેને મદ્ય લાવી આપતા અટકી પડયા. ત્રણ ચાર દિવસ મદ્ય નહિ મળવાથી દાનિયલનો જીવ આકુળ વ્યાકુળ થવા લાગ્યો. કોઇ પણ ઉપાય નહિ જડવાથી દાનિયલ અશ્રુપૂર્ણ નેત્રે, મુર્શિદકુલીખાં જેવા એક સામાન્ય મનુષ્યને કાલાવાલા કરવા લાગ્યો. તેણે મુર્શિદકુલીખાંને કહ્યું કે: "જો મ્હને થોડોક મદ્ય લાવી આપશો તો આપ કહેશો તે વસ્તુ હું આપને આપીશ." દાનિયલની એ કરૂણાજનક વાણીથી મુર્શિદકુલીખાંએ કહ્યું કે: "તમને દારૂ લાવી આપતાં કદાચ હું પકડાઈ જાઉં તો મ્હારો શિરચ્છેદ કરવામાં આવશે તો પછી શું કરવું?" દાનિયલે કહ્યુઃ "મ્હારા પ્રિયબંધુ! મ્હારી પાસે જે મ્હારી પંખી મારવાની બંદુક છે તેની નળીમાં ભરાય તેટલો મદ્ય લઈ આવ. એથી તારૂં કામ પણ થશે અને તને દરવાજા પર કોઈ રોકશે પણ નહિ." તેની એવી દુર્દશા જોઈ મુર્શિદકુલીખાંને દયા આવી અને તેના કહ્યા પ્રમાણે બંદુકની નળીમાં મદ્ય ભરી લાવી આપ્યું. દાનિયલે એ બંદુકનું અમંગલ સૂચક નામ (કૉફિન) રાખ્યું હતું. વિધાતાની ઇચ્છાથી તે (બંદુક) જ તેના મૃત્યુનું કારણ થઇ. બંદુકની નળીમાંથી દારૂ પિતાંજ તેનું મરણ નિપજ્યું. એમ થવાનું કારણ એ હતું કે તે નળીમાં હમેશાં દારૂ ગોળી ભરી ફોડવામાં આવતી હતી. તેને સાફ કર્યા વિના તેમાં મદ્ય ભર્યો તેજ કારણસર તેનું મોત નિપજ્યું. મદ્યપાન પ્રમાણેજ દાનિયલને હાથી પાળવાનો પણ બહુજ શૉખ હતો. તેના જીવનની પ્રધાન આશા, પુષ્કળ દારૂ પીવો અને હજારો લાખો હાથી પાળવા એજ હતી. કોઈ કોઇ વખતે તો તે જ્યારે પોતાના

અમીર ઉમરાવોમાંના કોઈને ત્યાં મોટો મદોન્મત્ત હાથી જોતો તો તુરત તે લઈ આવતો. ઘણી વખત તો આનંદમાં તેનું મૂલ્ય આપવું પણ વિસરી જતો. જો કોઈનો પણ ઉત્કૃષ્ટ હાથી જોવામાં આવતો તો તેને તે તુરતજ પોતાના અધિકારમાં લઈ લેતો. દાનિયલને હિન્દી સંગીત પર ઘણોજ પ્રેમ હતો. તેમજ તે પોતે પણ હિંદીમાં ઘણી સરસ કવિતા રચી શકતો હતો.

નાન બીબીના ગર્ભે એક કન્યાનો જન્મ થયો. તેનું નામ મ્હારા પિતાએ લાલ બેગમ રાખ્યું હતું. એના રક્ષણનો ભાર તેની માતાને અર્પણ કર્યો. ત્યાર પછી બીબી દૌલતસારના ગર્ભથી એક કન્યા થઇ, તેનું નામ આરામ બેગમ રાખ્યું. પિતા એને બહુજ પ્રેમથી બોલાવતા હતા. તેના રક્ષણનો ભાર પિતાજીએ મ્હારા પર મૂક્યો. પોતાના અવસાન સમયે પણ મ્હને બોલાવી એ છોકરીનું બરાબર લાલન પાલન કરવા મ્હને સમજુત આપી અને તેના પર હમેશાં મીઠી દ્રષ્ટિએ જોવા કહ્યું. તેમને પૂર્ણ ખાત્રી થઈ હતી કે જરૂર હું તેમની આજ્ઞાનું પાલન કરીશ.

પ્રકરણ ૨૮ મું.

અકબરના ચરિત્રમાં વિશેષત્વ.

મ્હારા પિતા તરૂણ હતા ત્યારે ક્ષુધા લાગતાં નોકરોની ગેરહાજરીમાં પોતે જાતે ઉત્તમ સ્વાદિષ્ટ ખોરાકો બનાવતા હતા. તેઓને નાના પ્રકારના સ્વાદિષ્ટ આહાર ભાવતા. તીવ્ર ભૂખ લાગવી એ ઇશ્વરનો આશિર્વાદ સમજતા. મ્હારા પિતા પાસે પુષ્કળ સૈન્ય હતું, અગાધ ઐશ્વર્ય હતું. ભારતવર્ષ જેવા એક મહાન સામ્રાજ્યના અધીશ્વર હતા તથાપિ મહાન જગદીશ્વરની પૂજા કરવાનું તેઓ કદાપિ ભૂલતા નહિ. તેઓ હમેશાં કહેતા કે: "સર્વ સ્થળે, સર્વ પ્રકારનાં મનુષ્યોમાં, મ્હોટાં મ્હોટાં મંડળો અને દેશોમાં રહેવા છતાં તમારા ચક્ષુ અને હૃદયને હમેશાં તમારા પવિત્ર ઇશ્વર તરફજ રાખો. તેમના ચરિત્રમાં વિશેષત્વ એ હતું કે, તેઓ

સઘળા ધર્માચારી તરફ પ્રીતિભાવથી જોતા અને સર્વ જાતિ અને સર્વ ધર્મોને માન આપતા હતા. દરેક સાથે મિલનસારપણું રાખતા, કેટલીક રાતોની રાતો, તેમણે અનેક સાધુ સમાગમમાં રહી જ્ઞાન અને ચર્ચામાં ગાળી હતી. તેઓ એક પ્રહરથી વધારે નિદ્રા લેતા નહિ. તેઓ ઘણાજ સાહસિક હતા. ઘણી વખત એક હાથીની પીઠ પર બેસી, સામેથી આવતા બીજા ગમે તેવા મદોન્મત્ત હાથીની પીઠ પર કુદી પડતા. એમાંના કેટલાક હાથીઓએ તો હજારો મહાવતોને કચડી નાંખ્યા હતા. આવા વર્તનથી હજારો સુદક્ષ મહાવતો પણ આશ્ચર્ય પામતા. ઘણી વખત કોઈ વૃક્ષ પર ચઢી તેની શાખાએ ટીંગાઇ નીચેથી દોડતા હાથીની પીઠ પર કુદી સ્વાર થતા. તેમનામાં કોઈક એવી શક્તિ હતી કે ગમે તેવા ગાંડાતુર થયેલા હાથી પર તેઓ સ્વાર થતા કે તુરતજ હાથી શાન્ત થઈ જતો. પિતાની દૈનિક શક્તિ અસાધારણ હતી. તેમણે સાડા ત્રણ મણ વજનની એક લોઢાની સાંકળ તૈયાર કરાવી હતી. દરરોજ પ્રાતઃકાળમાં ઉઠી તેઓ એ સાંકળ લઇને વ્યાયામ કરતા હતા.

પ્રકરણ ૨૯ મું.

હેમુ સાથે યુદ્ધ.

નીચે લખેલી ઘટનાથી મ્હારા પિતાની યુદ્ધ કૌશલ્યતા, તેમનું ધૈર્ય તથા યુદ્ધ વિદ્યામાં તેમના અપૂર્વ જ્ઞાનનો યથાર્થ પરિચય થાય છે.

પહેલો બનાવ—મ્હારા પિતામહ હુમાયુના મરણ પછી મ્હારા પિતા હિંદુસ્તાનના સિંહાસનપર તખ્તનશિન થયા. તેમનું વય તે વખતે માત્ર ચૌદ વર્ષનું હતું. આવો સમય અને આટલી વયનો લાભ લઇ હેમુ નામનો એક સરદાર પિતા વિરૂદ્ધ હથિયાર ઉઠાવવા તત્પર થયો. હેમુ અફગાનનો રાજા હતો. અફગાન જાતિનો તેનાપર પૂર્ણ પ્રેમ હતો. ભારતવર્ષમાં બે હિંદુ-રાજાનો રણમાં પરાભવ કરી તે હર્ષ અને મદમાં ફુલાઇ ગયો હતો. એ

યુદ્ધમાં હિંદુઓએ પણ પોતાની વીરતાનું સારૂં ભાન કરાવ્યું હતું. પિતા વિરૂદ્ધ જ્યારે તે લઢાઇમાં સામો આવ્યો ત્યારે તેની પાસે એક લક્ષ ઘોડે-સ્વાર સૈન્ય, પચાશહજાર બંદુકથી સજ્જ કરેલાં ઉંટો અને ત્રણહજાર લઢા-યક હાથીઓ હતા. તેણે પિતાને કહાવ્યું કેઃ "બાળકબુદ્ધિ વાપરી, સમ્રાટ-પણાના મદમાં ફુલાઇ મ્હારા જેવા બળવાનના સામું થશો તો કાંઈ લાભ થવાનો નથી, પણ ઉલટી તમારા પ્રત્યેની થોડીક દયા પણ તમે ખોશો. વળી મ્હારા અગણિત પરાક્રમી સૈન્ય અને હાથીની સામા થશો નહિ. તમને તેમ કરવાથી અતિશય નુકશાન થશે. મ્હારા સામું થવાથી તમારા પર તમે વધારે ભયંકર દુઃખો વ્હોરી લેશો. જો માનશો તો બંગાળાની સીમથી લઇને યમુનાના પૂર્વ કિનારાનો સઘળો પ્રદેશ તમને સોંપી હું સમસ્ત હિંદુ-સ્તાનનો અધિકારી થઈશ." એના ઉત્તરમાં પિતાએ કહેવડાવ્યું કેઃ "એક બે ક્ષુદ્ર રાજાઓનો પરાભવ કરી આટલો બધો ગર્વાંધ શા કારણથી બને છે? એક નિર્બળ નોકરને બેડી પહેરાવી શા કારણથી ફુલાઇ જાય છે? મ્હારા સૈનિકોના બાહુબળથી હજી તું અજ્ઞાનજ છે. જો તે તું જાણતો હોત તો તારી જાતેજ પગપર કુવાડો મારવાના ઉપાય લેવા તું કદી પણ આવત નહિ. વીર સાથે સંગ્રામમાં યુદ્ધ કરવું કેટલું ભીષણ કામ છે તે હજી તારી બુદ્ધિ બહારનું કર્ત્તવ્ય છે. ખરા યુદ્ધમાં જે સંહાર થાય છે તેની તને જરાયે કલ્પના નથી, પણ જ્યારે તું મ્હને મ્હારા સૈન્ય સામંત સાથે રણ-ક્ષેત્રમાં તારી સમક્ષ આવી ઉભેલો જોશે ત્યારેજ તને ખબર પડશે કે ઇશ્વિરની કૃપા કોના ઉપર વિશેષ છે.

પિતાનો એવો વીરતા ભર્યો ઉત્તર સાંભળી હેમુએ પોતાના સેનાપતિને સર્વ સૈન્ય તૈયાર રાખવા કહ્યું. એક હજાર હાથીના સૈન્યને આગળ કરી, બે હજાર હાથીનું લશ્કર પાછળ ગોઠવી, હેમુ અશ્વપર સ્વાર થઇ અગ્ર ભાગે આવી ઉભો રહ્યો. પિતાજીએ પણ રણવાદ્યકારોને હાથી પર બેસી વાદ્યો વગાડવા હુકમ કર્યો. સર્વથી અગ્ર ભાગે પાંચ હજાર ભાલાથી સજ્જ થયેલા ઘોડેસ્વારોને ગોઠવ્યા. એક હજાર હાથીના સૈન્યને ગોઠવી પિતા અશ્વારોહણ કરી રણભૂમિ પર આવી ઉભા રહ્યા. એ ઉપરાંત પિતા પાસે પચાશ હજાર

ઘોડેશ્વારો તેમજ આઠ હજાર ઉંટ પર બેસી લડનાર લડવૈયા હતા. તીર, ધનુષ્ય તેમજ બંદુકો દ્વારા લઢાઇ કરનારા પણ અગણિત સૈનિકો હતા. લઢાઇ શરૂ થઇ. બન્ને દળના હાથીના મહાવતો પોતપોતાના હાથી સામસામા પક્ષમાં દોડાવી હજારોના પ્રાણનો વધ કરાવતા હતા. થોડીજ વારમાં વિજય દેવીએ પિતાના કંઠમાં વરમાળા આરોપી. એક તીર એકાએક હતભાગી હેમુની આંખમાં વાગવાથી તે તંમર ખાઈ ધરણી પર ઢળી પડયો. હેમુના પડવાના સમાચાર શત્રુ દળમાં વિજળીને વેગે ફરી વળ્યા. લશ્કરમાં ભંગાણ પડયું. એથી થોડાજ વખતમાં શત્રુઓના સઘળા હાથી, પુષ્કળ દોલત તેમજ હજારો બીજી લઢાયક સામગ્રી હાથ લાગી. જે સ્થાને હેમુનું સિંહાસન પડયું હતું તે સ્થાને શાહકુલીખાં મહમ્મદ ગયો અને તેને એક હાથીની પીઠ પર નંખાવી પિતા પાસે લઇ આવ્યો. એ સિંહાસન બનાવવા પાછળ ચોવિશ લાખ રૂપિયાનું સોનું તેમજ કેટલાક મણિમુક્તા જડી પુષ્કળ ખર્ચ કર્યું હતું. હેમુના મસ્તકે હીરા, ચુની અને પન્નાજડિત ચાર કરોડ ચોવિશ લાખ રૂપિયાનો એક મુકુટ હતો. એ મુકુટ સાથે હેમુને લોહીથી તરબોળ થયેલો પિતા પાસે લાવી મુકવામાં આવ્યો. રાજ્યાસન પર બેઠા પછીનું પિતાનું આ પહેલુંજ યુદ્ધ હતું અને તેમાં જય લાભ થવાથી પિતા તેને પોતાના શુભ ચિહ્ન તરીકે માનતા હતા. આનંદથી પ્રફુલ્લ થઈ પિતાએ શાહકુલીનખાંને એક વિજયમાળ તથા એક વિજયપતાકા આપી પાંચ હજાર સ્વારોના સૈન્યની સરદારીપર નિયુક્ત કર્યો. આ યુદ્ધમાં એકહજાર હાથી, સાઠ હજાર ઉંટ અને કરોડો રૂપિયાની બીજી વસ્તુઓ મળી. યુદ્ધ પછી પિતાના મંત્રી બહેરામખાંએ જય ચિહ્ન તરીકે હેમુના મૃત દેહ ઉપર એકવાર ફરીથી પ્રહાર કરવાની વિનતિ કરી. પ્રત્યુત્તરમાં પિતાએ કહ્યું કેઃ "કેટલાક વર્ષ પહેલાં હું એક દિવસ મ્હારા પિતાના વાચનગૃહમાં ભિન્ન ભિન્ન જાતનાં ચિત્રોનું દર્શન કરતો ઉભો હતો, તેટલામાં આબ્દાસામાદનું ચિતરેલું હેમુનું એક ઉત્તમ, મનોહર ચિત્ર ત્યાંના નોકરે મ્હારા હાથમાં મૂક્યું. હું કાંઇક રોષમાં અને જરા ગુસ્સામાં હતો તેથી આ ચિત્રના ટુકડે ટુકડા કરી ફેંકી દીધું. તે વખતે મ્હેં મનમાં વિચાર કર્યો કેઃ મ્હેં હેમુ પર

જીત મેળવી છે. તેને તેના કર્મનો યોગ્ય બદલો મળ્યો છે. તેથી હવે હુ તેને વધુ અપમાનિત ,કરવા ઇચ્છતો નથી." યુદ્ધમાં મરણ પામેલાન સંખ્યાની જ્યારે ગણત્રી કરવામાં આવી ત્યારે માલુમ પડયું કે હેમુના પક્ષ તરફના ચોવિશ હજાર મનુષ્યોનો નાશ થયો છે. એ ઉપરાંત હજારે સિપાહીઓ યુદ્ધ ક્ષેત્રમાંથી પલાયન કરી ગયા છે, અને હજારો સિપાહીઓએ ઘાયલ થઇ પાછળથી પ્રાણત્યાગ કર્યા છે.*

પ્રકરણ ૩૦ મું.

અકબરનું રણકૌશલ્ય.

ઘટના બીજી. પિતા જ્યારે ફત્તેહપુરમાં હતા ત્યારે તેમણે સાંભળ્યું કે ગુજરાતની પ્રજાએ ઇબ્રાહિમ અને મિરજા-શાહ-મિરજાની મદદથી ગુજરાતની રાજધાની અમદાવાદ ઉપર હુમલો કર્યો છે. એ શહેર પુષ્કળ લશ્કર સહિત ખાન-ઇ-આજમ નામના બહાદુર માણસને રક્ષણ માટે સોંપ્યું હતું. ખાન-ઇ-આજમ મ્હારા પિતા અકબરના સાવકા ભાઇ થાય છે. હુમલાની વાત સાંભળી ભવિષ્યમાં શું કરવું તેનું નિરાકરણ કરવા પિતાએ પોતાના કેટલાક વિશ્વાસુ સરદારોને સલાહ માટે બોલાવ્યા. સલાહના દરબારમાં ખાન-ઇ-આજિમની માતા, તેમજ મ્હારા પિતાની ધાત્રી-આયા

* અબુલફજલના અભિપ્રાય પ્રમાણે એ લઢાઈ પછી એક વર્ષે પાણીપતન મેદાનમાં ઘોર યુદ્ધ થયું. તે લખે છે કે: હેમુની એક આંખ ફકત આગળન લઢાઇમાં તીરથી ફુટી ગઇ હતી, અને તેને જીવતો અકબરની સામું લાવવામ આવ્યો હતો. હેમુએ કંઈ પણ બોલવાની દૃઢતાથી ના કહી તેથી સર્વેએ તેને વધ કરવા નવીન બાદશાહને ઉશ્કેર્યો. પણ અકબરે હથીઆર વગરના શત્રુનો વધ કરી પોતાની તલવાર કલંકિત કરવા ના પાડવાથી બેરામખાંએ તેનો વધ કર્યો અબુલફજલ લખે છે કે: આ પ્રકારે બુદ્ધિમાન અને શૂરવીર પુરૂષની હત્યા કરવ એ ઘણુંજ નીચ કાર્ય છે. કદાપી એને નિ:સંદેહે રાજ્ય કાર્યમાં જોડયો હોત તે રાજયનું ઘણું કલ્યાણ થાત, અને રાજ્યનાં ઘણાં કાર્યો પરિપૂર્ણ થાત.

બીબી બેગમ પણ હાજર હતાં. સલાહ મસલતની સભામાં નક્કી કર્યા પ્રમાણે પિતા સૈન્ય લઇને બળવાખોરોનું દમન કરવાને ચઢાઇ કરવા તૈયાર થયા. ફત્તેહપુર થઇને ગુજરાતમાં જતાં બે માસ લાગે છે. એકદમ સઘળી તૈયારી કરી પોતે પણ એક અશ્વ પર સુસજ્જિત થઈ પ્રયાણ માટે તૈયારી કરી. રાત્રિ અને દિવસ વિસામો લીધા વિના કુચ ચાલુ રાખી. આમ કરવાથી તેઓ બે માસનો માર્ગ ચૌદ દિવસમાં વટાવી અકટોબર માસમાં શત્રુ સમીપ આવી ઉભા રહ્યા. ત્યાં પહોંચ્યા ત્યારે રાત્રિ થઇ ગઈ હતી. સેનાપતિનો વિચાર તે રાત્રિએજ એકદમ છાપો મારવાનો હતો; પણ પિતાએ કહ્યું: "બીરૂ અને કાયર લોકોજ રાત્રિના વખતે અસ્વસ્થ શત્રુ પર આક્રમણ કરે છે." બીજે દિવસે પ્રાતઃકાળ થતાં પિતાએ રણવાદ્યો વગડાવવા પોતાના સેનાધ્યક્ષોને હુકમ કર્યો. વાદ્યના પ્રચંડ ધ્વનિથી શત્રુનું સૈન્ય એકદમ આશ્ચર્ય ચકિત થઈ ગયું. એ કોનું સૈન્ય છે તેની તપાસ કરવા એકદમ માણસો દોડયાં. શત્રુ સૈન્યના સરદાર મિરજા હુસેને ચારે દિશામાં દૂત મોકલી ખબર મંગાવી હતી કે કોઇનું પણ સૈન્ય આ તરફ આવતું દેખાય છે કે કેમ ? પણ તેને તેવી કોઇ આગમનની ખબર મળી નહોતી. એકાએક સૈન્યને આવેલું જોઈ તે પણ આશ્ચર્ય પામ્યો. હજારો રણવાદ્યોના પ્રચંડ નાદથી તે હતાશ થઇ પડયો. પિતા ઘોડેસ્વાર થઇ અગ્ર ભાગે જઇ કેટલેક દૂર સાબરમતિના કિનારાપર આવી ઉભા રહ્યા. પોતાના પ્રતિસ્પર્ધિને સામી બાજુએ જોઇને તેજ વખતે તેમણે પોતાના સૈન્યને જળમાં તરીને સામે પાર જવાનો હુકમ કર્યો. તેમણે ફરમાવ્યું કે: આ બાજુનું જંગલ લઢાઈ માટે નિરૂપયોગી છે. નૌકા એકઠી કરીને સામે કાંઠે જવામાં ઘણો વિલંબ થઈ જશે અને શત્રુઓ સાવધ થઇ યુદ્ધ કરવા તૈયાર થશે.

એ સમયે હુસેન મિરજાએ નદી તટે અમારા તુર્ક સેનાપતિ શુભાનકુલિને કહેવડાવ્યું કે: આવા વિપુલ અને અગણિત સૈન્યને એકાએક આ સ્થળે ચઢી આવવાનું કારણ શું ? તેનો મુખ્ય સેનાપતિ કોણ છે ? વગેરે સવાલો સેનાપતિ સરદારને પૂછ્યા. સુભાનકુલીએ કહ્યું કે: એ સમ્રાટ અકબરનું સૈન્ય છે તથા તેનો નાયક ખુદ બાદશાહ અકબર છે. રણવાદ્યોના

ભેરી નાદથી તેમજ આટલું મોટું સૈન્યદળ જોઈ શત્રુઓ પ્રથમથીજ ત્રાસી ગયા હતા. તેમાં આ સંવાદ સાંભળી વધુ ભયભીત થયા. મહમ્મદ હુસેન મિરજાએ કહ્યું: "તમારૂં કથન સર્વથા અસત્ય છે, કારણ ચૌદ દિવસ પહેલાં મ્હેં મ્હારા જાસુસો દ્વારા એવી ખબર સાંભળી હતી કે બાદશાહ ફત્તેહપુર નગરમાં છે. આટલું બધું અગણિત સૈન્ય અને આટલા બધા હાથી અને ઘોડેસ્વારોને તૈયાર કરી બે માસ જેવો લાંબો રસ્તો ચૌદ દિવસમાં કાપી અત્રે આવી પહોંચવું એ અસંભવિત છે. આ સૈન્ય કોઈ બીજાનું હોવું જોઇએ." એ સમયે પિતાએ સૈન્યના સર્વ સૈનિકોને યુદ્ધ માટે તૈયાર રહેવાનો હુકમ કર્યો. હુકમ કર્યા પછી પણ યુદ્ધારંભને કેટલોક વખત લાગ્યો. ખાંકુલિએ પિતાને લખ્યું કે: "શત્રુ પક્ષના સૈન્યની સંખ્યા અગણિત છે. તે ઉપરાંત ગુજરાતના ચાર શૂરવીર રાજાઓ તેમની સાથે પોતાના સૈન્ય સામંત લઇ જોડાઈ ગયા છે. શત્રુઓ પાસે બે લાખ ભાલાવાળું સૈન્ય છે. વિશ હજાર તોપચીઓ સજ્જ થઈ ઉંટપર તૈયાર થઇ બેઠા છે, એ ઉપરાંત ત્રિશ હજાર બંદુકોવાળા સિપાહીઓનું લશ્કર પણ જરૂર પડેથી કામમાં લેવા બોલાવી રાખ્યું છે. મ્હારા વિચાર પ્રમાણે આટલી અલ્પ સંખ્યાવાળી સેના લઈ આવા વિશાળ સૈન્યની સામું થવાનું સાહસ કોઈ પણ પ્રકારે વિચારયુક્ત નથી. તે કારણથી ખાં-ખાંન, ખા-ઇ-દોરમ, અને ખાં-ઈ-જહાંન વગેરે સૈનિકોની સેના આવતાં સુધી રાહ જોવી એજ મ્હને શ્રેયસ્કર લાગે છે. નહિ તો મ્હને શંકા રહે છે કે જરૂરથી મ્હારો તેમજ સૈન્યનો નાશ થશે." એના ઉત્તરમાં પિતાએ લખ્યું કે: "હું હમેશાં અને આ પ્રસંગે પણ મહાન ઇશ્વિરની સહાય અને કૃપા પરજ પૂર્ણ વિશ્વાસ રાખું છું. જો કેવળ મનુષ્ય ઉપરજ વિશ્વાસ રાખી કાર્ય કરતો હોત તો જાણી જોઇને આવા અગણિત સૈન્યની સ્હામા આવવાનું સાહસ કદી પણ હું ખેડતજ નહિ. આ બનાવના ફળનો આધાર ઇશ્વિર પરજ રાખ્યો છે. તેની ઇચ્છા હશે તેમ થશે. શત્રુઓ યુદ્ધ કરવા તૈયાર છે, ત્યારે આવા વખતમાં કોઇ પણ પ્રકારની ચાંચલ્યતા કે કાયરપણું બતાવવું એ નામર્દાઇ નહિ તો બીજું શું? યુદ્ધના ફળ માટે ચિંતા કર્યા વગર ફક્ત ઇશ્વિર

પરજ વિશ્વાસ મુકી યુદ્ધ માટે તત્પર થાવ." આ વખતે પિતા પાસે પાંચ હજાર સૈન્ય હતું. અમીરોની ઇચ્છા ન હોવા છતાં અને સૈન્યમાંના ઘણા સૈનિકોની ખુશી નહિ છતાં તેમની ખુશી કે દરકારને દુર કરી પિતાએ યુદ્ધ માટે દ્રઢ સંકલ્પ કર્યો. તે એકદમ અશ્વ પરથી નીચે ઉતર્યા, અને પોતાના પવિત્ર તીર્થ મક્કા તરફ મુખ કરી ઇશ્વરની પ્રાર્થના કરી સહાય માટે અંતઃકરણથી ભિક્ષા માગવા લાગ્યા. ત્યાર બાદ સજ્જ થઇ " અલ્લા હો અકબર " એ પવિત્ર નામનો ઉચ્ચાર કરી પોતાના અશ્વપર ચઢી ગયા. પોતાના સર્વ સૈનિકો અને સરદારોને નદીમાં ઝંપલાવી પેલે પાર જવાનો હુકમ કર્યો. ઇશ્વર કૃપાથી કોઈ પણ જાતના વિઘ્ન વગર સર્વ સૈનિકો સામે કાંઠે સહિ સલામત જઈ પહોંચ્યા. એ સ્થાને આવી પહોંચ્યા પછી તેમણે પોતાના એક અમલદાર રાજા દેવચંદ પાસે તેમના પિતા હુમાયુ જે બખ્તર લઢાઇ વખતે પહેરતા હતા તે માગ્યું. રાજાએ ઉત્તર દીધો: "તે તો નદિના પુરમાં અચાનક તણાઇ ગયું." એથી પિતા જરાક હસ્યા અને કહ્યું: " એ પણ આપણા વિજયનું શુભ ચિહ્ન છે. એ ઉપરથી જણાય છે કે હું કોઇ પણ જાતના વિઘ્ન વગર યુદ્ધમાં વિજય મેળવી શકીશ." એટલામાં તેમનું પાછળ બાકી રહેલું સઘળું સૈન્ય ધીમે ધીમે આવી પહોચ્યું. એ રીતે પિતા પાસે દશહજાર ઘોડેસ્વારો, એક હજાર હાથી અને બે હજાર બંદુકધારી સૈન્ય એકઠું થઇ ગયું. પિતાનાં અન્ન અને ન્યાયે પોષાયેલા દ્રોહી મિરજાઓ કે તેમનું કોઇ પણ માણસ લઢવા તૈયાર થયું નહિ.

અમદાવાદનો રક્ષક આજીમ એતાબખાં હજી તો જોઇએ તેવી તૈયારી કરી શકયો નથી તેટલામાં તો પોતાના પ્રભુ બાદશાહ અકબરને પોતાની મદદમાં આવી પહોંચેલા જાણી તે ખુશી-ખુશી થઇ ગયો. થોડા વખતમાં આસફખાં તથા બીજા કેટલાક દ્રોહી અમીર ઉમરાવો પિતા પાસે આવી ઉભા રહ્યા અને પોતાના અપરાધ માટે માફી માગતા પિતાના શરણમાં પડયા. એ સમયે જંગલમાં શત્રુ પક્ષના એક સૈન્યની ટુકડીએ પિતાના સૈન્ય પર એકાએક હુમલો કર્યો. મહંમદ કુલિખાં અને તાર્ખાનદિવાના તેમની ગતિ રોકવાનો

પ્રયત્ન કરવા લાગ્યા, પણ તેઓ પરાભવ પામી પાછા ફર્યા. એમ થવાથી પિતા ઘણાજ અસંતુષ્ટ થયા. તેમણે અંબરના રાજા ભગવાનદાસને કહ્યું: "શત્રુ પક્ષથી આમ તમે ભયભીત થાઓ છો, તે કારણથી હવે મ્હારેજ જાતે તલવાર લઈ રણમાં ઉતર્યા સિવાય છુટકો નથી. પૂઠ બતાવી ન્હાસી જવાનોજ વખત જો અકબરના સૈન્યને આવે તો ન્હાસવા કરતાં તેમાંના એક પણ માણસે જીવતા રહેવાની જરૂર નથી. મ્હને ઇશ્વિર ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે, અને તેજ વિશ્વાસ મ્હારી તેમજ મ્હારા સૈન્યના સામંતોની ઢાલ બની સર્વેનું રક્ષણ કરશે. આ સમયે મહંમદ હુસેન મિરજા સૈન્યના અગ્ર ભાગે આવી ઉભો રહ્યો. શાહ કુલિખાં મહરમ અને તુર્ક હુસેનખાં ઉચ્ચ સ્વરે બોલી ઉઠયા કે: શત્રુઓ પર એકદમ હલ્લો કરવાનો આ સારો યોગ છે. પિતાએ આનંદથી તેમ કરવા સંમતિ આપી. પિતાએ સૈન્ય દળને આગળ વધવા હુકમ કર્યો. કેટલોક વખત થયા પછી તેઓ શત્રુપક્ષના સૈન્યની સમક્ષ આવી ઉભા રહ્યા. એ વખતે પિતા તેમના પ્રિય અશ્વ "કોપારા" પર સ્વાર થયા હતા. શરીરે એક બખ્તર પહેરી, હાથમાં ભાલો અને કમ્મરે ધનુષ્ય બાણુ અને બરછી રાખી તેમણે પોતાના અશ્વને આ-ગળ ચલાવ્યો. એ વખતે ગંભીર સમર–વાદ્ય વાગવા લાગ્યાં. સૈન્યગણે અલ્લા હો અકબરના નામથી રણભૂમિ ગજાવી મૂકી, અને શત્રુઓ તરફ એકદમ તલવાર ઉગામી. આ યુદ્ધમાં ખુદ પિતાએ ભાગ લીધો છે એ જોઈ ડાબી બાજુના શત્રુ સૈન્યે પલાયન કરવા માંડયું, પણ મ્હારા સૈન્યદળની ડાબી બાજુનો, હુસેન મિરજાદ્વારા પરાભવ થવા માંડયો. થોડાજ વખતમાં બાજી બદલાઇ અને હાર તે જીતના રૂપમાં ફેરવાઈ ગઈ. મ્હારા પિતાની બાજુના સૈન્ય દળે થોડોક વખત શત્રુઓને અટકાવ્યા હતા. એ સમયે ચારે દિશામાંથી તીવ્ર વેગે હવાઇઓ (દારૂ ભરેલાં બાણો) આવવા લાગી. વિદ્રોહિ સૈન્યના દારૂ ગોળાના એક સરદારે હવાઈ છોડી; તે તેમનાજ લસ્કરના એક હાથીની પીઠ ઉપર પડી. એ હાથીની પીઠ ઉપર પાંચ ગુણો ભરેલો દારૂ અને ગોળા–ગોળીઓ હતી. તેના પર હવાઇ પડતાંજ સઘળો દારૂ ગોળો સળગી ગયો, અને ચારે દિશામાં અગ્નિ થઈ રહ્યો. તેમણે

લડાઈ માટેજ તે દારૂગોળાની સામગ્રી તૈયાર રાખી હતી. બીજા હાથી અને ઉંટો ઉપર એક હજાર ગુણો ભરેલો દારૂગોળો હતો તે પણ અગ્નિમાં બળી ભસ્મ થઇ ગયો. આ પ્રમાણે દારૂગોળાનો એકાએક નાશ થવાથી શત્રુપક્ષ છેક હતાશ થઇ ગયો. ચારે દિશાએ અગ્નિ લાગી ઉઠયો. હજારો ઉંટ, હાથી, ઘોડા અને મનુષ્યોનો વિના લઢાઇએ નાશ થઈ ગયો. એકંદરે ચાળીશ હજાર અશ્વોનો નાશ થયો. એ અણધાર્યો બનાવ બનવાથી સૈન્યના દરેક સરદારો છેક નિરાશ થઈ ગયા. સૈન્ય ગભરાઇ ગયું અને કેટલાક આમતેમ દોડવા લાગ્યા. પિતા એ સૈન્યની સ્હામા જતા હતા, પણ સન્મુખ આ ભીષણ દેખાવ જોઇ તેમણે પોતાના અશ્વને થોભાવ્યો. પોતાના કેટલાક અનુચરોને શત્રુના નાસી જતા સૈનિકો તથા સામંતોને પકડવાનો હુકમ આપ્યો. એ દરમ્યાનમાં મહંમદ હુસેન મિરજાએ કેટલાંક માણસો લઇ એકદમ પિતા ઉપર હુમલો કર્યો, પણ તેમના અંગરક્ષકોએ તેમનો એ વિપદ્‌માંથી ઉદ્ધાર કર્યો. માનસિંહે કેટલાક શૂરવીર સામંતો લઇ મ્હારા પિતાજી ઉપર થતો હુમલો અટકાવવાને એકદમ ચઢાઇ કરી. આ સમયે રાજા રઘુદાસ નામનો એક સૈનિક પિતાજીનું રક્ષણ કરવા જતાં મરણ પામ્યો. એ વિશ્વાસુ સરદારે પોતા પર હજારો અસિ પ્રહાર થવા છતાં તેને નહિ ગણકારતાં પિતાના રક્ષણ માટે ધાયો હતો. થોડા વખતમાં શત્રુઓએ તેના અશ્વને મારી નાંખી તેને પગપાળો કર્યો. એથી નિરાશ નહિ થતાં તે તલવાર લઇ દોડતો મ્હારા પિતા પર આક્રમણ કરવા આવનાર શત્રુને અટકાવવા દોડયો. તેમ કરવા જતાં તે અશ્વારોહી થયેલા એક શત્રુ સૈનિકના ભાલાનો ભોગ થઇ પડયો. ભાગ્યબળે શત્રુમાંના કોઇએ પણ મ્હારા પિતાજીને ઓળખ્યા નહિ, તેથી શત્રુના કોઈ પણ માણસે ખાસ કરી તેમના સામું નેમ તાકી નહિ; પણ આ સંકટના સમયમાં એટલું ચોક્કસ માલુમ પડી આવ્યું કે ત્રણ અશ્વારોહી સૈનિકોને શત્રુપક્ષ તરફથી મ્હારા પિતાજીનું ખુન કરવાનેજ ખાસ નિમવામાં આવ્યા હતા. એમાંના બે પુરૂષો પિતાની નજીક ધસી આવવા છતાં કાંઇ નહિ કરતાં પાછા ફર્યા. ત્રીજો જરા હિમ્મત ધરી તેમની સન્મુખ આવી ઉભો રહ્યો. પિતા તેનો ભાલાથી

એકદમ નાશ કરવાની તૈયારીમાં હતા એટલામાંજ તે વ્યક્તિએ દયાની પ્રાર્થના કરી પ્રાણુ દાનની ભિક્ષા માગી, અને કહ્યું કેઃ સઘળા દારૂગોળાનો નાશ થવાથી શત્રુનું લશ્કર હતાશ થઈ ગયું છે, તેમનામાં હવે સંગ્રામ કરવાની શક્તિ રહી નથી. આવે વખતે તેમના પર હલ્લો કરવાથી જરૂર તમે પૂર્ણ વિજય મેળવશો. તેની દીન વાણીથી મ્હારા પિતાનું હૃદય વિદીર્ણ થઈ ગયું અને તેને મુક્ત કર્યો. તે ત્યાંથી નાસી ગયો. તેના ગયા પછીજ ખબર મળી કે એ વ્યક્તિનો ઉદ્દેશ પિતાજીનું ખુન કરવાનો હતો, પણ તેમ કરવા જતાં પોતેજ જાળમાં ફસાઈ જવાથી નાસી છુટવાની એવી યુક્તિ રચી. તેમાં તે સફળ પણ થયો. ખુન કરવા આવનાર પણ પિતાજીનું તેજપૂર્ણ વદન તથા ઓજસ જોઈ સ્તબ્ધ થઇ ગયા અને ખુન નહિ કરતાં તેઓ નાશી ગયા. અબુલફજલ લખે છે કેઃ એ ત્રણજ રજપૂતોએ ફરી ફરી તેમના પર આક્રમણ કર્યું હતું. તેમાંના એકે તો જોરથી તેમની છાતી પર તલવાર ઉગામી હતી; પણ તેમનું અસાધારણ સાહસ, ચપળતા અને અશ્વ ચલાવવાની નિપુણતાએ તેમનો પોતાનો બચાવ કર્યો હતો. કેટલોક વખત વિત્યા પછી એક સરદારે આવી કહ્યું કેઃ દ્રોહીઓનો સંપૂર્ણ રીતે પરાભવ કર્યો છે, અને છત્ર ભંગ થઈ તેમનો સરદાર નાશી ગયો છે. પિતાએ તેજ વખતે તેની પુંઠ પકડવા હુકમ કર્યો. સૈનિકોએ શત્રુઓના બે હજાર હાથી, બે હજાર અશ્વ અને બંદુકથી લાધેલાં પચાશ હજાર ગધેડાં હાથ કર્યાં. સર્વથી અગાડી સુજાયતખાં આવી પિતા સન્મુખ ઉભો રહ્યો અને જયના સમાચાર કહ્યા, અને વળી કહ્યું કેઃ ઇશ્વરની મહાન કૃપાથીજ આપણો વિજય થયો છે, નહિ તો શત્રુનો પરાભવ કરવો એ કાર્ય ઘણુંજ દુર્ઘટ અને શંકાશીલ હતું. એ સાંભળતાંજ ઇશ્વરની પ્રાર્થના કરી તેનો ઉપકાર માન્યો અને ધીમે ધીમે અમદાવાદ શહેર તરફ કુચ કરવાનો સર્વને હુકમ કર્યો. આ વખતે રસ્તામાં જતાં ખબર મળી કે સેફખાં કોકા મરણ પામ્યો છે. એ સાંભળી પિતાને ઘણુંજ દુઃખ થયું. થોડા વખત પછી જરા શાંત થઈ પોતાના એ ભ્રાતાના મરણના સમાચારની બરાબર હકીકત સાંભળી. તે જેનખાંનો ભાઈ થતો હતો. યુદ્ધના કેટલાક

દિવસ પહેલાં પિતાએ પોતાના કેટલાક અમીર વર્ગને ભોજન માટે આમંત્રણ કર્યું હતું. તે સભામાં કેટલાક ભવિષ્યવક્તા પણ હતા. તેઓ સઘળાએ એકજ વાક્ય કહ્યું હતું કે, આ યુદ્ધમાં અકબ્બરશાહને જરૂર લાભ મળશે પણ તેમના એક પ્રિય સરદારનું મરણ થશે. એજ રાત્રે સેફખાં પિતાની પાસે આવી ઉભો રહ્યો અને પોતાને યુદ્ધમાં તેડી જવા પિતાને વિનંતિ કરવા લાગ્યો. તેણે કહ્યું કેઃ કદાચ જો આ યુદ્ધમાં લઢતાં મ્હારૂં મરણ થશે તો પણ તે મરણને હું મહા ભાગ્યશાળી મરણ તરીકે ગણીશ. વસ્તુતઃ થયું પણ તેમજ. યુદ્ધ સમયમાં તેના મ્હોડા ઉપર બે મોટા જખ્મો પડયા હતા. શરીર લોહીથી તરબોળ થઈ ગયું હતું તેવામાં મહંમદ હુસેન મિરજા અને તેના વચ્ચે વ્યૂહ રચના કરવામાં જરા તકરાર પડી. તેથી તેણે એકદમ તલવાર વડે પોતાના પ્રાણ વિસર્જન કર્યા.

પરાભવ પામી મહંમદ હુસેન મિરઝા બાવલના વૃક્ષોથી આચ્છત થયેલા જંગલોમાં છુપાતો છુપાતો નાશી જતો હતો, તેવામાં એક બાવળનો સખ્ત કાંટો તેના અશ્વના પગમાં એવા જોરથી ભોંકાયો કે, અતિ વેદના થવાથી તે એકદમ ભોંયપર પડયો. આથી મહંમદને પકડાઇ જવાની બ્હીક લાગવાથી તે પગપાળો નાસવા લાગ્યો. એ સ્થિતિમાં નાસતાં મ્હારા એક અમલદાર ગહ્વાઅલી બેગને હાથે તે કેદ પકડાયો. તેના હાથ પગ મજબૂત બાંધી દઇ તેને અશ્વ પર બેસાડી પિતાની સન્મુખ લાવી ઉભો રાખ્યો. અલિબેગ તેમજ બીજા પણ કેટલાક અમલદારોનું એવું કહેવું થયું કે; અમેજ તેને પકડીને બંધીવાન કર્યો છે. એ વિષયમાં મતભેદ પડવાથી પિતાએ મહંમદનેજ ખરી વાત કહેવા ફરમાવ્યું. પ્રત્યુત્તરમાં મહંમદે કહ્યું કેઃ મ્હેં બાદશાહનું લુણ ખાધું છે, તેમ તેજ લુણના ખાનારાઓએ મ્હને જોયો અને કેદ પકડયો છે. હું મ્હારી કૃતઘ્નતાની શાન્તિ માટે પકડાઈ ગયો છું." પિતાએ તેની દશા જોઇ પાછળથી અવળી રીતે બાંધેલા હાથ અગાડીથી બાંધવા ફરમાવ્યું, અને માનસિંહના દરબારમાં રાખવા હુકમ કર્યો, પણ મહંમદે પિતા પાસેથીજ પાણી અને અન્નને માટે માંગણી કરી પોતાના કર્ત્તવ્ય માટે જોરથી પોતાનું મસ્તક પછાડયું. તેના એવા પશ્ચાતાપથી પિતા ઘણાજ સંતુષ્ટ

થયા અને માનસિંહની આધિનતામાં તેને નહિ મોકલવાનો હુકમ કર્યો. તેથી મિરજા તેમનો ઘણોજ આભારી થયો અને કૃતજ્ઞતા બતાવવા કહ્યું કેઃ જો કે મ્હને આપે કેદી કર્યો છે છતાં બીજા ત્રણ સેનાપતિઓએ હજી જંગલનો આશ્રય લીધો છે. સંભવ છે કે કોઇ પણ વખતે એ લોકો બાદશાહ વિરૂદ્ધ હથિયાર ઉપાડશે. શહેરમાંથી જતાં પહેલાં પિતાએ મહંમદ મિરજાને બિકાનેરના રાજા રાયસિંહના આધીનમાં સોંપ્યો હતો. રાજા રાયસિંહે તેના બન્ને હાથ બાંધી એક હાથી પર બેસાડી તેને લઇ જવા હુકમ કર્યો. તેને અગ્રેસર રાખી બહુ કાળજીથી લઈ જવામાં આવતો હતો. લશ્કર જંગલમાં છુપાઇ બેઠું હતું તે દૂરથી જોવામાં આવ્યું. તુરતજ સમરવાદ્ય વગાડવાનો હુકમ થયો. સર્વ સૈન્ય સજ્જ થઇ ગયું. અંબરનો યુવરાજ, રાજા માનસિંહ, સુજાયતખાં, અને અંબરના રાજા ભગવાનદાસ વગેરે કેટલાકે પોતપોતાનાં સૈન્ય લઇ એકદમ આક્રમણ કર્યું. ચારે દિશામાં તીર, બંદુક, ગોળા, ગોળીઓ, દારૂ વગેરે છોડવામાં આવ્યાં. એ સમયે રાજા ભગવાનદાસે પિતાને કહેણ મોકલ્યું કેઃ મહંમદ હુસેન મિરજાને કોઈ પણ રીતે ન્હાસી જવાનો લાગ મળે નહિ. વળી પ્રસંગ ગંભીર થતો જોઇને પિતા પાસે મહંમદની હત્યા કરવાની માગણી કરી. પિતા એટલા બધા દયાળુ હતા કે, મહંમદ શત્રુ પક્ષનો અને કૃતઘ્ન હોવા છતાં તેની હત્યા કરવાનો હુકમ આપી શક્યા નહોતા. ખુદ પિતાજી જ્યારે હુકમ નજ આપી શક્યા ત્યારે રાજા ભગવાનદાસના કહેવાથી રાયસિંહે મહંમદને હાથીની પીઠ પરથી જમીન પર ગબડાવી દીધો, અને શેર મહંમદે તેનો શિરચ્છેદ કર્યો. થોડા વખતમાં જાણવામાં આવ્યું કે, જે સૈન્યદલ જંગલમાં છુપાઈ ભરાઈ રહ્યું હતું તે ગુજરાતના એક શાંત અને ગુણવાન સામંત અખત્યાર–ઉલ્–મુલ્કનું હતું. તે બાદશાહનું દાસત્વ સ્વિકારવાને આવતો હતો, પણ કોઇને એ બાબતની અગમચેતીના ખબર નહિ હોવાથી પિતાના સૈન્ય દલે તેના પર હુમલો કર્યો. રક્ષણનો કોઈ પણ ઉપાય નહિ જોવાથી અખત્યારે એક દૂત સાથે એવો સંદેશો કહાવ્યો કેઃ " તે સમ્રાટના વિરૂદ્ધ હથિયાર ઉઠાવવા આવતો નથી પણ તેમનું દાસત્વ સ્વીકારવા આવે છે. " પણ

સૈન્ય એટલી ઝનુનમાં આવી લઢતું હતું કે, તેમાંથી રસ્તો કરી દૂતને સહી-સલામત બાદશાહ પાસે જવાનું કામ ઘણુંજ દુર્ઘટ થઈ પડયું હતું. કહાવેલા કહેણુ ઉપર ઝનુને ચઢેલા યોદ્ધાઓએ કાંઇ ધ્યાન આપ્યું નહિ. એવું જોઈ તેણે પર્વત પર જઇ ત્યાં આશ્રય લેવાનો વિચાર રાખ્યો, પણ રસ્તામાંજ પિતાના એક તુર્ક અમલદાર સોરાબબેગને હાથે પકડાઇ ગયો અને તેણે તેને મારી નાંખ્યો.* સૈન્યમાં ભંગાણ પડયું. કેટલાક માર્યા ગયા, કેટલાક બ્હીકથી પલાયન કરી ગયા. એવી રીતે દશ હજાર સૈન્યનો નાશ થયો. એકજ દિવસે એ બીજો જય લાભ પ્રાપ્ત થવાથી તથા રસ્તાઓ બધા શત્રુ વગરના થઈ જવાથી, પિતા કોઇ પણ જાતના વિઘ્ન વગર શહેરમાં પ્રવેશ કરી શકયા. અમદાવાદમાં તેઓ સાત દિવસ સુધી રહ્યા. પાછા ફરતી વખતે ગુજરાતના સુબા તરીકે બહેરામખાંના પુત્ર ખાં ખાનને ત્યાં નિમ્યો અને પોતે દિલ્હી તરફ પ્રયાણ કર્યું.

એ વિજય પ્રાપ્ત કર્યા પછી પિતાએ બંગાળા, ચિત્તોડ અને રસ્તમપુરના અભેદ્ય કિલ્લાઓ જીતવા મન દોડાવ્યું. ચિતોડ તેમજ રસ્તમપુરના કિલ્લા પર આક્રમણ કરતી વખતે તેઓ જાતે ત્યાં ગયા હતા અને લઢાઈ વખતે સૈનિકોને ઉત્સાહ આપતા હતા. ચિતોડ લીધા પછી પિતાએ તેના રાજા જયમલનો વધ કરાવ્યો. જે બંદુકવડે જયમલનો નાશ કર્યો હતો તે બંદુક અદ્યાપિ પર્યંત મ્હારી પાસે છે. આ બંદુકનું નામ પિતાએ "દ્રષ્ટાનદાજ" અર્થાત્ "લક્ષ્યભેદી" પાડયું હતું. એ બંદુકદ્વારા તેમણે વિશેક હજાર પશુ પંખીઓનો નાશ કર્યો છે.

---

* અબુલફજલે લખ્યું છે કે અમદાવાદમાં બાદશાહના સૈન્યને પરાજય પમાડવા અખ્તીયાર-ઉલ-મુલ્ક ત્યાં ગયો હતો, પરંતુ મહંમદ મિરજા પકડાયા પછી અખ્તીયાર ન્હાસી જતો હતો એટલામાં ઉપર લખ્યા પ્રમાણે તેના પ્રાણ ગયા.

પ્રકરણ ૩૧ મું.

શિકાર પ્રિયતા.

પિતા પ્રમાણે મ્હને પણ શિકારનો ઘણોજ નાદ હતો. શિકાર કરવો એ કામ મ્હને ઘણુંજ પ્રિય લાગતું. હું બંદુક દ્વારા નિશાન તાકવામાં એક્કો હતો. પિતાની એજ પ્રિય બંદુક દ્વારા એકે દિવસે મ્હેં વિશ હરણનો શિકાર કર્યો હતો; પણ ત્યાર પછી મ્હેં પ્રતિજ્ઞા લીધી કે પચાશ વર્ષ પૂર્ણ થયા બાદ કદાપિ શિકાર કરવો નહિ. નીચે લખેલી એક શિકારને લગતી ઘટના બનવાથી મ્હને શિકાર પ્રત્યે અણગમો ઉત્પન્ન થયો. તે લખવા યોગ્ય જણાયાથી હું લખું છું.

એક દિવસ કેટલાક શિકારીઓ તથા સરદારોને લઈ હું શિકારે ગયો હતો. એટલામાં હરણના એક ટોળામાં એક વિચિત્ર અને સુંદર હરણ મ્હારા જોવામાં આવ્યું. સરદારોને મ્હારી સાથે આવવાનો નિષેધ કરી હું એકલો તે હરણ પાછળ પડયો. અશ્વ દોડાવતાં દોડાવતાં મ્હેં તેના સામું બરાબર બંદુક તાકી તેના પર છોડી, પણ ગોળીબહાર ખાલી ગયો. હું જેમ જેમ તેની નજીકમાં જવા અશ્વ દોડાવતો તેમ તેમ તે હરણ દુર નહાસતું. જંગલ અતિ વિશાળ અને મ્હોટું તેમજ ખુલ્લું હતું. છેવટે એક ગોળી મારી. તેથી મ્હને લાગ્યું કે તે જરૂર હવે મરણ પામશે. તે મ્હારાથી ઘણુ થોડાજ વારને અંતરે હતું. મ્હારો શ્રમ સફળ થવા લાગ્યો, પણ જેવો તેની નજીક જઈ ઉભો રહ્યો કે તુરતજ તે કુદતુ કુદતુ અદસ્ય થઈ ગયું. ગોળી વાગવા છતાં તે પડયું નહિ અને કુદીને નાઠું, તે વિચારમાં મને માર્ગમાં થયેલા શ્રમથી હું એકદમ મૂર્છા ખાઇ પડયો. એ અજ્ઞાત અવસ્થામાં હું લગભગ બે એક કલાક પડી રહ્યો હતો. ઘણીવાર થવા છતાં જ્યારે હું પાછો ફર્યો નહિ ત્યારે મ્હારો પુત્ર ખુરમ ચિંતા કરતો મ્હારી શોધ માટે નીકળી પડયો, અને

જ્યાં હું અસ્વસ્થ થઇ પડ્યો હતો ત્યાં આવી ઉભો રહ્યો. ખુરમે કેટલીક વાર મ્હારા મુખ પર ગુલાબજળનો છંટકાવ કરવાથી હું જાગ્રત થયો. એમ થવાથી એક મહિના સુધી મ્હારા હૃદયમાં દુર્બળતા અને એક જાતની બ્હીક રહી. તેજ દિવસથી મ્હેં પ્રતિજ્ઞા કરી કે પચાશ વર્ષ થયા પછી કદાપિ મૃગયા રમવા જવું નહિ. મ્હારા પિતાનું વર્ણન પૂર્ણ કરતાં અગાઉ એક લખવા જેવો વિષય લખ્યા સિવાય હું રહી શકતો નથી. તેઓ એટલા બધા મિતાહારી હતા કે વર્ષમાં ત્રણ માહના સુધી તો માંસને અડકતા પણ નહિ. તેમના જન્મ દિવસે રાજ્યમાં કોઈ પણ પ્રકારની જીવ હત્યા નહિ કરવાનો તેમણે હુકમ ફરમાવ્યો હતો. તેઓ રમજાનના દિવસોમાં ઉપવાસ કરતા નહોતા, પણ ઉપવાસના પાછલા દિવસોમાં તેઓ મસજીદમાં જઈ રિવાજ પ્રમાણે પ્રાર્થના તેમજ અન્ય ધર્માનુષ્ઠાન પૂર્ણ પ્રેમથી કરતા. ઉપવાસ નહિ કરવાના પ્રાયશ્ચિત માટે જે દિવસે તેઓ દેહ પ્રાયશ્ચિત કરતા તે દિવસે ત્રણસોં કેદીને કારાગ્રહમાંથી મુક્ત કરતા અને દરિદ્ર, ગરીબ, અશક્ત, અને એવાજ બીજા નિર્ધનોમાં પચાશ હજાર રૂપિયાનું દાન કરતા હતા.

પ્રકરણ ૩૨ મું.

બાળમિત્રોની પદોન્નતિ.

હું ઉમ્મર લાયક થયો તે પહેલાં જેઓ મ્હારા બાળમિત્રો હતા તે બધામાં જુમ્મલઉદ્દિન આંજુ મ્હારા પર સર્વથી વિશેષ પ્રેમ રાખતો. હમણાં મ્હેં તેને એજાદ્દૌલાનો ખેતાબ આપ્યો છે, તે ઉપરાંત બાર હજાર સૈન્યનો સરદાર નિમ્યો છે. પહેલાં તે એક હજાર સૈન્યનો નાયક હતો. એ પહેલાં મ્હારા પિતાની રાજસભામાં કોઈ પણ એટલે દરજ્જે ચઢયું નથી. એ ઉપાધિ તથા સરદારી ઉપરાંત મ્હેં તેને એક રાજપતાકા, એક હીરાજડિત તલવાર અને મણિમુક્તા જાહત સાજથી સજ્જિત એક અશ્વ ભેટ આપ્યો હતો. એ પ્રકારે પિતાના દરબારમાં જેનું થોડું સન્માન હતું

તેનું તેની યોગ્યતા પ્રમાણે મ્હેં વધારી આપ્યું. વધારામાં તેને કેટલીક સ્વતંત્ર સત્તા પણ આપી અને બિહારના શાસનકર્ત્તા તરિકે તેની નિમણુક કરી. તેના પુત્રને પણ તેની બુદ્ધિ અને વય અનુસાર એક હજારની સરદારીથી બે હજારનો સરદાર બનાવ્યો. એતમાદ્-ઉદ્દૌલાના પરિવાર સાથે મ્હારા પરિવારનો એટલો ઘનિષ્ઠ સંબંધ હતો કે રાજ્યમાં એનું સન્માન સર્વથી વિશેષ હતું.

પ્રકરણ ૩૩ મું.

સિક્કામાં સુધારણા.

આ વખતે રાજ્યના સિક્કા નવા પડાવવાનો હુકમ કર્યો. ચલણમાં ચાલતી સોનારૂપાની મહોરો ઘટી જવાથી નવીન મહોરો પડાવવા આજ્ઞા આપી. મિરાત સદરજહાંનને દરિદ્ર લોકોના પાલનાર્થે જે ભંડાર હતો તેના ખજાનચી પદ પર તેને નિમ્યો. વિધવા, નિરાધાર બાળકો અને સ્ત્રીઓને માટે જે રાજભંડાર હતો ત્યાં હાજી કોકા નામના માણસને નિમ્યો. જાહિદખાંને પંદરસોથી વધારી બે હજાર સૈન્યના સરદાર તરીકે તેની નિમણુક કરી. એ સિવાય એક એવો કાયદો કર્યો કે કોઈ પણ મનુષ્યને હાથી કે ઘોડો બક્ષિસમાં આપવામાં આવે તો તેનું સર્વ ખર્ચ સરકારી હાથી અથવા અશ્વશાળામાંથી આપવો. પિતાના રાજ્યત્વ કાળમાં આવા બક્ષિસ કરેલાં જાનવરો પર દેખરેખ રાખવાના ખર્ચમાં પાંચ લાખ રૂપિયા ખાસ જુદા આપવામાં આવતા હતા અને તેનો હિસાબ રાખવા એક કારકુન પણ નિમ્યો હતો. એ જગ્યા નિરર્થક જાણી મ્હેં તે નિમણુક રદ કરી.

પ્રકરણ ૩૪ મું.

દાનિયલનું ઐશ્વર્ય.

આ વખતે દક્ષિણથી સાલાબાન નામનો એક સરદાર મ્હારા વચલા બંધુ દાનિયલના સઘળા રત્નાલંકાર અને સંપત્તિ લઇને મ્હારી પાસે આવ્યો. એ સઘળી વસ્તુઓમાં પંદરસો હાથી હતા. દરેક હાથીની કિમત ચાર લક્ષ રૂપિયા હતી. એ કિમત ફક્ત અનુમાનથીજ આંકી હતી પણ તેથીએ વિશેષ હશે એમ ધારૂં છું. એ હાથી ઉપરાંત હીરા તેમજ બદકશાનનાં સર્વોત્કૃષ્ટ જાતિનાં આઠ હજાર ઉંટ પણ હતાં, તે પણ ઘણાંજ કિમતી હતાં. એ પશુઓ ઉપરાંત ચીન અને ગુજરાતની કારીગરીથી ભરેલાં રેશમનાં કાબુલી તેમજ ગુજરાતી વસ્ત્રો હતાં. મ્હારા ભાઇના જનાનખાનામાં ત્રણસો રમણીયો હતી. તે બધાની વ્યવસ્થાનો ભાર પણ મ્હારા પર હતો. મ્હેં તે સર્વ સ્ત્રીઓને પૂછાવ્યું કે જો તમારી સર્વની ઇચ્છા પુનર્વિવાહ કરવાની હોય તો હું મ્હારા સભાસદોમાંથી લાયક અને હોંશિયાર અમલદાર સાથે દરેકનો વિવાહ સંબંધ કરાવી આપું. દરેક મહિલા પાસે ઉત્તમોત્તમ રત્નાલંકાર, રેશમી ઉંચી સોનેરી રૂપેરી ઝીકથી ભરેલાં વસ્ત્રો, સોના રૂપાનાં વાસણો, સુંદર દેખાવવાળા હોદ્દા સાથેના હાથી અને અશ્વો અને તેમની યોગ્યતાનુસાર દાસ દાસી વગેરે જે કાંઇ દરેક પાસે હતું તે બધું તેમની પાસેજ રહેવા દીધું. લગ્ન પ્રસંગે ભેટ તરીકે આપેલી ત્રણ ત્રણ લાખ રૂપિયા જેવી રકમો પણ મ્હેં પાછી માગી નથી. તેમની પુનર્લગ્ન કરવાની ઇચ્છા હોવાથી, મ્હારા જે જે અમીર લોકોની તેમ કરવાની ઇચ્છા થઇ તેમને તેમની સાથે પ્રત્યેક મહિલાની અનુમતિ લઇ વિવાહ કરાવી આપ્યો. જેમની ઇચ્છા ફરી લગ્ન કરવાની ન્હોતી તેવી સ્ત્રીઓની પણ યોગ્ય વ્યવસ્થા કરી. એ પ્રમાણે બધી સ્ત્રીઓનો યોગ્ય બંદોબસ્ત કર્યો. મ્હારા

બંધુના જેટલા હાથી હતા તે બધામાં એક હાથી ઘણોજ શાંત અને વિચિત્ર હતો. મ્હેં તેનું નામ ઇંદ્રગજ અર્થાત ઇંદ્રનો હાથી એવું રાખ્યું હતું. એવો મ્હોટો હાથી અદ્યાપિ પર્યંત મ્હારા જોવામાં આવ્યો નથી. તે હાથી પર આરોહણ કરવાને મ્હેં નિસરણી તૈયાર કરાવી હતી. તેને ચૌદ પગથીયાં હતાં, તે હાથીની ઉંચાઇથી એક હાથ વધુ ઉંચી કરાવી હતી. હાથી સ્વભાવે એટલો નરમ અને શાંત હતો કે રસ્તામાં જતું કોઈ બાળક જો વચમાં આવી જતું, તો તે તેને તુરતજ સુંડમાં લઈ લેતો, અને ધીમેથી રસ્તાની એક બાજુએ રક્ષિત સ્થળે મુકી દેતો. તેની ચાલવાની ઝડપ એટલી બધી હતી કે ગમે તેવો અશ્વ પણ તેનાથી વધુ ઝડપે ચાલી શકતો નહિ. તે એટલો બધો સાહસિક હતો કે એકવાર જો તેનીજ જાતના સો જોરાવર હાથી આવે તો પણ તે તેમના પર પૂર્ણ જોરથી હુમલો કરવાને બ્હીતો કે અટકતો નહિ. એ ઉપરાંત તેનામાં બીજા ઘણા સદ્‌ગુણો હતા. હમેશાં થોડા વાજીંત્ર વગાડનાર તેની સાથેજ રહેતા અને ચાળીશ ભાલાવાળા મનુષ્યો તેની આગળ ચાલતાં. દરરોજ પ્રાતઃકાળે તે ચોવીશ શેર જળપાન કરતો હતો, અને હમેશાં સવારે તેમજ સાયંકાળે તેના આહાર માટે છપ્પન શેર ચોખા, અઠ્ઠાવીશ શેર માંસ, ચઉદ શેર તેલ અથવા ઘીમાં રાંધી ખવડાવવા હુકમ કર્યો હતો. મ્હારા પિતાના મરણ પછી મ્હારી હસ્તીશાળામાં બાર હજાર હાથી હતા. એ દરેક હાથીની ખોરાકી તેની ઉમર પ્રમાણે નક્કી કરી હતી. પ્રાતઃકાળમાં ફરવા જવા માટે મ્હારા પસંદ કરેલા ઉપરોક્ત હાથીને મ્હેં નિર્માણ કર્યો હતો. ફરવા લઈ જતી વખતે, તેની પીઠ પર મૂકવા એક સોનાની સુંદર અંબાડી કરાવી હતી. એ ઉપરાંત સોનાની એક સાંકળ અને બીજા કેટલાક અલંકારો તેના ગળામાં પહેરાવવા માટે તૈયાર કરાવ્યા હતા. પગમાં સોના જડિત ઘુઘરીનાં કડાં કરાવ્યાં હતાં, તેથી જ્યારે હું સ્વારીએ નિકળતો ત્યારે એ હાથી દરેકનું ધ્યાન ખેંચતો. પ્રજાવર્ગ આવા હાથીને જોઇ ખુશ ખુશ થઇ જતો. હમેશાં ચંદન તેમજ સૌગંધિત તેલથી તેને માલીસ કરવા ફરમાવ્યું હતું, તથા તેના શરીર પર વિવિધ પ્રકારના રંગથી તેને હમેશાં ચિતરવા હુકમ કર્યો હતો. થોડાક વખત પછી કેટ-

લોક લોક ફરીયાદ લઇ આવ્યા કેઃ "શાહજાદા દાનિયલે કાંઈ પણ મૂલ્ય આપ્યા વિના એ હાથી લઈ લીધો છે તેમજ એ ઉપરાંત પણ બીજી કેટલીક વસ્તુઓ જોરજુલ્મથી અન્યાય કરી લઈ લીધી છે." એવી ઘણી ફરીયાદો આવવાથી મ્હેં એવી જાતનો ઢંઢેરો પીટાવ્યો કે, દાનિયલ પાસે કોઈની કાંઇ વસ્તુ હોય, અને તે તેણે વિના મૂલ્યે લીધી છે એવી સાબીતીનાં પ્રમાણો હોય તો તેવા દરેક જણે મ્હારી પાસે આવવું. તેમ થશે તો તેમને તેમની વસ્તુ અગર મૂલ્ય ન્યાયાનુસાર વિના વાંધે પાછાં આપવામાં આવશે. એ વસ્તુઓમાં દાનિયલની એક બંદુક પણ મ્હારી પાસે આવી હતી. એ બંદુકનો માલિક મિરજા રૂસ્તમ હતો. મ્હેં તેને બંદુકના બાર હજાર રૂપિયા તથા દશ પાણીદાર ઘોડા આપવા કહ્યું, છતાં એટલું મૂલ્ય ન લેતાં બંદુક આપવા ના પાડી. બંદુકની આવી મોટી કિંમત આપવા છતાં પણ જ્યારે તે આપવા ના કહે છે ત્યારે જરૂરથી તેનામાં કાંઈ જબરૂં વિશેષત્વ હોવુંજ જોઇએ, એમ મ્હને ખાતરી થઈ. તેથી મ્હેં મિરજા રૂસ્તમને ખરૂં કારણ જાણવા પૂછ્યું કે આટલી કિંમત તમને આપવા છતાં ના પાડો છો તેથી મ્હને હજારો શંકા અને તર્કવિતર્ક થાય છે. માટે એનું રહસ્ય શું છે તે વાંધો ન હોય તો જણાવો. પ્રત્યુત્તરમાં મિરજા રૂસ્તમે નિવેદન કર્યું કેઃ "આ બંદુક ફોડવા માટે બત્તીની જરૂર પડતી નથી. ઘોડો દાબવાથીજ એકદમ ફુટી ઉઠે છે. એ ઉપરાંત ક્રમાનુસાર ગોળીઓ છોડવા છતાં તે જરાએ તપી ઉઠતી નથી. તેનામાં સૌથી વિશેષતા તો એજ છે કે, લક્ષ્યભેદની ખુબી એવી સરળ રીતે ગોઠવી છે કે, સાધારણ મનુષ્ય પણ જો તે ફોડે તો તે તેનું નિશાન ચૂકતો નથી. તે પોતાનું કાર્ય બરાબર રીતે પાર પાડી શકે છે. એજ કારણથી એ બંદુક હું કોઇને આપતો નહોતો, પણ બળાત્કારે લઈ લેવામાં આવવાથી હું કાંઈ કરી શક્યો નહિ. જો આપની ઇચ્છા હોય તો મ્હને મ્હારી બંદુક પાછી આપો. મ્હારે રૂપિયા કે અશ્વોની જરૂર નથી." તેના આવા પ્રત્યુત્તરથી મ્હેં તેની બંદુક તેને પાછી આપી દીધી.

હું જે દિવસે સિંહાસન ઉપર બેઠો તે દિવસ પ્રત્યેક વર્ષે રાજ્યમાં

ઉત્સવ તરીકે પાળવા હુકમ કર્યો. એ દિવસે સરદારોને, અમીરોને તથા નોકરોને તેમનાં એક વર્ષમાં કરેલાં કાર્ય પ્રમાણે ઇનામ, ભેટ કે પદોન્નતિનો લાભ આપવાને માટે દરબાર ભરવાનું ફરમાવ્યું હતું. (ઇ. સ. ૧૬૧૧ ડીસેમ્બરની ૧૨ મી તારીખે શનિવારે) આજે મ્હારા સાતમા રાજ્યારોહણ પ્રસંગે મ્હારા પુત્ર ખુરમ (શાહજહાંન)ને આઠ લાખ રૂપિયાની એક કિમતી મુક્તામાળા તથા હીરા જડિત એક મંડીલ એમ બે વસ્તુઓ ભેટ આપી. ધીમે ધીમે ખુરમ પાસે પણ બહુ મૂલ્યવાન રત્નાલંકારો તથા હીરા, મણીજડિત વસ્તુઓનો સંગ્રહ થયો હતો. હું હમેશાં એકાંતમાં ઇશ્વર પાસે પ્રાર્થના કરતો હતો કે, મ્હારો એ પુત્ર ધર્મ, પુણ્ય, તેમજ ઐશ્વર્યમાં મ્હારાં સઘળાં સંતાનો કરતાં સર્વથી શ્રેષ્ટ નિવડો.

એજ દિવસે કાબુલના કાજી અબદુલ્લાએ મ્હને રાજ્યના વેપારને લગતો એક પત્ર લખ્યો. તેમાં તેણે નિવેદન કર્યું હતું કે, "દેશમાં પરદેશથી જે વેપારીઓ વેપારાર્થે આવે છે, તેમની પાસેથી કોઇ પણ જાતનો કર હાલમાં લેવામાં આવતો નથી; તેથી રાજ્યને ખોટજ જાય છે. પ્રથમ એ કરથી રાજ્યને આવક સારી થતી હતી, માટે એ કર પુનઃ અસ્તિત્વમાં મુકાવો જોઇએ." એ પત્રના પૂર્ણ વાંચન પછી તે પર ગંભીર વિચાર કરતાં માલુમ પડયું કેઃ એમાં રાજયની ઉપજ વધવાનો ઉદ્દેશ માત્ર બતાવવાનો અને ગૌણ છે, પણ પ્રાધાન્ય ઉદ્દેશ અબદુલ્લાના સ્વાર્થની હાનિ સિવાય કાંઇજ નથી. એ કર બંધ કરવાથી તેની ઉપજ ઘટી છે, તેજ કારણસર તેણે બ્હાનારૂપ આ પત્ર મોકલ્યો છે. મ્હેં તેજ વખતે હુકમ કર્યો કેઃ મ્હારા રાજ્યમાં કોઈ પણ વેપારી પાસેથી, કોઇ પણ વ્યક્તિએ એ બંધ કરેલો કર લેવો નહિ. સૈનિકો અને સિપાઇઓને પણ ફરમાવ્યું કેઃ મ્હારા એ હુકમની વિરૂદ્ધ કોઇએ પણ વર્તન કરવું નહિ. કાજી અબદુલ્લાના પત્ર પરથીજ અનુમાન કરી, મ્હારા રાજ્યમાં આવવાના સઘળા માર્ગપર બેસાડેલા થાણાવાળાઓને પણ એવો હુકમ લખી મોકલ્યો કેઃ હિંદુસ્થાન બહારથી કોઈ પણ વેપારી પોતાનો માલ લઈ અત્રે આવે, તો તેમને અટકાવવા નહિ; અને તેમની ખુશી કે નાખુશી છતાં બળાત્કારથી કે જોઇતી સગવડો કરી આપવાની

આલયથી કાંઈ પણ લેવું નહિ. એ નિયમથી કોઈ પણ વિરૂદ્ધાચરણ કરી કોઈ પણ ઉતારૂ કે વેપારી પર બળાત્કાર કે ત્રાસ ગુજારશે તેને પ્રાણદંડની શિક્ષા કરવામાં આવશે. મ્હારા પિતાના વખતમાં જ્યારે એ કર પ્રચલિત હતો ત્યારે તેની ઉપજ નવ કરોડ રૂપિયા આવતી હતી. તેથી રાજ્ય ભંડાર વધુ ને વધુ ભરાતોજ રહેતો, પણ તેથી રાજ્યના વેપારની આબાદી કે માલની અદલાબદલીમાં નુકસાન થતું જોઈ, તેની આબાદી જાળવી રાખવા તથા માલની અદલાબદલીની સુગવડતા ખાતર, મ્હેં પૈસાની દરકાર છોડી એ કર બંધ કરી દીધો હતો. મ્હારા રાજ્યની ઉન્નતિ અને વેપારની આબાદી જોવા મ્હને તીવ્ર ઉત્કંઠા છે, અને તેજ કારણસર મ્હેં એ કર બંધ કર્યો. બોખારા નિવાસી સૈયદ અબદુલ્લાના પુત્ર સૈયદ કમલને પિતાએ કેટલાંક વર્ષ સુધી દિલ્લીના ન્યાયાધીશ તરીકે નિમ્યો હતો. તે વખતે મ્હારા જોવામાં આવ્યું કે, તેણે ન્યાય અને ધર્મને, એક દુકાનદારીના સોદા જેવાં કરી નાંખ્યા છે. મતલબ કે તેણે ન્યાયને પૈસા આગળ ગુલામ બનાવ્યો હતો, અને ધર્મને દ્રવ્ય આગળ ઝાડુ કાઢનાર બનાવ્યો હતો! તેના એ અપરાધનો યોગ્ય દંડ કરવા મ્હેં વિચાર કર્યો, પણ પિતા સાથે તેનો બંધુભાવ જેવો ગાઢો સંબંધ હોવાનું સ્મરણ થવાથી બીજું કાંઈ નહિ કરતાં તેને ત્યાંથી બરતરફ કર્યો. સમસ્ત હિંદુસ્થાન, કાબુલ અને તેની આસપાસનાં ગામોમાંથી ઉતારૂઓનો એ કર માફ કર્યો. પિતાના રાજ્યકાળ વખતે કાબુલની પાસેના સ્થાનમાંથી એ કરની ઉપજ બે કરોડ રૂપિયા જેટલી થતી હતી.

આસફખાંની જાગીર બાજબહાદુરને આપી દીધી, પરંતુ આસફખાંએ કહ્યું કેઃ એ જાગીરમાંથી હજી બે લક્ષ રૂપિયાનું મહેસુલ ઉઘરાવવું બાકી છે, તેથી મહેસુલ વસુલ થતાં સુધી જાગીર મ્હેં તેના તાબામાંજ રહેવા દીધી, અને એજ ભંડારમાંથી તેને રૂપિયા એક લક્ષ આપવાની આજ્ઞા કરી મહેસુલ વસુલ કરવાનો ભાર બાજબહાદુરને સોંપ્યો. ઉદયપુરના રાણા વિરૂદ્ધ યુદ્ધ વખતે અફગાન શેરીફખાંએ મ્હારા પુત્ર પરવેજ સાથે અનુગમન કર્યું હતું. તેથી મ્હને તેણે એ બદલ ત્રિશ હજાર રૂપિયા ભેટ આપ્યા. પિતાના

પિત્રાઈ હિન્દલ મિરજાની કન્યા સાથે શાહ કુલીખાં મહરમનો વિવાહ કર્યો હતો. પિતાએ એ સ્ત્રીને મ્હારા પુત્ર ખુરમની ધાત્રી (ધવાડનાર) આયા તરીકે કેટલોક વખત નિમી હતી.

પ્રકરણ ૩૫ મું.

ખુશરૂનો પિતૃદ્રોહ.

ઈસ્વી સન ૧૬૦૬ ની ૩૧ મી માર્ચની એક રાત્રિએ બે વાગે દુષ્ટ મનુષ્યોની સોબતમાં ઉશ્કેરાઇ મ્હારો પુત્ર ખુશરૂ પોતાના પિતાનું (મ્હારૂં) સ્નેહાળ ભવન તેમજ આટલા બધા ઐશ્વર્યનો ત્યાગ કરી પંજાબ તરફ નાસી ગયો. ખુશરૂને ત્યાં પહેરો ભરનારે, વજીર-ઉલ્-મુલ્કને એવા સમાચાર આપ્યા કે: શાહજાદા રાત્રિના બે વાગે મહેલમાંથી ક્યાંક જતા રહ્યા છે, તે હજી સુધી પાછા ફર્યા નથી. વજીર-ઉલ્-મુલ્ક તુરતજ એ પહેરેગીરને સાથે લઇ અમીર-ઉલ્-ઉમરા પાસે આવ્યો. એ વખતે અમીર-ઉલ્-ઉમરા કેટલાક ખાનગી કારણસર મ્હારી પાસે આવ્યો હતો, તે કામથી મુક્ત થઇ મ્હારી રજા લઇ ગૃહ તરફ જતો હતો. રસ્તામાંજ ઉપર લખેલી હકીકત સાંભળવાથી તે પરભાર્યો ખુશરૂના મહેલ તરફ ખરી હકીકત જાણવા ગયો. મહેલની સર્વ બેગમો તેમજ દાસીઓને પુછતાં પણ તેવોજ ઉત્તર મળ્યો. એ વર્તમાન સાંભળી જવા આવવામાંજ ફક્ત દોઢ કલાક વીતી ગયો, તુરતજ અમીર-ઉલ્-ઉમરા એ વર્તમાન મને જણાવવા મ્હારા મહેલ પાસે આવી ઉભો રહ્યો. તેણે મ્હારા વિલાસભુવનના ખોજા અસમાલ સાથે કહાવ્યું કે: અતિ અગત્યના કામ માટે તે બાદશાહને હમણાં ને હમણાં મળવા માગે છે, માટે તેમને જાગૃત કરી મ્હારો સંદેશો કહો. ખોજા પાસેથી એ વર્તમાન સાંભળી મ્હને તુરતજ વિચાર થઈ આવ્યો કે: જરૂર થોડાજ દિવસમાં ગુજરાતમાં વિદ્રોહ ઉત્પન્ન થશે, અથવા દક્ષિણમાં વિદ્રોહની પતાકા ફરકશે. એવો વિચાર

કરતો હું એકદમ મંત્રી પાસે આવી ઉભો રહ્યો. તેણે શાહજાદાના નાસી ગયાના સમાચાર કહ્યા. એ વાર્તા સાંભળી મ્હેં વ્યાકુળ ચિત્તે પૂછ્યું: " હવે શું કરવું યોગ્ય છે ? હું જાતેજ અશ્વારોહણુ કરી તેની પાછળ જાઉં કે ખુરમને તેની શોધમાં મોકલું ? " પ્રત્યુત્તરમાં મ્હારા મંત્રીએ કહ્યું કે: " એ કામમાં સત્વર પગલાં લેવાં એજ સારૂં છે." વળી તેણે, ચિંતાતુર ચ્હેરે કહ્યું: "યુવરાજ કદાપિ આપના વિરૂદ્ધ હથિયાર ઉઠાવશે એવી મ્હને શંકા રહે છે." મ્હેં કહ્યું: જો હું તેને વિદ્રોહીઓ સાથે મળી મ્હારી સામું હથિયાર ઉઠાવતો જોઇશ કે સાંભળીશ તો જરૂરથી મ્હારી સઘળી શક્તિ અને સેના લઇ તેના સામું જાતે હુમલો કરીશ. આ સામ્રાજ્યની રક્ષા માટે પુત્ર-મિત્ર, સ્વજન કે પરજન કોઈના સામું જોવાનું નથી. હજાર પુત્ર કે ખુદ પોતાના પ્રાણાધિક સ્નેહી કરતાં પણ પારકા વિશ્વાસુ મનુષ્યનું મૂલ્ય અધિક જાણું છું. પોતાના માલિકના કલ્યાણને માટે જે મનુષ્ય પોતાનું સર્વસ્વ વિસર્જન કરે છે તેજ મનુષ્ય યોગ્ય ઈનામ મેળવવાને લાયક ગણાય છે. જે પુત્ર પિતાનો અતુલનીય સ્નેહ, અગણિત ઉપકાર, અને મમતાની દરકાર નહિ રાખતાં કર્તવ્ય ભૂલી જાય છે તે પુત્ર પુત્ર નામને કલંક લગાડનાર છે. તેવાને પુત્ર નામથી સંબોધતાં પણ શરમાવું પડે છે ! તેવા પુત્રો માટે કોઇ પુછે તો પુત્ર કહી બતાવવા કરતાં તેની કોઇ અજાણી વ્યક્તિ તરીકે ઓળખ આપવી એમાંજ શ્રેય છે. એજ પુત્ર મ્હારા પછી ગાદીનો વારસ છે. સામ્રાજ્યના રક્ષણનો ભાર તેના ઉપરજ છે. આટલું જાણવા અને સમજવા છતાં પણ તેણે કૃતઘ્નતા દર્શાવી તેથી હું તેને મ્હારો પુત્ર તેમજ મ્હારા પછીના ઉત્તરાધિકારી તરીકેનો અસ્વિકાર કરૂં છું. એ બાબતમાં ઇસ્લામ ધર્મમાં એક સુંદર દૃષ્ટાંત છે. તેવું વર્તન કરવાની ખાસ જરૂર છે. ઓટોમન રાજાઓમાં રાજ્યના મંગળ માટે એવો નિયમ છે કે: એક પુત્ર સિવાય અન્ય પુત્રોને મારી નાખવામાં આવે છે. હું પણ મ્હારા રાજ્યના મંગળ માટે અને સામ્રાજ્યમાં શાન્તિ અને સુવ્યવસ્થા રહે તે માટે એ વિદ્રોહી પુત્રને સખ્તમાં સખ્ત શિક્ષા કરવા માગું છું. એ પુત્રે પોતાનું પુત્ર તરીકેનું કર્તવ્ય ભુલી જઇ વિરૂદ્ધ માર્ગનું અવલંબન કર્યું છે, તેને

ફરીથી મ્હારા રાજ્યના કોઈ પણ શુભ કાર્ય પર હું ચોજું તો જરૂર ઇશ્વરનો અપરાધી થાઉં. ઇશ્વરેજ મ્હને આ સામ્રાજ્યનો અધિપતિ બનાવ્યો છે. તેની દરેક શુભ ઇચ્છાને આધિન થવું એજ મ્હારો ખરો ધર્મ સમજું છું. અમીર–ઉલ્–ઉમરાને મ્હેં મ્હારા એ વિચારો જણાવ્યા. તેને પણ એ બાબત યથાર્થ સમજાવી. તેણે કેટલીક બાબતમાં પોતાની સંમતિ આપી અને કહ્યું કેઃ જો ખુશરૂ વિદ્રોહીને મળી સામું હથિયાર ઉપાડે અને આપનો નાશ કરવા ઇચ્છા બતાવે, તોજ તેને લડાઈમાં આપની ઇચ્છાનુસાર યોગ્ય દંડ આપવો તેમાં મ્હારી ના નથી, પણ યુદ્ધનો પ્રસંગ આવ્યા વિનાજ તે પકડાઇ જાય તો જરા વિચાર કરી આપના અમલદારોની અનુમતિ લઈ પછી કાંઇ પણ પગલાં લેવાં એજ મ્હારી નમ્ર પ્રાર્થના છે. ત્યાર બાદ તે મ્હારી રજા લઈ વિદાય થયો. ખુરમ પણ તેની સાથેજ ગયો. ખુરમ ખુશરૂથી વયમાં એક વર્ષે ન્હાનો હતો. કાયદો એવો હતો કે જ્યેષ્ઠ પુત્રના અભાવે તેનાથી ન્હાનો પુત્ર રાજ્યાધિકારી થઈ શકે. અમીર–ઉલ્–ઉમરાના ગયા પછી મ્હને પણ તેની પાછળ પાછળ જવાની ઇચ્છા થઇ આવી. હું તેને પુત્ર સમાન પ્રેમથી ચ્હાતો હતો અને મ્હારા હૃદયની ગુપ્તમાં ગુપ્ત વાતો તે જાણતો હતો. કદાચ તેના પર કોઇ પણ જાતની વિપતિ આવી પડશે એવી શંકા થવાથી મ્હારૂં મન ચંચળ બની ગયું. અમીર–ઉલ્–ઉમરાના વિચાર પ્રથમથીજ લઢાઇ સંબંધી જરા મોળા હતા. તેનો વિચાર શાંતિથી કાર્ય લેવાનો હતો. તેની સાથેના વાતચિતના પ્રસંગ પરથી તેની એ મનોભાવનાઓ હું કળી ગયો હતો. એજ કારણથી તેને એકલાને લઢાઈમાં મોકલવા કરતાં મ્હારે પણ જવું યોગ્ય છે એમ વિચારી હું પણ તૈયાર થયો. રાજધાનીમાં જેટલું સૈન્ય હતું તે બધું તૈયાર કરવાનો તેમના સૈનિકો પર હુકમ મોકલ્યો. જે સૈન્ય અને સરદારો દૂર મ્હોટા મ્હોટા નગરમાં હતા, તેમને તેમના સૈન્ય સહિત રાજધાનીમાં એકત્રિત થવા દૂત મોકલી એકદમ બોલાવવાનો કોટવાલને હુકમ આપ્યો. થોડી વારમાં ચાળીશ હજાર ઘોડેસ્વારો સહિત કેટલાક સરદારો આવી ઉભા રહ્યા. સૈન્યમાં ઉંટ બિલ્કુલ હતાં નહિ તેથી રાજ્યમાંથી તુરત એક લક્ષ ઉંટ સજ્જ કરા-

વ્યાં, અને સરદારોની ટુકડીમાં જરૂરીઆત પ્રમાણે વ્હેંચી આપ્યાં. કેટલાક લાયક અમીરોને એક સો અશ્વની ટુકડીથી વધારી બસોની આપી. બધી વ્યવસ્થા ટુંક સમયમાં કરી તેમને કુચ કરવા હુકમ આપ્યો. જે સઘળા અમીરો અને સૈનિકો દૂર નગરમાં હતા તેઓ પણ ધીમે ધીમે આવી પહોંચવા લાગ્યા. દોસ્ત મહંમદ અને કાબુલી મહંમદ બેગને રાજ્ય વ્યવસ્થા બરાબર રાખી પંજાબ તરફ આવવાનો હુકમ કર્યો. થોડીવારમાં ખબર મળી કે, શાહજાદો ખુશરૂ ત્રિશ હજાર લશ્કરનું સૈન્ય લઈ પંજાબ તરફ કુચ કરી જાય છે. કેટલાક વિશ્વાસુ અનુચરોને વેગવાન ઘોડા તથા અશ્વો આપ્યા, અને હું પણ ઘોડેસ્વાર થયો. મ્હારા જાસુસો દ્વારા ખબર મળી કે, ખુશરૂ ડાબી બાજુ તરફ લશ્કર લઈ જાય છે. રસ્તામાં જે જે લોકો મળતા તે બધાને હું બરાબર ખુશરૂના સમાચાર પુછતો. આગળ જતાં ખબર મળી કે, તે સિંધુ નદીની પેલી પાર લશ્કર સાથે જાય છે. કુચ કરતાં આવી હજારો ખબરો મ્હને મળી. પ્રાતઃકાળ થતાં અમે આગ્રા નગરથી ત્રણ માઈલ દૂર સિકંદર નગરમાં આવી પહોંચ્યા. આ સ્થળે મ્હારા પિતાનું સમાધિ મંદિર બંધાવ્યું છે. મિરજા સારોખનો પુત્ર મિરજા હુસેન, ખુશરૂ સાથે મળી તેને લશ્કરી સહાય આપવા જવા વિચાર કરતો હતો, પણ અંદર અંદરજ કાંઈક વાંધા ઉઠવાથી તે તેમ કરતો અટકી પડયો. તેને મ્હારી સન્મુખ લાવી ઉભો કરવામાં આવ્યો. પોતાના દરેક અપરાધ કબુલ કરવાથી તેના હાથ પગ પાછળથી બંધાવ્યા, અને ઉંટ પર બેસાડી મ્હારા સૈન્યની પાછળ પાછળ તેને સંભાળપૂર્વક લાવવા હુકમ કર્યો. મ્હારા પિતાના આત્માની શુભ ઇચ્છાને પ્રભાવે આ સમયે મ્હેં એક શુભ ચિહ્ન દીઠું. તે ઘણુંજ આશ્ચર્યજનક હતું. મ્હારા પિતામહ હુમાયુએ પણ એક દિવસ એ પ્રકારનું શુભ ચિહ્ન જોયું હતું. જ્યારે એમનું વય પંદર વર્ષનું હતું, ત્યારે એક વખત તેઓ તેમના પિતા બાબરના સમાધિસ્થાને દર્શને જતા હતા. રસ્તામાં આવતાં એક પક્ષીને ગગન માર્ગે ઉડતું દેખી, પોતાના અનુચરોને કહ્યું કેઃ " જો હું સામ્રાજ્યનો અધિપતિ થવાનો હોઈશ તો આ તીર દ્વારા પક્ષીનો વધ કરી શકીશ." એમ કહી તેમણે તાકીને તીર માર્યું,

થોડીજ વારમાં બધાના આશ્ચર્ય વચ્ચે પક્ષી લોહીવાળા શરીરે હુમાયુના પગ આગળ આવી પડયું. એ બનાવ બનવાથી તેમણે નિશ્ચય કર્યો કે રાજ્યાસન પ્રાપ્ત થતાં પહેલાં મ્હારે આમ હજારો સાથે યુદ્ધ કરી હાથ લોહીથી ખરડવા પડશે અને ત્યાર પછીજ હું પૂર્ણ શાન્તિથી રાજ્ય ભોગવવા ભાગ્યશાળી થઇશ. મ્હેં પણ આ વખતે નીચે વર્ણવેલો બનાવ બનવાથી મ્હારા ભવિષ્યનો નિર્ણય કર્યો. પિતાના સમાધિ મંદિરથી એકાદ ગાઉ દૂર મ્હારો એક અપરિચિત વ્યક્તિ સાથે મેળાપ થયો. મ્હેં તેનું નામ પૂછ્યું. તેણે પોતાનું નામ મુરાદખાજા જણાવ્યું. એ સાંભળી મ્હેં કહ્યું: હું ઇશ્વરનો ઉપકાર માનું છું. મ્હારી ઇચ્છા પૂર્ણ થઈ. થોડેક દૂર જતાં સમ્રાટ્ બાબરના સમાધિસ્થાન પાસે પણ એક અપરિચિત મનુષ્યની મુલાકાત થઈ, એ મનુષ્ય બાળવા માટે એક ગર્દભની પીઠ પર લાકડાંનો બોજો લાધીને તથા પોતાના માથા પર કાંટાનો એક ભારો લઇને આવતો હતો. તેનું નામ પૂછતાં તે વ્યક્તિએ કહ્યું કે: મ્હારૂં નામ દૌલતખાજા અર્થાત્ સૌભાગ્યવાન છે. તેનું આવું નામ સાંભળી હું ઘણોજ ખુશી થયો, અને મ્હારા અનુચરોને કહ્યું કે: પહેલાં આપણને જે મનુષ્ય મળ્યો તેનું નામ સાદત અર્થાત્ મંગળ હતું. આ શુભ નામનાં ચિહ્નો પણ મ્હારા રાજ્યની સાબીતિ આપે છે. વળી થોડેક અંતરે જતાં જોયું કે, એક પવિત્ર નદીને તીરે એક બાળક ગાયો ચરાવતો હતો. તેનું પણ નામ પૂછ્યું. તેણે કહ્યું કે: "મ્હારૂં નામ સાદતખાજા છે." અમને એ દરેકનાં નામ સાંભળી આશ્ચર્ય થયું અને મ્હારા સર્વ અધિકારી વર્ગમાં પુષ્કળ આનંદ કલરવ થઇ રહ્યો. આ વાર્તા મ્હારા સર્વ સૈન્યમાં પ્રસરી ગઈ અને દરેકે દરેક સૈનિક આનંદમાં આવી નાચવા તથા કૂદવા લાગ્યા. મ્હેં પણ એ ત્રણ નામોને મ્હારા રાજ્યનાં શુભ ચિહ્ન તરીકે ગણ્યાં, અને એ ત્રણ મંગળમય નામાનુસાર મ્હેં મ્હારા સૈન્યને પણ નામ આપ્યાં.

દિવસ બે પ્રહર ચઢી ચૂકયો. મધ્યાહ્નનો પ્રખર તાપ સહન ન થવાથી હું વિશ્રામ માટે ગંભીર વૃક્ષની ઘટા નિચે આસાયસ લેવા બેઠો. મ્હારા સૈન્યને પણ અત્રેજ વિશ્રામ લેવા કહ્યું. વિશ્રામ લેતાં લેતાં એકાએક વિચાર

ઉત્પન્ન થયો કે, ખરેખર રાજ્ય તૃષ્ણા એ મનુષ્યને કીટ માફક ડંખ્યા કરે છે. રાજ્યલોભ એ કેવી બૂરી અને ખરાબ વસ્તુ છે તેનું હવે મ્હને ભાન થતું જણાય છે. રાજ્ય તૃષ્ણા આગળ પિતા-પુત્રનો કે મિત્ર મિત્રાઇનો સંબંધ રાખતા નથી. ખરેખર ! રાજ્યાસન પર બેસનારના નસીબમાં સુખ લખેલું કહેવામાં આવે છે પણ વસ્તુસ્થિતિ તેથી ઉલટીજ છે. જગત્ જાણે છે કે રાજા સુખીમાં સુખી છે, પણ રાજાને જબરા સુખી જાણનારા માનવો ! જરા એક વાર આવો ! અને તેના અંતરપટમાં ઉતરી બરાબર જુવો કે જગતની સર્વ ચિંતા અને દુઃખોનાં ખાનાં આ તમારા કહેવાતા રાજાના હૃદયમાં છે કે નહિ ? આવા વિચારોમાં હું એકદમ ઉદાસ થઈ ગયો. મ્હારી પાસે બેઠેલા સરદાર ખાન-ઈ-આજીમને કહ્યું કે, મ્હને આવું વિશાળ રાજ્ય, ઐશ્વર્ય અને બહાદુર સરદારો મળવા છતાં કષ્ટ થાય છે. હૃદય દુઃખથી પીડાય છે, પરંતુ મ્હારો કમનશિબ પુત્ર હમણાં કેવાં ભયંકર કષ્ટ સહન કરતો દેશ દેશાંતરમાં ન્હાસતો ફરે છે તે જોઇ મ્હારૂં હૃદય ચીરાઈ જાય છે ! તેના અપરાધ અને વિશ્વાસઘાતીપણાનું સ્મરણ થતાં મ્હને ઘણોજ ક્લેશ થાય છે. તેને વેઠવી પડતી મુશ્કેલી અને દુઃખોના વિચાર આગળ મ્હારૂં દુઃખ હું વિસરી જાઉં છું. મ્હારાજ પુત્રે અને વિશ્વાસુ નોકરોએ મ્હારા પ્રતિ વિદ્રોહાચરણ કર્યું, તેથી મ્હને ઘણીજ ગ્લાનિ થાય છે. એ બધું શાને માટે ? ફક્ત એક પાપી રાજ્યલોભ સારૂજ કે નહિ ? મ્હને આ બનાવની આટલી જલ્દી ખબર મળી અને તેથી હું તુરતજ લેવા યોગ્ય પગલાં લઈ ચૂક્યો, તેથી હું ઇશ્વિરનો ઘણોજ ઉપકાર માનું છું. જો મ્હેં ખુશરૂની શોધ માટે વિલંબ કર્યો હોત, તો જરૂર એ કોઇ સરહદનો પ્રદેશ તાબે લઇ કેટલાક વિદ્રોહીઓ સાથે મળી જાત. તેના કાર્યમાં વિઘ્નરૂપ હુંજ થઇ પડયો છું એમ જણાય છે. તેની અગાઉથી ધારેલી સર્વ ધારણા ધૂળ મળી ગઇ છે. થોડા દિવસ પછી અમે ઘણાં સરોવરોથી અને નયનરંજક વૃક્ષોથી વિંટાયેલા એક નગર આગળ આવી પહોંચ્યા. અહિં મ્હેં તંબુ તાણવાનો હુકમ કર્યો. આ સ્થળે અમને ખબર મળી કે ખુશરૂએ જે લશ્કર એકઠું કર્યું હતું, તેમાંના બદક્શાનના સરદાર હુસેન બેગે હિંદુનાં પવિત્ર

સ્થાન મથુરા નગરી પર ચઢાઇ કરવા હુકમ કર્યો છે. તેમણે મથુરામાં દાખલ થઇ નગરવાસીઓ પર અત્યાચાર કરવા માંડયો છે, તેમની સર્વ ધનસંપત્તિ બળાત્કારે લૂંટી લેવા માંડી છે. હજારોને ઘરબાર વગરના અને અનાથ કર્યા છે. એ દેખાવ જોઈ ખુશરૂ અતિશય દુઃખિત અને સંતપ્ત થયો. આ બધા અત્યાચારો અને નાશનું કારણ પોતાનેજ જાણી, પોતાની જાતને ધિક્કાર આપતો અનુચરોને કહેવા લાગ્યો કે: " હાય! મ્હેં અવિચારે કેવા પાપી માર્ગનું અવલંબન કર્યું? મ્હારા દુષ્ટ મિત્રોની સોબતમાં લલચાઇ મ્હેં કયા સુખ માટે મ્હારા સ્નેહાળ પિતાનો ત્યાગ કર્યો. આ વખતે મ્હારૂં પૂર્વ ગૌરવ, તેજ અને સત્તા કયાં જતાં રહ્યાં? હું સમાજમાં એક દુષ્ટ ચરિત્ર-વાન શાહજાદા તરીકે ગણાતો હોઇશ! અમીર જેવા વર્ગમાં પણ હવે મ્હારી ગણત્રી નથી. પ્રજાવર્ગ મ્હને એક ઘાતકી લૂંટારા સિવાય વિશેષ રીતે કદી નહિજ જાણે. મ્હારૂં એટલે સુધી અધઃપતન થયું છે અને હું એટલો બધો નિર્બળ થઈ ગયો છું કે મ્હેંજ તૈયાર કરેલા સૈન્યના અત્યાચારમાંથી હું આજે મ્હારા પિતાની રાંકડી પ્રજાને છોડાવી શકતો નથી." દુઃખ અને સંકટથી સંતપ્ત થતો ખુશરૂ વિલાપ કરે છે એવું મ્હેં મ્હારા જાસુસદ્વારા સાંભળ્યું; પણ જે તેના અધઃપતન અને દુઃખમાંથી બચાવ કરી શકે તેમ હતું, તે પિતા પાસે તે પોતાનું કલંકિત મોઢું લઈ, માફી માગવા આવ-વાની પણ હિંમત કરી શકતો નથી. હું ઇશ્વરને સાક્ષી રાખી કહું છું કે, હતભાગ્ય ખુશરૂ દુઃખથી પીડાતો મ્હારી પાસે આવી એક વાર પોતાના પાપની માફી માગે, તો હું તેના સર્વ અપરાધ ક્ષમા કરી, પુનઃ તેને તેનું ઐશ્વર્ય તેમજ સત્તા આપવા તૈયાર છું. હું તેને ક્ષમા કરીશ કે નહિ તેને માટે પણ તેના મનમાં શંકાજ છે અને હોય એ બનવા જોગ છે, કારણ તે જાણતો હતો કે આ અપરાધ કાંઈ તેનો પહેલવહેલો નથી. મ્હારા પિતા અકબરની માંદગી વખતે પણ તેણે આવી ઉદ્ધતાઈ ભર્યું આચરણ કર્યું હતું. તે વખતે પણ મ્હેં એના દોષ અને કર્ત્તવ્ય તરફ દ્રષ્ટિ નહિ કરતાં, તેના કાલાવાલાથી તેને ક્ષમા આપી હતી.

પ્રકરણ ૩૬ મું.

અકબરશાહનું મૃત્યુ.

મ્હારા પિતા અકબર જ્યારે મરણની પથારીએ પડ્યા હતા ત્યારે કેટલાક દુષ્ટ પ્રકૃતિના અમલદારોએ મ્હારી વિરૂદ્ધ કેટલીક ખટપટ કરી હતી, પણ ઇશ્વરની મહાન ઇચ્છા મ્હને હિંદુસ્તાનના સિંહાસન પર બેસાડવાની હતી. મ્હને રાજ્ય પ્રાપ્ત પણ થયું અને દુષ્ટ પ્રકૃતિના મનુષ્યોની ધારણા ફળિભૂત થઇ શકી નહિ. ઈ. સ. ૧૬૦૫ ની ૧૬ મી સપ્ટેંબરને દિવસે પિતાના દુઃખમાં કાંઇ વધારો થયો. રોગને જરા નરમ પાડવા માટે દવા આપ્યા પછી તેમને કેટલાંક સ્વાદિષ્ટ ફળ આપ્યાં, પણ એ ફળો ખાધા પછી રોગ ઘટવાને બદલે એકદમ વધી પડયો. એ કારણથી બીજે દિવસે તેમણે જળપાન પણ બંધ કર્યું. વધારામાં એ દિવસે અમીનુદ્દિન નામનો એક સરદાર જુગાર રમતો હતો, તેને પોતાની પાસે બોલાવી ગુસ્સામાં કેટલાક શબ્દો કહ્યા. તેથી તેમની પ્રકૃતિમાં વધારે બગાડો થયો. હકિમોએ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે દવા આપવા માંડી. કેટલાક દિવસ સુધી ખોરાકમાં તેમને ખીચડીજ આપવામાં આવતી હતી. શરીરમાં કાંઇક શક્તિ આવે તે કારણથી પિતા તે લેતા હતા, પણ પાચનશક્તિ એટલી બધી મંદ પડી ગઈ હતી કે, જરા જેટલું ખાવા છતાં પણ પેટમાં અજીર્ણનો વ્યાધિ થયો, પેટમાં વેદના પુષ્કળ થવા લાગી. મુજફ્ફર નામના હકિમે કહ્યું કેઃ મ્હારી સાથેના બીજા હકિમ અલિએ ઔષધ આપવામાં તેમજ પથ્ય પળાવવામાં કાંઇક ભૂલ કરી સમ્રાટના રોગની વૃદ્ધિ કરી છે. એ સાંભળી પિતાજી સમજી ગયા હતા કે, રાજ્યના કેટલાક કારણસર મુજફ્ફરખાં, હકિમ અલિની ઇર્ષા કરી પોતાની વચમાં નડતા કાંટાને દૂર કરવા માગે છે. તેમણે તેને ફક્ત એટલોજ ઉત્તર આપ્યો કે "ચિકિત્સકની જરા ભૂલથી ઇશ્વરની ઇચ્છા

વિરૂદ્ધ, મ્હારૂં કદાપિ મરણુ થવાનું નથી." હકિમ અલિએ ચિકિત્સા કરવામાં પોતાની થયેલી ભૂલ કબૂલ કરી હતી, પણુ મુજફ્ફરના ધાર્યા પ્રમાણે મ્હેં તેમને એક પણુ શબ્દ કહ્યો નથી." પણુ ત્યાર પછી તે હકિમ ગમે તેટલો પ્રવિણુ છતાં પિતાજીએ તેની દવા લેવી બંધ કરી. પિતાજીના મરણુના દશ દિવસ અગાઉ હું હમેશાં સવારે તેમજ સંધ્યાકાળે બે ત્રણુ કલાક તેમની પાસે બેસી તેમની સેવા સુશ્રૂષા કરતો હતો. એક દિવસ જ્યારે હું તેમની પાસે ગયો ત્યારે કોઇ પણુ અમલદાર તેમની પાસે બેઠો નહોતો. મ્હને પિતાજીએ ધીમેથી કહ્યું કે: "ત્હારે ત્હારા રક્ષક સૈનિકો સિવાય એકલા થોડોક વખત સુધી મ્હારી પાસે આવવું નહિ. જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં ત્હારા રક્ષક સૈનિકો ત્હારી સાથેજ રાખજે." એ સમયેજ કેટલાક બનાવો એવા બન્યા કે મ્હારે પ્રત્યેક વખતે તેમની આજ્ઞાનુસાર વર્તન કરવું પડતું હતું. પિતાની માંદગીના અગિયારમે દિવસે હું મ્હારા સૈન્ય સામંતો તથા અંગરક્ષકો સાથે પિતાના મહાલયે ગયો. એ દિવસે કર્મચારીઓએ પિતાજીની અનુમતિ લીધા વિના મ્હને અંદર જવાની ના પાડી. તેમની બિલ્કુલ દરકાર રાખ્યા વિના હું મ્હારા કેટલાક અંગરક્ષકોને લઇ અંદર જવાને તૈયાર થયો. મ્હને તેમની વિરૂદ્ધ થઇ દાખલ થતો જોઇ તે લોકોએ મહાલયનાં દ્વારો બંધ કરાવી દીધાં. એ વખતે તો હું પિતાજીને મળતો અટકી પડયો. થોડી વાર પછી મકરબખાંએ મ્હને માનસિંહનો એક પત્ર આપ્યો. તેમાં માનસિંહે મ્હને લખ્યું હતું કે: "જો તમારી ઇચ્છા હોય તો હું સર્વ બાબતોમાં તમને મળતો થઇ બનતી મદદ કરૂં." મ્હારે કબુલ કરવુંજ પડે છે કે, મ્હારી આ વિપત્તિના વખતમાં મકરબખાંએ તથા એજ માનસિંહે મ્હારી વિરૂદ્ધ વિચાર કરનારા સર્વ અમિરોમાં મ્હારે માટે સદ્‌ભાવ બતાવવા કેટલીક રગઝક કરી હતી. મકરબખાં મ્હારા પિતાના હાથ નીચે બે હજાર સૈન્યનો સરદાર હતો. પિતાએ મ્હને બાર હજાર સૈન્યનો સૈનિક નિમ્યો હતો. મ્હેં મકરબખાંને મ્હારા આ કાર્યમાં કરેલી મદદ બદલ ત્રણુ હજાર સૈનિકની સરદારી આપી તેના કામની કદર કરી. એ ઉપરાંત મ્હેં એને મ્હારો મનસબદાર નિમ્યો. પિતાના અવસાન વખતે

તેમની સેવા સુશ્રૂષા અને દર્શનનો લાભ એકાએક બંધ થવાથી મ્હને ઘણુંજ કષ્ટ થવા માંડયું. એવા પરમ દુઃખના દિવસોમાં મ્હેં કાંઇ પણ નહિ કરતાં એક માત્ર ઇશ્વિરનીજ સહાય માટે પ્રાર્થના કર્યા કરી હતી. મ્હારા ત્રણ અંગત સરદારો કે જે મ્હારા પરમ વિશ્વાસનું પાત્ર અને વિચક્ષણ હતા, તેમને મ્હેં મ્હારૂં દુઃખ જણાવ્યું. એ ત્રણનાં નામ મિરાન સદરજાન, મિરરેજાઉદ્દીન, અને ખાજા યુસુફ હતાં. ઇરાનના સમ્રાટ્ તમાસ્પની મરણ રાત્રિએ સુલતાન હૈદર મિરજા અને શાહ ઇસ્માઇલની જેવી અવસ્થા હતી તેવીજ અવસ્થા આજે મ્હારી થઇ છે એવું કહી તેઓએ મ્હને તેનું વર્ણન કહી સંભળાવ્યું. શાહ તમાસ્પના મરણ પછી ઇસ્માઇલ મિરજાને સમ્રાટ્ પદ પર અભિષિક્ત કરવાને કેટલાક લોકોએ મસલત કરી. ઇસ્માઇલિ મિરજા રાજધાનીના રાજ મહેલમાંજ રહેતો હતો. એજ અમીરોએ તેને ગાદી પર બેસાડવા માટે ઇસ્માઇલ મિરજાની ભગિની સાથે કેટલીક વાતચિત કરી. તે જાણતા હતા કે બીજા પણ કેટલાક દરબારીઓ વિરૂદ્ધમાં છે. હૈદર મિરજાને તખ્તનશિન કરાવવા તેઓ ઇચ્છા કરે છે. રાજાના મરણ પછી હૈદર મિરજાના પક્ષમાં અમીરોએ અને હુસેની બેગે પોતાના ભાઈ મુસ્તુફા મિરજાને લઈ રાજ્યધાનીનો કબજો લીધો. રાજધાનીમાં જે સૈન્ય હતું તે બધું હારી ગયું. બીજો કાંઈ ઉપાય જડયો નહિ ત્યારે તેમણે હૈદર મિરજાનું મસ્તક છેદન કરી નગરના ઉંચ ભાગ પરથી શત્રુ પક્ષમાં ફેંકી દીધું. એ દેખાવ જોઇ મુસ્તુફા મિરજા પોતાનું દશ હજાર સૈનિકોનું સૈન્ય લઇ યુદ્ધ ક્ષેત્રમાંથી એકદમ પલાયન કરી ગયો. થોડાજ વખતમાં હુસેનીબેગ અને તેના ભાઈ સિવાય સર્વ સૈન્યે તેમનો ત્યાગ કરી દીધો. અંતે એજ હુસેનીબેગે નવીન સમ્રાટ્ તથા શાહ ઇસ્માઇલિના હાથમાં મુસ્તુફા મિરજાને સોંપી દીધો ! શાહ ઇસ્માઇલે મુસ્તુફા મિરજાનો વધ કર્યો.

મ્હારા પરમ વિશ્વાસુ બંધુઓના કહેવા પ્રમાણે હું પણ પછી પિતાજીના રાજમહેલ તરફ ગયો નહિ. મ્હેં મ્હારા પુત્ર પરવેજ દ્વારા પિતાજીને સંદેશો મોકલાવ્યો કે, મ્હને એકાએક મસ્તક વેદના થવાથી હું આપની સેવામાં હાજર થઇ શક્યો નથી. એ સાંભળી પિતાએ મ્હારા આરોગ્ય માટે

ઇશ્વરની પ્રાર્થના કરી અને ખાજા કુસુફને કહ્યું કેઃ "હવે હું આ જગતમાં થોડા કાળનો મ્હેમાન છું. મ્હારી ઇચ્છા જહાંગિરને મળવાની છે." મ્હારે માટે વિલાપ કરતાં તેઓ બોલ્યા કેઃ "હાય ! પુત્ર ! મ્હારી અંતની ઘડીએ તું કયા કારણે મ્હારાથી દૂર રહ્યો છે ? ત્હારે ખાત્રી રાખવી કે મ્હારા મરણ પછી તુંજ રાજ્યાસન મેળવવા ભાગ્યશાળી થઇશ." પિતાનું મરણ હવે છેક નજીકમાં જાણી કેટલાક અવિશ્વાસી અને કૃતઘ્ન અમીર લોકોએ ખુશરૂને સિંહાસનારોહણ કરવા ષડ્યંત્ર કરવા માંડયા. તેઓએ કેટલાક હિંદુ તેમજ મુસલમાન સરદારો પાસે ખુશરૂને રાજગાદી અપાવવાના સોગંદ લેવડાવ્યા. બુખારા નિવાસી શેખ ફરીદ હમેશાં બાદશાહની સેવા કરતો હતો. તે વિશ્વાસુ મકરબખાંને મહેલના સર્વ સમાચાર કહેતો. હિંદુ અને મુસલમાનોએ સોગંદ લીધા પછી "ખાન–ઇ–આઝીમ" નો ઇલ્કાબ ધરાવનાર મિરજા કોકાએ અકૃતજ્ઞ પુત્રને ભવિષ્યમાં રાજા બનાવવામાં આવશે એવો સંદેશો પણ દૂત દ્વારા તેને મોકલાવ્યો. વળી તેણે ખુશરૂને કહાવ્યું કેઃ તમારી પર કોઈ વિપત્તિ આવી ના પડે તે માટે તમારે હમેશાં ચેતતા રહેવું. એના ઉત્તરમાં ખુસરૂએ કહાવ્યું કેઃ રાજ્ય મળવાનો નિશ્ચયજ છે ત્યારે ચિંતા શી ? બાદ એ વખતે પિતાજીને ઘણીજ વેદના થવાથી તેમને સ્થાનાન્તર કરવાની વાત ચાલી. પરંતુ મિરજા કોકા અને ખુશરૂએ રાજ્ય મળવાના નિશ્ચયથી માનસિંહને કહ્યું કેઃ "સમ્રાટ્‌ને આવી સ્થિતિમાં સ્થાનાન્તર કરાવવામાં ઘણુંજ કષ્ટ પડશે. તદ્દન નબળી અવસ્થામાં તેમને શય્યામાંથી ઉંચકવામાં તેમના પ્રાણની ભીતિ રહે છે." તેમ છતાં રાજા માનસિંહે સમ્રાટ્‌ને કહ્યું કેઃ "સલિમે સૈન્ય સામંતથી મહેલને ઘેરી લીધો છે, છતાં પણ જો સમ્રાટ્‌ની ઇચ્છા હોય તો આપને યમુના પારના બંગલામાં લઇ જઇએ. સ્વાસ્થ્ય લાભ થયા પછી મહેલમાં પાછા આવીશું." સમ્રાટે ઉત્તરમાં કહ્યું કેઃ "શા કારણથી સલિમે સૈન્ય સંગ્રહ કરી મહેલને ઘેરી લીધો છે ? શું અમીર લોકોએ સલિમને મહેલમાં મ્હારી પાસે આવવા ના પાડી છે ?" તદ્દન અશક્તાવસ્થામાં આટલું બધું બોલવાથી બાદશાહનો કંઠ રૂંધાઈ ગયો. તેઓ અમીર વર્ગ તરફ પુંઠ કરી એકદમ સુઇ ગયા. થોડી વારે જરા સ્વસ્થ થતાં, પાપી

મિરજા કોકા પિતાજી પાસે આવી ખુશરૂના ભવિષ્ય સંબંધી ખુલાસો પુછવા મંડયો: મરણની છેલ્લી વેદનાથી પીડાતા સમ્રાટે કહ્યું: “ તમે આવું બોલી મ્હારી મુક્તિના દ્વારમાં વિક્ષેપ નાંખો છો. હજી હું જીવીશ એવી મ્હને કાંઈક આશા છે, તથાપિ ઈશ્વરઈચ્છા મ્હને તેનાં અનંત અને સદા સુખી ધામમાં બોલાવવાની હશે અને તેમ થશે તો પણ મ્હારા પુત્ર સલિમશાહનું રણ-કૌશલ્ય, રાજનીતિ, બુદ્ધિ તેમજ અસામાન્ય રાજગુણો ઈત્યાદિકનું મ્હારાથી કદીએ વિસ્મરણ થઇ શકશે નહિ. કદાચ દુષ્ટ લોકોની સંગતથી અણુસમજમાં તેણે મ્હારા વિરૂદ્ધ આચરણ કર્યું હોય તો તેથી શું થયું ? ગમે તેમ પણ તે મ્હારો જ્યેષ્ઠ પુત્ર છે. ન્યાયાનુસાર તેજ મ્હારો ઉત્તરાધિકારી થશે. મ્હારા વડિલોથી ચાલતા ધારાઅનુસાર પણ મ્હારા પછી સામ્રાજ્યનો ખરો હકદાર તેજ થશે. ખુશરૂને હું બંગાળાનો શાસન કર્તા બનાવીશ. ”

પિતાનો ઉત્તર સાંભળી પોતાનું કાંઇ વળે એમ નહિ લાગવાથી, ખુશરૂ પક્ષનાં ઘણાં માણસો મ્હારી પાસે આવ્યાં અને મ્હને કહ્યું કે: “ બાદશાહે આપના પુત્ર ખુશરૂને ઉચ્ચ પદે ભૂષિત કર્યો છે અને આપને “શાહભાઇ”નું ઉપનામ આપવાને ખુશરૂને આદેશ કર્યો છે. આશા છે કે આપ તેને પિતાને લાયક પ્રેમ અને યત્ન આપશો. તેમને ઉત્તર દેતાં મ્હેં કહ્યું કે: “ મ્હારા પિતા પણ મ્હને ‘બાબા’ (વત્સ) સિવાય અન્ય નામથી કદાપિ બોલાવતા નહોતા. એનો અર્થ એજ કે હુંજ તમારો ભવિષ્યનો બાદશાહ છું. તેથી તમારે પણ તે પ્રમાણે કબૂલ કરવુંજ પડશે કારણ કે પુત્ર કદી પણ ભાઈ કિંવા પિતા થઇ શકે નહિ. મ્હારા આ વિચારો સાંભળી અમીરો સ્તબ્ધ થઇ ગયા. કાંઈ પણ બોલી શકયા નહિ. અત્યાર સુધી મ્હારા વિરૂદ્ધ કરેલા આચરણ માટે તેઓએ મ્હારી પાસે માફી માગી અને છેવટે તે લોકોએ મ્હારૂં દાસત્વ કબુલ કર્યું અને મ્હારા પક્ષમાં ભળવાના સોગંદ લીધા. મિરજા કોકાએ પોતાની ભુલ માટે પસ્તાવો કરી મ્હને મળવા ઇચ્છા બતાવી. ઉત્તરમાં મ્હેં કહાવ્યું કે: અત્યાર સુધી એકનિષ્ઠાથી કરેલી રાજસેવાની કિંમત હું જાણું છું અને તેજ કારણથી તમારો અપરાધ ક્ષમા કરૂં છું. તે મ્હારી ઘણી ખુબી બાબતો જાણતો હતો. મ્હેં હમેશાં તેની સાથે ખુલ્લે દીલેજ વાતો

કરી છે. એના પર મ્હારો એટલો બધો પ્રેમ છતાં પણ તેણે મ્હારી વિરૂદ્ધ આચરણ કર્યું, તેજ કારણથી આ બનાવ પછી મ્હેં એની સાથેનો મ્હારો સંબંધ ઓછો કર્યો. સર્વેથી પ્રથમ બુખારા અધિવાસી શેખ ફરીદ મ્હને માન આપવા આવ્યો. મ્હેં તેને એક તલવાર, બહુ મૂલ્ય સાજસજિત અશ્વ અને એક લાખ રૂપિયાનું ઇનામ આપ્યું. ત્યાર પછી રાજા માનસિંહ આવ્યા તેમને પણ એક તલવાર, અશ્વ અને બીજી કેટલીક વસ્તુઓ ભેટ આપી. બીજે દિવસે રાજા માનસિંહ* અને મિરજા કોકાને લઇને ખુશરૂ મ્હારી પાસે આવી ઉભો રહ્યો. ખુશરૂને બંગાળાનો અધિપતિ બનાવવાને અને મહંમદ તેધલને તેના સહાયક તરીકે મોકલવાને મિરજા કોકાએ મ્હને ઘણોજ આગ્રહ કર્યો. મ્હારા રાજત્વની શરૂઆતથીજ ખુશરૂની ગેરહાજરીને લીધે મ્હને ઘણું માઠું લાગ્યું હતું. તેમ છતાં મ્હેં કોકાની પ્રાર્થના કબૂલ કરી. કેટલોક વિચાર કરી મ્હેં તેમને યમુનાને પેલે પારના બંગલામાં રહેવાનો હુકમ કર્યો અને પિતાનું મરણ થયા બાદ તેને બંગાળા જવાની રજા આપવાનું કબૂલ કર્યું.

સામ્પ્રત જેવા દારૂણ ચિંતાના સમયમાં પિતાએ મ્હને માથાનો શિરપેચ અને પોષાક મોકલ્યો, અને દૂત સાથે કહાવ્યું કેઃ—" ત્હારી ગેરહાજરીથી હું મ્હારા દિવસો અસંતોષ અને દુઃખમાં ગાળું છું. " એ સાંભળતાંજ તેમણે મોકલાવેલો પોષાક પહેરી એકદમ હું તેમને મળવા રાજમહેલમાં ગયો. ઇ. સ. ૧૬૦૫ ની આઠમી અકટોમ્બરે પિતાના દુઃખમાં એકદમ વધારો થયો. હું ગયો કે તુરતજ તેમણે સર્વ અમીર ઉમરાવોને પોતાની પાસે એકત્ર થવા કહ્યું. મ્હને પાસે બોલાવી કહ્યું કેઃ " જે જે લોકોએ મ્હને આટલાં બધાં વર્ષો સુધી, એકનિષ્ઠા અને વિશ્વાસથી રાજ્ય કાર્યમાં પોતાનું તન, મન, અને ધન અર્પી મદદ કરી છે, તેજ લોકો આજે ત્હારી વિરૂદ્ધ થઇ કાર્ય કરે તે મ્હારાથી સહન થઇ શકતું નથી. તેમની સાથે ત્હારો એકમત થાય, તમારી મિત્રતા વધે, અને અંતઃકરણથી તેઓ ત્હને રાજ્ય કાર્યમાં મદદ કરે તે માટે સર્વેને મ્હારી સન્મુખ બોલાવ. " તેમની ઇચ્છા પૂર્ણ કરવા

* ખુશરૂનો મામો.

મ્હેં ખોજા યુસુફને સર્વ અમીરોને તેડવા મોકલ્યો.

સર્વે અમીરો પિતા સન્મુખ આવી ઉભા રહ્યા. પિતાએ તેમના સ્હામું ચારે દિશામાં પ્રેમ ભરી દૃષ્ટિ ફેરવી. રાજ્ય કાર્ય સંબંધમાં પોતાના કોઇ પણ અમીર ઉમરાવને કાંઇ પણ કહેવું પડયું હોય તો તે માટે ક્ષમા ભિક્ષા માગી. પછીથી સર્વે સરદારોને નીચે પ્રમાણે કહ્યું:—

" મ્હારા સરદારો, અમીરો, સ્નેહીઓ ! જે શાન્તિ મ્હેં અને તમે મ્હારા રાજ્યમાં ભોગવી છે તેને હમેશાં સ્મરણમાં રાખજો. આ વખતે તમને સર્વને મ્હારી પાસે જોઇ મ્હને પરમ આનંદ થાય છે. ધર્મદષ્ટિથી મ્હારા અવસાન પછી રાજ્યનો ખરો વારસ સલીમ છે. તેને મ્હારા પછી રાજ્યારોહણ કરવાની હું ભલામણ કરૂં છું. રાજા અને રાજ્યનું સંરક્ષણ કરવું એ મ્હારા બહાદુર અને વફાદાર સરદારોનાજ હાથમાં છે. હું આશા રાખું છું કે, તેનું યથેચ્છ રીતે આપ સર્વ રક્ષણ કરશોજ. સમજે કે અણુ-સમજે મ્હેં જો આપની કોઈ ભૂલ કરી હોય તો તે માટે હું આપની પાસે ક્ષમા માગું છું. મ્હારા સાંભળ્યામાં આવ્યું છે કે, તમારા અંદર અંદરના કલહને લીધે તમે મ્હારા પછી સલીમને રાજ્ય આપવા વિરૂદ્ધ કાંઇક ગોઠ-વણ કરવા માંડી છે, પણ કદાચ સલીમથી જો કાંઇ તમારો અપરાધ થયો હોય, અને તેથી તમને ખોટું લાગ્યું હોય તો તે બદલ હું ક્ષમા–ભિક્ષા માગું છું, અને એટલું કહું છું કે મોગલ શહેનશાહતના અસ્તિત્વ માટે તથા દિલ્લીની ગાદીના સુરક્ષિતપણા માટે, આપણું માન અને ગૌરવ સાચવવાને માટે તથા છેવટ ઇસ્લામી ધર્મને માટે પણ તમે સર્વ સલીમના કોઈ પણ ગુન્હા ભુલી જશો અને મ્હારા પછી તેનેજ તખ્તનશીન કરશો એવી મ્હને છેવ-ટની શાન્તિ ભરેલી આશા આપો. નજીવી બાબતોને ગંભીર રૂપ આપવાનું પરિણામ કદી પણ સારૂં આવતું નથી. ગમે તેમ પણ મ્હારા વૃદ્ધ, અનુ-ભવી અને બહાદુર સરદારો આગળ સલીમ એક બાળકજ છે. તેને બાળક ગણીને તેનો નિર્જીવ કે પછી કોઇ ગંભીર અપરાધ થયો હોય તો તે તરફ દુર્લક્ષ્ય કરવું એ તમો સર્વનું કર્તવ્ય છે. તેમાંજ રાજા પ્રજા ઉભયનું કલ્યાણ છે. પ્રસંગોપાત તેને યોગ્ય સલાહ આપી, હિંદુ અથવા મુસલમા-

નોને સમદ્રષ્ટિથી જોતાં શીખવવું એ બળ તમારામાંજ છે. એ સત્તા તમારાજ હાથમાં છે. આત્મા અવિનાશી છે. તમારે એમ ન સમજવું કે મ્હારી દેહ મરી ગઇ અથવા મ્હારો સર્વથા નાશ થયો. મ્હારા આત્માની શાન્તિનો ઉપાય માત્ર એકજ છે. તે મ્હેં તમને ઉપર કહી બતાવ્યો એજ છે. બસ! મ્હારા વફાદાર શૂરા સરદારો! તમારે માટે એટલુંજ બસ છે. તમારા રાજા માટે તમને કાંઇ દયા, કાંઈ અનુકંપા, કાંઇ પ્રેમ, કાંઈ લાગણી, કાંઇ પૂર્વ-સંબંધ અને કાંઇ શોચ થતો હોય તો મ્હારા આત્માની શાંતિ માટે મ્હારી કબ્ર ઉપર ફક્ત તમારા નિર્મળ હૃદયનું માત્ર એકજ પ્રેમપૂર્ણ અશ્રુબિંદુ તમારા ચક્ષુમાંથી પાડજો. બસ! બસ! મ્હારી શાન્તિ માટે એટલું બસ છે. મ્હારી સર્વ ઇચ્છાનો લય એટલામાંજ થાય છે, તમે બધા આનંદ વિલાસમાં રહેજો. આજે મ્હારો આત્મા દેહપિંજર ભાંગી ચાલ્યો જશે તે આ જગતનાં દુઃખનો ત્યાગ કરી અનંત વિશ્રાંતિ લેવા ચ્હાય છે."

મ્હારા પિતાના ભાષણનું પરિણામ ઘણુંજ ઉત્તમ નિવડયું. પાષાણ હૃદયી સરદારોના અંતઃકરણ પીગળી ગયાં. તેમના નેત્રમાં અશ્રુ આવી ગયાં. અને પિતાના હૃદયની શાન્તિ માટે અને પોતાની એકનિષ્ઠ રાજ્ય ભક્તિનું અનુપમ દૃષ્ટાંત બતાવવા માટે એકદમ ત્યાં કુરાન મંગાવ્યું. એક પછી એક સર્વે સરદારોએ મ્હને વફાદાર રહેવા પ્રતિજ્ઞા લીધી. એમ થવાથી પિતાનું વદન પ્રફુલ્લ થયું. એજ તેમની શાંન્તિ માટે બસ હતું. તેઓ વિશેષ કાંઇ બોલી શક્યા નહિ. પિતાનો મૃત્યુ સમય ધીમે ધીમે નજીક આવતો જોઇ હું પુત્રને યોગ્ય હોય એવું અંતિમ કર્તવ્ય કરવા ઉઠયો. તેમની શય્યા પાસે જઇ તેમના બન્ને ચરણને સ્પર્શ કરવા જાઉં છું તેટલામાં તો મ્હારાથી એકદમ રડી દેવાયું. મ્હારી છાતીમાં ડુમો ભરાઇ આવ્યો. તે હું અટકાવી શક્યો નહિ. તેમ છતાં પિતા શુદ્ધિમાં હોય તે વખતે કરવી જોઈતી કેટલીક ક્રિયા કરવીજ જોઇએ એમ હું જાણતો હોવાથી ઝટ ઉઠયો અને ત્રણ વાર તેમની પ્રદક્ષિણા ફર્યો. તેમણે મ્હને પોતાની પાસે બોલાવી પોતાની પ્રિય તલવાર "ફતાઉલ-મુલ્ક* મ્હને આપી અને તે મ્હારી કમ્મરે બાંધવા કહ્યું.

---

* સામ્રાજ્યનો જય કરનાર.

મ્હેં પુનઃ એમના ચરણનો સ્પર્શ કરી નમન કર્યું. હું એટલો બધો દુઃખી થઇ ગયો હતો કે મ્હારાથી ઘણું કષ્ટે શ્વાસ મૂકી શકાતો હતો. હું આવી ન દીઠેલી બીના જોવાથી હતાશ થઇ પડયો. મ્હારામાંથી સારાસાર વિચારની શક્તિ પણ નાશ પામી. અમારો ધર્મગુરૂ મ્હને જેટલું કરવા કહેતો તેટલી અંત્યેષ્ઠિ ક્રિયા કરી પાછો મૂઢ જેવો ઉભો રહેતો. તારીખ ૯ મી અક્ટોબરે એક પ્રહર દિવસ ચઢતાં પિતાએ આ મોહમાયા ભરેલા નશ્વર સંસારનો ત્યાગ કરી સદા સુખી અને અનંત શાન્તિદાયક અગોચર પ્રદેશ તરફ સદા માટે પ્રયાણ કર્યું. મૃત્યુ પ્હેલાં થોડી વાર અગાઉ તેમણે મિરાન સદરને "કલમાં"* પઢવા કહ્યું. મરણની અંત ઘડી પહેલાં એમને એવી આશા હતી કે ઇશ્વર હજી તેઓને બચાવી શકશે. સદર જહાન આવી પહોંચ્યો, મ્હેં તેને પિતાની શય્યા પાસે ઘુંટણીએ બેસી ધર્મગ્રંથ વાંચવા કહ્યું. હું પિતાના મસ્તક આગળજ બેઠો હતો. તેઓ મને એકદમ કંઠે બાઝી પડયા અને કહ્યું: "પ્રિય પુત્ર! બસ! હવે મ્હને વિદાય થવા દે! મ્હારા વ્હાલા વત્સ! હું હવે પુનઃ આ લોકમાં આવા શરીરથી કદાપી મળી શકીશ નહિ. તું મ્હારા જનાનખાનાની સર્વ રમણીયોનો યોગ્ય બંદોબસ્ત કરજે. તેમને ન્યાયાનુસાર યોગ્ય માસિક પગાર બાંધી આપજે. મ્હારા મરણથી ત્હને કારી ઘા લાગશે તે હું સારી રીતે સમજુ છું. પણ બચપણથી તે અત્યાર સુધીમાં મ્હેં તને જે જે બોધ આપ્યો છે તે બરાબર ધ્યાનમાં રાખી વર્તન કરજે. તેં મ્હારા સમક્ષ જે જે પ્રતિજ્ઞાઓ લીધી છે તે કદાપી ભુલીશ ના. ત્હારા ઉપર મ્હારા અનેક ઉપકાર થયેલા છે. તે ન્હાના હોય કે મ્હોટા પણ તેનો બદલો વાળજે. રાજ્યમાં મ્હારૂં ગૌરવ કેટલું હતું તે બરાબર સ્મરણમાં રાખજે. મ્હારામાં જે જે દયાના ગુણો હતા, જે જે દાનની વૃત્તિઓ હતી, તેનું બરાબર મનન કરી ત્હારા જીવનમાં ઉતારજે અને તદનુસાર આચરણ કરજે. હમેશાં મ્હારા રાજ્યના સરદારો, અમીરો, નોકરો અને આશ્રિતોનું બરાબર પ્રતિપાલન કરજે. જે જે વિષયો ઉપર મ્હેં ત્હને બોધ

---

* મુસલમાન ધર્મનો મુખ્ય મંત્ર "એક ઈશ્વર સિવાય અન્ય ઈશ્વર નથી. હ. મહંમદ ઈશ્વર પ્રેરિત છે."

આપ્યો છે, તેના પ્રત્યેક શબ્દની કિંમત બરાબર આંકજે. તદનુસાર ત્હારૂં જીવન બનાવજે. મ્હને ત્હારા સ્મરણમાં રાખજે. કોઈ કોઈ વખતે સંભારજે.” મ્હને જેટલું કહેવા યોગ્ય હતું તેટલું કહીને સદર જહાનને તેમણે કલમા પઢવા કહ્યું. પોતે પણ શુદ્ધ સ્વરે મ્હોટેથી તેની સાથે સાથે બોલવા લાગ્યા. ધીમે ધીમે તેમની શક્તિ મંદ પડવા લાગી. તેમ છતાં ઓસિકા પાસે જઇ તેમણે મિરાન સદરજહાનને સૌરાનિસા, કુરાનનો એક અધ્યાય અને આદિલા ઇશ્વિરની પ્રાર્થના વાંચવાનું કહ્યું, અને પોતાના આત્માને સંપૂર્ણ રૂપે ઇશ્વિરને સમર્પણ કરવા તૈયાર રાખ્યો. મિરાન સદરજહાન સૌરા પૂર્ણ કરીને પ્રાર્થનાનું છેલ્લું વાક્ય બોલતો હતો તે સમયે પિતાના નેત્રને એક ખૂણે આંસુનું બિંદુ દેખાયું. તેમની પાસેના બધા સરદારો શાંતિથી ઉભા હતા તે દરેકની આંખો અશ્રુપૂર્ણ હતી. તેમની બોલવાની શક્તિનો નાશ થયો હતો. તેમણે ચક્ષુ ઉઘાડી સર્વ તરફ એક છેલ્લી પ્રેમ ભરી દૃષ્ટિ નાંખી અને સદાને માટે જાણે જવાની રજા લેતા હોય તેમ દેખાયા. પ્રાર્થનાની સમાપ્તિ સાથેજ તેમનો આત્મા, આ નાશવંત શરીરનો ત્યાગ કરી પરમ શાંતિ ધામ તરફ પ્રયાણ કરી ગયો. મહેલમાં, નગરમાં અને સમસ્ત સામ્રાજ્યમાં જ્યાં જ્યાં એ સમાચાર પ્રસર્યા ત્યાં ત્યાં સર્વ સ્થળે શોક છવાઇ ગયો. એ સમયની મ્હારી દુઃખદ્ સ્થિતિનું વર્ણન લખવા જતાં આજે પણ મ્હારાથી અશ્રુપાત થઇ જાય છે. કલમ અટકી પડે છે, પણ ઇશ્વિરઇચ્છા આગળ મનુષ્યની ઇચ્છાનું કશું બળ નથી ચાલતું. ઘણી વખત શાંત થઇ બેસી રહું છું. અહો! પેલું મ્હોટું વટ્વૃક્ષ, આજે જીર્ણાવસ્થામાં ભૂમિ પર પડયું છે તે એક દિવસ ઉદ્યાનના અલંકાર સ્વરૂપ હતું! ખરેખર! ચિર પરિવર્તનશીલ પૃથ્વી! ત્હારા મોહનમંત્રમાં તેં સર્વને મુગ્ધ કરી રાખ્યા છે. કાળના કરાલ ગ્રાસમાંથી ધનવાન, દરિદ્ર, ઉંચ અથવા નીચ, કોઇનો પણ છુટકો થયો નથી! જગત્માં અદ્રષ્ટ સિવાય બીજું કાંઇજ નથી. અદ્રષ્ટના હાથમાં સંપૂર્ણરૂપે આત્મ વિસર્જન કર્યા સિવાય મનુષ્યનો બીજો ઉપાયજ નથી.

હાય! છેવટે રાજા અને રસ્તામાં રખડતા ભિખારીને માટે જે શય્યા હોય છે તે ઉપર પિતાના દેહને મૂકવામાં આવ્યું. મૃત દેહને વિવિધ જાતની

સુંગધી, કપૂર, કસ્તુરી, ગુલાબજળ ઇત્યાદિક વસ્તુઓથી સ્નાન કરાવ્યા પછી એક સુંદર વસ્ત્રથી તેમના શરીરને આચ્છાદિત કરી એક કૉફિનમાં મુકી ગૃહના મુખ્ય દ્વાર પર્યંત મ્હારા ત્રણ પુત્રો અને હું પોતે તેમના શબને વહન કરી લાવ્યા. મુખ્ય દ્વાર વટાવ્યા પશ્ચાત મુખ્ય મુખ્ય અમલદારોએ કૉફિનને પોતાના સ્કંધ પર લીધું અને ધીમે ધીમે પ્રત્યેકે શોકાતુર વદને સિકંદરા તરફ પ્રયાણ કર્યું. એ સ્થળે જગવિખ્યાત મહાન શહેનશાહ અકબરના નશ્વર દેહને અતિ વિશાળ આકાશના છત્ર નીચે સમાધિ કરાવી. સાત દિવસ સુધી પિતાની પવિત્ર સમાધિ પાસે બેસી, મ્હેં મ્હારા દિવસો શોકમાં વ્યતીત કર્યા છે. મ્હેં વિશ મનુષ્યોને સમસ્ત રાત્રિ સમાધિસ્થાન પાસે બેસી કુરાનનો પાઠ કરવા હુકમ કર્યો. તેમના સમાધિ સ્થાન ઉપર એક વિશાળ મંદિર બંધાવવાનો હુકમ કર્યો અને તેના ખર્ચ માટે ૬૭ લાખ ૫૦ હજાર રૂપિયા આપ્યા. એ સાત દિવસમાં દરરોજ પ્રાતઃકાળે અને સંધ્યા સમયે દરિદ્ર, અનાથ, અપંગ અને ગરીબ લોકોને બસો પ્રકારનું વિવિધ મિષ્ટાન્ન વહેંચવાનો હુકમ કર્યો હતો. મ્હારા પિતાજીએ ૭૫ વર્ષ ૧૧ મહિના અને ૯ દિવસની વયે પોતાની માનવ લીલા સમાપ્ત કરી. પિતાના મૃત્યુ પછી રાજ્યના કેટલાક અધિકારીઓએ ખુશરૂને રાજ્યાસન પર બેસાડવાનો ફરી વાર ષડ્યંત્ર રચ્યો અને ખુશરૂને તેઓએ "બાદશાહ"નો ખેતાબ આપ્યો. એ સિવાય તેઓ કંઇ વધુ કરી શક્યા નહિ, પણ મ્હારા પર સર્વનિયંતા પરમેશ્વરની કૃપા પૂર્ણ હતી તેથી તેમના ષડ્ યંત્રથી મ્હનેજ જય લાભ મળ્યો. કોઇની પણ સહાયતાની મ્હને જરૂર પડી નહિ. ખુન લઢાઇ વગર મ્હનેજ રાજમુકુટ પહેરાવવામાં આવ્યો. એ મહાન પ્રભુની કૃપાનુંજ ફળ હું ગણું છું. જે અજર, અમર અને અવિનાશી ભગવાને મ્હારા પર આટલી બધી કૃપા કરી આટલું મોટું સામ્રાજ્ય મ્હને બક્ષ્યું, તેના સમક્ષ હું પ્રતિજ્ઞા કરૂં છું કેઃ **મ્હારા રાજ્યના અનાથ, દુઃખી અને ગરીબોના રક્ષણ માટે હું મ્હારાથી બનતું કરીશ.** હું દરેક કાર્યમાં તેમની અનુમતિ લઇશ. તેમનાજ કલ્યાણ માટે હું પ્રાર્થના કરીશ. **આત્મીય-સ્વજન કે સંતાન તરફ તેમના કરતાં વિશેષ પ્રેમથી કદાપિ પણ જોઈશ નહિ. સરદાર કે કોઈ આપ્ત**

વર્ગને ખુશી કરવા કરતાં જે પ્રજાને લીધે હું આ મહાન સુખો ભોગવવા ભાગ્યશાળી થયો છું તે પ્રજાના સુખ દુઃખનો વિચાર કરી તેમને સંતુષ્ટ કરવા એ કેટલું અધિક ઉત્તમ કાર્ય છે? અને તેનું ફળ શું છે? તેનો મ્હેં મન સાથે બરાબર વિચાર કર્યો છે. મ્હારા પિતાના મરણ વખતનો ઉપદેશ પણ મ્હને એવુંજ શિખવે છે કે: "**પ્રજાનું યોગ્ય રીતે સંરક્ષણ કર.**" મ્હારૂં સમસ્ત જીવન તેવીજ રીતે ગાળવા મ્હેં દૃઢ પ્રતિજ્ઞા કરી છે. પ્રભુ મ્હને તેટલું બળ આપો.

મ્હેં સાંભળ્યું છે કે: કોઈ એક ઉત્સવને દિવસે પ્રાતઃકાળમાં શેખ વાજિદ, સ્નાનાગારમાંથી બહાર નિકળતા હતા. તે સમયે કોઇએ અજાણતાં તેમના મસ્તક ઉપર રાખોડી નાખી. શેખજીએ દાઢી ઉપરથી રાખોડી ખંખેરી નાંખી પ્રસન્ન ચિત્તે કહ્યું: "હે મ્હારા આત્મા! હું આ વખતેજ મ્હારૂં મૂલ્ય સમજ્યો છું. શું મ્હારા મુખનું મૂલ્ય એક મુઠ્ઠી રાખોડીજ? સુખ્યાતિ ઉપર ખરા મહત્વનો આધાર નથી. અહંકારી અને દાંભિકના મનમાં મહત્વ અને ઉચ્ચ ભાવ હોતા નથી. દિનતા વડેજ તમારા મિત્રોમાં તમારૂં મસ્તક ઉંચું થશે, પરંતુ અહંકાર તમને ધૂળમાં મેળવી દેશે. હે ઉદ્ધત અને દાંભિકો! તમારૂં માથું નીચું કરો. ખ્યાતિની આકાંક્ષા રાખતા હો તો તે શોધશો નહિ."

શેખ વાજિદના ઉપરોક્ત શબ્દો યાદ રાખવા જેવા છે.

પ્રકરણ ૩૭ મું.

ખુશરૂની શોધ.

પિતાના મરણ સમયે ખુશરૂએ મ્હારી વિરૂદ્ધ જે આચરણ કર્યું હતું તેનું દર્શન તો મ્હેં સર્વેને કરાવ્યું છે. આ સમયે ખુશરૂ ફરીથી ન્હાસી ગયો તેનું વર્ણન લખું છું. ઇ. સ. ૧૬૦૬ ની ૨૭ એપ્રિલે હાઉડેલ નગરમાં અમે તંબુ નંખાવ્યા. બુખરાવાસી શેખ ફરીદ અશ્વારોહિ સૈન્યની એક ટુકડી લઇ મ્હારી આગળ જવા લાગ્યો. મ્હેં કેટલાક સરદારોની સલાહથી મિર-મોયેજ-ઉલ્-મુલ્કને આગ્રા મહેલની તેમજ મહેલમાંનાં સર્વ ધન

રત્નની દેખરેખ રાખવા નિમ્યો. મ્હેં એવો હુકમ કર્યો કે, મ્હારા પુત્રોમાં જેની મ્હારા પ્રત્યે પ્રીતિ હોય અને વિશ્વાસને પાત્ર થવા ઇચ્છા હોય તેમણે એકદમ મ્હારી પાસે આવવું. ચોથી તારીખે હું ફરિદાબાદ આવી પહોંચ્યો અને ત્યાંથી બીજે દિવસે દિલ્હી પહોંચ્યો. એ નગરમાં આવ્યો કે તુરતજ હું સર્વથી પ્રથમ મ્હારા પિતામહ સમ્રાટ્ હુમાયુ કે, જેના પ્રત્યે મ્હારો ઘણો પ્રેમ હતો, તેમના સમાધિ–મંદિરે નમન કરવા ગયો. ત્યાંના ગરિબોને મ્હારા આગમનની પ્રથમથીજ ખબર મળી ચુકેલી હોવાથી ઘણા ભિક્ષુકો કબ્રની ચોગરદમ વિંટાઇ બેઠા હતા, અને મ્હારા તરફથી કાંઇ પણ ભેટ મળશે એવી તેઓ આશા રાખતા હતા. મ્હેં તેમને મીઠાઇ, અન્ન, વસ્ત્ર, ઇત્યાદિક વસ્તુઓ આપી તેમનાં હૃદયને શાન્ત કર્યાં. ગરિબોને દાન આપતાં તથા જરૂર હોય તેવાંને જોઇતાં વસ્ત્રો ઇત્યાદિ આપવામાં એકંદરે ત્રિશ હજાર રૂપિયાનો ખર્ચ થયો હતો. સર્વ ગરીબ અને અનાથોને મ્હેં મ્હારે હાથેજ દાન આપ્યું હતું. એ સ્થાન છોડયા પછી હું શેખ નિજામુદ્દિનના સમાધિ-મંદિરે દર્શન કરવા ગયો, તે સમાધિની ચારે દિશામાં બેઠેલા ગરીબોને દાન કરવાને મ્હેં જમાલુદ્દિનને પચાશ હજાર રૂપિયા તથા હકિમ મુજફરને વિશ હજાર રૂપિયા આપ્યા હતા. એ સમયે મ્હેં અમદાવાદ એવા સમાચાર મોકલ્યા કે ગુજરાતના રાજ કરમાંથી રાજા વિક્રમજીતને આપવાનું હોય તે તેમને આપી દેવું અને કેટલાક સેનાપતિઓનો ખર્ચ બાદ કરી બાકીના રૂપિયા આગ્રાના રાજકોષમાં ત્વરાથી મોકલી દેવા. તારીખ ૬ ઠી એપ્રિલે મ્હેં અમારા તંબુ બેઇરા નગરમાં ઠોકવા હુકમ કર્યો. ન્હાસી ગયેલા ખુશરૂએ આ નગરની મહાન્ દુર્દશા કરેલી મ્હારા જોવામાં આવી. જે લોકો એક વખત શ્રીમંત હતા તેઓને આજે ભિખારી હાલતમાં દીઠા. કેટલાક તો ફક્ત મરણના આળસેજ જીવતા રહેલા જોઇ મ્હારૂં અંતઃકરણ ભરાઈ આવ્યું. મ્હેં તેમને તેમની પૂર્વ સ્થિતિ પર લાવવાની વ્યવસ્થા કરી. આ સ્થાને આગા–મુલ્કને એક હજાર સૈનિકના પદ પરથી પંદરસો પદની પદવિ આપી, તથા બદકશાનના રહેવાસી જમિલબેગને તેની સ્વજાતિના તથા અન્ય બીજા કેટલાક નિરાશ્રિત થઇ પડેલા મનુષ્યોમાં વ્હેંચવાને માટે નવ લાખ રૂપિયા

આપીને કહ્યું કેઃ " તેમને કહેજો કે ભવિષ્યમાં તમારા પર આવો સીતમ ગુજારવામાં ન આવે તે માટે અને તમારી ઉન્નતિ માટે હજી પણ હું પુરતો બંદોબસ્ત કરીશ. " તે બિચારો ખુશરૂના અત્યાચારથી ઘણોજ ત્રાસી ગયો હતો. જ્યારે અજમેરમાં આવ્યો ત્યારે હજારો ઓલિયા-ફકીરો મઇનુદ્દિનની સમાધિની આસપાસ બેઠા હતા. તેમને અન્ન વસ્ત્રાદિક આપવા મ્હેં રાજા માનસિંહને પચાશ હજાર રૂપિયા આપ્યા. ૮ મી એપ્રિલે અમે પાણિપત આવી પહોંચ્યા. એ સ્થાનેથી તૈમુરવંશને પ્રથમથીજ લાભ થતો આવ્યો છે. લાભ થવાનું કારણ એ છે કે, મ્હારા પિતા અકબરને બે વખત એ સ્થળેજ યુદ્ધમાં ઉત્તરવું પડયું હતું અને તેમાં તેમને જય લાભ થયો હતો. એજ શુભ અને જગપ્રસિદ્ધ પાણિપતના સ્થાનમાં મ્હારા પિતામહે સુલતાન ઇબ્રાહિમ લોદીને પૂરેપૂરી શિક્ષા આપી હતી. હું તે યુદ્ધ સંબંધી આ સ્થળે કાંઇક વર્ણન લખવા ઇચ્છું છું.

અફગાન બિલાવલના પુત્ર અને ઇબ્રાહિમના પિતા સિકંદર લોદીએ તાતારખાંના પુત્ર દૌલતખાંને પાણિપતના શાસનકર્ત્તા તરીકે નિમ્યો હતો, પણ સિકંદર લોદીના મરણ પછી દૌલતખાં બહુજ સત્તાવાન થઇ પડયો. ઇબ્રાહિમ તેની વધતી જતી સત્તાથી બ્હીવા લાગ્યો અને તેને દિલ્લી નગરમાં આવવા હુકમ કર્યો. દૌલતખાં સમજી ગયો કે તેના વિરૂદ્ધ કાંઇક કાવત્રું રચાયલું હોવું જોઇએ. એવો વ્હેમ પડવાથી તેણે દિલ્લી જવાનાં બહાના બતાવી વિલંબ કર્યો. છેવટે જ્યારે ઘણીજ તાકિદ કરવામાં આવી ત્યારે પોતે જાતે નહિ જતાં પોતાના પુત્ર દિલાવરખાંને દિલ્લી મોકલ્યો. દૌલતખાંને બદલે તેના પુત્રને આવતો સાંભળી ઇબ્રાહિમે દિલાવરને લખી મોકલ્યું કેઃ " જો તમારો પિતા મ્હારી હજુરમાં સત્વર નહિ આવે તો વિદ્રોહી અમલદારોની તેમના ગુન્હા બદલ જે દશા કરવામાં આવે છે, તેજ દશા તેમની કરવામાં આવશે. " દિલાવરખાંને એ પત્ર મળતાંજ દૂત દ્વારા પોતાના પિતાને ઉપલો સંદેશો મોકલાવ્યો. પ્રત્યુત્તરમાં દૌલતખાંએ કહાવ્યું કેઃ " આવા સમયમાં દિલ્લી તરફ આવવું મ્હને ઠીક લાગતું નથી. " એવો ઉત્તર મોકલી પોતે કાબુલ તરફ રવાના થઈ ગયો. આ બનાવ બન્યા પછી

બીજી કેટલીક બીના પણ બનવાથી મ્હેં ઇબ્રાહિમખાં ગગરને સર્વોચ્ચપદે નિયુક્ત કરી તેને દિલાવરખાંની પદવીથી ભૂષિત કર્યો.

આ સમયે દિલાવરખાંને બદલે બુખારાનિવાસી સૈયદ હમિદનો પુત્ર સૈયદ કમલ પાણિપતના રણમાં ખુશરૂને જવાનો માર્ગ રોકી ઉભો હોત તો ખુશરૂ એ સ્થાને થઇને ન્હાસી જવા સમર્થ થાત નહિ. અમે તેની પૂંઠે પડવાથી તે અતિશય થાકી ગયો હતો. મ્હારા સૈન્યે તેને ચારે દિશાથી ઘેરી લીધો હતો. દિલાવરખાંએ પોતાના ગુન્હાના પ્રાયશ્ચિત્ત સ્વરૂપ ખુશરૂ લાહોરના નગરનો કબ્જો લઇ શકે નહિ તેવા સખ્ત ઉપાયો લેવા લાગ્યો. સૈયદ કમલ પણ તેનો અટકાવ કરવાના યત્ન કરતો હતો. પાણિપતના એક તહસીલદારે ખુશરૂને એક પાલખી ભેટ આપી હતી. તેમાં બેસી તે છુપી રીતે ન્હાસી ગયો હતો. આ સ્થાનથી કેટલેક દૂર દિલાવરખાં સૈન્યસહિત ખુશરૂનાં સૈન્યને મળ્યો. પંજાબના દિવાન અબદર રહિમે દિલાવરખાં પાસેથી ખુશરૂના આગમનની વાત સાંભળી તેનો અટકાવ કરવાને આઠ હજાર અશ્વારોહિ તેમજ પાયદળ સૈન્ય લાહોરના કિલ્લા આગળ નગરનું રક્ષણ કરવા મોકલ્યું અને બીજું કેટલુંક સૈન્ય લઇ ખુશરૂ સ્હામું થયો. રસ્તામાં ખુશરૂના અને તેના સૈન્યની મુલાકાત થઇ. પણ સામું યુદ્ધ નહિ કરતાં દિવાન તેની સાથે મળી ગયો અને તેની સ્વાધીનતા સ્વીકારી. તેના એવા નિમકહરામપણા માટે ખુશરૂએ તેને મલેક અનવાનનો ખેતાબ આપ્યો. ખુશરૂનો પૂર્ણ પરાજય કર્યા પછી મ્હેં એ નિમકહરામ અબ્દર રહિમને એવી સખ્ત સજા કરી કે, જેવી સજા મ્હેં અત્યાર સુધી કોઇને પણ કરી નથી. તેને કેદ કરી એક કાળા ગધેડાના ચામડામાં સીવડાવી શહેરના મુખ્ય મુખ્ય રસ્તા પર થઇ ઘસડતો મ્હારી પાસે લાવવા હુકમ કર્યો. પાછળથી મ્હારા જાણવામાં આવ્યું કે, તેનો કુટુંબ પરિવાર ઘણોજ મોટો છે. તેઓને કોઇનો પણ આધાર નથી ત્યારે મ્હને તેમની પર ઘણીજ દયા ઉત્પન્ન થઈ. મ્હેં તેના અપરાધની માફી આપી તેને પ્રાણદાન દીધું. તેના એવા ગંભીર અપરાધ માટે તે દયાપાત્ર તો નહોતોજ; તથાપિ મ્હારૂં હૃદય દયાથી એટલું બધું પૂર્ણ હતું કે, જો કોઇ સામાન્યમાં સામાન્ય વ્યક્તિ જરા પણ દયા ઉત્પન્ન થવાનું કારણ આપતા તો તેનો ગમે તેવો

અપરાધ પણ તેની સ્થિતિ અને કારણ જોઈ હું માફ કરતો. એમ થવાથી મ્હારૂં અંતઃકરણ પણ ઘણુંજ પ્રફુલ્લ રહેતું પણ જેના હાથમાં સામ્રાજ્યનો ભાર અને ન્યાય છે તે કદાપિ પણ ન્યાય સાચવવા ખાતર અને રાજ્યમાં સુવ્યવસ્થા રાખવા માટે ન્યાયથી વિરૂદ્ધ આચરણ કરી શકેજ નહિ. તેમાં ખાસ કરીને કોઇ પણ અપરાધિ બે મહા ગુન્હા, જેવા કે સરકાર વિરૂદ્ધ ષડ્યંત્ર અને વિશ્વાસઘાતકતા કરે, તેમનો અપરાધ માફ કરી શકાયજ નહિ. તેમ છતાં દયાને પણ ભૂલાય નહિ.

તારીખ ૯ મી એપ્રિલ ને મંગળવારે અમે કાર્ણીલમાં મુકામ કર્યો. એ સ્થળે ઇદિખાજા કે જે રસ્તામાં સૈન્યને અન્ન સામગ્રી આપવા પર હતો તેને બે હજાર સૈન્યના અધિનાયકની પદવિ આપી તથા શેખ નાજુમને છ હજાર રૂપિયા ભેટ આપ્યા. મ્હારા સાંભળવામાં આવ્યું કેઃ એક દુકાનદાર જનમંડળને એવું સમજાવતો હતો કેઃ "હું ઇચ્છું તો ઇશ્વરને તમારી સમક્ષ લાવી શકું." તેના આવા મિથ્યા વચનમાં લોકોનો એટલો બધો વિશ્વાસ બેસી ગયો હતો કેઃ તેની તરફ હજારો મનુષ્યો આકર્ષાઇ ગયાં હતાં. તેના એવા જનસમૂહને આડે માર્ગે દોરવાના ગુન્હા બદલ મ્હેં તેને દેશપારની શિક્ષા ફરમાવી, પણ તેણે વિનંતિ કરી કે તેની ઇચ્છા મક્કા તરફ જવાની છે, ત્યારે તેને ત્યાં જવાનો હુકમ આપ્યો. તારીખ ૧૧ મી એપ્રિલે અમારા તંબુ શાહાબાદમાં નાંખવા હુકમ કર્યો. એ સ્થળે પાણીનું કેટલું બધું કષ્ટ છે, તેનો મ્હને સંપૂર્ણ અનુભવ થયો. સૈન્યમાં પાણી વગર મોટો કોલાહલ મચી રહ્યો. મ્હેં ઇશ્વર પાસે જળ માટે એકનિષ્ઠાથી પ્રાર્થના કરી. મ્હારી પ્રાર્થના ઇશ્વરે તુરતજ સાંભળી, હજારો મનુષ્યોના આશ્ચર્ય વચ્ચે પુષ્કળ વર્ષાદ પડયો. તેમ થવાથી મ્હારી સાથે હજારો મનુષ્યોનું સૈન્ય હતું તેમને માટે કુદરતી રીતેજ જળનો પુરતો બંદોબસ્ત થઇ ગયો. ઇશ્વરની અદ્‌ભૂત કૃપા માટે મ્હારાં સર્વ માણસોએ પણ તેની પ્રાર્થના કરી. મ્હારા હજારો સામંતો અને સરદારોને પણ પાણીની કિમ્મત કેટલી છે તેનો આજે વિચાર આવ્યો. સૈન્યદલમાં પણ ઘણી વખત એવું બન્યું હતું કેઃ જે લોકોને સ્ફટિક જેવાં શુદ્ધ જળપાન કરવાથી તૃપ્તિ મળતી નહોતી, તે લોકો પણ

આ સમયે કચરા કાદવવાળાં અસ્વચ્છ જળને પ્રાણથી અધિક ગણીને પી ગયા. સર્વે કોઇ કહેવા લાગ્યા કે જળથી આટલો બધો સંતોષ મળે છે એવું ખરી રીતે જીંદગીમાં એક વાર પણ અનુભવી જોયું નહોતું. પૃથ્વીમાં રાજ્યના લોભમાં અને સત્તાના મદમાં છકેલા અને ગર્વાંધ રાજેશ્વરોને પણ એક વખત એવું બન્યું છે કે: જ્યારે હજારો મૂલ્યવાન હીરા અને માણેક જેવાં ઉત્તમ ઝવેરાત આપવા છતાં પણ તેમને સર્વેનું જીવન રક્ષક જળપાન મળી શક્યું નથી. હા ! એક વખત મ્હારી પણ એવીજ દશા થઇ હતી, તેનું વિસ્મરણ મ્હને કદાપિ થનાર નથી. એક એવો પણ સમય આવે છે કે જ્યારે રાજ્યનું સર્વ રાજત્વ, અને તે મહાન કહેવાતા નૃપની પ્રાણથી હજાર અધિક ગણાતી વસ્તુઓની કિંમત એક પ્યાલા જળમાંજ સમાઇ જાય છે. ખરેખર ! ઇશ્વિરી લીલા અગાધ છે.

હું એક વખત મ્હારા પૂજ્ય પિતા સાથે કાશ્મિરના એક અરણ્યમાં શિકાર કરવા ગયો હતો. અરણ્યમાં કુદરતનું અપ્રતિમ સૌંદર્ય જોઇ હું એટલો બધો મોહિત થઇ ગયો કે, તેના વધુ સૌન્દર્યનો ઉપભોગ લેવા ઇચ્છા કરતો હું આગળ ગયો. ભ્રમણ કરતાં કરતાં હું પિરેન તેહલની એક તળેટીમાં જઈ પહોંચ્યો. એ સમયે મ્હારા કોઈ પણ સહચરો કે ખિદમતદાર મ્હારી સાથે નહોતા. થોડાજ વખતમાં મ્હને ક્ષુધા તેમજ તૃષા લાગવા માંડી. હું ચારે દિશામાં ફળ કે જળની શોધમાં પડયો. એ સ્થળે કોઈ પણ મનુષ્યનો પગરવ સાંભળવામાં આવ્યો નહિ, તેમ મ્હારા સાથી કે સૈન્યમાંના કોઈ પણ મનુષ્યને મ્હારા તરફ આવતા દીઠા નહિ. જળ અને ક્ષુધાથી ચિત્ત આકુળ વ્યાકુળ થવા લાગ્યું. તેથી મ્હારા અશ્વને એક વૃક્ષ નીચે બાંધી ક્ષુધાની શાન્તિ માટે બરાબર શોધ કરવા નીકળ્યો. જંગલમાં ફળ ફુલ તો ઘણાંજ સુંદર અને સુશોભિત દેખાતાં હતાં; પણ હું તેથી તદ્દન અજ્ઞાન હોઇ તેનો આહાર કરી શકતો નહિ. કદાચ કોઈ અજાણ્યા ફળથી મ્હારૂં મરણ નિપજે એવી ભીતિથી હું એ ફળને અડકતો નહિ. થોડેક દૂર ગયા પછી મ્હેં આસફખાંનાં કેટલાંક મેઢાં જોયાં. તુરત અશ્વ પરથી ઉતરી કેટલાંક મેઢાં પકડી લાવ્યો, અને નજીકના એક મનુષ્યને તેના કબાબ બનાવી

આપવા વિનંતિ કરી. હમણાં મ્હારૂં વય ચાલીશ વર્ષનું હતું. હું અંતઃકરણથી સ્વીકારૂં છું કે આજે ખરેખરી ક્ષુધા વખતે એક ગરીબના સામાન્યમાં સામાન્ય ખોરાકે મ્હને જેવી તૃપ્તિ અને શાન્તિ આપી છે તેવી શાન્તિ મ્હને અત્યાર સુધી રાજમહેલમાં ભિન્ન ભિન્ન ખોરાકો લેવા છતાં પણ મળી નથી ! મનુષ્ય જીવનની મહાન અગત્યની વસ્તુ અન્ન અને જળ છે માટે જ્યારે મુસાફરી કરવી હોય ત્યારે દ્રવ્ય સાથે રાખવું કે જેથી ક્ષુધા તૃષાનું નિવારણ કરવામાં તેનો ઉપયોગ થઈ શકે. મ્હારી એ મુસ્કેલીનો અનુભવ મ્હેં મ્હારા સર્વ અમલદારો તેમજ નોકરોને પણ કહ્યો. એ પ્રકારની આફતમાં તેઓ પણ કદી આવી ન પડે તે માટે મુસાફરી દરમ્યાન અન્ન જળનો પાકો બંદોબસ્ત રાખવા તેમને ભલામણ કરી. આ બનાવ પછી હું જ્યાં સુધી કાશ્મિરમાં રહ્યો ત્યાં સુધી જ્યારે બહાર જતો ત્યારે ખાદ્ય વસ્તુ મ્હારી સાથેજ રાખતો. અત્યાર સુધી કાશ્મિરવાસીમાં એવી માન્યતા હતી કે પિરેન તેહલની તળેટીમાં અથવા તેની ચારે દિશામાં જો કોઈ મનુષ્ય અથવા પશુનો વધ કરવામાં આવે તો વધ કરનારને માથે ભીષણ દુઃખ આવી પડે છે અને તે પરમ દુઃખી થાય છે. મ્હેં એથી વિરૂદ્ધ આચરણ કર્યું હતું તથાપિ તેમની માન્યતા પ્રમાણે મ્હને કાંઇ પણ વિઘ્ન કે દુઃખ નડયું નથી.

શાહાબાદ નગરમાં આવ્યા પછી મ્હેં શેખ આદમ લોહાળીને મીર આદિલનું અર્થાત્ મુખ્ય વિચારકનું કાર્ય સોંપ્યું. મ્હારા રાજ્યાસન પહેલાં તેણે એ કાર્ય એકનિષ્ઠાથી કર્યું હતું તેનું મ્હને બરાબર સ્મરણ છે. તેણે મ્હારી સહાયતાથીજ વિદ્યાભ્યાસ કર્યો હતો. મ્હેં એવા છાસઠ યુવકને મ્હારી પાસે રાખી મ્હારા ખાનગી ખર્ચમાંથી વિદ્યાભ્યાસ કરાવ્યો હતો. એ યુવકોને ધર્મ નીતિનું શિક્ષણ અપાવી તેમને ખરૂં મનુષ્યત્વ પ્રાપ્ત કરાવવા માટે મ્હેં બીજા પણ કેટલાક નિયમ રચ્યા હતા. તેમાંના કેટલાક આ પ્રમાણે છેઃ—
“૧–તરૂણ મનુષ્યે કદાપિ સમય વૃથા ગુમાવવો નહિ. ૨–સૃષ્ટિકર્તા પરમેશ્વર પર હમેશાં પૂર્ણ વિશ્વાસ રાખવો અને તે તેનાજ આશ્રયમાં છે એવું જાણવું. ૩–યુદ્ધ અગર મૃગયા સિવાય બીજે કોઈ દિવસે પ્રાણીહત્યા કરવી

નહિ. ૪–પ્રકાશને સર્વશક્તિમાન પરમેશ્વરની મુખ્ય શક્તિ જાણવી. ૫–પ્રકૃતિમાં અનન્ત ઇશ્વરની સત્તા જોવાનો યત્ન કરવો. ૬–હમેશાં પ્રવૃત્તિને દમન કરવી. ૭–ઇશ્વરને કદી પણ ભૂલવો નહિ. ૮–ઇશ્વર પર સંપૂર્ણ વિશ્વાસ રાખવાથી મનુષ્યનું હમેશાં મંગળજ થાય છે એવી ભાવના સદૈવ ચાલુ રાખવી. ૯–સર્વ કાર્યારંભમાં પ્રથમ તેનું સ્મરણ કરવું. ૧૦–રાત્રિએ શયન કરતી વખતે દયામય ઇશ્વરની કૃપાથી દિવસ સુખ શાંતિમાં ગયો તે માટે તેની પ્રાર્થના કરવી. અને બીજો દિવસ પણ સુખશાંતિમાં વ્યતીત કરાવે તે માટે તેની દયા માગવી.

મ્હારા સ્વર્ગસ્થ પિતાએ રચેલા બધા નૈતિક નિયમાનુસાર રાજસભામાં કે ગૃહમાં પોતાનું જીવન વ્યતીત કરતા હતા. વિવિધ પ્રકારનાં બળિદાનથી કે માંસાદિક નૈવેદ્યના વિધિથી ઇશ્વર સંતુષ્ઠ થાય છે એવી માન્યતાના લોકોથી હું તદ્દન વિરૂદ્ધજ હતો. હું એવા મતનો હતો કે, એકાગ્ર ચિત્તે તેના પર વિશ્વાસ રાખવો એજ ખરી ઉપાસના છે અને એજ ખરી પૂજા છે. એથી વિશેષ બીજી પૂજા હોઈ શકેજ નહિ. મ્હારા પિતાની ધર્મભાવના ઘણીજ શ્રેષ્ટ હતી. તેઓ એવાજ વિચારના હતા. તેઓ દરરોજ રાત્રે ઘણા વખત સુધી ઇશ્વરનું ધ્યાન ધર્યા કરતા અથવા તો માળાથી તેના નામનો પવિત્ર જાપ જપતા. તેઓ હમેશાં મ્હને એવીજ શિખામણ દેતા કેઃ " સૃષ્ટિ સ્રજનહાર પર પૂર્ણ વિશ્વાસ અને તેના ઉપર આધાર રાખ્યા વગર હું મ્હારા કોઈ પણ કાર્યમાં સફળતા મેળવી શકીશ નહિ. એમ કરવાથી મ્હને જરૂર જય પ્રાપ્તિજ મળે છે. માટે ત્હારે પણ તદનુસાર વર્તન રાખવું. " હું પણ તેમની એ શિક્ષાનુસાર વર્તન કર્યે જાઉં છું.*

તારીખ ૧૩ મી એપ્રિલે હું સૈન્યસહ આનંદ નગરમાં આવી પહોં-

* જેના હૃદયમાં ઈશ્વર પ્રત્યેની આવી ઉચ્ચ ભાવના સતત ચાલુ હોય તે કદી પણ મારાઓદ્વારા, અબુલફ્જલ જેવા પંડિતનો તેમજ તેની પત્નિ નૂરજહાનના પ્રથમ પતિ શેર અફગાનનો ઘાતક બન્યો હોય એ સહજ માની શકાય નહિ.

ચ્યો, અને છાવણી નાંખવા હુકમ ફરમાવ્યો. આ સ્થળેએ મ્હેં અલિબેગને બહાદુરખાંનો ખેતાબ અને ૫૭ અમીર અને મનસબદારો સાથે, શેખ ફરીદને સહાયતા કરવા જવાનો હુકમ કર્યો. શેખ ફરીદ કેટલુંક સૈન્ય લઇ મ્હારાથી અગાળ ગયો હતો. બહાદુરખાં, જેમિલબેગ, શેરિફ આમોલ અને બીજા કેટલાક સરદારોને સંતુષ્ટ કરવા તથા બળવો શાંત પાડવામાં તત્પર થાય તે માટે મ્હેં શેખ ફરીદને દશ લક્ષ રૂપિયા તેમનામાં યોગ્યતાનુસાર વ્હેંચી આપવા સારૂ આપ્યા. જે લોકો વિદ્રોહીઓને શાંત પાડવા તત્પર થયા હતા અને જેમને મદદ કરી હતી, તેમને પણ કેટલાક રોકડ રૂપિયા ભેટ દાખલ આપ્યા. તારીખ ૧૬ મી એપ્રિલે મ્હને એવી ખબર મળી કે: મ્હારા સૈન્યને નજીકમાં જોઇને ખુશરૂએ પોતાના બહાદુર સરદારોને યુદ્ધ કરવા હુકમ આપ્યો છે. શેખ ફરીદે રાજપતાકા ઉડતી કરી સાહસપૂર્વક યુદ્ધ માટે નિશાન ચઢાવ્યું. એ પહેલાંજ મ્હેં બહાદુરખાંને બદકસાનનો અધિપતિ નિમ્યો હતો. બહાદુર એક વિચક્ષણ યોદ્ધા હતો. તેને પણ યુદ્ધ માટે સૈન્યને સજ્જ કરવા હુકમ કર્યો, અને સૈન્યને ત્રણ વિભાગમાં વિભક્ત કરી પોતે રણક્ષેત્રમાં આવી ઉભો. યુદ્ધ ઘણુંજ જોસમાં ચાલ્યું. બન્ને પક્ષનાં માણસો ઘાસ પેઠે કપાવા લાગ્યાં. એવામાં ખુશરૂ તેના ચાર મુખ્ય સેનાધ્યક્ષ સહિત યુદ્ધ ક્ષેત્રમાંથી ન્હાસી ગયો. એક હજાર સિપાહીઓ સહિત બે મુખ્ય સરદારો કેદ પકડાયા, તેમને કેદ કરી મ્હારી સન્મુખ લાવવામાં આવ્યા. તેમને સજા નહિ કરતાં શાંન્તિથી રહેવા ફરમાવ્યું. જે લોકોને પ્રથમથીજ તાબે થવાનું કહેવા છતાં, તે ઉપર દુર્લક્ષ્ય કર્યું અને વિદ્રોહીઓને મદદ કરી, તે લોકોમાંના કેટલાકને ચામડી ઉતરાવી મારી નંખાવ્યા, કેટલાકને હાથીના પગ તળે છુંદાવી નંખાવ્યા, અને કેટલાકને નદીમાં ડુબાવી દેવડાવવા હુકમ કર્યો. એમ કરવાનું કારણ કે જ્યાં સુધી રાજ્યમાં વિદ્રોહીઓને સખ્ત શિક્ષા થાય નહિં અને તેનો કમકમાટ ઉપજાવનારો દાખલો બતાવવામાં આવે નહિ, ત્યાં સુધી પ્રજા તરફથી ભવિષ્યમાં કોઇ પણ જાતનો વિદ્રોહ થવાનો ભય રહે છે. જે લોકો રણક્ષેત્રમાંથી હતાશ હૃદયે પાછા ફર્યા હતા તેઓ ખુશરૂ પાસે જઈ પહોંચ્યા. એ દિવસે મ્હેં સાંભળ્યું કે, ખુશરૂનું સૈન્ય લાહોર પર આક્રમણ કરે છે. નગરના કેટલાક લોકો એ વિદ્રો-

હીને મળી જઈ શહેરમાં લુંટ ચલાવે છે, અને કેટલુંક સૈન્ય પણ તેમને મળી ગયું છે. ખુશરૂના એક સરદાર હુસેનબેગ બદકશાનિએ તેને કહ્યું કે: "લાહોરનાં આપણાં મનુષ્યોએ રાજ્ય ભંડાર લુંટી લીધો છે, અને તેઓએ ગોલંદાજોને તેમના પગાર ઉપરાંત ઘણા પૈસા આપ્યા છે કે જેથી તેઓ તેમને પૂરતી મદદ કરે." આ સમાચાર પણ મ્હેં મ્હારા એક જાસુસ દ્વારા મેળવ્યા. નગરમાં ખુશરૂનું લશ્કર આવી પહોંચ્યું. તેમણે શહેરમાં લૂંટ ચલાવી, રાજ્ય ભંડાર પણ લુંટી લીધો. હજારો જીવોની ખુવારી કરી અઢળક દ્રવ્ય હાથ કર્યું. ત્યાર બાદ એના કેટલાક સરદારોની સલાહથી તેણે લાહોરને ફરતા કિલ્લાના બધા દરવાજા બંધ કરવા હુકમ કર્યો. કિલ્લાનાં દ્વાર બંધ કરાવી શહેરમાં સાત દિવસ સુધી લૂંટ ચલાવી ગરીબડી બિચારી પ્રજા પર કાળો કેર વર્તાવ્યો. ખુશરૂનું હૃદય ગમે તેમ પણ જરા દયાળુ હતું. મ્હારા ગુણો કાંઈક અંશે તેનામાં હોય તે બનવા યોગ્ય છે. છતાં દુર્જનોની સંગતથીજ તેનું હૃદય આટલું ઘાતકી બન્યું હતું. તેને એ દેખાવ જોઈ કંપારી છુટી પણ ઉપાય હાથમાં નહોતો. ગર્ભ શ્રીમંત પિતાના પુત્રોને કારાગૃહમાં કેદ કરવામાં આવ્યા. કિલ્લાને બાર મુખ્ય દ્વારો હતાં. તેમાંના સૌથી મુખ્ય દ્વાર આગળ આવી મ્હારા સૈન્યે હલ્લો કરવા માંડયો. બહાર રહ્યા રહ્યા શહેર પર બંદુકની ગોળીઓનો વર્ષાદ વર્ષાવી અગ્નિ પ્રગટાવી! નગરવાસી જનો અગ્નિ બુઝાવવામાં રોકાયા. ખુશરૂના સરદારો કોટ પરથી તોપ, તીર, અને બંદુકનો મારો ચલાવવા લાગ્યા. જે દ્વાર પર મ્હારા સૈન્યે હુમલો કર્યો તે દ્વારનું રક્ષણ તેઓએ મજબુતીથી કરવા માંડયું. શત્રુઓ પોતાની યુક્તિમાં નહિ ફાવવાથી નિરાશ થઇ પાછા પડ્યા. નુરૂદ્દિન કુલિએ દુર્ગ આગળથી એકદમ પાછા ફરી શત્રુઓ પર એકદમ બંદુક અને ગોળાઓ છોડવા માંડયા. થોડાજ વખતમાં લૂંટારાઓ મહાન વિપદ્‌માં આવી પડયા. ખુશરૂના સૈન્ય તેમજ સામંતોની આશા વ્યર્થ થતી લાગી. જ્યારે સાંભળ્યું કે, હજી પાછળ સમ્રાટ્‌નું પ્રચંડ સૈન્ય તેમને પકડવા આવે છે ત્યારે તેઓ ઘણાજ નાસીપાસ થયા. હવે શો ઉપાય કરવો તે માટે સર્વ કોઇ ચિંતામાં પડયા. એ વિગ્રહમાં ખુશરૂ પોતે નહિ ફાવી શકવાથી અત્યંત

પશ્ચાતાપ કરવા લાગ્યો. એમ છતાં પણ મરણનું વ્રત લઇ તેઓએ એક લાખ બાર હજાર અશ્વારોહિ સૈન્ય લઈ રાત્રિને વખતે મ્હારા તંબુ પર છાપો મારવાનો દ્દઢ સંકલ્પ કર્યો. તેમાં નહિ ફાવવાથી બીજે દિવસે સંધ્યાકાળે તેઓએ લાહોરનો ત્યાગ કર્યો. બીજે દિવસે શઝૂસઅલિની વિશ્રામશાળામાં હું શાન્ત ચિત્તે મ્હારા સરદારો સાથે વિદ્રોહ સંબંધી વાતો કરતો બેઠો હતો, એટલામાં મ્હને મ્હારા જાસુસ દ્વારા ખબર મળી કે, લાહોર નગરનો ત્યાગ કરી ખુશરૂ વિશ હજાર સૈન્ય લઇને કોઇ એવી જગ્યાએ ચાલ્યો ગયો છે કે જેનો હજી સુધી પત્તો લાગતો નથી. એ વર્તમાન સાંભળી મ્હારી ચિંતા વધી પડી. ખુશરૂને કોઇ પણ રીતે અટકાવી કેદ કરવો એ મ્હારો દ્દઢ સંકલ્પજ હતો. તેથી મ્હેં મ્હારા સરદારોને કહ્યું કે જ્યારે આટલા ન્હાના વિગ્રહ કરનાર ખુશરૂ જેવાને તમો પકડી શકતા નથી ત્યારે કદાચ આખા દેશની શાન્તિ નાશ પામવા જેવો પ્રસંગ આવે તો તમે શું કરશો ? જાઓ, તમારી બહાદુરી જગતને બતાવો. ખુશરૂને ગમે ત્યાંથી પકડી મ્હારી સમક્ષ હાજર કરો, એમાંજ તમારૂં, મ્હારૂં અને સમસ્ત રાજ્યનું હિત સમાયલું છે. તે દિવસે વર્ષાદ પુષ્કળ પડવાથી ગંડવાલ નદીમાં મોટું પૂર આવ્યું. જો અમે પૂર ઉતરતાં સુધી આ કાંઠે પડી રહીએ તો તે દરમ્યાન ખુશરૂ ગમે ત્યાં ચાલી જઇ પોતાનું બળ પાછો વધુ એકત્રિત કરે, એવો ભય હોવાથી પૂરની દરકાર કર્યા વગર એકદમ નદીને પેલે પાર જવા હુકમ કર્યો. ઇશ્વિર કૃપાથી અમે બધા સહિસલામત નદીપાર જઇ પહોંચ્યા. ત્યાંથી અમે દોવાલ નગરમાં અમારી છાવણી નાંખી. તે દિવસે મધ્યાહ્નને સમયે શેખ ફરીદે ખુશરૂને ન્હાસતાં અટકાવ્યો, અને તેના સન્મુખજ ઉભો. એ સમયે હું સુલતાન નગરમાં હતો. હું ભોજન કરવા બેઠો હતો અને મોજાલ–ઉલ–મુલ્ક મ્હારી પાસે રોટી અને શાક લાવતો હતો એટલામાં શેખ ફરીદની ફત્તેહના સમાચાર મળ્યા. વિશેષમાં લખ્યું કેઃ તે ખુશરૂના સૈન્ય સાથે યુદ્ધ કરવામાં ઝંપાયો છે. તેજ વખત એક ગ્રાસ ભોજન કરી હું ભાણા પરથી ઉઠી ગયો અને મ્હારા અનુચરોને મ્હારો અશ્વ સજ્જ કરવા હુકમ કર્યો. ઇશ્વિરની સહાય માટે પ્રાર્થના કરી અને હસ્તે વદને મ્હારી તલવાર અને ભાલો લઇ

હું ઘોડેસ્વાર થયો. યુદ્ધ ક્ષેત્ર તરફ જવા સૈન્યને હુકમ કર્યો. આ વખતે મ્હારી પાસે ફક્ત દશ હજાર મનુષ્યોનું સૈન્ય હતું. હું યુદ્ધ માટે એકાએક સજ્જ થઇશ એવી કોઇને પણ ખબર નહોતી. યુદ્ધનીતિ અનુસાર મ્હારા આટલા સૈન્યને લઇ ખુશરૂના મહાન સૈન્ય દળ સામે થવું એ અયોગ્યજ હતું. મ્હારા સૈન્ય સામંતોમાં પણ યત્કિંચિત ભય પેઠો. એ જોઇ મ્હેં તેમને તેમનાં અત્યાર સુધી કરેલાં સાહસિક કાર્યોનાં વખાણ કરી ઉત્તેજિત કર્યા, અને ગમે તેટલા બળ સામે જોસભેર હુમલો કરવા હુકમ આપ્યો. ગંડવાળ નગરમાં ગયા પછી જણાયું કેઃ મ્હારી પાસે વિશ હજાર અશ્વારોહી સૈન્ય અને પચાશ હજાર ઉંટપર તૈયાર રાખેલા બંદુકધારી સૈનિકો હતા. શેખ ફરિદની મદદ માટે મ્હેં મ્હારૂં વિશાળ સૈન્ય મોકલી આપ્યું. આ સંકટ સમયે પણ મ્હેં ખુશરૂ પર દયા લાવી જમાલુદ્દિન સાથે તેને કહાવ્યું કેઃ હજી શાન્તિ સ્થાપન કરવાનો વખત છે. નાહક મ્હારા સ્હામું યુદ્ધ કરી હજારો મનુષ્યોનાં લોહી રેડાવવાનું બંધ કરવું, તેમાંજ ત્હારૂં કલ્યાણ થશે. ખુશરૂ યુદ્ધથી કંટાળી ગયેલો જણાતો હતો અને પોતાની ભૂલની શિક્ષા પૂરેપૂરી થઇ છે એમ સમજી મ્હારે શરણે આવવા તૈયાર હતો, છતાં પણ કુસંગતને પરિણામે તેની ધારણા ફળિભૂત થઈ નાહ. તેના દુષ્ટ મિત્રોની ચઢામણીથી તેણે મ્હને એવો ઉત્તર આપ્યો કેઃ "જ્યારે વાત વધતી વધતી આટલે બધે આવી છે અને આપે પણ મ્હારી પૂંઠજ પકડી છે ત્યારે તો હવે તલવારથી સામસામા થયા સિવાય અન્ય કાંઇ ઉપાય નથી. સર્વસક્તિમાન પરમેશ્વર મ્હને આ યુદ્ધમાં વિજયજ અપાવશે એવી મ્હને સંપૂર્ણ ખાત્રી છે અને રાજમુકુટ મ્હારે માથેજ બિરાજશે એ પણ નક્કી માનવું." મિર જમાલુદ્દિનને ખુશરૂએ જે ઉદ્ધત ઉત્તર આપ્યો તે સાંભળી મ્હેં શેખ ફરિદને મ્હારી પાસે બોલાવ્યો અને કહ્યું કેઃ હવે વિદ્રોહીઓના મુખ્ય ભાગ પર હલ્લો કર્યા વગર અન્ય ઉપાયજ નથી. થોડાજ વખતમાં યુદ્ધનો આરંભ થયો. એક બાજુએથી બહાદુરખાંએ ભાલાથી સજ્જ થયેલા ત્રિશ હજાર સૈનિકોને લઇને અને બીજી બાજુથી શેખ ફરિદે એક મોટું લશ્કર લઇ વિદ્રોહીઓ પર હુમલો કર્યો. ખુશરૂના પક્ષમાં બે લાખ અશ્વા-

રોહિ અને ઉંટ સ્વારોનું સૈન્ય હતું. બહાદુરખાંના અશ્વારોહિઓએ જે પ્રકારે ભાલા ધારણ કર્યા હતા તથા બહાદુરખાંએ જેવી વ્યૂહ રચના કરી હતી તેવીજ રચના તથા ગોઠવણ ખુશરૂપક્ષના અશ્વારોહિઓએ પણ કરી હતી. પ્રાતઃકાળથી છેક સંધ્યાકાળ પર્યંત ઘોર યુદ્ધ ચાલ્યું. મ્હારા પર ઇશ્વિરની પૂર્ણ કૃપા હતી. તેની ઇચ્છા મ્હને સામ્રાજ્ય પર આરૂઢ રાખવાનીજ હતી. તેથી યુદ્ધમાં છેવટે મ્હનેજ જય મળ્યો. ખુશરૂનાં ત્રિશ હજાર માણસો લઢાઇમાં મરણ પામ્યાં, અને બાકી રહેલું સૈન્ય છત્રભંગ કરી યુદ્ધક્ષેત્રમાંથી પલાયન કરી ગયું. આ જીવસટોસટને સમયે ચિંતા, વિપદ અને દુઃખથી ઘેરાયલો ખુશરૂ યુદ્ધક્ષેત્રમાંથી ન્હાસી જવાને પાલખીમાં બેઠો, અને પોતાના અનુચરોને ત્વરિત વેગે પાલખી લઇ જવાનો હુકમ કર્યો. દૈવવસાત્ રસ્તામાં જતાંજ બહાદુરખાં સાથે તેની મુલાકાત થઈ. બહાદુરખાંએ પોતાના સામંતોને ખુશરૂને એકદમ પકડવાનો હુકમ આપ્યો. ખુશરૂનો માર્ગ બંધ થઈ ગયો. પલાયન કરવાનો કોઇ પણ રસ્તો તે જોઈ શક્યો નહિ, તેથી તે છેક નિરાશ થયો અને ભગ્ન હૃદયે પાલખીમાંથી નીચે ઉતરી શેખ ફરીદની સન્મુખ આવી ઉભો રહ્યો. તેણે કહ્યું: "હવે મ્હારા બાહુબળનો પ્રકાશ કરવો વૃથા છે. મીથ્યા ફાંફાં છે. આ વખતે હું જાતેજ પિતાના ચરણમાં પડી તેમની કૃપા ભિક્ષા માંગીશ." એ વખત હું ગંડવાલ શહેરમાં છાવણી નાંખી પડયો હતો. ઇશ્વિરને સાક્ષી રાખી કહું છું કેઃ એ વિપદને સમયે મ્હારા મનમાં થતું હતું કે, ખુશરૂ મ્હારી પાસે ક્ષમા યાચના કરવા આવે છે, પણ જમાલુદ્દિન હુસેનીએ કહ્યું કેઃ "શેખ ફરિદ ગઈ રાત્રે શત્રુઓનો પરાભવ કરવા કોઈ પણ રીતે શક્તિમાન થઇ શકે તેમ નથી." કારણ કે ખુશરૂનું સૈન્ય દળ મ્હેં મ્હારી નજરે જોયું છે. તેની સંખ્યા આપણા કરતાં ઘણીજ વિશેષ હતી." અમે આ પ્રમાણે વાતો કરતા હતા તેજ વખતે ખબર મળી કે, શેખ ફરીદે જય મેળવ્યો છે એટલુંજ નહિ પણ ખુશરૂને કેદી કર્યો છે એ સાંભળવા છતાં જમાલુદ્દિનને વિશ્વાસ બેઠો નહિ. તેણે મ્હને કુર્નિસ કરી કહ્યું કેઃ "જહાંપનાહ ! એમાં કાંઇ પણ સત્ય હોય એમ હું માનતો નથી." થોડા વખત પછી મ્હારા સઘળા સંશયો દૂર થયા.

ખુશરૂને અને તેના એક સેનાપતિને મ્હારી સન્મુખ કેદી બનાવીને લાવવામાં આવ્યો. એ વિકટ પ્રસંગે શેખ ફરીદે તથા બહાદુરખાંએ અતિશય બુદ્ધિકૌશલ્ય તેમજ વીરત્વનું દિગ્દર્શન કરાવ્યું હતું. તેથી મ્હેં બહાદુરખાંને પાંચ હજારના પદ ઉપર ચઢાવ્યો. તેને રાજપતાકા તેમજ મૂલ્યવાન સાજસજિત અશ્વ ભેટ આપ્યા અને તેની કંદહારના શાસન કર્ત્તા તરીકે નિમણુક કરી. શેખ ફરીદ અત્યાર સુધી બે હજાર સૈન્યના સરદાર તરીકે કામ કરતો હતો. તેણે યુદ્ધમાં બજાવેલી અમૂલ્ય શેવાથી હું ઘણોજ ખુશી થયો હતો. તેથી તેને ચાર હજાર સૈન્યની સરદારી આપી. સૈયદ મહંમદના પુત્ર સૈફખાંએ પણ યુદ્ધમાં પોતાનું વીરત્વ બતાવ્યું હતું. તેને યુદ્ધમાં શરીર પર ન્હાના મોટા સત્તર ઘા વાગ્યા હતા. સૈયદ જમાલના હૃદય પિંડના ઉપલા ભાગ પર એક સખ્ત ઘા પડયો હતો. કેટલાક વખત પછી એજ ઘાની પરમ વેદનામાં તેનો પ્રાણ ગયો. તેનો જન્મ એક ખાનદાન અફગાન વંશમાં થયો હતો. ખુશરૂના બે સેનાપતિ, સૈયદ હલાલ અને તેનો ભાઇ અત્યંત ભય પામી રણક્ષેત્રમાંથી નાશી ગયા હતા. વિમાક સંપ્રદાયના ચારસો અગ્રેસરો આ યુદ્ધમાં માર્યા ગયા હતા અને સાતસોને કેદ કરી મ્હારી સન્મુખ લાવવામાં આવ્યા હતા. ખુશરૂના રત્નાલંકારની પેટી દ્રોહિમાંના કેટલાક માણસોના હાથમાં જવાથી તેઓ તે લઇને નાસી ગયા હતા. ખુશરૂના કહેવા પરથી જણાય છે કે, એ પેટીમાં એકવિશ કોટી રૂપિયાના રત્નાલંકાર મૂકયા હતા. તેજ દિવસે હું લાહોર ગયો અને મ્હારા પિતાએ બંધાવેલા મહાલયમાં ઉતર્યો. જ્યારે રાજ્ય તરફથી ગમ્મતને ખાતર હાથીનું યુદ્ધ કરાવવામાં આવતું હતું ત્યારે તે જોવા માટે મહેલની વચમાં એક મંડપ બંધાવ્યો હતો. મ્હેં રાવી નદીની નજીકમાં બહુ તીક્ષ્ણ સૂળી બાંધવાની આજ્ઞા ફરમાવી, અને એજ મંડપમાં બેસી ખુશરૂ સાથે મળી ગયલા વિદ્રોહી કેદીઓને શૂળી પર બેસાડી મારી નાંખવાનો હુકમ કર્યો. એ શિક્ષા સિવાય બીજી કષ્ટદાયક શિક્ષા બીજી નથી. કારણ કે તેનાથી તત્કાળ મરણ આવી શકતું નથી. એ ભયંકર શિક્ષાનું તીવ્ર દુઃખ જોઈ લોકો ભવિષ્યમાં બાદશાહ વિરૂદ્ધ આચરણ કરશે નહિ, એવું ધારીનેજ મ્હેં એવી સખ્ત શિક્ષા કરવાની ગોઠવણ

કરી હતી. મ્હારા રાજ્યની શરૂવાતથીજ લાહોરમાં વિદ્રોહીની કોઇને કોઇ ટોળી તો હમેશાં રહેતી, તેથી આવા નગરમાં વધુ વખત રહેવામાં સલામતી નહિ જાણીને અને આગ્રા નગરીમાં રાજ્યભંડાર સુનો પડેલો ધારીને મ્હેં આગ્રા તરફ કુચ કરી, હતભાગ્ય દુઃખી ખુશરૂને કેદી તરીકે દિલાવરખાંને સોંપ્યો. સામ્રાજ્ય અને વંશના અસ્તિત્વ તથા મંગલનો ખરો આધાર રાજાના પુત્ર ઉપરજ હોય છે, મ્હને તે તરફની શાંતિ નહોતી. ખુશરૂને હજારો વખત મ્હેં માફી આપી હતી છતાં તે તેનું દુષ્ટ કર્તવ્ય કરતો અટકયો નહિ. હું હમેશાં વિવેક બુદ્ધિ, અને જ્ઞાનદ્વારા મ્હારાં સઘળાં કાર્યો પૂર્ણ કરૂં છું. મ્હારા ગુરૂ અને પિતાનો ઉપદેશ હમેશાં સ્મર્ણ કરૂં છું. તેઓ કહેતા હતા કેઃ રાજપુત્રમાં બુદ્ધિ અને વિશ્વાસ એ બે ગુણો તો ખાસ કરીને હોવાજ જોઇએ. સામ્રાજ્યની રક્ષા સંબંધી એક ગુણની જરૂર પડે છે અને પોતાના કલ્યાણને માટે બીજા ગુણની જરૂર પડે છે પરંતુ ઘણી વખત અમારા અજ્ઞાનપણામાંજ ઉન્નતિ થાય એવા સારા યોગ અમને હાથ તાળી આપી ચાલ્યા જાય છે !

પ્રકરણ ૩૮ મું.

રાજ્યધાનિમાં પુનરાગમન.

તારીખ ૧૬ મી જુન સને ૧૯૦૬ ને દિવસે હું મ્હારા સર્વ સૈન્ય સામંતો સહિત મ્હારી રાજધાની આગ્રામાં આવી પહોંચ્યો. હતભાગ્ય ખુશરૂ પોતાનાંજ દુષ્કર્મોને લીધે દુઃખી થવા લાગ્યો. દુઃખના વિચારોમાં ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ પર્યંત ખાવાની કોઇ પણ વસ્તુને તેણે સ્પર્શ કર્યો નહિ. છેવટે પાણી પીવાનું પણ બંધ કર્યું. કેટલાક દિવસો એણે પશ્ચાત્તાપ અને રૂદનમાંજ ગાળ્યા. તપસ્વી અને યોગિ લોકોજ કદાચ એટલા દિવસ અનાહાર રહી શકે. તેઓ પણ જીવનના રક્ષણ માટે દિવસમાં એક વખત આહાર ગ્રહણ કરે છે. અન્ન નહિ તો ફળ પણ ખાય છે અને પાણી પણ પીએ છે. ખુશરૂએ તે પણ કર્યું નહિ.

કાલુન નામક એક મનુષ્ય નિપુણતા, કર્તવ્ય પરાયણતા અને પરિશ્રમશીલતામાં તેના પિતા કરતાંએ પણ ચઢી જાય તેવો છે. તે રાત્રિ અને દિવસ મ્હારી સેવામાંજ વ્યતીત કરતો હતો. સખ્ત તાપ, વૃષ્ટિ કે શીતમાં પણ તે દેહની દરકાર નહિ રાખતાં એક સ્થળે બેસીને પ્રાતઃકાળથી સંધ્યા પર્યંત મ્હારી પાસે ધર્મ શાસ્ત્રનો પાઠ કરતો. શિકાર સમયે પણ તે ધર્મ ગ્રન્થનો પાઠ કરવાનું વિસ્મરણ કરતો નહિ. રાજ્યારોહણ પહેલાંજ મ્હેં તેને એક હજાર અશ્વારોહિના સૈન્યની સરદારી આપી હતી, પણ આ વખતે મ્હેં તેને બે હજાર સૈન્યનો સરદાર બનાવ્યો. પાછળથી માલુમ પડ્યું કે તેની પાસે દ્રવ્યનો થોડો ભંડોળ વધવાથી હવે તે પ્રથમના જેવો પરિશ્રમશીલ નથી. મનુષ્યના શારીરિક આડંબર તરફ ધ્યાન નહિ આપતાં તેના કાર્ય તરફ દ્રષ્ટિ રાખવી એજ રાજાનો ધર્મ છે; અને કાર્યના ગુણ પ્રમાણેજ તેઓને ધન અથવા પદ મર્યાદામાં ઉન્નત કરવા જોઇએ. મ્હારા પિતાએ એવો નિયમ કર્યો હતો કેઃ દર વર્ષને પહેલે દિવસે પોતે પ્રથમ બંદુકમાંથી એક ગોળી બહાર કરતા ત્યાર પછી સર્વ અમીરો પોતપોતાની બંદુકમાંથી ગોળીઓ છોડતા અને ત્યાર પછી ઉચ્ચથી હલકા અમલદાર પર્યંત સર્વ સિપાહીઓ તે પ્રમાણે કરતા. યુદ્ધ સિવાય એ દિવસ વિનાના અન્ય કોઈ દિવસે રાજ્યમાં ગોળીબહાર કરવાનો હુકમ નહોતો. તેમનો એ કાયદો મ્હેં ચાલુ રાખ્યો. મ્હારી પાસે "દ્રષ્ટાન્દાજ" અને "તેફાંગ" એ નામની બંદુકો હતી. "તેફાંગ" બંદુકમાં વિશેષત્વ એજ છે કે તેનાથી લક્ષ્ય વેધ કદી પણ ચૂકી શકાતું નથી. તેનો વેગ ઘણે દૂર સુધી જઇ શકે છે. મ્હારા રાજ્યના કુશળ કારિગરો પાસે એવી હજારો બંદુકો મ્હેં કરાવી રાખી હતી કે યુદ્ધ વખતે તુરતજ કામ લાગે. મ્હારી એવી સમજુત છે કે તેફાંગ બંદુક પચાશ હજાર સાંઢણી સ્વાર અને પાંચ લક્ષ્ય સૈન્ય કરતાં પણ વધારે કાર્ય કરી શકે છે. મ્હારા સમગ્ર સામ્રાજ્યનું રક્ષણ કરવાને મ્હેં દરેક મોટા મોટા શહેરમાં લશ્કર રાખ્યું હતું. નાના ગામડામાં પણ તેના રક્ષણ પુરતું સૈન્ય રાખવા હુકમ કર્યો હતો. એ પ્રમાણે બધું મળી મ્હારૂં સૈન્ય પાંત્રિશ લાખનું હતું. તેમાંનું ત્રિશ લાખ લશ્કર

મોટા મોટા શહેરોના રક્ષણ માટે રાખી બાકીનું પાંચ લાખ પાટનગર આગ્રા અને તેનાં ફરતાં ગામડાં અને શહેરોમાં રાખ્યું છે. એ ઉપરાંત દરેક શહેરનું દુર્ગથી રક્ષણ કરવામાં આવતું હતું. દરેક દુર્ગ પર અગણિત તોપો અને ગોળાઓ હમેશાં તૈયારજ રાખવામાં આવતા હતા. દરેક દુર્ગમાં આઠસો ચાળીશ શેર દારૂ અને તેના પ્રમાણમાં ગોળા ગોળીઓ આપવાનો હુકમ હતો.

પ્રકરણ ૩૯ મું.

પ્રવાસિઓનું સુખ-સંરક્ષણ.

જ્યારે મ્હેં લાહોર છોડી આગ્રા તરફ કુચ કરવા માંડી ત્યારે જે રસ્તેથી હું આગ્રે આવ્યો હતો તે રસ્તાની ચારે બાજુએ નજીકમાં રહેતા જમીનદારોને વૃક્ષો રોપવાનો હુકમ આપ્યો હતો. વળી દરેક શહેરના શહેરીઓને અને ગામડાના મુખીઓને પોતાના ગામમાં ધર્મશાળા તથા પાદરે પ્રવાસીઓ સારૂં વિશ્રામશાળા બંધાવવા કહ્યું હતું. દરેક વિશ્રામશાળા આગળ વૃક્ષો રોપાવવા તથા કુવો ખોદાવી ત્યાં આગળ પ્રવાસીઓ માટે એક દોરડું, ડોલ ઇત્યાદિ મુકાવવાનો બંદોબસ્ત કર્યો હતો. નગરમાં સારાં નવાણો બંધાવવા તથા નહાવા ધોવાના ઘાટ બંધાવી સ્વચ્છતા જાળવવા પુરતી દેખરેખ રાખવા કહ્યું હતું. રસ્તા બરાબર દુરસ્ત કરાવી સડક બંધાવવા હુકમ કર્યો હતો કે જેથી કરીને કોઇ પણ પ્રવાસીને માર્ગમાં મુસાફરી કરતાં ગમે તેવી ઋતુમાં પણ યતિકંચિત દુઃખ પડે નહિ. ગ્રીષ્મકાળના પ્રચંડ તાપમાં પંથીજનો આવા પંથાશ્રમમાં આવી વિશ્રામ લઇ શકે એવો બરાબર બંદોબસ્ત કર્યો હતો. એ દરેક વિશ્રામશાળામાં મુસાફરોને સ્નાન કરવાને માટે પણ યોગ્ય વ્યવસ્થા કરી તેના પર દેખરેખ રાખવા દરેક જગ્યાએ એક એક કર્મચારીની નિમણુક કરી હતી. કોઇ પણ ઋતુમાં મુસાફરો નિર્વિઘ્ને મુસાફરી કરી શકે તથા ગાડાં ગાડીઓ ચાલી શકે તેટલા માટે જ્યાં જ્યાં નદી કે તેનાં વહેણ અથવા ખાડા કે

કોતરો જેવું હતું ત્યાં બધે પૂલો બંધાવવા યોગ્ય વ્યવસ્થા કરી. એ પ્રમાણે આગ્રાથી તે બંગાળા પર્યંત છ માસના લાંબા અને વિકટ રસ્તા પર થોડે થોડે અંતરે વૃક્ષ રોપાવ્યાં અને ગાઉ ગાઉને અંતરે વિશ્રામશાળાઓ બંધાવી. એ સર્વ વૃક્ષો હમણાં પ્રચંડરૂપે ઉગી નીકળ્યાં છે, અને શ્રમથી શ્રમિત થયેલો દરેક મુસાફર તેની મહાન ઘટા નીચે આશ્રય લઇ પોતાના પંથશ્રમનું વિસર્જન કરે છે. એવાં કાર્યો તરફ મ્હારો પ્રેમ જોઇ, મ્હારી કૃપા મેળવવાને આતુર થયેલા ઘણા શ્રીમંતોએ પણ એ રસ્તા પર તથા પંથશાળા નજીક વિવિધ પ્રકારનાં ફળનાં વૃક્ષો રોપાવ્યાં. તેમ થવાથી મ્હારા વિશાળ રાજ્યમાં મુસાફરી કરવા ઇચ્છનાર મનુષ્ય કોઇ પણ જાતના શ્રમ કે કષ્ટ વિના દરેક જાતની મુસાફરી કરી શકતો. કેટલીક જગ્યાએ તો મુસાફર, સાધુ, સંતો અને ફકીરો માટે જમવા ખાવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. થોડે થોડે વેગળે આશ્રમો ઉપરાંત આહાર અને ફળની રૂચિવાળાને ફળ આપી તૃપ્ત કરવામાં આવતા હતા. હું ખાત્રીથી કહું છું કે હવે પછી પણ મ્હારા રાજ્યમાં જ્યાં જ્યાં કોઇ પણ વસ્તુની ખામી હશે તે પૂરવા સદા તત્પર રહીશ અને પ્રજાને જેથી સુખ થાય તેવાં કાર્યો વગર વિલંબે કર્યે જઇશ. આ લોક અને પરલોકમાં સદ્‌ગતિ પામવા માટે એવાં શુભ કાર્યો જ કરવાં જોઇએ. મનુષ્યોને માટે કરેલાં હિતકર કાર્યોજ મ્હારૂં નામ જગતમાં ચિરંજીવ કરશે એમ મ્હારૂં માનવું છે, પણ તેથી હું ગર્વિષ્ટ બનું છું એમ કોઇએ કદી પણ ધારવું નહિ. બદલો મેળવવાની આશાથી હું એવાં કોઇ કાર્ય કરતો નથી. એતો ઇશ્વિરે સોંપેલી મ્હારી ફરજ છે—મ્હારો ધર્મ છે, એમ જાણીનેજ ફક્ત હું એવાં કાર્યો કરૂં છું. કોઈ પણ આત્માને સુખ મળશે તો તે મ્હને મળ્યા બરાબર હું ધારીશ. જે નીતિ પ્રમાણે રાજાએ વર્તવું જોઇએ તેમાં એક ઉપદેશ સૂત્ર એવું છે કે: અનુભવી મનુષ્યોની સલાહ લીધા વગર કોઈ પણ કાર્ય કરવું એ અતિશય મૂર્ખતાનું કામ છે. મ્હારી સમજ એવી છે કે પોતાના મનની સ્થિરતા વગર અન્ય મનુષ્યની સલાહ લેવાથી કશું ફળ થતું નથી. અન્યની સલાહથી અને ઉપદેશથી જ્યારે રાજા સામ્રાજ્યનું ભવિષ્ય રચે છે અને પ્રજાનું સુખ દુઃખ નક્કી કરે છે

ત્યારે સલાહ આપનારની સલાહથી રાજ્યમાં કોઇ જાતના અત્યાચાર કે અવિચાર થતાં પરલોકમાં રાજાનેજ તે માટે શિક્ષા ભોગવવી પડે છે. રાજ્યના મંગલ અમંગલ માટે ઇશ્વિર પાસે રાજાનેજ જવાબ આપવો પડશે. તેને સલાહ આપનારને ઇશ્વિર પાસે જવાબ આપવો પડશે નહિ.

જેના હાથમાં રાજ્ય દંડ અને રાજ મુકુટ છે તે પ્રજાના સુખ દુઃખનો વિષય જાણે તો તે કેટલું શોભાપ્રદ કહેવાય! સામ્રાજ્યના મૂળમાં એ પ્રમાણે કર્તવ્યશીલ સુકાની હોય તો પ્રજાનાં સર્વ દુઃખો ત્વરિત દુર થાય અને પ્રજા સુખી રહે.

પ્રકરણ ૪૦ મું.

કર્મચારીઓનું વીરત્વ.

જે મનુષ્યોમાં પરમેશ્વરે અદ્‌ભૂત ગુણો તથા બુદ્ધિ મૂક્યાં છે તેવા મનુષ્યોનો સમાગમ થવો એ મહાન સૌભાગ્યની વાત છે. મો સાહેબ નામનો એક મનુષ્ય અતિશય સાહસિક તેમજ પ્રસિદ્ધ વીર પુરૂષ હતા. મ્હારા પિતાના વખતમાં તે ત્રણ હજાર સૈન્યની સરદારી પર હતા. મ્હેં તેમને પાંચ હજાર સૈન્યની સરદારી પર નીમ્યા, અને ગુજરાતના સમુદય સૈન્યના સેનાપતિ બનાવ્યા. એ સાહસિક વીર પુરૂષનાં દરેક કાર્યો વીર રૂસ્તમ જેવાંજ વીરત્વ તથા બુદ્ધિબળથી ભરપૂર હતાં. ગુજરાતનો કેટલોક પ્રદેશ પહેલાં ગાઢા જંગલોથી છવાઇ રહેતો હતો. પર્વતોના વિકટ માર્ગ, ખરાબ રસ્તા, અને બીનજરૂરીયાતી વૃક્ષોથી જંગલ ઘણુંજ ભયંકર લાગતુ હતું. કરોડો વીઘાં જમીન પડતર પડી રહેતી હતી. પરંતુ તેની ઉત્તમ વ્યવસ્થા નીચે આવ્યા પછી એ પ્રદેશમાં જ્યાં જ્યાં પડતર જમીન હતી ત્યાં ત્યાં ખેડાણ કરાવી ખેતીના ઉપયોગમાં આવે તેવી રસાળ બનાવવા યત્ન કર્યો. જંગલો સાફ કરાવી ત્યાં મનુષ્યોને વસવા યોગ્ય નગર અને ગામડાં બંધાવ્યાં. તેથી મુસાફરોને ભ્રમણ કરવામાં કોઇ પણ જાતનો ભય કે વિઘ્ન નડતાં તે દૂર કર્યાં. મ્હેં મો સાહેબને ખાજાની પદવિથી

ભૂષિત કર્યો. એક વખત પિતાજી લાહોરના નજીકના અરણ્યમાં ચાર હજાર મનુષ્યોને લઇને સિંહના શિકાર માટે ગયા હતા. તે સમયે મોસાહેબખાંએ અત્યંત અદ્‌ભૂત વીરત્વ અને સમયસૂચકતા બતાવી હતી. પિતાએ હાથી પર સ્વારી કરી હતી, અને તેમની સાથેના બધા સરદારો તથા અમીરો ઘોડા પર સ્વાર થયા હતા. જંગલમાં તપાસ કરાવતાં વિશ સિંહ તથા સિંહણો હતી. પિતાએ સરદારો તથા શિકારીઓ સાથે અરણ્યમાં પ્રવેશ કર્યા પછી તેઓ એક ગુફા પાસે બેઠેલી ત્રણ સિંહણ નજીક આવી પહોંચ્યા. હાથીને જોઇને તેમણે એકાએક તેના પર આક્રમણ કર્યું. એક સિંહણે જમીન પરથી એટલા જોરથી છલંગ મારી કે જ્યાં પિતાજી અંબાડીમાં બેઠા હતા ત્યાં પહોંચી ગઇ, અને પિતાજીના હાથના નખ તરફ જોવા લાગી. દૈવયોગે એ સમયે મો સાહેબખાં પોતાના પ્રિય અશ્વ "કોપારા" પર આરૂઢ થઇ પિતાજીના હાથી પાસેજ ઉભો હતો; તેણે એ બનાવ જોઈ એકદમ પોતાના પ્રભુનું રક્ષણ કરવા ઘોડાને દોડાવ્યો અને એકદમ છલંગ મારી સિંહણને ગળામાંથી પકડી કમ્મરે લટકતું તીક્ષ્ણ ખંજર બીજે હાથે જોરથી તેના પેટમાં ઘોંચી દીધું, તેથી સિંહણનું ઉદર ચીરાઇ ગયું. તેમાંથી માંસ અને રક્ત પુષ્કળ નીકળી પડયું. સિંહણ ભૂમિ પર ઢળી પડી, એટલામાં એકાએક બીજી બે સિંહણે મો સાહેબ પર આક્રમણ કર્યું. પણ તેથી મો સાહેબ યત્કિંચિત નહિ ડરતાં બન્નેના મસ્તક અકેક હાથે જોરથી પકડી, તેને એક બીજા સ્હામું એટલા જોરથી અફાળ્યાં કે બન્નેનાં નાક છુંદાઇ ગયાં તથા મસ્તકમાંથી લોહીની ધારા વહેવા લાગી. બન્ને સિંહણો મૂર્છિત થઇ જમીન પર પડી થોડા વખતમાં મરણ પામી. તેનું આવું વીરત્વપૂર્ણ સાહસિક કાર્ય અને સ્વાત્માર્પણનું અનુપમ દષ્ટાંત જોઈ, તેને ગ્યોય "સરફરાજખાં" નો ખેતાબ આપ્યો હતો. તે જેવો વીર હતો તેવોજ રણક્ષેત્રમાં પણ એક કાર્ય કુશળ સરદાર હતો.

મિરજા મહંમદ પણ વીરત્વને માટે અતિ વિખ્યાત છે. તે મુસેદ નામના પ્રસિદ્ધ કુળવાન વંશમાં જન્મ હતો. મ્હારા પિતાના શાસન કાળ વખતે તેને પાંચસો સિપાહીની સરદારી આપી હતી. મ્હારા હાથમાં રાજ્યકારભાર

આવ્યા પછી મ્હેં તેને એક હજાર સૈનિકનો સરદાર બનાવ્યો. એક પ્રસંગે એવું બન્યું કે: એક સમયે એક પ્રચંડ સિંહને ઘાયલ અવસ્થામાં મ્હારી પાસે લાવવામાં આવ્યો હતો. તેને એવો સખ્ત ઘા લાગ્યો હતો કે, તેને લાવ્યા પછી થોડા વખતમાં મરણ પામ્યો. તલવારના એકજ ઘાથી તેના ધડથી મસ્તક જુદું થઈ શકે કે કેમ ? તેને માટે મ્હારા સામંતોમાં વાદવિવાદ થવા લાગ્યો. અનુચરોમાંના કેટલાક કહેવા લાગ્યા કે: તેના ગળાના ભાગમાં કેશરવાળી એવી મજબૂત છે કે, જેથી એકે ઘાએ તેનું મસ્તક ધડથી જુદું કરવું એ અસંભવિત છે. રાજા માનસિંહ એક આત્મીય રજપૂત, શારીરિક બળ અને વીર્યમાં ઘણોજ વિખ્યાત હતો. તેણે મ્હારી પાસે આવી મસ્તક નમાવી કહ્યું કે: " અગર સમ્રાટનો હુકમ હોય તો એકે ઘાયે હું સિંહનું મસ્તક ધડથી જુદું કરવાનું બીડું ઝડપું છું." મ્હેં ખુશીથી અનુમતિ આપી. રજપૂત સરદારે સિંહ પર બળપૂર્વક તલવારનો ઘા કર્યો. ઘણા જોરમાં ઘા પડવા છતાં બીજું કાંઇ ફળ આવ્યું નહિ, પણ ફક્ત સિંહની થોડીક કેશરવાળી કપાઈ. એ જોઇ મિરજા મહંમદ મ્હારી સન્મુખ આવી ઉભો રહ્યો, અને એ કાર્ય માટે તેણે મ્હારી અનુમતિ માગી. મ્હેં કહ્યું કે: " ઇશ્વરના પવિત્ર નામ પર હું આપને ખુશીથી અનુમતિ આપું છું. જોઈએ કે આપ હવે શું કરી શકો છો ! " તેણે પોતાની તલવાર મ્યાન બહાર કાઢી અને એટલા વેગથી સિંહના ગળા પર ઘા કર્યો કે, તેનું મસ્તક તેના ધડથી કેટલેક દૂર જઇ પડયું. દરેક જણ તેનું વીરત્વ જોઇ ખુશી થઈ ગયા. મ્હેં પણ તેના પરાક્રમથી ખુશી થઈ ત્રિશ હજાર રૂપિયા ભેટ આપ્યા, અને મિરજા મહંમદ શેર–બિ–દાઉ–નિમના ખેતાબથી અલંકૃત કર્યો. એક વખત મ્હારા પિતાના સાવકા ભાઇ મિરજા કોકાના પુત્ર મિરજા સાંનસિએ ગુજરાતના એક કુશળ કારિગરે બનાવેલું ઉત્કૃષ્ટ ધનુષ્ય મ્હને ભેટ આપ્યું હતું. દેખાવમાં તે ઘણુંજ સુંદર અને મજબૂત હતું. ઘણો બળવાન માણસ પણ તેને ચાંપ ચઢાવી શકતો નહિ. મ્હારા સરદારોમાંથી કોણ વધારે વીર્યવાન અને શૂરવીર છે, તે જોવા સારૂ તેને વાંકુ વાળવા મ્હેં સરદારોને હુકમ કર્યો, પણ કોઇથી તેમ થઈ શક્યું નહિ. થોડીજ વારમાં સર્વના આશ્ચર્ય

વચ્ચે મિરજા મહંમદે એ ધનુષ્યને એટલા જોરથી વાળ્યું કે, ધનુષ્ય વચલા ભાગમાંથી ભાંગી જશે એવો વ્હેમ પડવા લાગ્યો. એ જોઇ સર્વેએ તેને શાબાશી આપી અને ધનુષ્ય મૂકી દેવા કહ્યું. એ દૃશ્યથી તેની વીરતાનું મ્હને બરાબર ભાન થયું. મ્હેં તેને એક હજાર સૈન્યની સરદારી પરથી પંદરસોની સરદારી આપી, અને "પિચકે-મન" (ધનુષ્ય ભાંગનાર) ની ઉપાધિ પ્રદાન કરી. એ ઉપરાંત તેને લાહોરની ફોજદારી હમેશને માટે કાયમ કરી આપી. લાહોર નજીકના એક નગરના રાજા સાથે એને યુદ્ધ થયું હતું. તેમાં તેણે જય પણ મેળવ્યો હતો. એથી મ્હેં ખુશી થઈ તેને એક ઉમદા હાથી તેમજ તેવારખાં નામનો ખેતાબ આપ્યો. થોડા સમય પછી મ્હારા પરિવારની એક મહિલા સાથે મ્હેં તેનું લગ્ન કરાવી આપ્યું.

મ્હારા અમીર વર્ગમાં બોકારનુદ્દ્જામ થાઉની શૌર્ય અને બળમાં અતિ વિખ્યાત હતો. ધનુર્બાણ છોડવામાં પૃથ્વીમાં એના જેવો બીજો એક પણ મનુષ્ય મ્હારા જોવામાં આવ્યો નથી. તેની એ વિદ્યાની એક વાર પરીક્ષા લેવાનો વિચાર થયો. એક દિવસ સંધ્યાકાળે મ્હારી પાસે એક સ્વચ્છ કાચની બાટલી પડી હતી. તેનાથી થોડે વેગળે એક દિપક મૂકાવ્યો, અને એક મીણની માખી બનાવી બાટલીની પાસે મૂકાવી. ત્યાર પછી માખી ઉપર એક ચોખાનો દાણો અને તેના ઉપર મરચાંનું બીજ મૂકયું. એટલી તૈયારી કરાવ્યા પછી મ્હેં નુદ્દ્જામ થાઉનીને તથા મ્હારા કેટલાક સરદારોને ગમ્મત ખાતર મ્હારા મહેલમાં બોલાવ્યા. નુદ્દ્જામ થાઉનીને કહ્યું કેઃ પ્રથમ તીરથી મરચાંનું બી તથા બીજાથી ચોખાનો દાણો અને છેવટના તીર વડે મક્ષિકાને ઉડાવો. પ્રથમ તીરે તેણે મરચાંના બીજના બે ભાગ કરી નાંખ્યા, ત્યારબાદ બીજા તીરથી મક્ષિકા પર મુકેલા ચોખાના દાણાને દુર કર્યો. ખુબી એજ હતી કેઃ તીરનો વેગ એટલો ધીમો રાખી તીર મારવું પડતું હતું કેઃ જેથી કાચના વાસણને કે દિપકને કાંઇ પણ અડચણ થયા સિવાય લક્ષ્યભેદને વિંધવાનું હતું. તે પણ ધનુર્વિદ્યામાં અને લક્ષ્યવેધમાં એટલો બાહોશ હતો કેઃ તેટલીજ ખુબીથી તીર મારતો અને ફક્ત લક્ષ્યવેધથી વિંધતો. તેણે ત્રીજા તીરે મીણની મક્ષિકા છેદી નાંખી—છિન્નભિન્ન કરી. એમાં પણ

વિચારવા યોગ્ય એ છે કે મરચાંનું બીજ કાપવા જતાં ચોખાના દાણાને બાણુનો જરા પણ સ્પર્શ થતો નહિ, તેમજ ચોખાનો દાણો દૂર કરતાં માખને સ્પર્શ થતો નહિ. તેણે મક્ષિકાને એવી સફાઈથી ઉડાડી કે ત્યાં તેનું અવશેષ ચિહ્ન કે ડાઘ સરખો પણ દેખાયો નહિ. ધનુર્વિદ્યામાં એનાથી અધિક પારંગત મનુષ્ય હજી સુધી કોઈ મ્હારા જોવામાં આવ્યું નથી.* મ્હારા સર્વ સરદારો અને પ્રેક્ષકો એ અદ્‌ભુત બનાવ જોઇ આશ્ચર્યાન્વિત થઇ ગયા. ધનુર્વિદ્યામાં તેની એવી કુશળતા જોઇને હું પણ ખુશી થઈ ગયો, અને તેને એક હજાર પદની સરદારી પરથી વધારી બે હજાર સૈનિકોનો સરદાર બનાવ્યો. એટલુંજ નહિ પણ મ્હારી પ્રિય પત્ની નુરજહાંનની ભગિનીની કન્યા સાથે તેનો વિવાહ કરાવી આપ્યો. એ લગ્ન સંબંધ કરવાથી હું તેને મ્હારા તુલ્ય ગણવા લાગ્યો.

પ્રકરણ ૪૧ મું.

કાબુલિ લુંટારાનું દમન.

મનુષ્યનો સાધારણ સ્વભાવ એવો હોય છે કે તે અન્યનું બહારનું ઐશ્વર્ય દેખીનેજ તેના સુખની કલ્પના કરે છે. જે અધિક શ્રીમંત જણાય છે તે અધિક પ્રમાણમાં સુખી છે એવી તેમની માન્યતા થાય છે, પણ તેમની એ સમજણમાં કેટલી ભૂલ હોય છે તેનો તેમને ખ્યાલ હોતો નથી. મ્હારી પોતાનીજ સ્થિતિ એવી છે કે જ્યારે તેનો ચિતાર હું લોક સમક્ષ મુકું ત્યારેજ તેઓને પોતાની એ ભૂલ જાણવામાં આવશે. રાજા થવામાં અને સામ્રાજ્ય ચલાવવામાં કેટલી મુશ્કેલીઓ નડે છે, તેના વિચારથી જનસમૂહનો ઘણો ભાગ અજ્ઞાત છે. રાજા એટલે દુનિયાના સઘળા ભોગો યથેચ્છ ભોગવનાર વ્યક્તિ; એ સિવાય રાજા શબ્દની અન્ય કોઈ વ્યાખ્યા તેઓની સમજમાં હોતી નથી. રાજા કેટલાક સુખનો

* સમ્રાટ્ જહાંગીર પણ ધનુર્વિદ્યામાં અતિશય દક્ષ હતો.

ભોક્તા છે અને તે કેવા ભોગવિલાસ ભોગવે છે એ વગેરે બાબતોનો ચિતાર આપવા માટેજ મ્હેં જનસમૂહ સમક્ષ મ્હારી આ જીવન કથા ચિતરી છે. તેમાંથી વાંચક મનુષ્યો અનેક શિખામણ મેળવી શકશે, અને રાજાને જેઓ સુખી ધારે છે તેમની ભ્રમણા પણ દૂર થશે.

થોડા વખત પછી મ્હને એવી ખબર મળી કે કંદહાર જવાના માર્ગ પર અફગાન લોકોની કેટલીક ટોળીઓ મુસાફરો પર ઘણોજ અત્યાચાર કરે છે. એ લુંટારાની ટોળીઓનો નાશ કરી મુસાફરોનો માર્ગ નિર્ભય કરવાને માટે મ્હેં કેટલુંક સૈન્ય મોકલવાનો વિચાર કર્યો. એ લુંટારાઓનું દમન કેવી રીતે કરવું તે સંબંધી વિચાર કરતો બેઠો હતો એટલામાં રાજસભાના એક પ્રસિદ્ધ કુશળ સભાસદ અલ્લા દાદખાં નામના મનુષ્યે કહ્યું કેઃ લુંટારાઓનું દમન કરવાને માટે અને મુસાફરોને તેમના ત્રાસથી છોડાવવા માટે સરળ ઉપાય એ છે કેઃ ડુંગરાવાળા ભાગ પર ચોકી પહેરો બેસાડવો તથા તે બધા પર દેખરેખ રાખવા એક ફોજદારની નીમણુક કરવી. એ સાંભળી મ્હેં અલ્લા દાદખાંનેજ ત્યાંના ફોજદાર તરીકે નીમ્યો. એના ત્યાં ગયા પછી થોડા વખતમાં મ્હને એવી ખબર મળી કેઃ અલ્લા દાદખાંને લુંટારાઓએ મારી નાંખવાનો પ્રપંચ કર્યો છે. તેથી લુંટારાઓનો નાશ કરવા લશ્કરખાં નામના એક માણસને ત્યાં મોકલ્યો. લશ્કરખાનું પૂર્વ નામ ખાજા અબુલ હુસેન હતું. તે ઘણા દિવસથી તૈમુર વંશનીજ સેવામાં જોડાયો હતો. જ્યાં લુંટારાઓ ટોળાબંધ એકઠા થતા હતા અને મુસાફરોના જાનમાલનું હરણ કરતા હતા તે સ્થળે જઈ લશ્કરખાં ઉભો રહ્યો. અહિં તેને માલુમ પડયું કેઃ ચાળીશ હજાર અશ્વારોહી તેમજ પાયદળનું લશ્કર લઈ લુંટારાઓ તેની સામું યુદ્ધ કરવા ઉભા હતા. તેઓ બધા તીર, કમાન અને બંદુકથી સજ્જ થયેલા હતા. લશ્કરખાં ઈશ્વિર પર પૂર્ણ વિશ્વાસ રાખી યુદ્ધ કરવા તત્પર થયો. પ્રાતઃકાળથી તે સંધ્યાકાળ પર્યંત અવિરામ યુદ્ધ ચાલ્યું. છેવટમાં શત્રુ પક્ષનીજ હાર થઇ. તેમનું સત્તર હજાર સૈન્ય મરણ પામ્યું, કેટલુંક કેદ પકડાયું, અને બાકીનું જુજ લશ્કર રણભૂમિનો ત્યાગ કરી નાસી ગયું. કેદ પકડાયલા લશ્કરને તથા લુંટારા સરદારોને મ્હારી સન્મુખ લાવવામાં

આવ્યા. મ્હેં વિચાર કરી તેમને પ્રાણુ દંડની શિક્ષા નહિ કરતાં તેમના પગ બાંધી જંગલમાંથી દરરોજ હાથી સારૂં ઝાડપાલા કાપી લાવવાનું તથા બાગબગીચામાંથી નકામો કચરો દૂર કરી સ્વચ્છ રાખવાનું કામ કરવાની શિક્ષા ફરમાવી.

પ્રકરણ ૪૨ મું.

આત્મ ચિંતા.

લશ્કરખાંની અગાધ મહેનત અને બાહુબળ વડે કાબુલ તરફ આવવા જવાનો માર્ગ લુંટારાની ભીતિ વગરનો થઇ ગયો. એ માર્ગ તેણે એટલે સુધી નિર્ભય બનાવ્યો કે: કાબુલમાંથી જે ઉપજ આવતી તેનો ખર્ચ બાદ જતાં બીજી સીલીક લાહોરમાં પણ હવે નિર્વિઘ્ને લાવી શકાતી હતી. વગર કારણે મનુષ્યનું લોહી રેડવું કે રેડાતું જોયાં કરવું એ એક ખરેખર દુઃખજનકજ છે, પણ દૈવયોગે રાજક્રમ સુવ્યવસ્થિત અને નિયમાનુસાર ચલાવવાને માટે ઘણી વખતે અનિચ્છાએ પણ કઠોરતા વાપરવાની જરૂર પડે છે. તેમ કરવામાં રાજા અને પ્રજાનું હિતજ સમાયલું હોય છે, કારણ દુરાચરણી અને લુંટારા લોકોને જો કઠોર શિક્ષા કરવામાં ન આવે તો સમગ્ર માનવ–સમાજ અંદર અંદર લઢી મરે, બળવાન ગરીબને છુંદી નાંખે, અને પાપાત્મક બુદ્ધિવાળા મનુષ્યો સ્હામાનું કોઈ પણ રીતે અનિષ્ઠ કરવામાં કદાપી અટકેજ નહિ. રાજ્યમાં અંધેર થઈ જાય. ચોર, લુંટારા અને ખરાબ મનુષ્યોથી દેશ ઉભરાઇ જાય. રાજ્યની શાન્તિ સદા માટે ભાગી પડે. રાજા કેટલીક શાંતિ અને સુખમાં પોતાનું જીવન ગાળે છે તેનો ખ્યાલ તો એક ઇશ્વર સિવાય અન્યને આવવોજ મુશ્કિલ છે. તે હમેશાં કેવાં મનોકષ્ટમાં તેમજ ચિંતામાં કાળ નિર્ગમન કરે છે તેનો વિચાર–કલ્પના અન્યને ભાગ્યેજ આવતો હશે? રાજાઓને અદૃષ્ટ ચિંતા અને મનોકષ્ટ સિવાય બીજાં પણ હજારો દુઃખો હોય છે. થોડા વખતમાં તેને

કેટલાં બધાં કાર્યમાં મન દેવાતું હોય છે તથા કેટલી બાબતોની ચિન્તા રાખવાની હોય છે તેનો અનુભવ રાજા થનારજ ભોગવી શકે છે. રાજાના નશિબમાં રાત્રે નિશ્ચિંત રીતે ઉંઘવાનું લખાયલું હોતું નથી. તે બહાર ખુલ્લી રીતે, એક સ્વતંત્ર ઉડતા પંખી પેઠે કે સાધારણ મનુષ્ય પેઠે સ્વતંત્રતાથી ફરી શકતો નથી, કારણ તેને મરણનો ભય ઘણોજ હોય છે. જ્યારે કોઇ ગુન્હેગારને શિક્ષા કરવામાં આવે છે ત્યારે તે અને તેનો સઘળો પરિવાર રાજાના શત્રુ બની જાય છે. હજારોના ફેંસલા કરતા રાજાના હજાર શત્રુઓ બને છે. ત્યારે બતાવો ! કે રાજા થનારને શાંતિ અને સુખ ક્યાં છે ? કહેવત છે કે: રાજાને શત્રુ, રાજાના શરીર ઉપરના વાળમાં હોય છે, એ કથન અક્ષરસઃ સત્ય છે. " મ્હારાં વાક્યો એક મહા મૂલ્યવાન રત્નની પેઠે જાળવી રાખજો કે:–ઇશ્વિર કૃપાએ જો તમે ઉચ્ચમાં ઉચ્ચ પદવિ મેળવવા ભાગ્યશાળી થાઓ ત્યારે તમારા આધીનમાં રહેતાં મનુષ્યો પર હમેશાં અમી ભરી દ્રષ્ટિથી જોતાં શીખજો, અને તેમની સાથે સારો મેળાપ રાખજો. પોતાની પાછળ પોતાનું નામ અમર રાખવાની ઇચ્છા સારૂ સુવર્ણ જડિત મહેલ બંધાવી જવા કરતાં, આ લોક અને પરલોકમાં સારૂં નામ અને કીર્ત્તિ મળી શકે તેવાં, જનસમૂહના કલ્યાણના માર્ગમાં વિચરવું એમાંજ શ્રેય સમાયલું છે." પ્રભુએ જેને શક્તિ આપી છે, તેનો મુખ્ય ધર્મ એજ છે કેઃ "અત્યાચાર અને દુષ્ટો તરફની પીડામાંથી પ્રજાવર્ગનું રક્ષણ કરવું. મ્હેં દઢ સંકલ્પ કર્યો છે કેઃ હું કદાપિ વિલાસ તેમજ ભૌતિક સુખોમાં લીન થઇ જઇ મ્હારૂં કર્તવ્ય–ફરજ બજાવવાનું વિસ્મર્ણ કરીશ નહિ. ઇશ્વિરે મ્હને કરોડો રૂપિયાના રત્નાલંકાર અને ધન સંપત્તિ આપ્યાં છે પણ તેને હું મ્હારી જીંદગીની અમૂલ્ય વસ્તુ ગણુતો નથી. તેને સાચવવાને માટે હું દરકાર કરતો નથી. આ લોકના સ્વર્ગીય સુખોથી હું તૃપ્ત થઈ ગયો છું ! શિકારમાં મળતો આનંદ, વિલાસમાં મળતી મઝાહ, એક એકથી ચઢતી રૂપવતી નવોઢા રમણીઓ સાથે રમણ કરવાથી મળતું સુખ, ઇત્યાદિક લાખો અરે ! કરોડો ભૌતિક કહેવાતાં સુખોથી હું હવે ધરાઈ ગયો છું ! એ લૌકિક આનંદ છેવટે મ્હને દુઃખ અને કષ્ટરૂપ લાગવા માંડ્યો છે ! મ્હારી

યુવાવસ્થા ઉતરી જરાવસ્થા આવવાના ચિહ્નો દેખાય છે. અનુભવથી મ્હને હવે સમજાય છે કે ખરી શાંતિ અને સુખ નિર્જન અરણ્યમાંજ સમાયલું છે. ટુંકામાં કહીએ તો પૃથ્વી પરનું કોઇ પણ સુખ કે આનંદ ચિરસ્થાયી નથી. દરેક વસ્તુ ક્ષણભંગુર, ચંચળ અને નાશવંત છે. મ્હને તેનો બરોબર રીતે અનુભવ મળી ચૂક્યો છે. જે મનુષ્યો વિલાસ અને ઐહિક સુખોમાં લીન થઈ જઈ તેનેજ પોતાનું કર્ત્તવ્ય કર્મ માની પોતાનાં ખરાં ધર્મ-કર્મ વિસરી જાય છે, તેઓને બીજીજ ક્ષણે તેમના એ વૈભવોનો અને સુખોનો નાશ થયેલો જણાય છે. જે પૃથ્વીમાં એવાં હજારો દુઃખો સમાયલાં છે, તે પૃથ્વી પર અધિકાર મેળવવા ખાતર હજારો ગરીબોનાં ગળાં રેંહસવાં અને કરોડો અધર્માચરણો કરવાં તે બધું કેટલા જીવ્યા સારૂ? કયા સ્થાયી નિવાસ માટે? ભવિષ્યનો ભય દૂર કરવા માટે હું ઘણી વખત મ્હારા અનુચરો સાથે કઠોર વર્તન ચલાવું છું, પણ હું સત્ય લખું છું કેઃ મ્હારા સ્વાર્થ અથવા તો ઉચ્ચ અભિલાષાની તૃપ્તિ માટે તો તેમની સાથે કદી પણ ખરાબ વર્તન ચલાવતો નથી તેમજ તેમને ગુસ્સાનો એક શબ્દ પણ કહેતો નથી. વિશ્વાસઘાતી અને મિથ્યાચરણીઓનાં દરેકે દરેક કાર્ય મ્હારી પાસે સૂર્યના પ્રકાશ પેઠેજ ખુલ્લાં થઈ જાય છે. માનવ જીવનને સુખમય બનાવવાને માટે જે જે રસ્તાઓ હોય તે બધા હું ગ્રહણ કરવા સદા તૈયારજ રહું છું. બહુ મૂલ્યવાન ઝમકદાર પોશાક પહેરવામાં અને સુવર્ણ મૌક્તિક રત્નાલંકાર ધારણ કરવામાં મ્હારાથી વધારે કોણ ચઢી જાય તેમ છે? કોઇજ નહિ, પણ વિચારને અંતે એવુંજ માલુમ પડે છે કેઃ સત્ય સુખ આપનાર એવી કોઇ વસ્તુઓ હોઇ શકેજ નહિ. ખરૂં સત્ય સુખ તો આ માનવ સૃષ્ટિની બહારજ હોય એમ મને લાગે છે. બધાં ઐહિક સુખોને પૂર્ણ રીતે ભોગવ્યા બાદ તે સર્વથી કંટાળેલો મનુષ્ય કોઇ એવાજ સુખની ઇચ્છા કરે છે કે જેમાં નિરાશા કે શોક ના હોય. તેજ સુખ તે સત્ય સુખ હોય એમ મ્હને ભાસે છે અને તે ઇશ્વર સિવાય બીજા કોઇને ત્યાં હોય તેજ કોઇ પણ જગ્યાએ હોવાનો સંભવ નથી. સર્વ પ્રાણી માત્ર ઇશ્વરનાંજ બાળકો છે અને તે બધાં પર સમાન દૃષ્ટિથીજ જોવું એવું

ઇશ્વિરી પવિત્ર ફરમાન છે. તેનું વિસ્મરણ કરી જો હું પક્ષપાતથી કાર્યો કરૂં અને સર્વનાં સુખ અને સન્માન પ્રત્યે દ્રષ્ટિ કર્યા વગરજ મ્હારાં સુખોમાં કેવી રીતે વૃદ્ધિ થાય એનુંજ ચિંત્વન કરૂં તો તેનું ફળ મ્હને આ જગત્માં શું મળે? એજ કે પ્રજા મ્હને એક નરાધમ રાજા તરીકે ઓળખે અને પરલોકનું પરમ સુખ હું સદા માટે ખોઇ બેસું, અને હું અતિ નીચ અત્યાચારી રાજા કહેવાઉં.

પ્રકરણ ૪૩ મું.

બંગાળા દેશના જાદુગર.

આ સમયે બંગ દેશમાં અદ્દભૂત જાદુગરો વસતા હતા. એ લોકો જેવા ચમત્કારિક જાદુગરો દુનિયામાં કોઇ અન્ય સ્થળે હશે કે કેમ તેની મ્હને શંકા છે. તેમનાં અદ્દભૂત કૌશલે મ્હને એટલો બધો મુગ્ધ કરી દીધો હતો કે તે સંબંધી કેટલાક બનાવોનો ઉલ્લેખ કર્યા સિવાય મ્હારાથી રહી શકાતું નથી. એક સમયે સાત જાદુગરો મ્હારા દરબારમાં આવ્યા હતા. તેઓ મ્હારી પાસે આવી કહેવા લાગ્યા કેઃ અમે માનવ બુદ્ધિથી અગમ્ય ઘણાજ ચમત્કારિક જાદુ પ્રયોગો કરી જાણીએ છીએ. જો શહેનશાહનો હુકમ થાય તો અમે તે પ્રયોગો આપ સમક્ષ કરી બતાવીએ. મ્હેં તેમ કરવા ખુશી બતાવી. ખરેખર! તેઓએ જે આશ્ચર્યજનક જાદુઇ પ્રયોગો કર્યા તે જોઈ હું તથા મ્હારા સર્વ દરબારી અમીરો તેમજ સરદારો વિસ્મયજ પામ્યા છીએ.

૧. રાજવાડાના એક મ્હોટા ચૉકમાં મ્હેં તેમને ખેલ કરવાની પરવાનગી આપી. ચૉકની સામું મ્હારા અમીર ઉમરાવ તથા સરદારોને બેસવાને તેમજ અન્ય પ્રેક્ષકોને જોવા માટે ઘણીજ ઉત્તમ પ્રકારની વ્યવસ્થા કરાવી હતી. પ્રથમ જાદુગરોએ કહ્યું કેઃ આપ કોઈ પણ વૃક્ષનું નામ આપશો તો તેજ વૃક્ષનું બીજ મૃતિકામાં રોપી તુરતજ અમે તે વૃક્ષ ઉગાડી બતાવીશું. મ્હારા

સભાસદમાંના એક ખાન–ઈ–જહાને તેમને આંબાનું વૃક્ષ ઉત્પન્ન કરવા કહ્યું. તત્ક્ષણાત્ બાજીગરે દશ જુદી જુદી જગ્યાએ આંબાની ગોટલીઓ રોપી દીધી, અને અમારા સર્વથી કોઇ પરિચિત ભાષામાં કાંઈક મંત્ર બોલવા લાગ્યા. થોડીજ વારમાં તે દશે સ્થાને દશ આમ્ર વૃક્ષ ઉગેલાં દેખાયાં. એજ પ્રમાણે તેમણે બીજા આમ્ર, શેબ, સરૂ, નારંગી, દાડમ, બદામ, અખરોટ ઈત્યાદિક કેટલાંક વૃક્ષો થોડીજ વારમાં અમારા સર્વની અજાયબી વચ્ચે ઉત્પન્ન કર્યાં હતાં. એ વૃક્ષ ધીમે ધીમે મૃતિકામાંથી ઉગતાં દેખાવા લાગ્યાં. બે એક હાથ ઉંચા ઉગ્યા પછી તેમના પર શાખા પત્ર ઈત્યાદિક આવવાથી વૃક્ષો ઘણાંજ સુશોભિત જણાવા લાગ્યાં. દરેક વૃક્ષો પર તેનેજ લગતાં ફળ પણ ઉત્પન્ન થયાં. શેબનાં વૃક્ષ પર શેબ ફળ ઉત્પન્ન થયાં હતાં તેને મ્હારી સન્મુખ લાવી મૂકવામાં આવ્યાં. રંગ, રૂપ, સુગંધ અને આકારમાં તેઓ શેબ ફળજ હોય એમ લાગતું. જરા પણ ફેરફાર જણાતો નહોતો. એ દરેક વૃક્ષનાં દરેક ફળ મ્હને લાવી આપવામાં આવ્યાં. જાદુગરોમાંના એકે મ્હને તે ફળો ખાવાનું કહ્યું. મ્હેં તથા મ્હારા દરબારી વર્ગે ફળો ખાધાં પણ ખરાં. દરેકને તે સ્વાદિષ્ટ લાગ્યાં. ફળ ઉત્પન્ન થયા પછી વૃક્ષોની દરેક શાખા પર વિવિધ વર્ણનાં મનોહર પક્ષીઓ આવી બેઠેલાં જણાયાં. પંખીઓ ઘણાંજ સુંદર તેમજ તેમનો કંઠ ઘણોજ મધુર લાગતો. વૃક્ષો પરનાં પક્ષીઓના કિલકિલાટથી મંડપ ગાજી ઉઠયો. થોડી વાર પછી શરદ્ ઋતુના જેવો વૃક્ષોના પત્રોનો રંગ થઇ ગયો. ધીમે ધીમે દરેક વૃક્ષ પુનઃ માટીમાં સમાઈ જતાં દેખાયાં. છેવટે સંપૂર્ણ રીતે તે સ્થળ પ્રથમના જેવુંજ થઈ ગયું. જો એ બનાવ મ્હેં નજરે ના જોયો હોત તો હું કોઇના કહેવા પર કદી પણ વિશ્વાસ રાખી કબૂલ કરત નહિ, એટલુંજ નહિ પણ કહેનારને એવોજ જવાબ આપત કેઃ “ કુદરતનું કામ મનુષ્ય હાથમાં લઈ શકેજ નહિ. કદાચ લે તો તેના જેવું થવું અસંભવિતજ ! ”

૨. એ જાદુગરો પાસે અનેક ખેલો હતા, પણ તેમનો એવો નિયમ હતો કેઃ એક વખત કરી ગયેલો ખેલ તેઓ કદી પણ બીજી વખત કરતા નહિ. તેમના એ નિયમનો ભંગ થાય એવો મ્હેં કદી પણ હુકમ કર્યો

નથી. તેમને હું દરરોજ નવા નવા ખેલો કરવાનોજ હુકમ ફરમાવતો હતો. એક દિવસ મધ્ય રાત્રિના બે વાગે જ્યારે સકળ જગત્ ગાઢ નિદ્રામાં હતું તે વખતે પેલા સાત જાદુગરોમાંના એકે પોતાના શરીર પર ધારણ કરેલો પોષાક કહાડી નાંખ્યો, અને ફક્ત એક ચાદર આખા શરીરે લપેટી દીધી. તુરતજ તે ચાદરમાંથી એક પ્રકાશિત આરસો બહાર કહાડયો. એ આરસામાંથી એટલો બધો પ્રકાશ બહાર પડયો કે તેથી કરીને સમસ્ત આકાશ ન માની શકાય તેવું પ્રકાશિત થઇ ઉઠયું. રાત્રિને વખતે મુસાફરી કરતાં પ્રવાસીઓ પણ કહેવા લાગ્યા કેઃ તે વખતે નભો મંડળમાં એક મહાન પ્રકાશ તેમણે જોયો હતો, અને આગ્રાથી દશ ગાઉ દૂર પર્યંતના પ્રવાસીઓએ તે પ્રકાશનો બરાબર અનુભવ લીધો હતો. એ પ્રકાશ ખરેખર સૂર્યના પ્રકાશને પણ વિસરાવે તેવો હતો.

૩. એક દિવસ તે સાતે જાદુગરો મ્હારા મહાલયે આવી મ્હને નમન કરી ઉભા રહ્યા, અને પોતાનો ખેલ શરૂ કર્યો. સાતે જણાએ મુખ બંધ કરી દીધાં. થોડાજ વખતમાં દરેકના કંઠમાંથી એકજ જાતનો કર્ણ પ્રિય સ્વર સંભળાયો. દરેક જણ જોઇ શકતું કે એ મધુર નાદ તેમનાજ કંઠમાંથી આવે છે, તથાપિ જીભ કે હોઠની મદદ તેઓ લેતા નહિ. માત્ર એકજ સુસ્વર સંભળાતો હતો.* તે જોઈ બધા આશ્ચર્યમાં પડ્યા. જે સ્વર નીકળતા તે ઘણાજ મધુર અને આહ્લાદજનક હતા.

૪. જુદી જુદી જાતના દારૂની એકસો હવાઇઓ તૈયાર કરી, એક દિવસ તેઓ મ્હારી પાસે આવ્યા, અને તે હવાઇઓમાં એક, બે એમ અનુક્રમે આંકડા લખી તેના ખુણામાં મુકી. ત્યાર બાદ મ્હને કહ્યું કેઃ એ સર્વને આપની ખુશી પડે એવે ઉંચે સ્થળે ગોઠવાવો. સર્વ હવાઇઓ મેં ઇમારતોમાં તેમજ ઝાડ પર અને કેટલીએક ગુપ્ત સ્થળે મુકાવી. રાત્રે તે જાદુગરો મ્હારી પાસે આવ્યા અને કહ્યું કેઃ જે નંબરવાળી હવાઇ લાવવા આપ હુકમ કરશો તે આપોઆપ સળગશે અને આવીને આપની સમક્ષ ઉભી રહેશે. ખાન-ઇ-આજમે એક સૌથી ઉંચી જગ્યાએ ગોઠવેલી હવાઇનો

* Ventriloquism એમાં શંકા નહિ.

નંબર કહ્યો. તત્ક્ષણાત્ તે આંકડાવાળી હવાઈ મ્હારી સન્મુખ આવી પહોંચી. એ પ્રમાણે જે જે આંકડા કહ્યા તે તે હવાઇઓ સળગતી અમારી પાસે આવી પહોંચી. એક ઝાડ પર જુદા જુદા નંબરની પાંચ હવાઇઓ ગોઠવી હતી. અમે તે લાવવાનું કહ્યું. એ પાંચેને જોડે જોડે અદ્ધર આવતી જોઈ અમે અમારૂં હસવું રોકી શક્યા નહિ. અમે જાદુગરોના એ અદ્દ્ભૂત ચમત્કારથી વિસ્મય પામ્યા.

૫. એક દિવસ જાદુગરોએ રજવાડામાંથી મ્હારા નોકરો પાસેથી એક મોટી કઢાઈ મંગાવી. તેમાં ત્રણ મણ ચોખા નાંખ્યા. થોડીજ વારમાં અગ્નિ કે જળ નહિ હોવા છતાં તેમાંથી પરપોટા નીકળવા લાગ્યા. થોડોક વખત થયા પછી જાદુગરોએ તૈયાર રાંધેલા ભાતથી એકસો થાળા ભરી દીધા. વધારે અજાયબ જેવું એ હતું કે કઢાઇમાં ચોખા સિવાય અન્ય કાંઈ વસ્તુ નાખવામાં આવી નહોતી, છતાં પણ તેમાંથી એક એક રાંધેલી મરઘી કહાડી પ્રત્યેક થાળામાં પીરસી દીધી. આ અદ્દ્ભૂત બનાવમાં અમને કાંઈ પણ સમજણ પડી નહિ. ખરેખર, એમની એવી અદ્દ્ભૂતતાથી ભરેલા પ્રયોગો જોઈ હું ખુશ થઇ ગયો.

૬. એક દિવસ એક ગુલાબનું પુષ્પ લઈ તેને બાજીગરોએ સુકી પૃથ્વી પર મુક્યું. તેની ચારે બાજુએ તેમણે ત્રણ વખત નૃત્ય કર્યું. એટલે તે પુષ્પના મધ્ય ભાગમાંથી એક ફુવારો ઉડવા માંડયો. એ ફુવારામાંથી બીજી હજારો ધારાઓ દ્વારા અનેક ગુલાબ–પુષ્પ ભૂમિ પર પડવા લાગ્યાં પણ જોવા જેવું એ હતું કે: ફુવારામાંથી ઉડતા જળનું એક પણ બિંદુ જમીન પર પડતું નહિ. ત્યાર પછી એક કલાક સુધી એકલું જળજ ઉડવા માંડયું. થોડી વારમાં પુષ્પ ઉડી જતાં દેખાવા લાગ્યાં અને ફુવારો પણ બંધ થઈ ગયો. એ બધું થઇ રહ્યા પછી અમને વધારે આશ્ચર્ય એ લાગ્યું કે: આટલું બધું જળ તથા ગુલાબનાં પુષ્પ ઉડવા છતાં તે સ્થળે તેની કાંઈજ નિશાની સરખી રહી નહિ. એ પ્રમાણે તેમણે ત્રણચાર વખત વિવિધ પ્રકારના ફુલોના ફુવારા ઉડાવી બતાવ્યા. ધ્યાન આપવા સરખું એ હતું કે જે ધારામાંથી ફુલ છુટતાં તે ધારામાંથી મધમધાટ સુગંધી આવતી હતી.

પુનઃ તેમણે પેલાં પુષ્પો ભૂમિમાં વાવ્યાં. વાવતાંજ તેમાંથી જળ અને અનેક પુષ્પની વૃષ્ટિ થવા લાગી.

૭. એક દિવસ જાદુગરોએ આવી મ્હને કહ્યું કેઃ આજે અમે ખેલ કરનાર છીએ. તે ઉપરથી હું મ્હારા સર્વ સરદારો તથા અનુચરો સાથે ચૉકમાં જઈ બેઠો. પ્રથમ એક જાદુગર આવી ઉભો રહ્યો. થોડીજ વારમાં બીજો જાદુગર ત્યાં આવ્યો, અને પહેલા જાદુગર પર ચ્હડી તેના માથા પર માથું મુકી પગ આકાશ તરફ રાખી સ્થિર ઉભો રહ્યો. એટલામાં ત્યાં ત્રીજો જાદુગર આવ્યો અને તેણે તેમના પર ચ્હડી જઇ પગ ભેગા પગ રાખી ઉભો થઇ ગયો. આ પ્રમાણે સાતેજણા મસ્તક સાથે મસ્તક અને પગ સાથે પગ રાખી એક ઉંચા વૃક્ષ કે વાંસની પેઠે સ્થિરતાથી ઉભા રહ્યા. પહેલાં તો અમને એ ફક્ત એક કસરતી ખેલ લાગ્યા પણ પાછળથી એક કલાક સુધી તેઓ સ્થિરતાથી ઉભા રહ્યા ત્યારેજ અમને જણાયું કે એ ખેલ કસરતી નથી પણ જાદુઇ છે. પ્રથમ જાદુગર કેટલોક વખત એકજ જગ્યા પર એ છએ જણનો ભાર પોતાના પર રાખી સ્થિર ઉભો રહ્યો. વળી તે એક પગ ખાંધ સુધી ઉંચો કરી એક પગેજ ઉભો રહ્યો હતો. તેનુંજ બળ અને સ્થિરતા જોઇ અત્યંત વિસ્મીત થયો.

૮. એક બીજી વખત પણ એ જાદુગરોએ પોતાના બળ અને શક્તિનો અમને અનુભવ કરાવ્યો. પ્રથમ એક જાદુગર આવી ઉભો રહ્યો, અને બીજા જાદુગરે તેને કમરમાંથી બાથ ભીડી. ત્યાર બાદ પહેલા જાદુગરે મ્હને કહ્યું કેઃ આપના દરબારમાંથી પહેલવાન અને બાહુબળમાં શૂરવીર ગણાતા હોય તેવા ચાલીશ મનુષ્યને અમારી પાછળથી એક પછી એક કમરેથી બાથ ભીડવા કહો, પછી આપ જુઓ કેઃ કોનું બળ વિશેષ છે! મ્હેં મ્હારા સરદારોમાંથી પહેલવાન અને શૂરવીરોને ઉભા કર્યા તેમણે એક પછી એક બાથ ભીડી. તે પરથી જણાયું કેઃ એ ચાલીશના બળને નહિ ગણકારતાં ફક્ત પહેલોજ જાદુગર પોતાની અગાધ જાદુઈ શક્તિના બળે કહો, કે શારીરિક શક્તિના બળે કહો, ગમે તેમ પણ તે બધાને પોતાની પાછળ ઘણે દૂર સુધી ખેંચી ગયો. એ પ્રમાણે તેણે ત્રણેક વખત કરી બતાવ્યું. તેનું અદ્ભુત બળ જોઇ હું સજજડજ બની ગયો.

૯. એક દિવસ એ જાદુગરોએ એક ઘણોજ વિલક્ષણ ખેલ કર્યો. તેમણે અમારી સમક્ષ તેમનામાંના એક જાદુગરને તલવારથી કાપી નાંખી કટકે કટકા કરી નાંખ્યા, અને તે કટકાને ચારે દિશામાં નાંખી દીધા. થોડી વાર પછી એક જાદુગરે જમીન પર એક ચાદર બિછાવી અને તેમાં તે જાદુગર ભરાયો. થોડીજ વારમાં જે જાદુગરને કટકા કરી નાંખી દેવામાં આવ્યો હતો તે અને બીજો એમ બન્ને સર્વની અજાયબી વચ્ચે તેમાંથી બહાર નિકળ્યા. જોવા જેવું એ હતું કે: તેના શરીરે કોઈ પ્રકારના ઘાનું ચિહ્ન સરખું પણ માલુમ પડતું નહોતું.

૧૦. એક દિવસ જાદુગરો એક મ્હોટી બે હાથ લાંબી નળી લાવ્યા. એ નળી મ્હેં તથા મ્હારા સર્વ અનુચરોએ બરાબર જોઇ પણ તેમાં કાંઈ વ્હેમ જેવું દેખાયું નહિ. ત્યાર પછી એક જાદુગરે તે નળીમાં એક છેડેથી એક તરબુચ ઘાલ્યું, અને તેને બીજે છેડેથી બહાર કાઢતાં તરબુચને બદલે નારંગી નીકળી. તેજ નારંગીને ફરીથી ઘાલતાં બીજે છેડેથી દ્રાક્ષ નીકળી. પુનઃ દ્રાક્ષ ઘાલતાં બીજે છેડેથી અંજીર નીકળ્યાં. આશ્ચર્યકારક એ હતું કે: એક વખત નળીમાં જે ફળ ઘાલતા તેનાથી જુદુંજ ફળ બીજે છેડેથી નીકળતું. જાદુગરોએ નળીમાંથી જુદી જુદી જાતનાં ઘણાં ફળ કહાડી બતાવ્યાં. ત્યાર પછી એક જાદુગરે તેમાં હાથ ઘાલી તેમાંથી બે મ્હોટાં મરઘાં બહાર કાઢયાં. બહાર નીકળતાંજ તેઓ પરસ્પર લઢવા મંડયાં. બન્ને એટલા જોરથી લડયાં કે બન્નેનાં શરીરમાંથી રક્ત નીકળ્યું. છેવટે એ બન્ને ઉપર એક ચાદર ઢાંકી દેવામાં આવી; થોડી વાર પછી ચાદર ઉઘાડતાં મરઘાંને બદલે બે સુંદર તીતર પક્ષી દેખાયાં. શિખવી તૈયાર કરેલાં તીતર પ્રમાણેજ તેઓ મધુર કંઠથી ગાવા લાગ્યાં. તેમના પર પણ પ્રથમ પ્રમાણે ચાદર ઢાંકવામાં આવી અને તે પણ પ્રથમ માફક અદૃશ્ય થઇ ગયાં. વળી પાછી એ ચાદર ઉઘાડતાં બે મ્હોટા ભયંકર કાળા સર્પ દેખાયા. તે બન્ને સામસામું લડવા લાગ્યા. કેટલીક વાર પછી તેઓ શાન્ત થયા. જાદુગરોએ તે ઉપર પુનઃ ચાદર ઢાંકી દીધી, અને એ બન્ને પણ બીજી દરેક વસ્તુઓની પેઠે અદૃશ્ય થઈ ગયા !

૧૧. જાદુગરોના કહ્યા પ્રમાણે મ્હેં મ્હારા અનુચરો પાસે એક ન્હાનું તળાવ ખોદાવી તેને જળપૂર્ણ કરાવ્યું. ત્યાર પછી જાદુગરોએ તેનો ઉપલો ભાગ ઢાંકી દીધો. થોડી વાર પછી આચ્છાદન ખેંચી લીધું તો માલુમ પડયું કે, તેમાંનું બધું પાણી એક મ્હોટા બરફના ચોસલાના આકારમાં બાઝી ગયું છે. જાદુગરોએ એ બરફ ઉપર હાથી ચલાવવા કહ્યું. તદનુસાર એક માવત એક હાથી લાવ્યો અને તે ઠરેલા બરફ પરથી ચલાવી ગયો છતાં બરફ એક પણ જગ્યાએથી ભાંગ્યું નહિ. એ બનાવ પછી જાદુગરોએ તળાવ પર પાછી ચાદર ઢાંકી દીધી. વળી આચ્છાદન ખસેડી લેવામાં આવ્યું. અમને એ સ્થળે પાણી કે બરફ બેમાંથી એક પણ જણાયું નહિ. એટલું બધું પાણી મંત્રથી એકાએક ઉડી ગયેલું જોઇ અમે બધા વિચારમાં પડયા.

૧૨. જાદુગરના કહેવા પ્રમાણે મ્હેં એક મેદાનમાં બે તંબુ ઠોકાવવા હુકમ કર્યો. બન્ને તંબુનાં દ્વાર સામસામાં રખાવ્યાં. હું મ્હારા સર્વ અનુચરો સાથે તંબુમાં જોવા ગયો. અંદર જઈ જોઇને ખાત્રી કરી કેઃ તંબુમાં બીજું કાંઈ પણ હતું નહિ. ત્યાર પછી બે જાદુગર તંબુમાં દાખલ થયા અને મ્હને કહેવા લાગ્યા કેઃ આપ જે કોઇ જંતુ ઉત્પન્ન કરવા કહેશો તે તમારા તંબુમાંથી કાઢી આપીશું. ખાન-ઈ-જહાંને તેમને ઑસ્ટ્રીચ પક્ષી બહાર કાઢી બતાવવા કહ્યું. બન્ને તંબુમાંથી બે મ્હોટાં ઑસ્ટ્રીચ પક્ષી તુરતજ પૂર્ણ વેગમાં બહાર આવવા લાગ્યાં, અને જોરથી સામસામાં લડવા લાગ્યાં. બન્નેના માથામાંથી લોહીની ધારા વહેવા લાગી. એ પછી થોડીજ વારે જાદુગરોએ તેમને જુદાં પાડયાં અને તંબુમાં લઈ ગયા. એટલામાં મ્હારા પુત્ર ખુરમે જાદુગરોને નીલવર્ણી ગાય કાઢવા કહ્યું. તુરતજ તંબુમાંથી બે જબરી ગાયો બહાર આવી. બન્ને સીંગડે સીંગડે લડવા લાગી. જાદુગરોએ બન્નેને દુર કરી તંબુમાં પેસાડી દીધી. ત્યાર પછી તેઓએ કહ્યું કેઃ જે વ્યક્તિને જે જંતુ જોવાની ઇચ્છા હશે તે તેને બતાવવામાં આવશે. તેમણે દરેકની ઇચ્છા પરિપૂર્ણ કરી. મ્હેં એવા આશ્ચર્યકારક ખેલોનું કારણ શોધી કાઢવા બહુ બહુ પ્રયત્નો કર્યા પણ તેમાં હું ફળિભૂત થયો નહિ.

૧૩. એક દિવસ જાદુગરો એક ધનુષ્ય અને પચાશ બાણુ લઇને ઉભા. પ્રથમ એક બાણુ આકાશ તરફ ફેંક્યું. તે પુષ્કળ ઉંચે ગયા પછી તેનો વેગ બંધ પડતાં તે નીચે આવવું જોઈતું હતું પણ તેમ નહિ થતાં તે અદ્ધર હવામાંજ ઝુલી રહ્યું. એ પ્રમાણે એક પછી એક બધાં બાણો છોડવામાં આવ્યાં. તે બધાં એક લાંબી સાંકળની પેઠે અદ્ધર ટીંગાઇ રહ્યાં. થોડી વાર પછી એક જાદુગરે એક બાણુ છોડયું, તે ટીંગાઇ રહેલા બાણોને વાગ્યું કે તુરતજ બધાં તીરો જમીન પર પડયાં. એનું રહસ્ય સમજવામાં મ્હારી કે મ્હારા સામંતોની બુદ્ધિ કામ આવી શકી નહિ.

૧૪. એક દિવસ જાદુગરો એક ચાંદીના પ્યાલામાં પાણી ભરી મ્હારી પાસે લાવ્યા. એક જાદુગરે રાતા રંગનું ગુલાબનું પુષ્પ લઇ મ્હને કહ્યું કેઃ જળમાં હું આ પુષ્પ મુકું છું, ત્યાર પછી આપ જેવા રંગનાં પુષ્પ કાઢવા હુકમ ફરમાવશો તેવા રંગનાં પુષ્પ જળપાત્રમાંથી કાઢી બતાવીશું. મ્હેં મ્હારા એક નોકરને તે સ્વચ્છ જળમાં પુષ્પ ડુબાવવાનો હુકમ કર્યો. તદનુસાર જાદુગરોએ મ્હારા માણુસના હાથમાં પુષ્પ આપ્યું, અને તેનેજ પાણીમાં ડુબાડવા કહ્યું. જેમ જેમ જાદુગરો હુકમ કરતા તેમ તેમ મ્હારો મનુષ્ય પુષ્પ ડુબાવી બહાર કાઢતો અને અમે તેને જુદા સ્વરૂપમાં જુદા જુદા રંગનાં જોતા. એ પ્રમાણે તેણે એકજ પ્યાલામાંથી સો જાતનાં પુષ્પ કાઢી બતાવ્યાં. તેઓએ સફેદ રંગનું એક સૂત્ર મંગાવવાનું કહેવાથી મ્હેં તે મંગાવી આપ્યું. તેને પણ તેઓએ પાણીમાં ડુબાવી દીધું, અને ત્યાર પછી તેમાંથી ભિન્ન ભિન્ન રંગનું સૂત્ર કાઢી બતાવ્યું. મ્હેં આજ્ઞા કરી હોત તો તેમણે એક સો પ્રકારનાં રંગો તે સૂત્ર (દોરા)માં બતાવ્યા હોત.

૧૫. એક વખત જાદુગરોએ પક્ષીનું એક પિંજરૂં મ્હારી સન્મુખ લાવી મૂક્યું. પિંજરૂં મ્હારી પાસેજ હતું પણ અમારા બધાંના આશ્ચર્ય વચ્ચે એમાં બે અતિ સુંદર અને મનોહર નાઇટીંગેલ પક્ષી દેખાયાં. પિંજરા પર થોડી વાર પછી જાદુગરોએ એક ચાદર ઢાંકી દીધી. થોડી વાર પછી પુનઃ ઉઘાડતાં તે પક્ષીઓ અદ્રશ્ય થયેલાં દેખાયાં અને તેને બદલે બે સુંદર પોપટ દેખાયા. વળી ચાદર ઢાંકી દેવામાં આવી. પુનઃ તેને ઉઘાડતાં માલુમ

પડ્યું કે: તેમાં પોપટને બદલે બે તીતર પક્ષીઓ છે. એ પ્રમાણે જેટલી વાર પિંજરૂં ઢાંકીને પુનઃ ઉઘાડવામાં આવ્યું તેટલી વાર વિધવિધ જાતનાં પંખીઓ અમારા જોવામાં આવ્યાં.

૧૬. જાદુગરો પાસે વિશ હાથ લાંબી અને આઠ દશ હાથ પહોળી એક સુંદર સેત્રંજી હતી. તે લઇને તેઓ મ્હારા દરબારમાં આવી ઉભા રહ્યા. પરીક્ષા માટે સેત્રંજી મ્હારી પાસે મુકી. સેત્રંજી ગુલાબી રંગની હતી. તેના પર સુંદર પ્રકારની વેલબુટ્ટી કાઢવામાં આવી હતી. સેત્રંજી દરબારમાં પાથરવામાં આવી ત્યાર પછી જાદુગરોએ તેને ઉલટાવવા કહ્યું. તેને ઉલટાવતાં માલુમ પડ્યું કે: સેત્રંજીની બીજી બાજુએ ગુલાબી રંગને બદલે પીળો રંગ હતો, અને વેલબુટ્ટી રૂપેરી રંગની દેખાઇ. ફરી તેને ઉલટાવતાં તે વળી બીજા રંગની દેખાઈ. એ પ્રમાણે વારંવાર ઉલટાવતાં સેત્રંજી ઉપર પંદર સોળ રંગ તેમણે અમને બતાવ્યા. હસવા જેવું એ થતું કે: મ્હારા દરબારી વર્ગમાંથી કોઇ સેત્રંજીને અમુક રંગની થઇ જવા હુકમ કરતું તો તે રંગ તેમનો તેમજ રહેતો, પણ જો જાદુગરો હુકમ ફરમાવતા તો તુરતજ તેનો રંગ બદલાયલો માલુમ પડતો.

૧૭. એક દિવસ તેઓ મ્હારી પાસે એક સુંદર પ્યાલું લઇ આવ્યા. મ્હેં તથા મ્હારા દરબારી વર્ગે ધ્યાનપૂર્વક તપાસી જોયું કે: તેમાં કાંઇ પડ કે સંચ તો નથી. અમારી પૂર્ણ ખાત્રી થઇ કે તેમાં કાંઇ વ્હેમ જેવું નથી. અમે તે પ્યાલું તુરતજ જાદુગરોને પાછું આપ્યું. જાદુગરોએ તે પ્યાલામાં પાણી ભરી મંગાવ્યું. ત્યાર પછી તેને ઉંધુ વાળતાં બધું જળ ઢોળાઇ ગયું. પાછું તેને ઉભુ કરતાં પ્યાલું પાણીથી ભરાઇ ગયેલું દેખાયું. તેને પણ ઢોળી નાંખવામાં આવ્યું. વળી પાછું તે ઉભું કરતાં પાણીથી ભરાયલું જણાયું. આમ એકસો વાર કર્યું. પ્યાલામાં વારંવાર પાણી ભરાયું અને ઢલવાયું. એમાં અમને ઘણીજ નવાઇ લાગી.

૧૮. એક વખત જાદુગરોએ એક ખાલી થેલી (કોથળા) મ્હારા સન્મુખ લાવી મુકી. તેનાં બન્ને મુખ્ય (છેડા) ખુલ્લા હતા. તેઓએ થેલાના એક મુખમાં એક તરબુચ ઘાલ્યું. પરંતુ બીજે મુખેથી કાઢતાં તરબુચને

બદલે કોહોળું નીકળ્યું. ત્યાર પછી કોહોળાને પાછું થેલાના મુખમાં ઘાલી બીજે મુખેથી કાઢતાં સક્કરટેટી નીકળી. પછી સક્કરટેટીને બદલે દાડેમ નીકળ્યું. ત્યાર પછી દાડેમને બદલે જમરૂખ નીકળ્યું. જો મ્હેં કહ્યું હોત તો તે લોકો એ પ્રમાણે અનેક જાતનાં ફળ બતાવી શકત.

૧૯. એક પ્રસંગે એક જાદુગર મ્હારી સન્મુખ આવી મુખથી ગાયન ગાવા લાગ્યો. થોડીજ વારમાં તેના મોઢામાં અમને એક સર્પનું મસ્તક દેખાયું. બીજા એક જાદુગરે તે સર્પનું મુખ જોરથી પકડી તેને પૂરો બહાર ખેંચી કાઢ્યો. સર્પ ચાર હાથ લાંબો અને ઘણોજ ભયંકર લાગતો હતો. તેને ભોંય પર નાખતાંજ પહેલા જાદુગરના મુખમાં બીજો મોટો સર્પ દેખાયો. એ પ્રમાણે તેના મુખમાંથી એકંદરે આઠ મોટા સર્પ કાઢ્યા. સર્પો પરસ્પર લઢાઇ કરવા લાગ્યા.

૨૦. એક વખત એક જાદુગરે એક હાથમાં એક આરસી લીધી અને બીજા હાથમાં ગુલાબનું પુષ્પ લીધું. તે પુષ્પને આરસી પાછળ ફેરવી અમને બતાવ્યું તો તેનો રંગ પલટાઇ સફેદ રંગ દેખાયો. એ પ્રમાણે તેણે એકજ પુષ્પમાં અમને સફેદ, લાલ, પીળો, લીલો, કાળો વગેરે ભિન્ન ભિન્ન જાતના રંગો અમને બતાવ્યા. જ્યારે જ્યારે તે પુષ્પ આરસી પાછળ ફેરવી અમને બતાવતો કે તેનો રંગ પલટાઇ બીજોજ રંગ દેખાતો.

૨૧. એક દિવસ તેઓએ મ્હારી સ્હામું દશ ચીનાઇ માટીનાં વાસણો લાવી મૂક્યાં. દરેક વાસણ તદ્દન ખાલીજ હતું, તેના પર ચાદર ઢાંકી દેવામાં આવી. થોડી વાર પછી ચાદર ઉઘાડી તો જણાયું કે, દરેક વાસણમાં જુદી જુદી જાતનાં અથાણાં, મુરબ્બા, પાક, ફળો ઇત્યાદિ ભરેલાં છે. મ્હને તથા મ્હારા સરદારોને તેનો સ્વાદ લેવા જાદુગરોએ કહ્યું. અમને તે ઘણાંજ સ્વાદીષ્ટ લાગ્યાં. ખરા મુરબ્બા વગેરેમાં અને એમાં કોઇ પણ જાતનો ફેર માલુમ પડતો નહોતો. એ જોઇ અમે સર્વે અતિ આશ્ચર્યમાં પડી ગયા. થોડી વાર પછી તેમણે ફરીથી વાસણો પર ચાદર ઢાંકી. વળી તે ચાદર દુર કરતાં અમને વાણસો પહેલાંના જેવાંજ ખાલી જણાયાં.

૨૨. એક દિવસ જાદુગરો કવિ શેખ સાદી રચિત એક પુસ્તક લાવ્યા,

અને તેને પ્રથમનીજ થેલીમાં મૂક્યું. અમે બધાએ તે થેલી પ્રથમ તપાસી હતી. તેમાં અમને કાંઇ વ્હેમ જેવું જણાયું નહોતું. એક જાદુગરે શેખ સાદીનું પુસ્તક લઇ થેલીમાં મૂક્યું. બીજાએ થેલીના બીજા મુખમાંથી પુસ્તક બહાર કાઢ્યું. જ્યારે તે પુસ્તક અમને બતાવવામાં આવ્યું ત્યારે અમને જણાયું કે તે શેખ સાદીનું નહિ પણ હાફિજનું લખેલું "દિવાન" નામક પુસ્તક હતું. એ જોઈ અમને ઘણીજ નવાઈ લાગી. પુનઃ તેણે તે પુસ્તક થેલીમાં મૂકી બીજે મુખેથી બહાર કાઢ્યું. તો હાફિજને બદલે સોલોમનનો રચેલો ગ્રંથ જણાયો. એ પ્રમાણે તેમણે એકજ નાની થેલીમાંથી અને એકજ પુસ્તકમાંથી અનેક પ્રસિદ્ધ કવિઓનાં પુસ્તકો કાઢી બતાવ્યાં.

૨૩. એક પ્રસંગે આ જાદુગરો મ્હારા દરબારમાં એક મ્હોટી પચાશ હાથ લાંબી લોઢાની સાંકળ તથા એક ડુક્કર, એક વાઘ, એક સિંહ. એક કુતરો અને એક હરિણ એમ પાંચ જાનવરો લઇ આવ્યા. સાંકળનો એક છેડો તેઓએ જોરથી આકાશ તરફ ફેંક્યો. તુરતજ તે સાંકળ ઉંચે ટીંગાઇ રહી. જાણે તે છેડો આકાશમાંની કોઈ અદ્રષ્ટ વસ્તુએ અટકાવી રાખ્યો હોય તેમ જણાયું. સાંકળનો બીજો છેડો પૃથ્વી સાથે વળગાડી દીધો. ત્યાર પછી પ્રથમ કુતરાને તે સાંકળ પર ચઢી જવાનો હુકમ આપ્યો. કુતરો એકદમ તે સાંકળ પર ચઢી ગયો. પણ જ્યાં છેક ઉપર પહોંચ્યો કેઃ અમારા બધાના આશ્ચર્ય વચ્ચે તે અદ્રસ્ય થઈ ગયો. ત્યાર પછી સિંહ, વાઘ અને ડુક્કરને પણ એવોજ હુકમ કર્યો. તે પાંચે જાનવર એક પછી એક અદ્રસ્ય થઈ ગયાં. છેવટે જાદુગરોએ સાંકળને જમીન પર પડવાનો હુકમ કર્યો કેઃ તુરતજ તે જમીન પર ઢગલો થઈ પડી. તેને તેઓએ પેટીમાં મુકી દીધી. આ પાંચે જનાવરો આકાશમાં ક્યાં અને કેવી રીતે અદ્રસ્ય થઈ ગયાં તે અમે જાણી શક્યા નહિ. આ દ્રષ્ય જોઈ દરેકે દરેક મનુષ્ય વિચારમાં પડી ગયા અને જાદુગરોના એવા ચમત્કારિક ખેલો જોઈ ઘણાજ ખુશી થયા.

૨૪. એક પ્રસંગે જાદુગરો એક ઢાંકેલી ઝોળી લઇ મ્હારી પાસે આવ્યા. મ્હેં તથા અન્ય સરદારોએ તે બરાબર તપાસી હતી. તેમાં કાંઈ નહોતું જાણી પાછી આપી. જાદુગરોએ તેના પર વસ્ત્રાચ્છાદન કર્યું હતું તે

આચ્છાદન દૂર કરતાં અમે તે ઝોળીમાં અનેક જાતનાં સ્વાદિષ્ટ પકવાનો દીઠાં. અમને તેમાંથી થોડું થોડું ચાખવા આપ્યું. ખાવામાં દરેક વસ્તુ ઘણીજ સ્વાદિષ્ટ લાગતી હતી. થોડી વાર પછી ફરીથી તેના પર વસ્ત્ર ઢાંકી દેવામાં આવ્યું. તેને જ્યારે દૂર કરવામાં આવ્યું ત્યારે અમારા આશ્ચર્ય વચ્ચે અમે બદામ, અંજીર, દ્રાક્ષ, દાડમ ઇત્યાદિક સુકો તથા લીલો મેવો ઝોળીમાં ભરેલો દીઠો. એ પણ સ્વાદમાં ઘણોજ મિષ્ટ હતો. એ પ્રકારે જેટલી વખત ઝોળીને ઢાંકી દેવામાં આવી તેટલી વખત તેમાંથી જુદા જુદા પ્રકારની ખાવાની વસ્તુઓ દેખાઈ.

૨૫. એક દિવસ બાજીગરોએ અમારી સન્મુખ વસ્ત્ર ઢાંકેલું જળથી ભરેલું એક મોટું વાસણ લાવી મૂક્યું. તે ઉપરની ચાદરને દૂર કરવામાં આવી ત્યારે તેમાં અમે લીલા રંગનાં બાર વૃક્ષપત્રો જોયાં. વળી પાછું વાસણ ઢાંકી દેવામાં આવ્યું. ફરી ચાદર ખસેડતાં અમારા જોવામાં ચાર મ્હોટા સર્પ આવ્યા. થોડી વાર પછી અદ્રશ્ય થઇ ગયા અને તેને બદલે ચાર મોટાં સુંદર પક્ષી અમારી નજરે પડયાં. ત્યાર બાદ પાત્ર પર આચ્છાદન કર્યું. પુનઃ તેને ઉઘાડી જોતાં જણાયું કે તેમાં પ્રથમ ભરેલું જળ પણ અદ્રશ્ય થઈ ગયું છે અને વાસણ તદ્દન સાફ કોરૂં જણાય છે. એ જોઇ અમને ઘણીજ નવાઇ લાગી.

૨૬. એક વખત જાદુગરોમાંનો એક મ્હારી સન્મુખ આવી ઉભો રહ્યો, અને પોતાની આંગળીમાં પહેરેલી વીંટી મ્હને બતાવવા લાગ્યો. એમ બતાવવાનું કારણ મ્હેં પૂછ્યું. ત્યારે ઉત્તર દીધો કેઃ આપ ઝવેરીઓને બોલાવો અને હું જે જે જાતના નંગ, હીરા, પન્ના, માણેક ઇત્યાદિક આ વીંટીમાં બતાવું તેની કિંમત તેમની પાસે કરાવો. એ સાંભળી મ્હેં ઝવેરીઓને બોલાવ્યા. એકની એકજ વીંટી દરેક આંગળીએ જુદી જુદી વખત પહેરતો તેમ તેમ તેમાંનાં નંગ બદલાઈ જતાં જણાયાં. વીંટીમાં કોઈ વખત હીરો તો કોઇ વખત માણેક અને કોઇ વખત તેમાં પન્નાં કે પોખરાજ જણાતું. ઝવેરી પાસે પરીક્ષા કરાવતાં તેણે તેની કિંત કરોડો રૂપિયાની આંકી. જાદુઈ વિદ્યામાં આટલી શક્તિ હોવાનું પ્રત્યક્ષ જોઈ મ્હેં તે વિદ્યા-

પર કલાકોના કલાકો પર્યંત વિચાર કર્યો પણ તેનું કારણ મ્હારી બુદ્ધિમાં આવી શક્યું નહિ કે સમજાયું પણ નહિ.

૨૭. એક પ્રસંગે એક જાદુગર એક તીક્ષ્ણ ધારવાળી તલવાર લઇ મ્હારા દરબારમાં આવી ઉભો રહ્યો. તેણે તલવારની ધારવાળો ભાગ ઉપર રાખ્યો ને તલવારની મૂઠ જમીનમાં બરાબર દાટી દીધી. ત્યાર પછી તેણે પોતાના શરીર પરનાં વસ્ત્રો કાઢી નાંખ્યાં અને તે એકદમ જોસભેર તલવાર પર કુદી પડયો, અર્થાત્ તલવાર પર બેઠો. એવી તુરતની ઘસેલી તીક્ષ્ણ ધારવાળી તલવાર પર વસ્ત્ર વગર ઉઘાડે શરીરે બેસવા છતાં તેને કાંઇ પણ ઇજા થયેલી કે તેની નિશાની પડેલી સરખી જણાઇ નહિ. એ જોઈ અમને ઘણીજ નવાઇ લાગી, અને કોઇ પણ સમજી શક્યું નહિ કે એને જાદુ પ્રયોગ કહેવો કે હાથ ચાલાકીનો ખેલ કહેવો !

૨૮. એક દિવસ જાદુગરે એક કોરા કાગળનું બાંધેલું એક પુસ્તક મ્હારા હાથમાં આપ્યું. તેણે તે પુસ્તક મ્હને તપાસવા કહ્યું. તપાસી જોતાં મ્હને તથા મ્હારા સરદારોને ખાત્રી થઇ કેઃ તેમાંનાં પાનાં તદ્દન કોરાંજ હતાં. જાદુગરોને તે પુસ્તક અમે પાછું આપ્યું. પુસ્તકમાં લખેલું, છાપેલું કે આંકેલું કાંઇજ નહોતું. થોડી વાર પછી તેઓએ તેનું પ્રથમ પાનું ઉઘાડી અમને બતાવ્યું. તે આખુ પાનું સુવર્ણ રંગથી મિશ્રિત લાલ રંગે ચિત્રેલું જોવામાં આવ્યું. કોરો પર ઉત્તમ પ્રકારની વેલ બુટ્ટીઓ ચિત્રી હતી. બીજું પાનું ઉઘાડી બતાવતાં તે નીલ વર્ણથી રંગીત દેખાયું. એમાં જુદી જુદી જાતનાં મનુષ્યોનાં ચિત્રો ઉત્તમ રીતે ચિત્રેલાં હતાં. ત્રીજું પાનું ઉઘાડતાં તેમાં સિંહ, ગાય, ઘેટાં ઇત્યાદિક જાનવરોનાં ચિત્રો એવી સરસ રીતે કાઢ્યાં હતાં કેઃ એવાં કાર્યો એક ઉત્તમ ચિતારા સિવાય થઇ શકેજ નહિ, એવું દરેકના વિચારમાં આવતું. ચિત્રમાંનો સિંહ જાણે ગાય ઉપર હુમલો કરતો હોય એમ જણાતું. એ પાનું ચીનાઈ રંગથી રંગવામાં આવ્યું હતું. તેની આસપાસની કિનારી સુવર્ણ રંગથી ચિત્રેલી હતી. એક પાના પર એક સુંદર બગિચાનું ચિત્ર ચિતર્યું હતું. બગિચાની એક બાજુ પર બકુલ, ગુલાબ, ચંપો ઇત્યાદિક વિધવિધ જાતનાં વૃક્ષ તથા પુષ્પ સહિતનો એક સુંદર સુદ્રશ્ય

મંડપ પણ ચિતર્યો હતો. વળી બીજું પાનું ઉઘાડતાં નારંગીયા રંગથી રંગિત દેખાયું. તેમાં બે નૃપતિઓ પોતપોતાના સૈન્ય લઇને ભીષણ સંગ્રામ માટે સજ્જ થયેલા હોય તેવો દેખાવ બનાવ્યો હતો. દરેક પાનાં ઉઘાડી બતાવતાં તેમાં ભિન્ન ભિન્ન રંગો અને સુંદર ચિત્રો દેખાતાં હતાં. એ સર્વે આશ્ચર્યજનક દ્રશ્ય જોઇ હું તો અતિશય ચકિત થઇ ગયો. તેમના ખેલોથી મ્હારૂં હૃદય બહુજ પ્રફુલ્લિત થયું.

ખરેખર મ્હારે કબુલ કરવું પડે છે કે જાદુગરોના ઐંદ્રજાલિક પ્રયોગો માનવ બુદ્ધિ અને શક્તિની પરાકાષ્ટા બતાવતાં હતાં. જાદુગરોના દરેકે દરેક ખેલો એટલા આશ્ચર્યકારક તેમજ કુશળતાથી અને નિપુણતાથી પરિપૂર્ણ હતા કેઃ હું કે મ્હારા સભાસદો કે પ્રેક્ષક વર્ગમાંનું કોઇ પણ મનુષ્ય તેનો મર્મ કે ગુહ્ય જાણી શકયા નહિ. તેમ કોઇ શંકા પણ લાવી શકયું નહિ. તપાસ કરતાં મ્હારા જાણવામાં આવ્યું કેઃ એ વિદ્યાને "સેમનિય" વિદ્યા કહેવામાં આવે છે. યુરોપી પ્રજામાં એ વિદ્યાના જાણકાર ઘણા છે એમ ઘણાનું કહેવું છે. હું તેમની વિદ્યાથી એટલો બધો ખુશી થઇ ગયો કેઃ તેમને વિદાય કરતી વખત મ્હેં તેમને એક લક્ષ રૂપિયાથી પણ વધુ બક્ષિસો આપી. મનુષ્યમાં કેટલી બુદ્ધિ અને શક્તિઓ રહેલી હોય છે તેના દૃષ્ટાંત રૂપ જાદુગરોને જોવાથી હું ઘણોજ આશ્ચર્ય પામ્યો.

પ્રકરણ ૪૪ મું.

એક આરબની આશ્ચર્યજનક કહાણી.

એક પ્રસંગે ચાલીશ વર્ષની વયનો એક આરબ મ્હારી રાજધાનીમાં મ્હને મળવા આવ્યો. કેટલીક ઓળખાણ આપવાથી મ્હેં તેને મ્હારી સન્મુખ બોલાવ્યો. મ્હારા જોવામાં ફક્ત તેનો એકજ હાથ આવ્યો. બીજો હાથ સ્કંધ પરથી તદ્દન જુદો પડી ગયેલો દેખાયો. એ જોઇ મ્હેં તેને પુછ્યું કેઃ "એ ખોડ જન્મની છે કે કોઇ યુદ્ધમાં બીજો

હાથ છેદાઈ ગયો છે? " મ્હારો પ્રશ્ન સાંભળી પહેલાં તો તે ઉંડા વિચારમાં પડી ગયેલો દેખાયો. થોડી વાર પછી કહ્યું કે: "મ્હારા હાથ સંબંધી અલૌકિક બનાવ સાંભળવામાં સાર નથી; તેમજ તે વિદિત કરવાથી મ્હારી તે વાત આપ માન્ય કરશો નહિ. આપ નામદાર મ્હારૂં હાસ્ય જ કરશો. એજ કારણથી મ્હેં મ્હારા હાથ સંબંધીની મ્હારી કર્મ–કથા કોઇને પણ નહિ કેવાની પ્રતિજ્ઞા લીધી છે." એ સાંભળી મ્હને તેની એ ગુપ્ત કથા જાણવાની જીજ્ઞાસા વધી પડી. એ વખતે તો હું કાંઇ નહિ બોલતાં મૌન્ય રહ્યો, પણ એક દિવસ અકસ્માત તેનો મેળાપ થવાથી હું તેને મ્હારે મહેલે તેડી ગયો અને તેની ગુપ્ત વાત જણાવવાનો આગ્રહ કર્યો. તેણે પોતાની વાત મોઢેથી નહિ કહેતાં કાગળ ઉપર લખીને મ્હને આપી. તેથી તે વાત તેજ રૂપમાં હું અત્રે વર્ણવું છું.

"હું જ્યારે પંદર વર્ષની વયનો હતો ત્યારે મ્હારા પિતા સાથે ભારતવર્ષની મ્હેં મુસાફરી કરી હતી. એક વખત મોટા જહાજમાં બેસી અમે દરિયાની સફરે નીકળ્યા હતા. એ મુસાફરીમાં અમને સાઠ દિવસ થઇ ગયા હોવાથી અમે કોઈ નજીકના બંદરે જહાજ લંગરવાનો વિચાર કરતા હતા. એટલામાં સાગરમાં અત્યંત પવન ફુંકાવા લાગ્યો. ચારે દિશામાંથી ઘનઘોર વાદળાં ચઢી આવ્યાં અને મૂસળધાર વૃષ્ટિ થવા લાગી. વારંવાર વિદ્યુતના કડાકા થવાથી તથા ભયંકર મેઘ ગર્જનાને લીધે અમને ઘણીજ ભીતિ ઉત્પન્ન થઈ. આવો પવન તથા વર્ષાદ ત્રણ દિવસ અને રાત્રિ પર્યંત ચાલુ રહ્યા. એટલામાં એકાએક જહાજ ઉપરનો સઢ ભાંગી પડયો. તે વાગવાથી અનેક ખલાસીઓ દરિયામાં ડુબી ગયા. કેટલાક દિવસ પછી એ તોફાન બંધ પડયું અને જહાજમાં મ્હોટું બાકોરૂં પડવાથી તેમાં તે દ્વારા પાણી ભરાઇ ગયું. એમ થવાથી જહાઝ ડુબવા લાગ્યું. બચાવ માટે તુરતજ ન્હાની હોડીઓ મુકવામાં આવી. તેથી ત્રિજે દિવસે થોડાંક મનુષ્યો જીવતાં રહ્યાં અને ઇશ્વિર કૃપાએ અમારૂં સંરક્ષણ થયું. અમે ડુબવાની જગ્યાએથી ઘણે દૂર જઇ પડયા હતા. દરિયામાંજ મુસાફરી કરતા કરતા કેટલેક દુર આવતાં અમને કેટલાક ગાઉ દૂર એક મોટા ખડક જેવું દેખાયું. દરિયાની

એ જગ્યાના અમે તદ્દન અજાણ્યા હતા. અમે જેમ જેમ તેની નજીક જતા ગયા તેમ તેમ તે ખડક હોવાની અમારી ભ્રાંતિ દૂર થઈ. પાછળથી અમારા જાણવામાં આવ્યું કે તે ખડક નથી પણ એક ન્હાનો સુંદર દ્વિપ છે. દ્વિપમાં અસંખ્ય ધરો તેમજ કેટલાંક મનોહર વૃક્ષો ઇત્યાદિક દેખાયાં. જહાજને તે દિશા તરફ ફેરવી મ્હેં તે દ્વિપ તરફ નજર કરી. કેટલાક માછીમાર દ્વારા મ્હને ખબર મળી કેઃ દ્વિપમાં વિશેષ કરીને પોર્ટુગીઝ લોકો તથા બીજી પણ ઘણી જાતની વસ્તી છે, તથાપિ ત્યાં એક પણ મુસલમાનનું ઘર નથી. વધારામાં એવું જાણવામાં આવ્યું કેઃ ત્યાંના લોકોનો સંબંધ બીજી કોઇ પણ પ્રજા કે દેશ સાથે નથી. અમે એક સારી જગ્યા જોઈ ત્યાં અમારૂં જહાજ લાંગર્યું. એટલે તુરતજ એક પોર્ટુગીઝ કૅપ્ટન તેમજ એક કર્મચારી અમારા જહાજ પાસે આવી ઉભા રહ્યા, અને અમને બધાંને કિનારા પર લઈ ગયા. તેમણે કહ્યું કેઃ તમારા માણસમાંથી અમારે કોઇક ખાસ મનુષ્યોની જરૂર છે. તે મનુષ્ય મળતાં અમે અન્ય મનુષ્યોને રજા આપીશું. બંદર તેમના તાબામાંજ હતું. તેથી અમારે તેમનું કહેવું કબૂલ કરવુંજ પડયું. અમે અત્યારે તો તેમની કૃપા ઉપરજ આધાર રાખતા હતા. તેથી કબૂલ થયા વગર છુટકો નહોતો. તત્ક્ષણાત્ જહાજમાંના નાવિક, ખલાસીઓ, સોદાગર, નોકરો વગેરે બારસો મનુષ્યોને કિનારે ઉતાર્યાં, અને એક મકાનમાં રાખ્યા. ત્યાર પછી અમારામાંથી એકેક જણને બોલાવી દરેકનાં વસ્ત્રો દુર કરી એક ડાક્ટરે તેમના શરીરનાં પ્રત્યેક સ્થળ તપાસી તેમને છોડી દેવા માંડયા. એ પ્રમાણે તપાસતાં મ્હારી જોડે આવેલા એક મ્હારા ભાઇની પરીક્ષા કરી. ત્યાર પછી ડૉક્ટરે અમને પડદા પાછળ ઉભેલા એક મનુષ્યના હાથમાં સોંપ્યા. તેથી અમને ઘણીજ ભીતિ ઉત્પન્ન થઇ. સર્વને તપાસ્યા પછી હું અને મ્હારા બંધુ સિવાય બધાંને ગમે ત્યાં જવાની રજા આપી. જહાજમાં આટલાં બધાં માણસો હોવા છતાં અમારો કયો ગુન્હો થયો હતો કે જેથી અમનેજ પકડવામાં આવ્યા તે માટે અમારા પિતા હજારો તર્કવિતર્ક કરવા લાગ્યા. અમારા પિતાએ અશ્રુ પૂર્ણ નયને, આર્તસ્વરે અમને છુટા કરવા પ્રાર્થના કરી, પણ પાષાણહૃદયી માનવીઓને

તેમના રૂદનની જરા પણ દયા આવી નહિ તેમજ તેઓએ તેમની નમ્ર-હૃદયભેદક પ્રાર્થના પર ધ્યાન આપ્યું નહિ; ઉલટું તેઓએ ભ્રુકુટી ચઢાવી પિતાની વિનંતિ તરફ તિરસ્કાર પ્રદર્શીત કર્યો.

એ લોકો મ્હને તેમજ મ્હારા બંધુને તુરતજ એક દૂરના સ્થાનમાં લઈ ગયા અને અમને બન્નેને જુદા જુદા ઘરમાં રાખ્યા. એ બન્ને ઘરનાં દ્વાર સામસામાં હતાં. દરરોજ પ્રાતઃકાળમાં અમારા ભોજન માટે સાદી રોટલી, મધ અને મુરઘીના કવાબ આપતા હતા. એવી દશામાં અમે દશ દિવસ ગાળ્યા. એ દશ દિવસ પછી જહાજનો કૅપ્ટન પોતાનું જહાજ ઉપાડવાને અનુમતિ લેવા આવ્યો. તેની સાથે અમારા પિતા પણ અમારી જીવન-ભિક્ષાની યાચના કરવા આવ્યા હતા, અને અમને છોડવાની આશાથી જહાજને બે ત્રણ દિવસ વધુ રોકવાની એણે કૅપ્ટનને પ્રાર્થના કરી. અમારા પિતાએ બંદરના ઉપરી અમલદારને અમારી મુક્તિ માટે ઘણીજ પ્રાર્થના કરી પણ સઘળું વ્યર્થ ગયું. અમને મુક્ત કર્યા વગર જહાજ બંદરનો ત્યાગ કરી બીજી મુસાફરીએ ચાલી ગયું. મ્હારા પિતા પણ આશા ભંગ થવાથી જહાજમાં બેસી અમારા દેશમાં ચાલ્યા ગયા.

એક દિવસ મ્હારા બંધુના ઘરમાં એક ડૉક્ટર તથા દશ પોર્ટુગીઝ લોકો તેના શરીરની પરીક્ષા માટે જઇ ઉભા રહ્યા. તેના શરીર પરથી વસ્ત્રો કઢાવી નંખાવ્યાં અને તેને એક ટેબલ પર ચઢાવ્યા પછી સુઇ જવા કહ્યું. ત્યાર પછી ડૉકટરે મ્હારા ભાઇના શરીરના બધા અવયવો બારીકાઇથી તપાસ્યા. બધી તપાસ કર્યા પછી તેઓ મ્હારી પાસે આવ્યા અને મ્હને પણ મ્હારા ભાઇની પેઠે તપાસ્યો. પુનઃ તેઓ મ્હારા બંધુના ઘરમાં ગયા. મ્હારા બંધુને રહેવાની તથા સુવા બેસવાની જગ્યા મ્હારા ઘરની સન્મુખ હોવાથી દરેકે દરેક બનાવ મ્હારાથી સહેલાઇથી જોઇ શકાતો હતો. મ્હેં જોયું તો જણાયું કેઃ તેનું મસ્તક એક મોટા વાસણ પર મુકાવ્યું હતું અને એક જણ હાથમાં એક તીક્ષ્ણ ધારવાળી છરી લઇ ઉભો હતો. હાય! મ્હારા પ્રિય બંધુના હૃદયફાટ રૂદન પર કે તેની પાષાણને પણ પિગળાવી દેનાર વિનંતિ પર દુષ્ટોએ જરા પણ ધ્યાન આપ્યું નહિ. શું કરૂં કે મ્હને પણ એક પિંજરામાં પુરી મુકયો હતો. મ્હને છુટો મુકી મ્હારા બંધુ પર

જો કોઇએ એવો જુલ્મ ગુજાર્યો હોત તો હું તેને મ્હારી શક્તિનું તેમજ બાહુબળનું દર્શન કરાવત. પેલી તીક્ષ્ણ ધારવાળી છરીથી મ્હારા બંધુનું મસ્તક છેદન કરવામાં આવ્યું. જે પાત્ર પર તેનું મસ્તક મુકાવ્યું હતું તે પાત્ર તેનાજ શરીરમાંથી નીકળતા લોહીથી ભરાવા મુક્યું. થોડી વાર પછી રક્તધારા વ્હેતી બંધ થઇ ગઈ. નજીકમાં એક બીજું વાસણ હતું, તે વાસણમાં થોડુંક તેલ નાંખવામાં આવ્યું હતું, તેમાં રક્ત નાંખી મિશ્રિત કરી દેવામાં આવ્યું. આશ્ચર્યકારક મ્હેં એ જોયું કે, એ કાર્ય કર્યા પછી મ્હારા ભ્રાતાનું મસ્તક પુનઃ તે ધડ પર મુકી ઉપરોક્ત મિશ્રિત પદાર્થદ્વારા મર્દન કરવા માંડયું. તેઓ ઘણાજ જોરથી અને ચાલાકીથી કરતા હતા. તેમ કર્યા પછી તેઓ મ્હારા બંધુને તેજ સ્થિતિમાં મુકી દ્વાર બંધ કરી ચાલ્યા ગયા. ત્રણ દિવસ પછી તેઓ મ્હારી પાસે આવ્યા અને મ્હને કારાગારમાંથી મુક્ત કરી કહેવા લાગ્યા કેઃ જે કારણથી તમને કેદ કરવામાં આવ્યા હતા તે કારણ તમારી સન્મુખ રાખેલા તમારા બંધુદ્વારા પરિપૂર્ણ થયું છે. તેઓએ પૃથ્વી નીચેના એક સ્થાનમાં પ્રવેશ કરવાનું દ્વાર મ્હને બતાવી કહ્યું કેઃ એ સ્થાનમાં અગણિત રત્ન અને સુવર્ણ છે. ઇચ્છા હોય તો તે સ્થાને પ્રવેશ કરી ધનરત્ન લેવાં. પહેલાં તો મ્હને તેમના એ કથન પર વિશ્વાસ આવ્યો નહિ પણ ઉલટું મ્હને એમજ લાગ્યું કેઃ એ લોકો મ્હારી પણ મ્હારા બંધુ જેવીજ સ્થિતિ કરવા માગે છે. અંતે તેમના અત્યંત આગ્રહથી મ્હને તેમના કથન પર કાંઇક વિશ્વાસ બેઠો. અંતે હું તે દ્વારમાં થઇને નીચે ઉતર્યો. ત્યાં પચાશ પગથીયાંવાળી એક નિસરણી જણાઈ. તે ઉતરી હું વધુ નીચે ગયો તો મ્હેં અઢળક રત્નાલંકાર ઇત્યાદિ દીઠું. મ્હને વિશેષ તો એ થયું કે ત્યાં એક ઓરડામાં મ્હારા બંધુને સ્વસ્થતાથી બેઠેલો જોયો. તેણે પોર્ટુગીઝ લોકોનાં વસ્ત્રો પરિધાન કર્યાં હતાં અને માથા પર મણિમુક્તા જડિત ટોપી મુકી હતી. બાજુમાં એક હીરાજડિત તલવાર અને મણિમુક્તા જડિત દંડ પડયો હતો. મ્હને જોતાંની સાથેજ મ્હારા તરફ જાણે તેને તિરસ્કાર ઉપજતો હોય તેમ મ્હારા તરફથી પોતાનું મોઢું ફેરવી નાંખ્યું. હું અતિશય વિમાસણમાં પડયો. મ્હારા પ્રતિ તેનું એવું વર્તન જોઇ હું ઘણોજ ભય પામ્યો. મ્હારૂં હૃદય ધડકવા

લાગ્યું, ભયથી મ્હારા શરીરમાં પરસેવો થઇ આવ્યો. હું બ્હીકનો માર્યો એકદમ તે ખંડનો ત્યાગ કરી હિંમત રાખી બીજા ઓરડામાં ચાલ્યો ગયો. એ ઓરડામાં જુદી જુદી જાતના હીરા, ચુની, મુક્તા, માણેક તેમજ બીજા પણ કેટલાક રત્નાલંકારો પુષ્કળ પ્રમાણમાં ચારે દિશામાં વેરાયલા મ્હારા જોવામાં આવ્યા. ત્રીજા ઓરડામાં જતાં જોયું તો પુષ્કળ સુવર્ણાલંકારો દીઠા. એનો ત્યાગ કરી હું ચોથા ઓરડામાં ગયો તો તે ઓરડામાં રૂપાની વસ્તુઓ પુષ્કળ ભરી હતી. એ હજારો જાતના રત્નાલંકારોમાંથી મ્હારે શું લેવું તેના વિચારમાં હું ગુંચવાઇ ગયો. છેવટે મ્હેં થોડાક બહુ મૂલ્યવાન હીરા તથા થોડુંક સુવર્ણ લેવાનો નિર્ણય કર્યો. મૂલ્યવાન હીરા એકઠા કરી તે લેવાના વિચારમાં મ્હેં હાથ લાંબો કર્યો કે તુરતજ અંતરીક્ષમાંથી એવા જોરથી તલવારનો ઘા પડયો કે: મ્હારી ઉભા રહેવાની શક્તિ સદંતર નાશ પામી, છતાં હિંમત રાખી હું ઉઠયો અને તે સ્થળનો એકદમ ત્યાગ કરી જતા રહેવાનો વિચાર કર્યો. ત્યાંથી બહાર નીકળી બીજા ઓરડામાં થઈ હું જતો હતો ત્યાં મ્હેં મ્હારા બંધુને જોયો. મ્હને જોઇને તેણેજ મ્હારા ઉપર તલવારનો ઘા કર્યો હતો. ઘા ચુકાવવા મ્હેં ઘણા યત્નો કર્યા પણ તેમાં હું નિષ્ફળ ગયો. ઘા વાગવાથી મ્હને ઘણુંજ દુઃખ થવા લાગ્યું. હાથે ઘણીએ દવા કરી પણ આરામ થયો નહિ. અંતે જમણો હાથ ટુટી પડયો. એ પ્રમાણે ઘાયલ થઈ અતિશય ભય, ચિંતા અને હાથના દુઃખની વેદનામાં એ સ્થળેથી ત્વરિત વેગે બહાર નીકળી જઇ પ્રવેશ–માર્ગ તરફ દોડયો અને ઉપર જતો રહ્યો. તે સ્થળે પ્રથમનો પોર્ટુગીઝ ડાકટર અને તેના નોકરને મ્હેં જોયો. તેમાંના એકે નીચે જઇ મ્હારો કપાયલો હાથ ઉપર આણ્યો, અને છો ઈંટોવડે ભોંયરાનું મુખ બંધ કરી દીધું. ત્યાર પછી મ્હને પોર્ટુગીઝ ઉપરી અમલદાર પાસે લઇ ગયા. અત્યાર સુધી ઘામાંથી પુષ્કળ લોહી નીકળતું હતું. ઉપરી અમલદાર પાસે આવ્યો ત્યારે હજારો નરનારી અને બાળકોની ઠઠ મ્હને જોવા એકઠી થઇ હતી. રાજસભામાં લઇ જઇ મ્હને ઉપરી અમલદારની સન્મુખ ઉભો કરવામાં આવ્યો. મ્હારી એ સ્થિતિ જોઇ તેને દયા આવી હોય તેવું જણાયું. મ્હારી

વેદના દૂર કરવા પ્રથમથીજ ડૉક્ટરને બોલાવ્યો. તેમણે દરદ દૂર કરવા તથા હ બેસાડવા હુકમ ફરમાવ્યો. પણ ડૉક્ટરે કહ્યું કે: હાથ એવી અજબ રીતે ક નાંખવામાં આવ્યો છે કે તે પુનઃ કોઇ રીતે બેસાડી શકાય તેમ નથી. વિચાર ક પછી ડૉક્ટરે ઘા વાગ્યો હતો તે સ્થાને કંઇક ઔષધ ચોપડયું. એટલે તુરતજ અ રીતે મ્હારી બધી પીડા એકદમ ઓછી થઇ ગઇ. ઘા સુકાઇ ગયો. રાજા મ્હ એ સ્થિતિ જોઈ મ્હારી સ્હામું દયાની નજરથી જોવા લાગ્યો. ત્યાર બ મ્હને નવહજાર નવસો રૂપિયા, કેટલાક રત્નાલંકાર, એક અશ્વ, એક ર જડિત તલવાર અને મ્હારી સેવા સારૂ ત્રણ ચાર દાસ દાસી ભેટ આપ અને ભવિષ્યમાં મ્હારા ઉપર ઉપકાર કરવાની આશા આપી મ્હારે જવાની આજ્ઞા આપી. બંદર પર જઇ એક મહેલમાં હું એક મહિના પ રહ્યો. એક માસ પછી ત્યાં એક જહાજ આવી પહોંચ્યું. તેમાં બેસી મ્હારી પ્રિય જન્મ ભૂમિ અરબસ્તાન તરફ ગયો અને લાંબા સમયના વિ હની વેદનાથી પીડાતા મ્હારા પિતાને ભેટયો.* એ બનાવ કોઇને ક કહેવાની મ્હારા પિતાજીએ મ્હને ના કહેલી હોવાથી મ્હેં હજી સુધી કો એ વાત કરી નહોતી. તે ફક્ત આજે લાંબા સમયે આપનેજ કહું છું.

પોર્ટુગીઝો જાદુઇ વિદ્યામાં ઘણાજ પારદર્શી હતા. ઉપરોક્ત બનાવ હું જાદુઇ વિદ્યા જેવોજ ગણું છું. બંગાળામાં પણ આવા જાદુના જાણક ઘણાજ છે અને તેમનો મ્હને સંપૂર્ણ અનુભવ મળી ચુકયો છે.

પ્રકરણ ૪૫ મું.

માંડવદુર્ગનો ઈતિહાસ.

સમગ્ર હિંદુસ્થાનમાં માંડવનો કિલ્લો ઘણોજ મજબૂત અને પ્રખ્ય છે. એ કિલ્લામાં રહેનારા દરેક લોકો માંડવદુર્ગ સંબં જુદી જુદી હકિગત જણાવે છે. નીચે લખેલા આશ્ચર્યજનક બનાવથી કિલ્લાની ઉત્પત્તિનો વિષય જાણવામાં આવશે.

* આ વાર્તા અરેબીયન નાઇટ્સમાં એક વાર્તા રૂપે જોડી શકાય એવી

હિંદુસ્થાનના એક નગરનો એક દરિદ્રી કઠિયારો કુહાડો લઇને દરરોજ નજીકના જંગલમાં લાકડાં કાપવા જતો હતો. લાકડાં કાપી વેચતાં જે કાંઈ દ્રવ્ય મળતું તે વડેજ પોતાનો નિર્વાહ ચલાવતો હતો. જ્યારે કુહાડીની ધાર ઘસાઈ જતી ત્યારે તેને તીક્ષ્ણ કરાવવા માટે તે લુહારને ત્યાં લઈ જતો હતો. એક પ્રસંગે કઠિયારો કાષ્ટ કાપતો હતો તેવામાં તેની કુહાડીને કોઈ જાતના પત્થરનો સ્પર્શ થયો, તેથી કુહાડીનો રંગ પલટાઈ ગયો અને તે લોઢાને બદલે સુવર્ણની બની ગઈ. તે પત્થરમાં એવો ગુણ હતો કે લોઢાની જે વસ્તુ તેના સંબંધમાં આવતી તે સોનાની થઈ જતી. કુહાડી કેટલીક જગ્યાએથી ખંડિત પણ થઈ હતી, તેથી કઠિયારો તે દિવસે લાકડા કાપવાનું કાર્ય કરી શક્યો નહિ. તે છેક નિરાશ થઈ પેલા લુહાર પાસે પાછો આવ્યો અને દીન ભાવે કહેવા લાગ્યો કે: "ભાઈ! તેં આ શું કર્યું? આજે કુહાડી પર પાણી ચઢાવ્યા વગરજ તેં મ્હને પાછી આપી છે? તેં એને પીત્તળની બનાવી આપી છે? એનું કારણ મ્હારી સમજમાં આવતું નથી. મ્હારા ગરીબના કુટુંબનો જીવન આધાર ફક્ત એ મ્હારી કુહાડીપરજ છે. તું હરેક વખતે મ્હને સારી તીક્ષ્ણ બનાવી આપે છે અને આ વખતે આમ કરી આપવામાં ત્હારો હેતુ શો છે?" લુહાર ચતુર હોવાથી એ બનાવનું રહસ્ય તુરત સમજી ગયો. લુહારે કઠિયારાને કહ્યું કે: "ત્હારી નકામી જણાતી કુહાડી તું મ્હને આપી દે. હું તને તેના બદલામાં એક નવી અને સારી કુહાડી આપું છું; પરંતુ જે જગ્યાએ તું કાષ્ટ કાપતો હતો તે સ્થળે મ્હને લઈ જા." અજ્ઞાન કઠિયારો લુહારને તે સ્થાને લઈ ગયો, અને પેલો પત્થર બતાવ્યો. લુહાર ખુશી થઇ ગયો અને તે પત્થર તેણે ઉંચકી લીધો. પત્થર ઘેર લાવ્યા પછી તેની સાથે એક લોઢાનો કટકો સ્પર્શ કરી જોતાં તેને માલુમ પડયું કે, તે કટકો પણ સોનાનો બની ગયો છે. એ પરથી તેની ખાત્રી થઈ કે એ પત્થર સામાન્ય પત્થર નથી પણ એક અમૂલ્ય પારસમણી છે. લુહારની ખુશીનો પાર રહ્યો નહિ. એ સંબંધી તેણે પોતાની પત્નિ, પુત્ર કે મિત્રને વાત કરી નહિ. તેણે પારસમણીને લોઢાની પેટીમાં બંધ કરી મુકી દીધો. કઠિયારાને એક સારી નવી તીક્ષ્ણ

ધારવાળી કુહાડી આપી વિદાય કર્યો. થોડા દિવસ પછી ભાગ્યશાળી લુહારે પોતાની પાસે જેટલું લોઢું હતું તે બધાને પારસમણીનો સ્પર્શ કરી સુવર્ણ બનાવી દીધું. ધીમે ધીમે તેણે સુવર્ણ વેચી કેટલુંક રોકડ નાણું એકઠું કર્યું અને તે દ્રવ્યથી પોતાને રહેવા માટે એક સુંદર મકાન બંધાવ્યું. તે દ્રવ્ય વડે તેણે સમર-વિદ્યામાં અતિ નિપુણ છ હજારથી નવ હજાર રૂપિયા સુધીના માસિક પગારદાર યોદ્ધાઓને રાખ્યા. ભાગ્યદેવી તેના તરફ પૂર્ણ પ્રેમથી જોતી હતી. મનુષ્ય પ્રાણી દૈવની અકળ કળાનો પાર પામી શકતો નથી. આજે ઘેરે ઘેર રોટલાના ટુકડા માટે ભિક્ષા માગનાર દરિદ્ર, સમય આવતાં ભાગ્યદેવીના પ્રભાવથી હજારો યાચકોને દાન આપનાર થાય છે, અને વખત આવતાં કરોડો મનુષ્ય પર સત્તા ચલાવનાર પણ તેજ થાય છે. વિધિની લીલા અકળિત છે. પામર પ્રાણી તેનો પાર શી રીતે પામી શકે ? ધીમે ધીમે હજારો માણસો તેનાં આશ્રિત બન્યાં. લુહારનો પોતાના હાથ નીચેનાં માણસો પર અત્યંત્ય પ્રેમ હતો. તેની કીર્ત્તિની સુગંધ દૂર દેશાંતરમાં ફેલાઈ ગઇ. તેની દયા અને દાનની વાર્તા વિદ્યુત વેગે દેશે દેશ ફરી વળી. હજારો વીર, બુદ્ધિમાન તેમજ કુશળ લોકો તેની પાસે આવી એકઠા થવા લાગ્યા. જ્ઞાની કે અજ્ઞાની, શૂરવીર કે બીકણ, દરેકને લુહાર આશ્રય આપતો હતો. તેણે જે દ્રવ્ય ભંડાર ઘરમાં ભરી રાખ્યો હતો તેમાંથી તેણે મુકયું હતું તે કરતાં અધિક પ્રમાણમાં દ્રવ્ય નીકળવા લાગ્યું. એ અક્ષય રત્ન ભંડારને કોઇ સુરક્ષિત સ્થળે મુકવાની તેને ચિંતા થવા લાગી. તેથી કોઇ સ્થાન શોધવા લાગ્યો. કેટલોક કાળ વિચારમાં ગાળ્યા પછી તેણે એક મ્હોટા અભ્રભેદી પર્વતની તળેટી આગળ કેટલાક ગાઉ વિશાળ ક્ષેત્રવાળી ખુલ્લી જમીન જોઇ. જમીન ઉંચા ભાગ પર તથા કેટલીક જગ્યાએ કુદરતી રક્ષણથી રક્ષાયલી જોઈ, તેને એ જગ્યા સર્વથી વધારે પસંદ પડી. તેણે વખત નહિ ગુમાવતાં એક દિવસ વિશ હજાર મિસ્ત્રી લઇને પ્રથમ એક બાજુથી કોટ બાંધવાનું કામ શરૂ કરાવવા માડયું, અને તેના પુત્રે બીજા વિશ હજાર મિસ્ત્રી લઇને બીજે છેડેથી કામ કરાવવાનો આરંભ કર્યો. એ પ્રમાણે સતત્ કામ ચાલુ રહેતાં ત્રિશ વર્ષે પિતા પુત્રનું બાંધ કામ એકજ સ્થળે આવી મળ્યું ! એ

કોટની લંબાઇ બેતાળીશ માઇલની છે. તેની પાછળ થયેલા ખર્ચની ગણત્રી કરવાનું કામ માનવ બુદ્ધિની બહારનું છે, એટલે કે એ કોટ બંધાવવા પાછળ એટલું બધું દ્રવ્ય ખર્ચવામાં આવ્યું હતું કેઃ તેનો હિસાબ રાખી નહિ શકાવાથી લુહારે નોકરોને હિસાબી કામ છોડી દેવાનું ફરમાવ્યું હતું. એ કોટને દશ મુખ્ય દ્વાર હતાં, અને ચારે દિશામાં ચાર બહાર નીકળવાનાં દ્વાર હતાં. પર્વત ઉપરના પ્રત્યેક મુખ્ય દ્વારથી નીચેની તળેટી સુધી ૫૦ હજાર પગથીયાં બનાવ્યાં હતાં. લુહારના હાથ નીચે લાખો માણસો કામ કરતાં હતાં. કોટમાં એક વિશાળ ઉચ્ચ મસ્જિદ બનાવી હતી. મસ્જિદમાં એક હજાર ઓરડા હતા, અને દરેક શુક્રવારે ઉપાસના કરવા માટે પ્રત્યેક ઓરડામાં એક એક વેદી બનાવી હતી. મસ્જિદની થોડીક નજીકમાં એક મ્હોટી અતિથિશાળા પણ બંધાવી હતી. તે ઉપરાંત પુષ્કળ તળાવો, દેવાલયો ઇત્યાદિક બંધાવ્યાં હતાં. તેણે યુદ્ધ ઉપયોગી સામગ્રી તથા સમર–કુશળ યોદ્ધા દિન પર દિન વધારવા માંડયા. લુહારમાં માણસની કદર કરવાની વિચક્ષણ બુદ્ધિ હતી. કોઇ પણ મનુષ્યમાં બુદ્ધિ બળ વિશેષ પ્રમાણમાં જોતો કે તુરતજ તે તેનો પગાર વધારી દેતો અથવા તો યોગ્ય બક્ષિસ કે પદવિ આપતો. એ પ્રમાણે દરેકને ઉત્તેજન આપી કાર્ય કરવામાં પ્રોત્સાહન આપતો. તેની આટલી સત્તા અને સાહેબીએ તેને એક ગરીબ લુહારમાંથી રાજાના રૂપમાં ફેરવી નાંખ્યો. લુહારે પોતાનો ઠાઠ એક રાજા પ્રમાણે બદલી નાંખ્યો. ધીમે ધીમે તેની કીર્ત્તિ ચારે દિશામાં ફરી વળી. તેની ગણના રાજાઓમાં થવા લાગી અને તેથી કેટલાક એની અદેખાઇ કરવા લાગ્યા, કેટલાકે એની સાથે મીત્રાચારી બાંધી. પ્રથમ તેણે બુરહાનપુરના રાજા સાથે સંબંધ અને મીત્રાચારી બાંધી. લુહારને એક પુત્રી હતી. બુરહાનપુરના રાજાના પુત્ર સાથે તેનો વિવાહ કરવા એક દૂત મોકલ્યો. રાજાએ એ માંગણી કબુલ રાખી. લગ્ન સમારંભ પૂર્ણ થયા પછી પુત્રીને સાસરે વિદાય કરતી વખતે તેના પિતાએ એક જરીના લુગડામાં ઉપરોક્ત પારસમણીમાંથી એક કટકો બાંધી આપ્યો અને પુત્રીને તે કટકાના ઉપયોગ સંબંધી કેટલીક વાત કરી. એને બહુજ સંભાળથી રાખવા પોતાની પુત્રીને લુહારે સુચના આપી.

એટલા કટકા માટે કોઇ બે લક્ષ રૂપિયા આપે છતાં લુહાર તે આપે તેવો નહોતો; પણ પુત્રી પર અત્યંત સ્નેહ હોવાને લીધેજ તેણે એ અમૂલ્ય રત્ન તેને આપ્યું હતું. કેટલાંક દાસ દાસી આપી લુહારે ગદ્‌ગદ્‌ કણ્ઠે પુત્રીને સુવર્ણ જડિત પાલખીમાં બેસાડી વિદાય કરી. એક વખતની ગરીબ લુહાર પુત્રી આજે માંડવની રાજકુમારી બની એક મહાન રાજા રાણીને છાજતા આડંબર યુક્ત થઈ હજારો દાસ દાસી સાથે ખંમા ખંમા થતી પતિને ત્યાં ચાલી. સર્વ રસાલો તાપી નદીને તટે થઇને યાત્રા કરવા લાગ્યો. ચાર દિવસ પછી તેઓ નર્મદા નદીને કિનારે આવી પહોંચ્યા. એ સ્થળે બુરહાન-પુરાધિપતી પોતાના ખાસ સરદારો તથા કેટલાક દાસ દાસી તેમજ નૌબત નિશાન સાથે લુહાર પુત્રીને માનભેર સ્હામું તેડવા આવી પહોંચ્યો હતો. રાજરાણીને કેટલાક સુવર્ણાલંકાર તથા એક ઉત્તમ અશ્વ આપી તેનો આદર સત્કાર કર્યો. જ્યારે રાજાએ કન્યાને જોઈ ત્યારે તેની પાસે રાજને ઉચિત એવા ઉત્તમ અલંકારો કે પોષાક વગેરે કાંઈ પણ દીઠું નહિ. એથી તેને કેટલીક ગ્લાનિ ઉત્પન્ન થઈ. પણ વળી પાછો વિચાર કર્યો કે: "ભવિષ્યમાં તેનો પિતા એ ખોટ પૂરી પાડશે."

બુરહાનપુર જતાં માંડવ રાજદુહિતાએ પોતાના સસરાને પિયેરથી વિદાય થતાં તેણીના પિતાએ જરીના વસ્ત્રાલંકારમાં જે અમૂલ્ય રત્ન બાંધી આપ્યું હતું તે વિષે વાત કહી અને કહ્યું કે એનું મૂલ્ય એક સો પરગણાની ઉપજ ઉત્પન્ન થાય તેથી વિશેષ છે. મ્હને મ્હારા પિતાશ્રીએ કહ્યું હતું કે, "તું જ્યારે બુરહાનપુર જશે ત્યારે મ્હારા તરફથી તને શું આપવામાં આવ્યું છે તે બાબત રાજા તરફથી પ્રશ્ન થશે, ત્યારે તેના ઉત્તરમાં ફક્ત તું આ વસ્તુ આપજે એમ કહ્યું છે." એવું કહીને રાજકન્યાએ પિતાની આજ્ઞાનુ-સાર તે અમૂલ્ય વસ્તુની કોથળી સસરાના ચરણ આગળ મુકી દીધી. રાજાએ ઉઘાડી જોયું તો તેમાં તેણે એક ચળકતો પત્થર દીઠો. સાસરવા-સામાં આવી નજીવી વસ્તુ જોઈ રાજાને અતિશય ક્રોધ ભરાયો, અને ગુસ્સામાં ને ગુસ્સામાં તે અમૂલ્ય રત્નને તેણે જળમાં ફેંકી દીધું. તેને એમજ લાગ્યું કે: કન્યાના પિતાએ મ્હારૂં અપમાન કરવા સારૂજ આવું કાર્ય કર્યું

છે. રાજાએ ક્રોધે ભરાઈ તેણે ગરીબ નિર્દોષ બાળાને માંડવ નગરમાં પાછી વિદાય કરી દીધી. માંડવાધિપતિએ પોતાની પ્રિય બાળકીને દુઃખિત હૃદયે પાછી આવેલી જોઇ બુરહાનપુરાધિપતિ પર જરા પણ ગુસ્સે નહિ થતાં નીચે પ્રમાણે એક નમ્રબોધક પત્ર લખ્યોઃ—

"મ્હેં મ્હારી કન્યા સાથે જે અમૂલ્ય રત્ન મોકલ્યું હતું તેની કિંમત આપ ન કરી શક્યા તે જાણી મ્હને ઘણોજ ખેદ થાય છે. એ રત્નથી દરરોજ આપના ઘરમાં પ્રાતઃકાળે ઢગલે ઢગલા સુવર્ણ ઉત્પન્ન થઈ શકત. આપે ગુસ્સાના માર્યા વગર વિચારે મ્હારી પ્રિય પુત્રીની પૂર્ણ હકીગત સાંભળ્યા વિના તે રત્નને નર્મદા નદીમાં ફેંકી દીધું. એ જાણી મ્હને અતિશય શોક થાય છે. હવે તેને શોધી કાઢવાનો અન્ય કાંઈ ઉપાય નથી." પત્ર વાંચીને બુરહાનપુરાધિપતિ દુઃખ અને અનુતાપથી દગ્ધ થવા લાગ્યો. તેણે પોતાના અનુચરોને તથા હજારો માછીઓને નદીમાં ઉતારી તપાસ કરાવી, છતાં પણ પેલાં બહુ મૂલ્ય રત્ન પારસમણીનો કાંઇ પત્તો લાગ્યો નહિ.

કેટલાક દિવસ પશ્ચાત્ મ્હારા પિતા અકબરે બુરહાનપુરના તે વખતના રાજા પર ચઢાઈ કરી. સૈન્ય દળ સાથે જે હાથીઓ હતા, તેમાંના એકને પગે એક મજબૂત લોહની સાંકળ બાંધી હતી. સૈન્ય તેમજ હાથી નર્મદા નદીને ઓળંગી સામે તીરે ગયા પછી હાથીના માવતના જોવામાં આવ્યું કેઃ પોતાના હાથીના પગે બાંધેલી લોઢાની સાંકળ સુવર્ણની થઈ ગઇ છે. એ લોઢાની સાંકળ શી રીતે સુવર્ણની બની ગઈ તેનું અપૂર્વ રહસ્ય કોઇ પણ સમજી શક્યું નહિ. એ વાત તુરતજ મ્હારા પિતા અકબરના જાણવામાં આવી. તેમણે પણ નર્મદા નદીના નીચેના ભાગમાં એ વસ્તુ શોધવાને માટે ઘણાં મનુષ્યોને કામે લગાડયાં, પણ તેમના સઘળા પ્રયત્નો વ્યર્થ ગયા.

એ અભેદ્ય માંડવદુર્ગ હાથ કરતાં મ્હારા પિતાને છ માસ લાગ્યા. ત્યાર પછી તેના પર સંપૂર્ણ અધિકાર મેળવ્યો. ગઢ પર વિજય મેળવ્યા પછી મ્હારા પિતાએ તેના પ્રાચીન મુખ્ય દ્વારનો પોતાના વિજયની નિસાની તરીકે ધ્વંસ કરવાનો હુકમ આપ્યો. એમ કરવાનું કારણ એ હતું કે એ મુખ્ય દ્વારમાં થઇને તળેટીના અનેક ગુપ્ત માર્ગોમાં પિતાના વિદ્રોહીઓને

છુપાઇ રહેવાનું ફાવતું હતું, અને ઘણી વખત તેઓ પિતાના માણસોને હેરાન કરતા હતા. એ હેરાનગતિ મટાડવા માટે તથા વિદ્રોહીઓને સંતાવાના રસ્તા બંધ કરવા માટે તળેટીમાં અને ગઢ પર આવેલાં ગુપ્ત દ્વારોને એક પછી એક તોડાવી ત્યાં મ્હોટા રસ્તા બંધાવ્યા. પિતાએ માંડવદુર્ગ પર આક્રમણ કર્યું, છતાં તેમણે ત્યાંની પ્રજા પર કોઇ પણ જાતનો જુલ્મ ગુજાર્યો નહોતો, તેમ તેમની માલ મિલ્કતને જરા પણ હેરાનગતિ ન પહોંચે એવો બંદોબસ્ત કર્યો હતો. દક્ષિણમાં જ્યારે જ્યારે વિદ્રોહીઓ બળવો ઉઠાવતા હતા ત્યારે ત્યારે તેમનું દમન કરવા હું જાતે જતો હતો. કોઇ પણ જગ્યાએ સ્વારી કરતા પહેલાં હું દરેક વખતે એ સુંદર દુર્ગમાં મુકામ કરતો હતો. દક્ષિણ પ્રદેશનાં સર્વ સ્થાનો કરતાં એ સ્થાનનાં હવા પાણી અને સ્વચ્છતા પર હું એટલો બધો મુગ્ધ થઇ ગયો કે: એ નગરનો ઉદ્ધાર કરવાનો મ્હેં દૃઢ સંકલ્પ કર્યો. મ્હારા પિતાની ચઢાઇથી ભસ્મિભૂત થયેલા ખંડિયેરોની જગ્યાએ મ્હેં તુરતજ મોટા મહાલયો બાંધવાનો હુકમ કર્યો. ઘણાજ થોડા વખતમાં તે કાર્ય સંપૂર્ણ થયું. એ નગરમાં હું એક વર્ષ પર્યંત રહ્યો. તે દરમ્યાન કેટલાક સુંદર ઉદ્યાનો, મનોહર વૃક્ષો અને ઘણા લતા મંડપો બંધાવી નગરની શોભામાં વૃદ્ધિ કરી. મ્હારા સરદાર વર્ગે તેમજ નગરના શ્રીમંત લોકોએ મ્હારા એ દૃષ્ટાંતનું અનુકરણ કરીને પોતાના મહેલની નજીક કેટલાંક ઉપવનો અને વિશાળ મહાલયો બંધાવી શહેરને વધારે શોભાયમાન કર્યું.

પ્રકરણ ૪૬ મું.

દક્ષિણના રાજાઓ સાથે મિત્રતા.

મ્હારા પ્રિય પુત્ર ખુરમે સરદાર આદિલખાં અને દક્ષિણના રાજાઓ સાથે જે સંધિ કરી તે ઉપરથી નક્કી થયું કે તે સમૃદ્ધિશાળી અને સર્વોત્કૃષ્ટ પ્રદેશો અને પાટણ* નગર મ્હારા અમલદારોના તાબામાં રહેશે.

પાટણ નગરમાં જરી કસબનાં વસ્ત્રો વણાતાં હોવાથી તે સર્વત્ર વિખ્યાત છે. એવાં વસ્ત્રો બીજે કોઇ સ્થળે થતાં નથી.

મ્હારા પિતા અકબરની એવી ઇચ્છા હતી કે જો પાટણ શહેર તેમના સામ્રાજ્યનો એક વિભાગ બને તો તે શહેરની શોભા વધારવા માટે તેને ચારે દિશામાં સોના રૂપાનો કોટ કરાવી તેના મ્હોટા મ્હોટા બુરજ પર સોનાના કળશ બેસાડવા, પણ તેમની એ ઇચ્છા પૂર્ણ થઈ નહિ. તેમ મ્હને તેમની એ ઇચ્છા પસંદ પડી નહિ, કારણ કે મ્હને તે અસંભવિત લાગ્યું. પહેલાં પાટણ શહેર હુસેન નિજામ નામના નવાબના હાથ નીચે હતું. ખુરમે હુસેન નિજામ સાથે સંધિ કરી તથા તેની સાથે મિત્રાચારી બાંધી. તેની રૂએ હાલમાં તે શહેર મ્હારી સત્તા નીચે છે. મ્હારા પુત્રે દક્ષિણમાં જઈ અહમદનગર, ખાનપૂર અને બિહાર પ્રાંતો પર મ્હારો વાવટો ઉડાવ્યો અને ત્યાંના રાજાઓ સાથે સલાહ કરી. એ સર્વેમાં બિહાર પ્રાંત જે સર્વથી મ્હોટો હતો તે બધા પર મ્હારો સંપૂર્ણ અધિકાર સ્થાપિત થયો હતો. એ પ્રાંતમાં જે મ્હોટાં શહેરો હતાં તે શહેરોમાં વેપાર ઘણોજ મ્હોટો ચાલતો હતો. બિહાર પ્રાંત તાબામાં આવ્યા પછી બીજા એક પ્રાંતનો કબજો લેતાં એક માસ થયો. તેમાં ઘણાં સમૃદ્ધિવાન નગર અને અસંખ્ય ધનવાન લોકો રહેતા હતા. એ પ્રાંતનું ક્ષેત્રફળ ઘણુંજ વિશાળ હતું અને તેનું નામ ખાનપૂર હતું. એમાં સૃષ્ટિ સૌંદર્ય જોવાનું ઘણુંજ હતું. નગરની અંદરની કારીગરી પાટણની કારીગરીની સ્પર્ધા કરતી હતી. તે ઉપરાંત તેમાં ત્રણ ચાર કિલ્લા ઘણાજ મજબુત અને ઉપયોગી હતા. આ વખતે હુસેન નિજામે સુવર્ણ અલંકારથી વિભૂષિત કરેલા ચારસો મ્હોટા સાહસિક હાથી મ્હને નજરાણા દાખલ આપ્યા. પ્રત્યેક હાથીના શરીર પર આશરે દશ શેર સુવર્ણ હતું; તે ઉપરાંત દરેક હાથીના મસ્તક ઉપર પશુ પક્ષીના આકારે ચિત્રેલી મુક્તાની ગુંથેલી માળાઓ હતી. અલ્પ સમય પછી એ દેશના કેટલાક શ્રીમાન વેપારીઓ કેટલીક ભેટો લઇ મ્હારી પાસે આગ્રે આવ્યા.

---

* અણહીલવાડ પાટણના રાજાએ એ નગર સ્થાપન કર્યું હતું. એનું નામ સિદ્ધપુર પાટણ. એ બન્ને નગરો સરસ્વતી નદીને કિનારે છે.

તેમણે જવાહીરથી ભરેલો એક થાળ મ્હારી પાસે ભેટ દાખલ મૂક્યો, અને ત્રણ મુક્તામાળા આપી. તે દરેક માળાની કિંમત આશરે સાઠ હજાર રૂપિયાની હોવી જોઇએ. ખુરમે દક્ષિણ પ્રદેશનાં પુષ્કળ રાજ્યો તાબે કર્યાં; પણ તેને કોઈ સાથે લઢાઇ કરવાનો પ્રસંગ આવ્યો નથી. દરેકની સાથે સંધિ કરીને તેમની સાથે મિત્રાચારી બાંધી, તેમના મુલ્કો પાછા આપ્યા. જે દેશમાં મ્હારા માંડલિકો હતા તે દેશમાં મ્હારા નામના સિક્કા ચલાવવાનો હુકમ આપ્યો. કેટલાક મ્હારો તે હુકમ પાળતા નહિ, તેથી તેના પર બરાબર દેખરેખ રાખવાને મ્હેં મ્હારા એક વિશ્વાસુ સરદાર ખાં ખાનની નિમણુક કરી. એ નિમણુકથી ખાં ખાન માંડલિક રાજ્યોમાં એક મ્હોટો અમલદાર ગણાવા લાગ્યો. મ્હેં તેને ઘણી સત્તા આપી હતી. હું તેને ઘણા દિવસથી મ્હારા પુત્ર કિંવા ભાઇના જેવો ગણું છું.

પ્રકરણ ૪૭ મું.

ગવૈયાનું સન્માન.

બુરહાનપુરથી જ્યારે સુલતાન ખુરમ મ્હને મળવા આવ્યો હતો ત્યારે તે ઉસ્તાદ મહમદ–નેઇ નામે એક પ્રસિદ્ધ સંગીત શાસ્ત્રી તેમજ મનહર બંસી બજાવનારને સાથે લઈ આવ્યો હતો. તેણે મ્હને તેની ઓળખાણ કરાવી કહ્યું કેઃ ગાવા બજાવવામાં તેઓ એક પ્રખ્યાત પુરૂષ છે. તેણે મ્હારા નામ પરથી સૌયત–ઈ–જહાંગીરી નામની નવીન રાગણી પણ બનાવી હતી. તે બંસી બજાવવામાં પણ એક ઉત્તમ વ્યક્તિ છે. ખરેખર જે વખતે તેણે મ્હને તેના જ્ઞાનનો પરિચય કરાવ્યો તે વખતે તેની ગાવાની કુશળતા અને યંત્રો પરનો અધિકાર જોઇ હું ઘણોજ વિસ્મય પામ્યો. તેની બંસીના મધુર રાગથી તથા ગાવાની કુશળતાથી હું તેના પર એટલો બધો મોહિત થઇ ગયો કેઃ મ્હેં તુરતજ દરબારમાં એક ત્રાજવું મંગાવવાનો હુકમ આપ્યો. એ ત્રાજવાના એક પલ્લામાં તેને બેસાડી તેની

બરાબર સુવર્ણ જોખી ઉસ્તાદને અર્પણ કરવાનો મ્હારા કોષાધ્યક્ષને હુકમ ફરમાવ્યો. એ કાર્ય પૂર્ણ થયા પછી ઉસ્તાદ દરબાર ગૃહમાંથી તુરતજ બહાર ગયો અને થોડીજ વારમાં એક હાથમાં સંગીત લખેલો એક કાગળ અને બગલમાં છ વર્ષની એક બાળાને લઇને મ્હારી સન્મુખ આવી ઉભો રહ્યો. તેણે મ્હને કુરનિસ કરી કહ્યું કેઃ મ્હેં આપના નામ પરથી એક સુંદર રાગ બનાવ્યો છે અને તે આપના ચરણમાં ભેટ કરૂં છું. તેના બદલા તરીકે આ બાળકી પણ પુરષ્કારની આશા રાખે છે. ઉસ્તાદના વચનને માન આપી મ્હેં તે બાળાનું વજન કરવાનો હુકમ આપ્યો. તે વજનમાં ૭૦ શેર થઇ. મ્હેં તેને તેટલું સુવર્ણ ભેટ આપ્યું, અને તેટલું વજન કરીને બીજી વાર કન્યાને પણ તેટલાજ સોનાની ભેટ આપી. અંતે તે એટલો બધો લોભી માલુમ પડયો કે એટલા બધા સુવર્ણની ભેટ આપવા છતાં તેની વાસના તૃપ્ત થઇ નહિ! તેનો લોભ જોઇ મ્હને તેના પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થયો છતાં પણ તેના ગુણોની કદર કરી હું કાંઇ પણ બોલ્યો નહિ. થોડીક વાર પછી તેણે ખજાનચી તરફ આંગળી બતાવી કહ્યું કેઃ "મ્હારા કામની કદર કરી મ્હને ફક્ત આ વ્યક્તિના વજન જેટલું સુવર્ણ આપવા કૃપા કરશો, તો આપ સમ્રાટ સમક્ષ મ્હારા કામની યોગ્ય કદર થયેલી ગણીશ." તેના એ વચનથી મ્હને તેના પર અશ્રદ્ધા અને તિરસ્કાર ઉત્પન્ન થયો અને તેને દરબાર ગૃહમાંથી ચાલ્યા જવાની આજ્ઞા આપી. એ વાત ધીમે ધીમે મ્હારા સામંતો, સરદારો અને પ્રજા વર્ગના જાણવામાં આવી અને મ્હારા એ કાર્ય માટે તેઓ મ્હારી પ્રશંસા કરવા લાગ્યા. ગવૈયા લોકોમાં ગુણો હોવા છતાં પણ તેમનો લોભજ તેમનું સર્વસ્વ ગુમાવે છે. દરબારમાંથી રજા આપવા છતાં પણ તેણે વારંવાર મ્હારા એકાંત મહાલયે આવી ગાયન વાદ્ય વગાડી પોતાની લોભ વાસના તૃપ્ત કરવાનો નિયમ રાખ્યો; પણ મ્હારા અંતઃકરણમાં તેને માટે પૂર્ણ તિરસ્કાર ઉત્પન્ન થયેલો હોવાથી પ્રત્યેક વખતે તેની માગણીનો મ્હેં અનાદર કર્યો. છેવટે એણે એવી વિનંતિ કરી કેઃ આપ નામદાર દરરોજ મ્હારે ઘેર ઉંટ પર લાધીને એક પખાલ પાણી મોકલાવવા હુકમ ફરમાવશો. મ્હેં તેની એ વિનંતિ કબુલ રાખી. હું કબુલ કરૂં છું કે મહંમદ નેઇ સંગીત વિદ્યામાં

એક કુશળ પુરૂષ હતો; પણ તેનો અતિ લોભી સ્વભાવ તેનો તિરસ્કાર કરાવતો. થોડા વખત પછી મ્હને ખબર પડી કે: સુલતાન આદિલખાંના દરબારમાં પણ એ ગવૈયાનુંજ કામ કરતો હતો; પણ તેના અતિલોભી સ્વભાવથી ત્રાસ પામીને સુલતાન આદિલખાંને તેને દરબારમાંથી રજા આપી હતી. મ્હારા સમાગમમાં એવાં ઘણુંયે માણસો આવ્યાં હતાં. હું તેમના ગુણથી માહિતગાર હતો, પણ તેમનામાં કોઇક એવો ચમત્કારિક દોષ જોવામાં આવતો હતો કે તેમના તે ગુણો અને બુદ્ધિનો ઉપયોગ હું કરી શકતો નહિ. એટલું છતાં હું તેમની બનતી કદર કરતો પણ તેમના સહવાસમાં વધુ આવતો નહિ. એવા લોકોને ઘણી વખત હું એમ પણ બબડતા સાંભળતો કે તેમના ગુણોની કદર કરનાર રાજાઓજ નથી! પરંતુ તેઓને પોતાનામાં રહેલા દુરાગ્રહ અને અવગુણોનું જરા પણ ભાન થતું નહિ. દરેક સમ્રાટમાં મનુષ્ય પરીક્ષા કરવાની બુદ્ધિ અવશ્ય હોવી જોઇએ. પોતાના હાથ નીચેના નોકરોની બરાબર કિંમત અને પરીક્ષા ન કરવાથી ઘણી વખત સામ્રાજ્ય જોખમમાં આવવાની ભીતિ રહે છે.

એક વખત ઉન્હાળામાં હું માંડવ દુર્ગમાં મ્હારા સરદારો સાથે રહેતો હતો. ત્યાં મ્હને એવા સમાચાર મળ્યા કે: મિરજા રૂસ્તમે છ લાખ પાંચ હજાર રૂપિયાનું કર્જ કર્યું છે, અને તેના લહેણદારો તેને ઘણોજ ત્રાસ આપે છે. મિરજા રૂસ્તમ પાંચ હજાર સૈન્યનો સેનાપતિ હતો. વીરતામાં તે એક અપ્રતિમ યોદ્ધો હતો, પણ તેનામાં અતિશય ખર્ચ કરવાની ટેવને લીધે તેમજ સાંસારિક વિટંબણાઓને લીધેજ તેને આટલું બધું દેવું થયું છે. એ દેવું તે કદી પણ પુરૂં પાડી શકશે નહિ એ મ્હેં નક્કી કર્યું હતું. સેનાપતિના ઓદ્ધા બદલ તેને દર વર્ષે ઓતેર લાખ રૂપિયા આપવામાં આવતા હતા. એ સિવાય જયારે તે મ્હારી પાસે આગ્રે આવતો ત્યારે હું તેને કાંઇક પણ ભેટ આપતો. તેમ છતાં તેને એટલું બધું કર્જ કેમ થયું તેના વિચારમાં પડયો. મ્હેં તેની ગુપ્ત રીતે તપાસ ચલાવવા માંડી. તેમ કરતાં માલુમ પડયું કે તેને કોઇ જાતનું વ્યસન હતું નહિ. તેની પાસે કોઇ ઉત્તમ ગવૈયો અથવા તો કોઈ પણ વિદ્યામાં કુશળ એવો કોઈ પણ મનુષ્ય આવતો તો તે

તેને લાખો રૂપિયાની બક્ષિસ આપી દેતો એવું પણ નહોતું; પણ નોકર લોકો ઉપર અતિશય વિશ્વાસ અને તેમને આશ્રય આપવાથીજ તેને ઋણ થયું હતું, અને આફતમાં આવી પડયો હતો. નોકર લોકો પણ તેનો સ્વભાવ જાણી ગયા હતા, અને તેથી ઘણી વખત શાપ આપી તેના વિશ્વાસુ બની હજારો રૂપિયા ઉધાર ઉપાડી જતા હતા! દયા એ મનુષ્ય સ્વભાવમાં રહેલો ઉત્તમ ગુણ છે ખરો; પરંતુ તેનો દુરૂપયોગ કરવાથી પરિણામ ધાર્યા કરતાં વિપરીત આવે છે. મિરજા રૂસ્તમને શાહુકાર લોકો પુષ્કળ ત્રાસ આપવા લાગ્યા. તેનાથી ઉત્સાહપૂર્વક મ્હારી નોકરી થતી નહિ. તે હંમેશ ઉદાસજ રહેતો. મ્હારાથી તે સહન થઈ શકયું નહિ; તેથી મ્હેં તેનું બધું કરજ ભરી આપ્યું. થોડા દિવસ પછી મ્હેં એવી મતલબની આજ્ઞા પત્રિકાઓ કઢાવી કે: ભવિષ્યમાં કોઇ પણ માણસ મિરજા રૂસ્તમને દ્રવ્ય આપશે તેને તેટલાજ રૂપિયા જામીનગીરી તરીકે રાજમાં આપવા પડશે.

પ્રકરણ ૪૮ મું.

ગુજરાતનો પ્રવાસ.

ઘણા દિવસ થયા મ્હેં ગુજરાતનું દર્શન કર્યું નહોતું તેથી ત્યાં ગમન કરવાની મ્હને ઇચ્છા થવાથી ત્યાં જવાની બધી વ્યવસ્થા કરી. મ્હેં રસાલા સાથે માંડવ દુર્ગને છોડી ગુજરાત તરફ પ્રવાસ કરવાનું શરૂ કર્યું. પૂર્વે ગુજરાત પ્રાંત, જુદા જુદા રાજપૂત સરદારોના તાબામાં હતો. મ્હારા પિતા શહેનશાહ અકબરે માંડવ દુર્ગની નજીકના ભાગો પર પોતાનો અધિકાર મેળવ્યા પછી તેમણે પોતાના સભાસદોને સરહદ પર આવેલા દેશોના મુખ્ય મુખ્ય સ્થાને રમણીય પુષ્પોદ્યાન, સુંદર મહાલયો, વિશ્રામશાળા અને વિલાસભુવનો બંધાવવાનો આદેશ કર્યો હતો. હું જ્યારે ગુજરાતની મુસાફરીએ નીકળ્યો ત્યારે ઉદ્યાનોમાંનાં કેટલાંક વૃક્ષો અને લતાઓ અતિશય ઠંડીને લીધે બળીને સુકાઈ ગયેલાં મ્હારી દૃષ્ટિએ પડયાં.

ગુજરાતની રાજધાની અમદાવાદ ગયો ત્યારે શહેરની પાસે ખાં ખાનના મ્હોટા રમણીય બગીચામાં મ્હેં વિશ્રામાર્થે તંબુ ઠોકાવ્યો હતો. ખાં ખાનના અત્યાગ્રહથી મ્હારા સરદાર વર્ગે પણ મ્હને ભલામણ કરી હતી. ખાં ખાન મ્હારા સરદારોમાંનો એક સરદાર છે. તેને ખયર–ઉલ્–નિશાબેગમ નામની એક કન્યા હતી. તેનું લગ્ન મ્હારી સાથે થયું હતું. હાલ તે મ્હારા અંતઃપુરમાં છે. તેણે મ્હારી સેવા કરવા માટે પોતાના પિતાની વાટિકામાં મ્હને ઉતારો આપીને ઘણીજ સરસ વ્યવસ્થા કરી હતી. મ્હારા વિનોદ માટે ત્યાં કેટલાક પ્રકારનો ખાસ બંદોબસ્ત કર્યો હતો. તેના અત્યંત આગ્રહ અને સ્નેહને લીધે હું ના પાડી શક્યો નહિ અને તેજ કારણથી મ્હેં ત્યાં થોડા દિવસ મુકામ કર્યો. એ સમય શીતકાળ હતો. અત્યંત ઠંડીને લીધે વૃક્ષ, લતા, પત્ર ઇત્યાદિ જ્યાં ત્યાં પુષ્પ રહિત નજરે પડતાં હતાં. ખયર–ઉલ્–નિશા બેગમે ઉદ્યાનની ચારે બાજુએ ચારસો શીલ્પ શાસ્ત્રીઓની મદદથી બગિચાને એવો તો સુશોભિત બનાવ્યો હતો કેઃ પાંચ દિવસ ઉપર જે વૃક્ષો પત્ર પુષ્પ વગરનાં હતાં તે આજે પત્ર પુષ્પથી શોભી રહ્યાં છે! હું તેની મનોહર શોભા જોઇ ચકિત થયો. બગીચામાં પ્રવેશ કરતાંજ વસંતઋતુના જેવાં પત્ર, પુષ્પો, વૃક્ષ લતા ઇત્યાદિક ઉગી રહે છે તેવીજ રીતનાં તે સર્વ ખીલેલાં જોયાં. ફુલોનાં ઝાડ પર ગુચ્છાબંધ ફુલો અને ફળના ઝાડ પર પુષ્કળ પ્રમાણમાં ફળ ઉગેલાં જણાતાં હતાં, તે જોઇ ખરેખર હું મોહ પામ્યો હતો. કુશળ શીલ્પીઓએ બગિચામાં નારંગી, દાડમ, અંજીર, બદામ અને દ્રાક્ષનાં વૃક્ષો અને નાના પ્રકારનાં પુષ્પનાં વૃક્ષો ઉગાડેલાં મ્હારા જોવામાં આવ્યાં. એ સઘળાં કૃત્રિમ ફળ, પુષ્પો અને વૃક્ષો એવી નિપુણતાથી બનાવવામાં આવ્યાં હતાં કે બગિચામાં પ્રવેશ કરતામાંજ મ્હને તે ઉપરનાં કેટલાંક ફળ ખાવાની અને પુષ્પો ચુંટવાની ઇચ્છા થઇ. એ સમયે વસંત ઋતુ નહોતી તે પણ હું ભૂલી ગયો. બગિચાની જુદી જુદી જગ્યાએ લીલા રંગની મખમલના તંબુ અને મંડપો બનાવ્યા હતા. તેના પર કૃત્રિમ વેલો પણ ચઢાવવામાં આવી હતી. એવી રીતે કુદરત અને કૃત્રિમતાના મિશ્રણથી બનાવેલો બગિચો મ્હેં કોઈ પણ જગ્યાએ જોયો નહોતો. કૃત્રિમતાનું વિસ્મરણ થવાથી કેટ-

લાંક ફળ લાવવા મ્હેં પુનઃ મ્હારા અનુચરોને હુકમ ફરમાવ્યો. કિંતુ ખાં ખાનની પુત્રીએ મ્હારા અનુચરોને ફળ તોડવા જતાં અટકાવ્યા અને પોતે સહાસ્ય વદને મ્હારી પાસે આવી ઉભી રહી અને કહેવા લાગી કે: "એ ફળ માત્ર શોભાનાંજ છે. એમાંનું એક પણ ફળ ખાવાના ઉપયોગમાં લઈ શકાય તેમ નથી." એથી હું મ્હોટા આશ્ચર્યમાં પડયો અને મ્હેં જરા હાસ્ય કરતાં કહ્યું કે: "મ્હારા દેશમાં આવેલા જાદુગરો પાસેથી મંત્રવિદ્યા શીખીને ખાવાના ઉપયોગમાં લેવાય તેવાં ફળ શા માટે ઉત્પન્ન કરાવ્યાં નહિ?" ખયર-ઉલ્-નીસા ઉત્તરમાં માત્ર હાસ્ય કરતીજ ઉભી રહી. થોડી વાર પછી તેણે ગુલાબના એક વૃક્ષ પાસે જઈ એક ગુલાબ પુષ્પ ચુંટી લાવી મ્હારા હાથમાં આપ્યું અને મ્હને કહ્યું કે: "આ ફુલ પ્રમાણેજ આખા બગિચામાં ઘણી ખરી કારિગરી કાગળોથીજ બનાવવામાં આવી છે." એ પ્રકારનો તેનો ઉત્તર સાંભળી મ્હને મોટી શંકા ઉત્પન્ન થઈ. મ્હેં બગિચાનું બરાબર નિરીક્ષણ કરી જોયું હતું તથાપિ મ્હને કૃત્રિમતા જેવું કાંઈ જણાયું નહિ. એ મનોમુગ્ધકર અને કૃત્રિમ બગિચામાં મ્હેં ત્રણ દિવસ સુધી વિશ્રાંતિ લીધી હતી. ત્રણ દિવસમાં બેગમે મ્હને નાના પ્રકારનાં સ્વાદિષ્ટ મિષ્ટાનોથી તૃપ્ત કરી દાધો હતો. મ્હારી સાથે મુસાફરીમાં ચારસો બેગમો હતી. તેને દરેકને તેણે ખુરાસાનથી મંગાવેલા સુવર્ણ જીકથી ભરેલાં વસ્ત્રો અને કેટલીક સુગંધીદાર અને બહુ મૂલ્યવાન વસ્તુઓ ભેટ તરીકે આપી. પ્રત્યેકને નવ હજાર નવસો રૂપિયાના અલંકારો આપ્યા હતા. બેગમે મ્હને મણિ, મુક્તા વગેરે રત્નો, બહુ મૂલ્યવાન પોશાક અને હજારો તીવ્રવેગી અને શાંત અશ્વો ભેટ આપ્યા. એ સર્વની કિંમત આશરે ચાર લક્ષ રૂપિયા થઈ હતી. જતી વખતે મ્હેં તેને પાંચ લક્ષ રૂપિયાની એક કિમતિ મોતીની માળા અને ત્રણ લક્ષ રૂપિયાની સ્ત્રીઓને પહેરવાની ટોપીઓ ભેટ આપી. તેનો પિતા જે ઓદ્ધા પર હતો તે પરથી તેને ઉંચી પદવિ પર મૂકયો. તેમજ વધારામાં એક હજાર અશ્વારોહિ સૈન્યના અધિનાયક પદે સ્થાપ્યો. ખયર-ઉલ્-નિશા બેગમે મ્હારી ગુજરાતની મુસાફરીની પ્રથમથી ખબર સાંભળી મ્હારા આતિથ્ય માટે જે તૈયારી કરી હતી તે જોઈ મ્હને

ઘણોજ આનંદ થયો, અને તેની પ્રશંસા મ્હેં હજારો વખત હજારો સ્થળે કરી. ગુજરાતની સ્થિતિ બરાબર જાણવાને માટે મ્હારે આ જગ્યાનો અનિચ્છાએ પણ ત્યાગ કરવો પડયો. એથી ખયર-ઉલ્-નિસા જો કે અત્યંત નાખુશ થઈ છતાં પણ મ્હારે એક સમ્રાટ તરીકે મ્હારી પ્રજાની સ્થિતિ જાણવીજ જોઇએ તેથી ઇચ્છા ન હોવા છતાં પણ એ સ્થળનો ત્યાગ કર્યો.

બેગમ ખયર-ઉલ્-નિસાના બગિચામાંથી નીકળી હું અમદાવાદમાં દાખલ થયો. અમદાવાદ શહેર ઘણુંજ પુરાતન તેમજ સમૃદ્ધિવાન છે. વેપારી દૃષ્ટિએ હિંદુસ્થાનમાં આજકાલ જે શહેરો પ્રસિદ્ધ છે તેમાં અમદાવાદ મુખ્ય છે. ઉપરાંત એ શહેર એટલું વિશાળ છે કે તેના જેવું એકે શહેર મ્હારા જોવામાં હજી સુધી આવ્યું નથી. પ્રથમ એ શહેર પર પાંચ સ્વતંત્ર રાજાઓનો અધિકાર હોવાથી શહેરને પાંચ વિભાગમાં વિભક્ત કરવામાં આવ્યું હતું, અને તે દરેક ભાગ લત્તા વાર જુદા પાડવામાં આવ્યા હતા. દરેક ભાગમાં પ્રવેશ કરવાને મ્હોટા મ્હોટા મુખ્ય દરવાજા બંધાવવામાં આવ્યા હતા. દરેક દરવાજા પર જેનો જેનો અધિકાર હતો તેમણે મોટી મોટી નોબતો બેસાડી હતી. કેટલાક ફિતુરીઓએ મ્હારા પિતાના વખતમાં બંડ કરી પ્રવેશદ્વાર અને નોબતોને ભાંગી નાખ્યાં હતાં. અમદાવાદ શહેરનું ક્ષેત્રફળ ઘણુંજ મ્હોટું છે. ત્યાં હજારો શ્રીમાન લોકો હોવા છતાં એક પણ સુશોભિત કે ભવ્ય ઇમારત નહોતી. તેથી શહેરનો દેખાવ ગામડાના જેવો દેખાતો હતો. મ્હારા પિતાએ સરકારી કામકાજ માટે જે ઇમારતો બંધાવી હતી તેના જેવી કેટલીક ઇમારતો લોકોએ પણ કરાવી હતી. જે મકાનો પડી જાય તેવાં હતાં તેમને પડાવી નંખાવવાનો હુકમ આપ્યો અને કુશળ કારીગરોને બોલાવી મ્હોટી મ્હોટી ઇમારતો ચણાવી. તેની નકલ કરી શ્રીમાન લોકોએ પણ મ્હોટાં મ્હોટાં મકાનો બંધાવવાનો આરંભ કર્યો; અને થોડાજ વખતમાં અમદાવાદનું અસલ સ્વરૂપ પલટાઇ એક સુંદર નગર જેવું સુશોભિત રમણીય શહેર બની રહ્યું. હું અમદાવાદમાં પાંચ મહિના રહ્યો. તે દરમ્યાન ગુજરાતની સર્વપ્રસિદ્ધ જગ્યાઓના રાજ્યકારભાર પર તથા પ્રજાની ઉન્નતિ કરવાનાં કાર્યો પર દૃષ્ટિ નાંખી. જ્યાં જ્યાં સુધારણા કરવા યોગ્ય લાગી ત્યાં ત્યાં તે તે સુધારણા કરી.

ગુજરાતના ઘણા દેશોમાં આ સમયે પુષ્કળ ચોરો અને લુંટારાઓનો વાસ હતો. પ્રજાને તેમના ત્રાસમાંથી મુક્ત કરવાને હું દરરોજ ઓછામાં ઓછા બસો ત્રણસો લુંટારાઓને પ્રાણ દંડની શિક્ષા કરતો. એટલું છતાં પણ તેઓ તેમનાં પાપી કર્મો કરતાં અટક્યા નહિ. લુંટારાઓના અત્યાચારથી ગુજરાતના દરેક રસ્તાઓ વિપત્તિથી ભરેલા લાગતા હતા. પ્રવાસીઓ પ્રવાસ કરતાં પણ બ્હીતા હતા. સીરાજ શહેરથી એક વખત એક અધિકારી ગુજરાતની યાત્રા કરી મ્હારી પાસે આગ્રે આવ્યો અને મ્હને કહેવા લાગ્યો કેઃ " ઇશ્વરની મહાન કૃપાથી, માનવીના રક્તથી લાલ થયેલા રસ્તાઓને ઓળંગી, કોઇ પણ જાતના વિઘ્ન વગર હું આ સ્થાને આવી પહોંચ્યો છું. ગુજરાતના આવા ભયંકર રસ્તાઓને વટાવી જે પોતાના ઇષ્ટ સ્થાને જઈ શકે છે તે દરેક જણ પોતાને નવું જીવન પ્રાપ્ત થયેલું માને છે." ગુજરાતના એક પ્રાંતથી બીજે પ્રાંત જવાને માટે એક માસથી પણ વધારે વખત થાય છે. દરેક શહેર મુક્યા પછી ઝાડીથી ઢંકાયલાં મ્હોટાં મ્હોટાં જંગલો અને બિહામણા પર્વતો આવે છે. ઘણા થોડા લોકો કેટલીક મુશ્કેલીએ એ રસ્તો કાપી મુસાફરી કરી શકે છે. જંગલોમાં જુદી જુદી જાતનાં પશુ પક્ષીઓ રહે છે. માંડવ કિલ્લાથી તે ઠેઠ અમદાવાદ જતાં રસ્તામાં જે જે જંગલો અને ઝાડી વગેરે આવતાં તે તે જગ્યાઓ સાફ કરાવી મ્હોટો રસ્તો બનાવવાનો હુકમ, નવરૂદીન કુલી નામના માણસને ફરમાવ્યો. એને માટે જેટલો ખર્ચ કરવામાં આવે તે બધો મ્હારા રાજ્ય ભંડારમાંથી લેવા કહ્યું. એ માણસે વિશ હજાર મનુષ્યોને એ કાર્ય પર રોકયાં અને ઘણાજ અલ્પ સમયમાં તે ભયંકર જંગલ અને ઝાડીથી ઢંકાયલા રસ્તાને એક રાજ માર્ગના રૂપમાં ફેરવી નાંખ્યો. થોડે થોડે અંતરે પોલીસ ચૉકીઓ પણ બેસાડવામાં આવી. એ પ્રમાણે ગુજરાતની મુસાફરી કરનાર દરેકને માટે રસ્તો નિર્ભય કરાવ્યો. મ્હેં પણ એજ રસ્તે થઇને ગુજરાતનો પ્રવાસ સુખ શાંતિથી કર્યો. જો કે એ રસ્તો તૈયાર કરાવવામાં કરોડો રૂપિયાનો ખર્ચ થયો હતો તથાપિ લોકોના જાન માલનું રક્ષણ થતું જોઇ મ્હને ઘણોજ સંતોષ થયો.

પ્રકરણ ૪૯ મું.

સમુદ્ર દર્શન.

અમદાવાદથી સમુદ્રકિનારે જવાનો રસ્તો ત્રણ દિવસનો હતો. ઘણા દિવસથી સમુદ્ર દર્શન કરવાની મ્હારી પ્રબળ આકાંક્ષા હતી. તેથી હું મ્હારા કેટલાક અંગત સરદારોને લઇ ખંભાત તરફ ગયો. અહિં આવ્યા પછી દરિયા કિનારે એક મોટી સારી જગ્યા પસંદ કરી. ત્યાં એક માઇલના ઘેરાવાવાળો સુંદર મંડપ બંધાવ્યો. અમદાવાદથી ખંભાત જતાં ત્રણ દિવસ લાગે છે. ખંભાત જતાં રસ્તામાંજ ત્યાંના કેટલાક અધિકારીઓ અને શ્રીમાન વેપારીઓ મ્હને સામું આમંત્રણ કરવા આવ્યા હતા. તેઓ મળ્યા અને મ્હને મોટા માન સાથે દરિયા કિનારે લઇ ગયા. ત્યાં મ્હારે માટે એક સુંદર તંબુ બાંધવામાં આવ્યો હતો. એ તંબુમાં દરબાર ભરવામાં આવ્યો અને ત્યાંના શ્રીમાન વેપારીઓ અને અધિકારીઓએ મ્હને બહુ મૂલ્યવાન ભેટો અર્પણ કરી. એમાં કેટલીક પાશ્ચાત્ય દેશની ઉત્તમ કારિગરીની વસ્તુઓ હતી. મ્હેં કેટલીક ભેટોનો સ્વીકાર કર્યો અને કેટલીક તેમના માલીકોને ઉપકાર સહિત પાછી આપી. બીજે દિવસે હું સમુદ્રની તદ્દન નજીકમાં મ્હારે માટે બંધાવેલા મંડપમાં ગયો અને તેમાં સાત દિવસ અને સાત રાત્રિ પર્યંત નિવાસ કર્યો. એ મંડપ લગભગ પાણીની સપાટી પાસેજ બનાવ્યો હતો. મંડપ હાલી ઉડે નહિ તેટલા માટે લોખંડનું એક મ્હોટું લંગર તૈયાર કરી સમુદ્રમાં નાંખ્યું હતું.

પ્રકરણ ૫૦ મું.

ઉજ્જયિની.

સમુદ્રને કિનારે આવેલા ખંભાતમાં સાત દિવસ રહ્યા પછી મ્હારે કેટલાંક કારણસર ઉજ્જયિની જવું પડયું. શહેરની બહારના સુંદર દેખાવનું તેમજ અંદરના પ્રસિદ્ધ વિશાળ રાજમાર્ગનું બરાબર નિરીક્ષણ કરતાં જણાયું કે સમગ્ર હિંદુસ્તાનમાં આ શહેર ઘણુંજ જુનું જણાયું. શહેરમાં ઘણાંજ જુનાં અને ભવ્ય મકાનો હતાં, પણ અજાયબી જેવું એ હતું કે જ્યારથી તે બંધાયાં હશે ત્યારથી અદ્યાપિપર્યંત તેની તેજ સ્થિતિ જાળવી રહ્યાં હતાં. એ શહેર ક્ષીપ્રા નદીને તટે આવેલું છે. તેનું પાણી ઘણું સ્વચ્છ અને મીઠું રહે છે. મુખ્યત્વે કરીને નદીની આ જગ્યાનું પાણી પાચક અને નિરોગી હતું. શહેરમાં કેટલાંક તળાવો હતાં. તેમાંના એક તળાવને કિનારે મ્હારે રહેવાને માટે એક સુંદર કારિગરીવાળો મંડપ બંધાવ્યો હતો. ઉજ્જયિની તેમજ તેની નજીકનાં કેટલાંક પ્રાચીન પ્રસિદ્ધ શહેરોનાં અવલોકનાર્થે મ્હેં એ સ્થળે ચાળીશ દિવસ મુકામ કર્યો હતો.

પ્રકરણ ૫૧ મું.

સિકન્દ્રા દર્શન.

ઉજ્જયિનીથી આગ્રા જવાનો વિચાર થવાથી મ્હેં મ્હારા સરદાર વર્ગને ત્યાંથી અમારો મુકામ ઉઠાવવાની સુચના આપી. આ વખતે આગ્રામાં પુષ્કળ કૉલેરા ચાલતો હતો. તેથી આગ્રે નહિ જતાં મ્હેં ફત્તેહપુર જઈ ચાર માસ પર્યંત મુકામ કર્યો. આગ્રામાંની હવા શુદ્ધ થઈ

રોગ શાંત થયેલો સાંભળી મ્હેં ફત્તેહપુરથી મુકામ ઉઠાવવા હુકમ આપ્યો. ફત્તેહપુરનો ત્યાગ કરી અમે દોરા નામની એક સુંદર વાટિકામાં નિવાસ કર્યો. એ બાગ આગ્રા શહેરથી થોડેક દૂર બંધાવવામાં આવ્યો હતો. બગિચો એટલો વિશાળ છે કેઃ તેમાં જવા આવવાના ભિન્ન ભિન્ન રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. મ્હારા પિતા અકબરના રાજત્વ કાળના પ્રથમ વર્ષેજ એ બાગ તૈયાર કરાવવામાં આવ્યો હતો. એની અંદરના ભાગમાં ચાર મોટાં સુંદર સરોવરો હતાં. તે દરેક સરોવરના કિનારા પર એક એક મ્હોટો સુંદર અને ભવ્ય મંડપ બંધાવ્યો હતો. એ મનોહર અને સુંદર ઉદ્યાનમાં એક બાજુએ બહુ મોટાં સુંદર આંબાનાં વૃક્ષો તેમજ બીજી બાજુમાં જુદી જુદી જાતનાં મિષ્ટ ફળોનાં વૃક્ષો ઉગાડવામાં આવ્યાં હતાં. ઉદ્યાનનો ત્યાગ કરી આગ્રા નગરીમાં દાખલ થતાં પહેલાં મ્હારા પૂજ્ય પિતા અકબરનું સમાધિ–મંદિર કે જે સિકન્દ્રામાં હતું, ત્યાં પ્રથમ દર્શન કરવા જવાનું યોગ્ય ધાર્યું. મ્હેં કેટલાક વર્ષ પહેલાં એ સમાધિ–મંદિર પર એક ભવ્ય અને સુંદર મહાલય બાંધવાનો હુકમ આપ્યો હતો. તેને થોડાજ દિવસ પર સંપૂર્ણ થયેલું જોવામાં આવ્યું. તેની સુંદર કારીગરી અને રોનકદાર બાંધણી જોઈ મ્હને ઘણોજ આનંદ થયો. એ સમાધિ–મંદિર એટલું વિશાળ હતું કે તેમાં એક સાથે એક હજાર હાથી અને એક હજાર અશ્વો બાંધવામાં આવતા હતા. ભવ્ય કમાનોથી દરવાજે શણગારવામાં આવ્યો હતો. અંદર દાખલ થવાનાં મુખ્ય દ્વાર એટલાં વિશાળ હતાં કે, એકી વખતે છ સાત હાથી એક હારમાં સાથે જઇ શકતા હતા. એ દ્વારની ઉંચાઇ એકસો વિશ હાથ હતી. તેના પર છ માળ બાંધવામાં આવ્યા હતા. સમાધિ–મંદિરના ઉપલા ભાગમાં એક મોટો ઘુમ્મટ બાંધવામાં આવ્યો હતો. તે ઉપરાંત બીજા ત્રણ ન્હાના ઘુમ્મટો પણ હતા. સમાધિ–મંદિરનો વિશાળ ઘુમ્મટ અને બીજા છ મજલાઓના મકાનને સુવર્ણ કારીગરીથી કોતરાવી વધારે શોભાયમાન બનાવવામાં આવ્યા હતા. ઉદ્યાનની ચારે બાજુમાં ચાર મ્હોટા મિનારા બાંધવામાં આવ્યા હતા. દરેક મિનારા બે માળના હતા. પ્રવેશ દ્વારથી તે સમાધિ–મંદિર પર્યંતનો રસ્તો રક્ત વર્ણના

સુંદર પથરાથી જડી દેવામાં આવ્યો હતો. રસ્તાની બન્ને બાજુમાં સુંદર વાટિકાઓ હતી. એ દરેક ઉદ્યાનમાં આંબા તેમજ સોપારીનાં વૃક્ષો તથા સુંદર તળાવો પણ હતાં. ઠેકાણે ઠેકાણે ફુવારા બાંધવામાં આવ્યા હતા. સમાધિ–મંદિર બંધાવવા પાછળ મ્હને એક કરોડ એંશી લાખ રૂપિયા ખર્ચ થયો હતો. મ્હેં સમાધિ–મંદિર પર દેખરેખ રાખનારને એવો હુકમ આપ્યો હતો કેઃ એ પવિત્ર મંદિરમાંથી ગરીબ અને અનાથોને હમેશાં વિધવિધ જાતનું ખાવાનું આપવું. કોઈ પણ પ્રવાસી એ જગ્યાએ આવી વિશ્રામ લે તેને ખોરાક હાથે કરવાની મનાઇ કરી રાજ્ય ભંડારમાંથી ખોરાક આપવો. એ જગ્યાએ લાખો મનુષ્યોને ખાદ્ય ઈત્યાદિક વસ્તુઓ મળતી હોવાથી હજારો મનુષ્યો એનો સદાને માટે આશ્રય લઇ પડયાં રહેતાં હતાં.

સમાધિ–મંદિરમાં પ્રવેશ કર્યા પછી આ વખતે મ્હારા મનમાં એવું થયું કેઃ જાણે પિતા જીવિત અવસ્થામાં સિંહાસને બેઠા છે અને હું પુત્રભક્તિ અને શ્રદ્ધા તેમના ચરણમાં સમર્પણ કરવાને માટેજ આવ્યો છું. એથી મ્હારૂં હૃદય ભરાઇ આવ્યું, અને અશ્રુપૂર્ણ હૃદયે તેમની સમાધિને સાષ્ટાંગ પ્રણામ કર્યા. મ્હારા હૃદયની એ વેદનાને લીધે મ્હારા આંસુથી તે સ્થળ ભીંજાઇ ગયું. મ્હારા પિતાના પવિત્ર આત્માના કલ્યાણને માટે એ શાંતિ-પૂર્ણ પવિત્ર સ્થાનનો ત્યાગ કરતી વખતે ત્યાં જે હજારો ગરીબ અને અનાથ બેસતાં હતાં તે બધાં વચ્ચે પચાશ હજાર મહોરો પિતાના નામે ખયરાત કરી દીધી. ત્યાર પછી અશ્વારોહણ કરી મ્હેં પાટનગર આગ્રા તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં જતાં મ્હારા પાટનગરમાં રાજવાડાની જગ્યા કે જે યમુનાની તટ પર આવી છે ત્યાં એક સુંદર મકાન બાંધવાનો હુકમ આપ્યો હતો, તે સ્થળે હું આવી પહોંચ્યો. આ વખતે તે તૈયાર થયેલું મ્હારા જોવામાં આવ્યું. એ મકાન પચીશ સુવર્ણના સ્તંભ પર બાંધવામાં આવ્યું હતું. સ્તંભ પર સુવર્ણ, પન્નાં, મણિ અને મુક્તા જડેલાં હતાં. મકાનનો બહારનો ભાગ ગુમ્બજ જેવો અને સોનાથી મઢેલો હતો. અંદરની છત અતિ સૂક્ષ્મ કારીગરીથી સુશોભિત અને કિમતિ દ્રવ્યોથી ભરપૂર હતી. નકસી કામ એટલું બારીકાઇથી કરવામાં આવ્યું હતું કે તે જોતાંજ કારીગ-

રોની પ્રશંસા આપોઆપ થઇ જતી. મહાલયમાં કોઇ કોઇ સ્થળે પર્વતો, નદીઓ, અને વહાણોનો દેખાવ હતો અને કોઈ જગ્યાએ પ્રાચીન પ્રખ્યાત શૂરવીર પુરૂષોનાં ચિત્રો ચિતરવામાં આવ્યાં હતાં. યમુનાના તટ પર એક સુંદર મકાનમાં કેટલાક હાથી, ગાય, સુંદર મૃગ ઇત્યાદિક પશુઓ પણ રાખ્યાં હતાં. તેમાંનાં કેટલાંક પશુઓને ખાસ ખેલ કરવાને માટેજ રાખવામાં આવ્યાં હતાં. એ સ્થળેથી પ્રકૃતિનું દશ્ય ઘણુંજ ચિત્તાકર્ષક લાગતું હતું. એ સુંદર મહાલયના પ્રથમ વિશાળ માળમાં મ્હેં મ્હારા અમીર વર્ગ સાથે બેસી હાસ્ય વિનોદ કરવાને બેઠક રાખી હતી. મ્હારા જેટલા પ્રીતિપાત્ર મનુષ્યો હતા તે બધા એ સ્થળે એકઠા થતા હતા. તે બધાને હું મ્હારે હાથે મદ્યપાન આપતો હતો, અને તેઓ તે આનંદથી સ્વિકારતા. જેઓ મ્હારા વિશેષ પ્રીતિ પાત્ર હોય તે મ્હારા આસનની સ્હામું ઓટલા ઉપર બેસતા હતા.

આગ્રાના કિલ્લા નજીકના રજવાડાની પ્રસિદ્ધ જગ્યા સિવાય એક વિશાળ જગ્યાએ બે સુંદર મકાનો બંધાવ્યાં હતાં. તેમનાં નામ દિવાન–ઇ–આમ અને દિવાન–ઇ–ખાસ હતાં. સાધારણ લોકોને માટે જે મકાન બાંધવામાં આવ્યું હતું તેનું નામ દિવાન–ઇ–આમ હતું. એ સ્થળે ઉંચ નીચ તેમજ સર્વ સંપ્રદાયોના મનુષ્યો સાથે બેસી હું રાજ્યના કોઈ મુખ્ય હિતકારી પ્રશ્ન પર ચર્ચા ચલાવતો હતો. એ ગૃહના એક વિભાગમાં સુવર્ણની જાળી જડી લેવામાં આવી હતી. અંદરના ભાગમાં સુંદર ચિત્રો ચિતરવામાં આવ્યાં હતાં. બેઠક ઘણીજ મનોહર બનાવી હતી. બીજી જગ્યાનું નામ દિવાન–ઇ–ખાસ હતું. એ સ્થળે રાજ્ય ઉત્સવનો ખાસ દરબાર ભરવામાં આવતો હતો, અથવા રાજ્યમુકુટ ધારણ કરતી વખતે કે કોઈ રાજ્યના અતિ ગંભીર વિષય પર ચર્ચા ચલાવતી વખતે એ જગ્યાએ દરબાર ભરવામાં આવતો હતો. એ બન્ને જગ્યાએ પાંચ હજાર મનુષ્યોથી વધારે બેસી શકે તેટલી વિશાળ જગ્યા બંધાવી હતી. એક સુંદર સેત્રંજી જમીન પર પાથરી દેવામાં આવી હતી. વચલા ખુલ્લા ચોગાનમાં દરબાર ભરાય ત્યારે તાપથી રક્ષણ કરવા સારૂં એક સુવર્ણ જડિત મખમલનું છત્ર તેના પર બાંધવામાં આવતું હતું. અમીર ઉમરાવ

તેમજ શ્રીમંત, ગરીબ ઇત્યાદિકને બેસવાને માટે તેમના હોદ્દાનુસાર સુવર્ણ, હીરા, મુક્તાજડિત આસનો પણ તૈયાર કરાવી ત્યાં મુકાવ્યાં હતાં. એ જગ્યાના સિંહાસનના પોકળ ભાગને સુગંધીદાર દ્રવ્યથી ભરી લેવામાં આવ્યો હતો. એ સર્વ સ્થળે બંધાતાં છત્રમાં સુવર્ણનીજ કારીગરી તથા નકસી કામ ઈત્યાદિક કરેલું હોવાથી એમાં ૧૦૫૦ મણ સુવર્ણનો ખર્ચ થયો હતો. એ છત્ર જ્યાં ઇચ્છા હોય ત્યાં લઇ જઇ શકાય તેવું બનાવ્યું હતું.

પ્રકરણ પર મું.

પરવેજ.

ખંભાત, ઉજ્જયિની, સિકંદ્રા વગેરે સ્થળે જઇ આવ્યા પછી હું આગ્રામાં આવી રહ્યો. હવે કોઈ સ્થળે નહિ જતાં અત્રેજ નિવાસ કરવાનો નિશ્ચય કર્યો હતો. તેથી મ્હેં મ્હારા પુત્ર પરવેજને અલાહાબાદમાંથી બોલાવવા દૂત મોકલ્યો. એ સમયે પરવેજ ત્યાંનો રાજકર્ત્તા હોવાથી ત્યાંજ રહેતો હતો. મ્હને થોડા વખતમાં દૂત દ્વારા ખબર મળી કે: પરવેજ હવે આગ્રા શહેરથી ફક્ત એક દિવસની મુસાફરી જેટલે વેગળે છે. ત્યારે મ્હેં મ્હારા સામ્રાજ્યના સર્વ અમીર, સરદાર અને શ્રીમંતોને પરવેજની સ્હામા જઇ તેને તેડી લાવવાને એકત્ર કર્યા. તેઓ સઘળા મ્હારા ફરમાનને આધિન થઈ મ્હારી સન્મુખ એકઠા થયા અને પરવેજને તેડવા જવાને મ્હારા હુકમની રાહ જોતા ઉભા. પરવેજને યોગ્ય માન મળે તે કારણસર મ્હેં મ્હારા સરદારોંને એક લેખિત સુચના આપી. તેમાં લખ્યું હતું કે: "સૌથી પ્રથમ તમો બધાએ પરવેજનો સત્કાર કરવા નગર બહાર જવું. જ્યારે સામસામી બન્ને પક્ષોની મુલાકાત થાય ત્યારે મ્હારા સર્વે અમીર ઉમરાવ અને સરદારોએ પરવેજના અશ્વ આગળ જઇ નમન કરી તેને કુર્નિસ કરી સન્માન આપવું, અને જ્યાં સુધી સર્વ અધિકારી મંડળને પોતપોતાના અશ્વપર બેસવાનો હુકમ પરવેજ તરફથી ના મળે ત્યાં સુધી

સર્વેએ નમન કરી તેજ સ્થળે ઉભા રહેવું." એ સર્વમાં એક ઇતમાદ-ઉદ્દૌલા નામનો એક વયોવૃદ્ધ અને અનુભવી સરદાર પણ હતો. તેમને એ પ્રમાણે વર્તવાની મ્હેં મનાઈ કરી. કારણ તેઓ વૃદ્ધ અને માન આપવા લાયક પુરૂષ હોવાથી તેમને ફક્ત નમન કરી પરવેજના હુકમની રાહ જોયા વિના અશ્વ પર સ્વાર થવાની રજા આપી. પરવેજનો સત્કાર કરવાને એકંદરે વિશ હજાર મનુષ્યોને મોકલ્યાં. મ્હારા કેટલાક સરદારોને મ્હેં એવી સુચના આપી હતી કે, જે દિવસે પરવેજ આગ્રામાં પ્રવેશ કરે તે રાત્રિએ તેને "ગુલફસાન" નામક બગિચામાં ઉતારવો.

બીજે દિવસે મ્હેં પરવેજના આગમનનો ઢંઢેરો નગરમાં પીટાવવા હુકમ ફરમાવ્યો, અને જે મ્હોટા રાજમાર્ગ અને ઉદ્યાનો આગળ થઇને પરવેજની સ્વારી મ્હારી સન્મુખ લાવવાની હતી તે રસ્તાઓ પર અને ઉદ્યાનોમાં થોડે થોડે અંતરે લશ્કરી સિપાહીઓ ઉભા રાખ્યા હતા. તોરણો અને કમાનોથી રસ્તો સુશોભિત કરાવવામાં આવ્યો. નગરવાસીજનો પણ સુંદર પોષાકમાં સજ્જ થઇ શાહજાદાનું દર્શન કરવા ઘર બહાર નીકળી પડયા. જે રસ્તે થઇને પરવેજને આગ્રાના રાજ્ય મહાલયમાં લાવવાનો હતો તે રસ્તાની બન્ને બાજુએ મણિ માણેકથી સુશોભિત ત્રણ હજાર હાથીને હારબંધ ઉભા રખાવ્યા હતા. તેને પહેરવા સારૂ મ્હેં મ્હારા પહેરવાના ઉત્તમ પોષાકમાંથી એક સુંદર પોષાક મોકલી આપ્યો. એ ઉપરાંત મ્હારા હીરાજડિત કટિબંધોમાંથી એક કટિબંધ મોકલી આપ્યો. એમાં જડેલા હીરાની કિંમત ચાર લક્ષ રૂપિયા હતી. તે ઉપરાંત એક લાખની કિંમતનો હીરાજડિત એક શિરપેચ તથા પાંચ લક્ષ રૂપિયાની એક કિંમતી માળા મોકલી આપી. મ્હેં એવો પણ ઢંઢેરો પીટાવ્યો હતો કે મ્હારી પ્રજા કે સભાસદ વર્ગમાંથી જેમનો મ્હારા પ્રતિ અનુરાગ હોય તેમણે મ્હારા પુત્ર પરવેજને કોઇ પણ પ્રકારની ભેટ કરવી. મ્હારા સભાસદો અને પ્રજા તરફથી મ્હારા પુત્ર પરવેજને મળેલી ભેટો જોઇ તો તેમાં કેટલાક રત્નાલંકાર, સુવર્ણ, હસ્તી, અશ્વ ઇત્યાદિ મળી બે કરોડ રૂપિયાની હતી.

તેજ દિવસે મ્હેં મોકલેલા અમીર ઉમરાવો, યમુનાના તટ પરથી

મ્હારા પુત્ર પરવેજને લઈ મ્હારી સન્મુખ આવી ઉભા રહ્યા. મ્હને જોઈ કેટલેક દૂરથી પરવેજે મસ્તકને ભૂમિ તરફ નમાવી પ્રણામ કર્યા. એ પ્રમાણે તેણે સાત વખત નમન કર્યા પછી તે મ્હારી સન્મુખ આવી ઉભો રહ્યો. સાતમી વાર નમન કર્યા પછી વિનયી પુત્ર અદબ કરી ઉભો. થોડી વારમાં તે મ્હારા પગને ચુંબન કરવા મ્હારા સિંહાસન પાસે આવી પહોંચ્યો. આ વખતે સાદક મહંમદખાં અને ખોજા અબુલહુસેનને તેની સાથે મ્હેં રહેવા ફરમાવ્યું. થોડી વાર પછી મ્હેં પરવેજને મ્હારી જમણી બાજુએ બેસવા કહ્યું. મ્હારો બીજો પુત્ર ખુરમ આ વખતે મ્હારી ડાબી બાજુએ બેઠો હતો. ત્યાર પછી પરવેજના ઉતારા માટે મ્હારા એક સરદાર મહોબ્બતખાંનો મહેલ શણગારાવ્યો હતો તેમાં પરવેજને ઉતરવા ફરમાવ્યું. મહોબ્બતખાં આ વખતે કાબુલની સરહદના પ્રદેશમાં વિદ્રોહીઓના દમન કાર્યમાં રોકાયો હતો. મ્હેં તેના પરિવાર વર્ગને રહેવા માટે બીજો મહેલ આપ્યો.

બીજે દિવસે બાદશાહી રીત પ્રમાણે પરવેજ મ્હને નમન કરવા આવ્યો એ વખતે તેણે મ્હને પુષ્કળ ભેટ આપી. તેમાં બહુ મૂલ્યવાન એંશી હાથી, સુવર્ણ સાજથી સજ્જ કરેલા બસો અશ્વો, એક હજાર તીવ્ર વેગે ચાલનારા ઉંટો, ગુજરાતના પ્રખ્યાત શ્વેતવર્ણના કેટલાક સાંઢ, ચારસો ગજ મખમલ સાટીન, સોનેરી સૂક્ષ્મ વસ્ત્રો તથા બાર થાળ ભરેલા હીરા, ચુની, પન્ના ઇત્યાદિક ભેટ આપ્યાં. એ બધાની એકંદર કિંમત ચાર કરોડ રૂપિયા હતી. એના બદલામાં મ્હેં પરવેજને તેના ગળામાં પહેરવાને દશ લાખ રૂપિયાનો એક હાર આપ્યો. આ વખતે તે દશ હજાર સૈન્યનો સરદાર હતો ત્યાંથી વધારી તેને ત્રિશ હજાર સૈન્યની સરદારી આપી.

આગ્રામાં આવી પહોંચ્યા પછી એક માસે પરવેજે તેના એક આચરણથી મ્હને વિસ્મય પમાડયો. એક દિવસ તે એક રૂમાલ ગળામાં વિંટાળી મ્હારી પાસે આવ્યો અને મ્હને પ્રણામ કરી મ્હારા પગ આગળ બેસી વિલાપ કરવા લાગ્યો. એ જોઇ હું ઘણાજ આશ્ચર્યમાં પડયો, અને મ્હેં તેને પ્રેમપૂર્વક એમ કરવાનું કારણ પુછ્યું. ઉત્તરમાં પરવેજે કહ્યું કેઃ "અમે ત્રણે બંધુઓ આપની કૃપાથી વિધવિધ પ્રકારનાં સુખો ભોગવીએ છીએ

અને આપના છત્ર નીચે અમારો કાળ આનંદમાં વ્યતીત કરીએ છીએ. પણ મ્હારો જ્યેષ્ઠ બંધુ આજ પંદર વર્ષથી કારાગારમાં કેદી તરીકે દુઃખમય જીવન ગાળે છે, તે વિચારથી મ્હારૂં હૃદય ભરાઈ આવે છે. એ મ્હારાથી સહન થઈ શકતું નથી. મનુષ્ય માત્ર ભુલને પાત્ર છે. ભુલ કરનાર પર મનુષ્ય ક્રોધિત થાય એ સંભવિત છે. ગુન્હા બદલ દરેકને શિક્ષા થવાની જરૂર છે પણ મહાન પુરૂષનો ધર્મ છે કે ગુન્હો કરનાર મનુષ્ય પર પણ સમય થતાં ક્ષમાની નજરે જોવું જોઇએ. હું કબુલ કરૂં છું કે ખુશરૂનો ગુન્હો કાંઇ નજીવો કે દુર્લક્ષ્ય કરવા જેવો નથી, છતાં પણ એ શિક્ષાની હવે હદ થઈ છે. તેના પર દયા-કૃપા કરવા મ્હારી નમ્ર પ્રાર્થના છે." પરવેજનાં એવાં નિર્મળ અને શુદ્ધ ભાવનાં વાક્યો સાંભળી મ્હારૂં હૃદય ભરાઇ આવ્યું અને ખુશરૂને કારાગારમાંથી મુક્ત કરવાનો વિચાર કર્યો. મ્હેં પરવેજને કહ્યું કેઃ જો તું તારા કમનસીબ બંધુના ભવિષ્યના આચરણ માટે જામીનગીરી આપે તો હું તેને મુક્ત કરવા ખુશી છું. પરવેજે તેજ ક્ષણે પોતાના બંધુ ખાતર જામીન પત્ર પર લખાણ કરી આપી મ્હને તેના વિશાળ અને પ્રેમી હૃદયનું પ્રત્યક્ષ દૃષ્ટાંત આપ્યું. એ શુભ અનુષ્ઠાન રાજકીય પ્રથાનુસારે પૂર્ણ કરવા મ્હેં દોરા બાગ આગળ ઉત્સવ કરવાની યોજના કરી અને તદ્નુસાર હુકમ ફરમાવ્યો. નક્કી કરેલે દિવસે હું આગ્રાથી નીકળી એ સ્થાને ગયો અને ખુશરૂને કારાગારમાંથી મુક્ત કરવા આસફખાં અને ખાં-ઈ-જહાંનને મોકલ્યા. તુરતજ મ્હેં મ્હારા ઉત્તમ પોષાકોમાંથી એક પોષાક, હીરાજડિત કમરપટો, એક અશ્વ અને "કોપારા" નામનો એક હાથી ખુશરૂ માટે મોકલી આપ્યો. મ્હારા પિતા અકબરે "કોપારા" હાથીને ચાળીશ લાખ રૂપિયા આપી ખરીદ કર્યો હતો. તેની પીઠ પર ત્રિશ લાખ રૂપિયાની અંબાડી મુકવામાં આવતી હતી. જ્યેષ્ઠ રાજપુત્રને છાજતા માન માટે તેની સાથેનાં માણસોને બેસવાં માટે અશ્વશાળામાંથી બસો અશ્વો મોકલાવ્યા. તેમાં ત્રણ અશ્વો સર્વથી શ્રેષ્ઠ હતા. તેના પ્રતિ સન્માનનાં ચિહ્નરૂપ એ બધુ લઇ મ્હારા ખાસ અમીર અમલદારોને તેડવા મોકલ્યા. સર્વેને કારાગારથી તે દોરા બાગ સુધી પગપાળા ચાલવાનો હુકમ કર્યો. શાહજાદા પરવેજના સન્માન વખતે

જેમ ઇતિમાદ-ઉધૌલાને કહ્યું હતું તેજ પ્રમાણેનું વર્તન આ વખતે ચલાવવાનો મ્હેં ફક્ત એમનેજ હુકમ આપ્યો હતો. એ પ્રમાણે ખુશરૂના ગુન્હાની ક્ષમા કરી તેને માનભેર પૂર્ણ દબદબાથી મ્હારી સન્મુખ બોલાવ્યો અને પુનઃ તેને મ્હારા આશ્રયમાં રાખ્યો. *

પ્રકરણ ૫૩ મું.

ખુશરૂની મુક્તિ.

એક પ્રસંગે દરબાર ગૃહમાં જ્યારે હું સિંહાસન પર બેઠો હતો ત્યારે ખુશરૂને મ્હારી સન્મુખ લાવવામાં આવ્યો. મ્હને દૂરથી દેખી તે રૂદન કરવા લાગ્યો અને કેટલેક છેટેથીજ દંડવત્ પ્રણામ કરતો કરતો મ્હારી પાસે આવી મ્હારા ચરણ આગળ મસ્તક મૂકી બેસી ગયો. મ્હેં તેને વારંવાર ત્યાંથી ઉઠવા કહ્યું. તેમ છતાં એક કલાક સુધી તે મ્હારા ચરણ આગળથી દૂર થયો નહિ. રૂદન કરતાં કરતાં છેવટે તે બોલ્યો: "હું મ્હારૂં મુખ મ્હારા પૂજ્ય પવિત્ર પિતાને શું જોઇ બતાવું છું? મ્હારા જેવો ઘોર અપરાધી શું ક્ષમાને પાત્ર છે?" એમ કહી મસ્તક ઉંચું કરી તે ઉભો થયો અને ભગ્ન સ્વરે તેણે કરેલા ગુન્હા બદલ તેના હૃદયમાં થતી વેદનાનું વર્ણન કરવા લાગ્યો, અને ફરીથી મ્હારી કૃપા ભિક્ષા મેળવવા મ્હારા ચરણ આગળ નમન કરી પડયો. હું તેના એવાં મર્મપીડિત આચરણથી ઘણોજ દુઃખી થયો અને તેને ત્યાંથી ઉઠવા કહ્યું. ફરીથી તે ઉભો થઇ વિનયપૂર્વક ઘણાજ કરૂણ સ્વરે કહેવા લાગ્યો: મ્હારા પાપકર્મના પશ્ચાત્તાપના અગ્નિથી હું રાત્રિ દિવસ દગ્ધ થવા છતાં મ્હારી તે વેદના સમતી નથી." એ જોઇ મ્હેં તેના સર્વ અપરાધની ક્ષમા કરી. ત્યાર પછી એક મણિ-મુક્તા જડિત પાત્ર મંગાવ્યું. તેમાં મદ્ય ભરી ખુશરૂ, ખુરમ,

* આ ઉપરથી જણાય છે કે: જહાંગીરના રાજત્વને સોળમે વર્ષે આ વર્ણન લખાયું હોવું જોઇએ તે સમયે ઈ. સ. ૧૬૨૧ કે ૧૬૨૨ હશે.

પરવેજ અને શહેરીયાર (એ મ્હારા ચારે પુત્રો) ને આપ્યું. પ્રીતિના ચિહ્ન સ્વરૂપ તે પ્યાલામાંથી મ્હારા દરેક પુત્રોએ થોડું થોડું મદ્ય લીધું અને પરસ્પર પુષ્કળ પ્રેમથી ભેટયા. હું દૂર રહ્યો રહ્યો મ્હારા પુત્રોનું એ પ્રેમ-પૂર્વક મિલન જોઈ હર્ષ પામતો હતો. આજના અતિ આનંદના પ્રસંગે મ્હારો પાંચમો પુત્ર સુલતાનબખ્ત બંગાળામાં વિદ્રોહ જાગવાથી તેના દમન કાર્યમાં રોકાયો હતો. એ પછી પરવજ ફરીથી એક વાર મ્હારી પાસે આવ્યો. મ્હારા ચરણ આગળ આવી નમન કર્યું અને શોકાન્વિત ચહેરે ઉભો રહ્યો. તેણે કહ્યું કેઃ " આપની પાસે એક ભિક્ષાનું દાન મળવાથી મ્હારા સુખમાં અધિક વૃદ્ધિ થવા સંભવ છે. મ્હને તેમજ મ્હારા બન્ને ભ્રાતાઓને ચાળીશ, ત્રિશ તેમજ વિશ હજાર અશ્વારોહીનું અધિનાયક પદ આપે આપ્યું છે. તેજ પ્રમાણે ખુશરૂ પર કૃપા કરી એકાદ ઉત્તમ પદવિ આપવામાં આવે તો તેનું સર્વ દુઃખ દૂર થઈ અમારા સુખમાં વૃદ્ધિ થાય તેમ છે. " પરવેજનો નિઃસ્વાર્થ ભ્રાતૃ પ્રેમ જોઇ મ્હારૂં હૃદય પીગળી ગયું. મ્હેં ખુશરૂને વિશ હજાર અશ્વારોહિ સૈન્યનો સરદાર બનાવ્યો, એ પ્રસંગે ખુશરૂ મ્હારી પછી મ્હારા વિશાળ સામ્રાજ્યનો અધિકારી થનાર છે તેનું મ્હને વિસ્મરણ નહોતું. તૈમુર વંશથી ચાલતી આવેલી પ્રથાનુસાર જ્યેષ્ઠ પુત્ર હયાત છતાં સિંહાસન પર ન્હાના પુત્રનો અધિકાર ચાલે નહિ તેજ રીતિ મ્હેં પણ ચાલુ રાખવા દૃઢ સંકલ્પ કર્યો હતો. ખુશરૂના પાછલા બધા ગુન્હાનું વિસ્મર્ણ કરી તેને ઉપર કથિત સન્માન આપી ઉંચ પદે અધિષ્ઠિત કર્યો અને રાજ્યમાં એક યુવરાજ તરીકે તેનું માન વધાર્યું. શિકાર તથા આનંદ ભોગવવા માટે મ્હારા બધા પુત્રોને મ્હેં દશથી વિશ દિવસની રજા આપી. રાજ્યના ચિરસ્થાયીપણાનો તેમજ મંગળનો આધાર યોગ્ય પુત્ર ઉપરજ છે તે વાત હું બરાબર સમજતો હતો. તેમના પ્રતિ અન્યાય આચરણ કરવું એ બુદ્ધિમાનોનું કર્ત્તવ્ય નથી તેમજ તેમના કોઈ ગુન્હા બદલ પ્રસંગ આવતાં ક્ષમા આપવી તે પણ કંઇક ડહાપણનું કાર્ય છે એવી મ્હારી સમજ છે.

પ્રકરણ ૫૪ મું.

કાશ્મીરનો પ્રવાસ.

લાંબા સમયથી કાશ્મીરનો મનોહર પ્રદેશ જોવાની મ્હારી પ્રબળ ઇચ્છા હતી. કુદરતની અનુપમ કારીગરીથી રચાયલો એ રમણીય પ્રદેશ જોવા જવા માટે મ્હેં ચારસો નૌકા તૈયાર કરવાનો હુકમ આપ્યો હતો. પર્વતો અને ખીણોને કઢંગે રસ્તે થઇને જવા કરતાં સરોવર દ્વારા તેના સૃષ્ટિ સૌંદર્યનું નિરીક્ષણ કરતાં કરતાં પ્રવાસ કરવાની મ્હને તીવ્ર ઇચ્છા થવાથી મ્હેં નૌકામાંજ મ્હારી મુસાફરી શરૂ કરી. મ્હેં તૈયાર કરાવવા માંડેલી નૌકાઓ બે માસમાં તૈયાર થઇ ગઇ. તે નૌકાઓમાં સૂક્ષ્મ કારીગરી અને સુંદર પડદાઓ બનાવ્યા હતા. અંદર બેસવાની જગ્યા પણ અતિ મનોહર હતી. નદી દ્વારા મુસાફરી કરતાં કેટલેક સ્થળે મુસાફ્રોને જવા આવવા માટે નદી પર પૂલો બાંધવાની આવશ્યકતા મ્હારા જોવામાં આવી. એથી તેના બાંધકામના ખર્ચ માટે મ્હેં દશ લાખ રૂપિયા નુરૂદ્દિન કુલિબેગને આપ્યા.

પ્રકરણ ૫૫ મું.

મગ-વિદ્રોહ દમન.

કાશ્મીરના પ્રવાસથી પાછા ફર્યા પછી આગ્રામાં કેટલાક દિવસ શાંતિથી નિવાસ કર્યો. એક દિવસ યમુના નદી ઉતરી દિલ્લી તરફ કંઇક કારણસર જતો હતો, એટલામાં ખબર મળી કે મગના રાજાએ બે હજાર સૈન્ય લઇ બંગાળા પર સ્વારી કરી કાસીમખાં પર આક્રમણ

કર્યું છે. મ્હારા પુત્ર સુલતાન બખ્તના ઉપરીપણા નીચે કાસીમખાં લેફ્ટેનન્ટ જનરલનું કાર્ય કરતો હતો. મ્હને ફરીથી ખબર મળી કે મગ રાજા પાસે ગોલંદાજોનું કેટલુંક સૈન્ય તેમજ કેટલોક દારૂગોળો પણ છે. તેમણે કાસીમખાં પર એકાએક આક્રમણ કરી તેને ચારે બાજુથી ઘેરી લઇ તેનો પૂર્ણ પરાજય કર્યો છે. કાસીમખાંને ચાર ઘા વાગ્યા છે, અને ભયંકર સ્થિતિમાં છે. તેનું કેટલુંક સૈન્ય પકડાઇ ગયું છે અને કેટલુંક નાસી ગયું છે. ખુદ કાસીમખાંએ પણ યુક્તિપૂર્વક રણક્ષેત્રનો ત્યાગ કરી બંગાળાના એક સુરક્ષિત કિલ્લાનો આશ્રય લીધો છે.

એ ગંભીર સમાચાર સાંભળી મ્હેં મોકારબખાં, વજીરખાં તેમજ સુજાયતખાંને તેની મદદે મોકલ્યા. એ સર્વે સાત હજાર સૈન્યના સરદારો હતા. તેમણે એવા ઘણા ઘોર સંગ્રામમાં વિજય મેળવ્યો હતો. એ ઉપરાંત તેમની સાથે ભાલાથી સજ્જ થયેલું સાઠ હજાર સૈન્ય, વિશ હજાર પાયદળ અને તીર કામઠાંથી સજ્જ થયેલું ત્રણસો સૈન્ય હતું. મ્હેં તેમને કહ્યું કે: જો કદાચ શત્રુ સંખ્યા તમારી ગણનામાં એથી અધિક આવે તો વગર ઢીલે મ્હને ખબર કરજો. હું તુરતજ મ્હારા પુત્ર પરવેજને એક લાખ અશ્વરોહિ સૈન્ય આપી તેને તમારી મદદે મોકલીશ. માલદહ પહોંચ્યા પહેલાંજ મ્હારા સેનાપતિઓને ખબર મળી કે, કાસીમખાંએ રણક્ષેત્રમાંથી નાસી ગયા પછી કેટલુંક સૈન્ય એકઠું કરી એક લક્ષ અશ્વરોહિ તેમજ કેટલાક બાણાવળીઓ અને ગોલંદાજોને લઇ શત્રુ પર આક્રમણ કરી તેમને પૂરી હાર આપી છે. શત્રુઓનું ત્રિશ હજાર સૈન્ય મરણ પામ્યું છે અને કેટલુંક પ્રાણહાનિની ભીતિથી પલાયન કરી ગયું. છે. કાસીમખાંએ તેમની પુંઠ પકડી તેમના દેશમાં દાખલ થઈ વિદ્રોહીઓના વિશ હજાર બાળક બાળિકાઓને કેદી કર્યા હતા. તેણે એ બધા કેદીઓને તેમજ યુદ્ધમાં મરણ પામેલા ત્રિશ હજાર સૈનિકોના મસ્તકને મ્હારી પાસે મોકલી આપ્યાં. કાસીમખાંનું એ પરાક્રમ અને વીરતા જોઈ હું ઘણોજ ખુશી થઈ ગયો. તેને તેના અસલ પદ પરથી વધારી એક હજાર સૈન્યની વધુ સરદારી આપી, તે ઉપરાંત મણિમૂક્તા જડિત એક તલવાર, કમરપટો, સુવર્ણના ઉત્તમ સાજ સજ્જીત

એક અશ્વ અને એક હસ્તી ભેટ આપ્યાં. એ હાથી મ્હેં મ્હારા માટે ચાર લક્ષ રૂપિયા આપી ખરીદ કર્યો હતો. વિશેષમાં મ્હારી તેના પરની અત્યંત પ્રીતિના ચિહ્ન રૂપ મ્હારા ઉત્તમ પોષાકોમાંથી એક પોષાક મ્હેં તેને ભેટ આપ્યો. મ્હેં મ્હારા સેનાપતિઓને એક વાર વિદ્રોહીઓનો નાશ કરવા દેશ બહાર કાઢ્યા ત્યારે એવોજ નિશ્ચય કર્યો હતો કે મગદેશમાં જઈ તેમણે વિદ્રોહીઓનો સઘળો ધ્વંશ કરવો. એવોજ ઉપદેશ મ્હેં તેમને આપ્યો. ઈશ્વર કૃપાએ તેમજ મ્હારા સૌભાગ્ય-પ્રભાવે મ્હને મ્હારા એ કાર્યમાં પૂર્ણ વિજય પ્રાપ્ત થયો. મ્હારા સાંભળવામાં આવ્યું હતું કે મગલોકોના રાજ્યનાં જંગલોમાંથી હાથી પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે, તેથી મ્હેં મ્હારા ત્યાંના સેનાપતિને એવો હુકમ કર્યો કે: "તેઓ જેટલા હાથી પકડી શકે તે બધા તેઓએ મ્હારી પાસે મોકલી આપવા."

પ્રકરણ ૫૬ મું.

કનોજ વિદ્રોહ દમન.

આગ્રાથી મુસાફરી કરતો કરતો એક માસ પછી હું દિલ્હીમાં આવી પહોંચ્યો. એ શહેરમાં આવ્યા પછી મ્હારા સાંભળવામાં આવ્યું કે, કનોજમાં કેટલાક બંડખોરોએ રાજ્ય વિરૂદ્ધ બળવો કરી ત્યાંના શાસન કર્તા તેમજ કર્મચારિઓ પર જુલ્મ ગુજારવા માંડ્યો છે. લઢાઇની શરૂવાત પણ થઇ ચુકી છે. એ સમાચાર સાંભળી મ્હેં રણકુશળ તેમજ સાહસિક અબદુલ્લાખાંને વિદ્રોહીઓના દમનને માટે મોકલવાનો વિચાર કર્યો. મ્હારી મુસાફરી વખતે મ્હેં અબદુલ્લાખાનનું સૈન્ય તપાસ્યું હતું. તેમાં મ્હને જે ઉણપ લાગી હતી તે એ હતી કે, તેમાં લઢાઇ પ્રસંગે ઉપયોગી થઇ પડે એવો એક પણ હાથી નથી." એથી તુરતજ મ્હેં પાંચ મોટા હાથી, કેટલાક તીવ્ર વેગી અશ્વો, એક હજાર ઉતાવળે મુસાફરી કરનાર ઉંટો અને યુદ્ધ પ્રસંગે ખર્ચવા માટે દશ લાખ રૂપિયા આપ્યા. વિદ્રોહીઓનું

દમન કરવા લઢાઇએ જનાર મનુષ્ય પાસે માણસ, પૈસા, હથિયાર, દારૂ-ગોળો ઈત્યાદિક પૂરતા પ્રમાણમાં હોવાંજ જોઇએ એ હું સારી રીતે સમજતો હતો. એમાંની કોઇ પણ ચીજના અભાવે ગમે તેવો બાહોશ સરદાર પણ પાછો પડવાનો સંભવ રહે છે. તેથી મ્હેં પ્રથમથીજ તેને બધી તૈયારી કરી આપી હતી.

અનુભવને અંતે રાજાઓનો મુખ્ય ધર્મ એજ જણાય છે કેઃ યુદ્ધ સમયે જ્યારે કોઇ પણ સેનાપતિને રણક્ષેત્રમાં મોકલવા નક્કી કરવામાં આવે ત્યારે તેનામાં પૂર્ણ વફાદારી તથા ઉત્સાહ છેવટ સુધી રહે તેટલા માટે તે સેનાપતિને સુવર્ણ, અશ્વ, તેમજ બીજી કેટલીક કિંમતી વસ્તુઓ મુક્ત હસ્તે દાન આપવી. તેથી તેના કાર્યની કદર રાજા સમજે છે એમ તેને લાગશે. અને પૂર્ણ ઉત્સાહથી સામ્રાજ્યના રક્ષણ માટે તે પોતાનાથી બનતું કરશે. ઘણી વખત એવું બને છે કેઃ જેના હાથમાં મહાન સામ્રાજ્યની લગામ આપવામાં આવી હોય છે તેઓ દ્રવ્યનો વ્યય આવા સત્ય માર્ગે નહિ કરતાં પોતાની જાતે મોજમજાહ અને વિલાસ ભોગવવામાંજ કરે છે, તેથી એવું બને છે કે સામ્રાજ્ય જ્યારે વિપદ્‌માં આવી પડે છે ત્યારે દ્રવ્યને અભાવે રાજ્યનું સંરક્ષણ કરવું અતિ દુર્ઘટ થઇ પડે છે. જો હું કદાપિ કૃપણ થઈ મ્હારા સેનાપતિઓને મદદ ન કરૂં તો તેથી એમ બને કેઃ વિદ્રોહી અને લુંટારાના મારથી મ્હારી ગરીબડી પ્રજા પીડાય, તેમના પર અત્યાચાર થાય અને જ્યારે સમસ્ત દેશમાં એવું થાય ત્યારે સંભવિત છે કે સામ્રાજ્યની શાંતિનો ભંગ થાય, અને શાંતિનો ભંગ થવાથી સમગ્ર દેશમાં બંડ ઉઠે. કુમાર્ગે દ્રવ્યનો વ્યય કરવાથી પ્રથમ તો દેહને અને મનને જરા આનંદ મળે છે પણ પાછળથી તેનું ફળ ઘણુંજ નઠારૂં ભોગવવું પડે છે. એનો મ્હને વિચાર હોવાથીજ હું એવાં કર્મથી દૂર રહું છું. મૃત્યુ સમયે ઉત્તમ દાન અને શુભ કર્મના વિચારથી જે શાંતિ મળે છે તેનો વિચાર ફક્ત એવા પુણ્યાત્મા સિવાય અન્યને આવી શકતો નથી. મ્હારી માન્યતા એવીજ છે કે, ઘોર વિપદ્ વખતે ધન ભંડારનો મુક્ત હાથે વ્યય કરવો એમાંજ રાજા પ્રજા ઉભયનું શ્રેય રહેલું છે.

અબદુલ્લાખાં પોતાની સાથે તેના એક બંધુને લઇ મ્હારી પાસે આવ્યો અને તેને પોતાની સાથે રણક્ષેત્રમાં લઇ જવાની જીજ્ઞાસા બતાવી. તેણે કહ્યું કે; "કદાપી શત્રુ દળ અધિક અને પરાક્રમશાળી હશે તો પણ મ્હારા આ બંધુની મદદથી અમે જય મેળવવા ભાગ્યશાળી થઇશું." મ્હેં અબદુલ્લાખાંની પ્રાર્થના કબુલ કરી, તેનો બંધુ ત્રણ હજાર સૈન્યનો સરદાર હતો. અબદુલ્લાખાંના તાબામાં ત્રિશ હજાર અશ્વારોહી અને દશ હજાર ઉંટ પર સ્વારી કરેલા ગોલંદાજોનું સૈન્ય હતું. અબદુલ્લાખાં પોતાનું સૈન્ય લઇ ઘણીજ થોડી મુદતમાં શત્રુ સૈન્ય સન્મુખ જઇ પહોંચ્યો. શત્રુ પક્ષમાં એક લક્ષ અશ્વારોહી તેમજ કેટલુંક પાયદળ સૈન્ય હતું. તેઓએ એકદમ અબદુલ્લાખાં પર હલ્લો કર્યો. આ સમયે અબદુલ્લાખાંએ પોતાના બંધુને શત્રુ પક્ષનો એક ભાગ કે જે પૂર્ણ વેગથી ધસી આવતો હતો તેને અટકાવવા મોકલ્યો અને બીજા ભાગપર પોતે જઈ પહોંચ્યો. ઘણાજ થોડા વખતમાં શત્રુ પક્ષનો પરાભવ થયો. શત્રુઓનું વિશ હજાર સૈન્ય રણક્ષેત્રમાં ખપી ગયું. અને કેટલુંક છત્ર ભંગ થયેલું જોઈ રણભૂમિનો ત્યાગ કરી કનોજના કિલ્લામાં ભરાઈ ગયું. કિલ્લામાં ભરાઇ રહેલા સૈન્યે દ્વાર બંધ કરી અબદુલ્લાખાંનના સૈન્ય પર ગોળાનો મારો ચલાવ્યો. ગોળાના સતત મારાની અવગણના કરીને અબદુલ્લાખાંએ અપૂર્વ વીરત્વ તથા બુદ્ધિથી કનોજના કિલ્લા પર આક્રમણ કર્યું. બીજા સૈનિકોએ પણ પોતાના સરદારની વીરતા જોઇ તદનુસાર વર્તન કર્યું. એક સૈન્યની હારનો નાશ થતાં તેની જગ્યાએ તુરતજ બીજું સૈન્ય આવી ઉભું રહેતું. એ પ્રમાણે ભીષણ સંગ્રામ કરી છેવટે કિલ્લા પર પૂર્ણ અધિકાર મેળવ્યો. દશ હજાર શત્રુ સૈન્યનો નાશ થયો અને તેમના મુખ્ય સેનાપતિઓ કેદ પકડાયા. દશ હજાર મરણ પામેલા બળવાખોરોનાં મસ્તક તેમના સરદારોના વિશ લાખ રૂપિયાના રત્નજડિત મુકુટ અને કેટલાક સેનાપતિને કેદ કરી મ્હારી પાસે મોકલી આપ્યા. અબદુલ્લાખાં દેશમાં સુવ્યવસ્થા કરવાના કામમાં રોકાયો. સમ્રાટ વિરૂદ્ધ બંડ ઉઠાવવાથી કેવું ફળ મળે છે તેનું દૃષ્ટાંત લોકોમાં બેસાડવા માટે દશ હજાર ઘાયલ સૈનિકોનાં મસ્તકોને કનોજના રસ્તા પર આવેલાં સર્વે વૃક્ષો પર

ઉંધે મસ્તકે લટકાવી લાવવાનો મ્હેં હુકમ ફરમાવ્યો. આ સ્થળે મ્હારે દિલગીરી સાથે લખવું પડે છે કેઃ હજારો વિદ્રોહીઓનો નાશ કરવાનો હુકમ આપવાનું કારણ એ હતું કેઃ હિંદુસ્થાનમાં ઘણે સ્થળે બંડખોરો બંડ કરી પ્રજાની શાંતિનો ભંગ કરતા હતા. તેઓ તેમ કરતાં ભવિષ્યમાં અટકે તેજ કારણથી લોકોમાં દાબ બેસાડવા માટે એવાં કાર્યો મ્હારી અનિચ્છાએ પણ કરવાં પડતાં. મ્હારા પિતાના રાજ્ય કાળમાં પણ એજ પ્રમાણે હજારોનો નાશ કરવામાં આવ્યો હતો. અત્યાર સુધીમા એકંદરે બે લાખ મનુષ્યોને તેમના વિરૂદ્ધાચરણ માટે પ્રાણ દંડની શિક્ષા ફરમાવી હતી. તેમ છતાં પણ હમેશાં સામ્રાજ્યના કોઇ કોઈ વિભાગમાં એકાદ બંડ તો થતુંજ હતું. મ્હારા પિતાના શાસનકાળથી અત્યાર સુધીમાં હજી સુધી મ્હેં પૂર્ણ શાંતિ અનુભવી નથી.

આ સમયે આગ્રાના મ્હારા મહેલો માટે અને મ્હારા પરિવારના રક્ષણ માટે તેમજ આગ્રાના શાસનકર્ત્તા તરીકે લશ્કરખાંને નિમ્યો. લશ્કરખાંના જમાઇ બાબા-નિરતને આગ્રાના કોટવાળના કાર્ય પર બહાલ કર્યો. તે ઘણોજ વીર પુરૂષ હતો. બહુ રણક્ષેત્રમાં અને તેમાં પણ વિશેષ કરીને કાબુલના પ્રદેશમાં તેણે વીરત્વનું અપૂર્વ દર્શન કરાવ્યું છે. ચાળીશ શત્રુઓની સામા થતાં એક પ્રસંગે તેને શરીરે દશ ઘા પડયા હતા. એટલું છતાં પણ તેણે તે બધાનો પરાભવ કર્યો હતો.

પ્રકરણ ૫૭ મું.

મથુરાના દરવિશનો પરિચય.

કનોજનું બંડ સમ્યા પછી હું રસાલા સાથે દિલ્હીથી આગળ વધ્યો. આ પ્રવાસમાં મ્હને ઘણોજ આનંદ પ્રાપ્ત થયો. મ્હારી સાથે જનાનાની ચારસો બીબીઓ હતી. તથા મ્હારો ઘણો ખરો પરિવાર પણ સાથેજ હતો. યમુનાના જળમાં થઇને પ્રવાસ કર્યો હતો. કોઈ કોઇ

પ્રસંગે શિકાર માટે જો કોઇ સુંદર વન જોવામાં આવતું તો હું નૌકાને લંગરાવી શિકાર કરવા જતો. નિર્વિઘ્ને કાશ્મીર પહોંચી શકાય તેટલા સારૂ નદીને કિનારે કિનારે એક પાયદળ સૈન્ય જોડે જોડેજ ચાલતું હતું. મુસાફરી કરતાં કરતાં અમે મથુરાં પહોંચ્યા. આ સ્થળે એક દરવેશની આશ્ચર્યકારક કહાણી મ્હારા સાંભળવામાં આવી. તે એ જગ્યાએ વિશ વર્ષથી રહેતો હતો. મથુરાં એ હિંદુઓનું પ્રાચીન પવિત્ર તીર્થ ક્ષેત્ર છે. એક દૂત દ્વારા મ્હને ખબર મળી કે દર શુક્રવારે સાયંકાળે આકાશમાંથી એ સાધુના મસ્તક પર સુવર્ણની વૃષ્ટિ થાય છે. મ્હને એ નૈસર્ગિક વાત પર વિશ્વાસ બેઠો નહિ. તેથી તેવા પુરૂષને જાતે જોઈ મ્હારી ખાત્રી કરવાની ઇચ્છા થઇ. હું મ્હારા કેટલાક અનુચરોને લઇ દરવેશના દર્શન કરવા ગયો. થોડી વારમાંજ હું એ મહાત્માની ઝુંપડી આગળ રસાલા સહિત જઇ પહોંચ્યો. ત્યાં મ્હારા જોવામાં આવ્યું કેઃ તેના ચારસો શિષ્યો ચર્મ હાથમાં લઇ હારબંધ ઉભા હતા. મ્હારા ત્યાં જતા પહેલાંજ દરવેશને તે સંબંધી ખબર મળી ચુકી હતી. મહાત્માની પર્ણકુટી એક ગુફા જેવી લાગતી હતી. તે સાધુ પુરૂષે મ્હને જોઇને સલામ કરી નહિ તેમજ કોઇ પણ પ્રકારનું સન્માન સરખુંએ આપ્યું નહિ. મ્હેં તેની દરકાર નહિ કરતાં પ્રેમપૂર્વક સલામ કરી અને હું રસાલા સાથે ત્યાંજ બેઠો. કેટલીક પ્રાર્થના કર્યા પછી મ્હેં કાંઇક બોધ આપવા પ્રાર્થના કરી. થોડી વાર પછી તેઓ કાંઇક બોલવા લાગ્યા. પ્રથમ વાક્ય એ નીકળ્યું કેઃ "ત્હારા જેવા કરોડો રાજાઓનું જે પાલન કરે છે તે મહાન રાજાનો હું સેવક છું." એટલું બોલી તે સાધુ પુરૂષ મૌન રહ્યા. તેમનું વાક્ય સાંભળી મ્હેં તેમને કેટલોક સદુપદેશ આપવા પુનઃ પ્રાર્થના કરી. મ્હારી પ્રાર્થના ધ્યાનમાં લઇ તેમણે કહ્યું કેઃ "ઇશ્વરની સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલાં સર્વ પ્રાણી માત્રના સુખ અને શાંતિ માટે ત્હારાથી બનતું હમેશાં કરજે, તેથીજ ત્હારૂં કલ્યાણ થશે અને ત્હારા પાપનો ભાર કાંઇક ઓછો થશે. ત્હારા સામ્રાજ્યમાં તું જ્યાં જ્યાં ન્યાયાધિશના કાર્ય પર કોઇને મુકે તેઓ પક્ષપાતી ના હોય એની બરાબર સંભાળ રાખજે. ત્હારી શ્રદ્ધા પ્રમાણે હમેશ વૃદ્ધ તેમજ સાધુ પુરૂષને તું સન્માન આપજે." એટલું કહ્યા પછી

તેમણે છ પંક્તિની એક કવિતા લખી, જેનો આશય એવો હતો કેઃ "દુઃખ અને શોકના તાપથી દગ્ધ થતાં વૃદ્ધ મનુષ્યો તરફ જોઇ હાસ્ય કરતો નહિ. ભસ્મ હૃદયને ગ્રાસ કરે એવી ક્રોધાગ્નિ પ્રજ્વલિત કરતો નહિ. એક સમય ગંભીર અને બીજી વખત હાસ્યપ્રિય થઇશ નહિ. હૃદયમાં કદાપિ નઠારા વિચારોનું પોષણ કરીશ નહિ. તેમ થવાથી ત્હારાં વાક્યો અને કર્મો નઠારાં થઈ જશે. જો તું નિષ્કલંકિત થવા ઇચ્છતો હોય તો કદાપિ નિંદાપ્રિય થતો નહિ." કવિતા કહી રહ્યા પછી તેમણે કહ્યું કેઃ "ત્હારા જ્યેષ્ઠ પુત્રે ત્હારી વિરૂદ્ધ ઘણાં ખરાબ વર્તનો ચલાવ્યાં છે, છતાં તું હમેશાં તેના પ્રતિ સદાચરણીજ રહેજે, અને હમેશાં તેના તરફ પ્રેમ ભરી દ્રષ્ટિથીજ જોજે, કારણ કે તેજ ત્હારા પછી રાજ્યનો ઉત્તરાધિકારી થશે."*

દરવેશ સાથે વાતચિત કરતાં સંધ્યા સમય થઈ ગયો. ફકીરનો એક શિષ્ય ઉઠી સંધ્યાની નિમાજ પઢવા લાગ્યો. કેટલીક દિવાબત્તીઓ સળગાવી શિષ્યો દરવેશ પાસે આવી નમન કરી ઉભા રહ્યા. દરવેશ વગેરે સર્વ ઉપાસના કરવા લાગ્યા. ઉપાસના વખતે દરવેશે આઠ વખત જમીન તરફ નમન કર્યું. ત્યાર પછી તેના ચાર શિષ્યો તેની સન્મુખ આવી ઉભા રહ્યા. ઉપાસના કરતાં કરતાં એ સાધુ પુરૂષે પોતાના હાથ આકાશ તરફ લંબાવ્યા કે તુરતજ આકાશમાંથી સુવર્ણની વૃષ્ટિ થતી દેખાઇ! એ સુવર્ણને એકઠું કરવામાં આવ્યું. તેનું મૂલ્ય આશરે દશ હજાર રૂપિયા હશે, એમ હું અનુમાનથી કહું છું. એ એકઠું કરેલું સુવર્ણ દરવેશ પાસે મુકવામાં આવ્યું. તેણે તેના સરખા ભાગ કરી એક ભાગ ત્યાં ઉભેલા સંત–પુરૂષોમાં વહેંચી આપ્યો. બીજો ભાગ તેમણે મ્હારા રાજ્યના કર્મચારીઓમાં વહેંચવા હુકમ ફરમાવ્યો. એ બનાવ પ્રત્યક્ષ જોઇ મ્હને તે દરવેશ ઉપર ભક્તિ અને પ્રેમ ઉત્પન્ન થયાં. મ્હેં તેમના પર પ્રસન્ન થઈ એક ગામ ભેટ આપવાની ઇચ્છા બતાવી. તે ગામની વાર્ષિક આવક ચાળીશ લાખ રૂપિયા હતી. એના ઉત્તરમાં દરવેશે કહ્યું કેઃ "જે લોકો માનવીઓની દયા પરજ આધાર રાખી

* દરવેશની ભવિષ્ય વાણી સાચી પડી નહિ. ખુરમે (શાહજહાંએ) ખુશરૂની હત્યા કરી હતી.

જીવન ગાળે છે તેમના રક્ષણ માટે તથા તેમનાં સુખશાંતિ માટે ત્હારા એ દ્રવ્યનો વ્યય કર. મ્હારે ત્હારા ક્ષુદ્ર દ્રવ્યની જરા પણ ઇચ્છા નથી. કોઈ પણ પાર્થિવ વસ્તુ મેળવવા પ્રતિ મ્હારી આકાંક્ષા નથી." એ સાંભળી નિરૂત્તર થઇ નમન કરી મ્હેં દરવેશ પાસેથી રજા લીધી. તેમની એ અલૌકિક ગુફામાંથી કેટલેક દૂર આવ્યા પછી મ્હને એમ લાગ્યું કેઃ વિદાય થતી વખતે એ મહાન પુરૂષને ચુંબન લેવું ઉચિત હતું. મ્હને તેનું વિસ્મરણ થઇ ગયું. જે વખતે મ્હારામાં ઉપરોક્ત વિચાર ઉત્પન્ન થયો તેજ વખતે દરવેશનો એક શિષ્ય મ્હારી પાસે આવી કહેવા લાગ્યો કેઃ તમારા વિચારો મ્હારા ગુરૂના જાણવામાં આવી ગયા છે. તમારે પાછા ત્યાં આવવાની કાંઇ જરૂર નથી. પણ દિલ્હી નિવાસી એક દરવેશને એ ઇચ્છા જણાવવાનો તેમણે મ્હને આગ્રહ કર્યો હતો. માનવ જીવનમાં ઉત્પન્ન થતા વિચારો સાધુ પુરૂષના જાણવામાં આવી જાય છે તે જાણી મ્હને ઘણોજ અચંબો થયો. તે સાધુની ધર્મનિષ્ઠા ઉપર મ્હારો અતિશય વિશ્વાસ બેઠો, અને પુનઃ તેમનાં દર્શને ફરી જવાની ઇચ્છા થઇ આવી. હું તુરતજ પાછો ફર્યો અને પુનઃ દરવેશના આશ્રમે જઇ પહોંચ્યો. તેમને સાષ્ટાંગ પ્રણામ કરી મ્હારૂં કાર્ય કરવાની શક્તિ વધે તેવો આશિર્વાદ માગ્યો. ત્યાર પછી કેટલીક વાતચિત કરી હું આશ્રમ બહાર નીકળી પડયો. આ સ્થળે એક વિષય લખવો ઉચિત જણાય છે. રસ્તામાં આવતાં મ્હને ખબર પડી કેઃ ખાં-ઇ-દોરાબના પુત્રે દરવેશ સાથેની મ્હારી મુલાકાતની મશ્કરી કરી છે. તે બોલ્યો હતો કેઃ "એવા ઢોંગી સાધુના તેજથી અંજાઇ જઈ બાદશાહે પોતાની બાળક બુદ્ધિ બતાવી આપી છે." મનુષ્યમાં ઉત્પન્ન થતા વિચારો જાણવાની અદ્‌ભૂત શક્તિ જો મ્હેં એ સાધુ પુરૂષમાં જોઈ ના હોત તો તેના પર પડતા સુવર્ણના વર્ષાદની સાંભળેલી વાત ઉપર હું કદી પણ વિશ્વાસ કરત નહિ. તેમ તેના પ્રતિ મ્હને આટલો પ્રેમ અને શ્રદ્ધા પણ થાત નહિ. જે વ્યક્તિએ મ્હારા આચરણ પર ખોટી ટીકા કરી હતી તેને ક્ષમા કરવાનું મ્હને અનુચિત લાગ્યું. તેથી તેના મસ્તક અને મુખના એક વિભાગ ઉપરથી થોડીક ચામડી કાપી લેવાની આજ્ઞા કરી અને એવીજ દશામાં તેને શહેરની ચારે દિશામાં ફેરવ્યો. સાથે સાથે એવી દાંડી પીટાવવા હુકમ કર્યો

હતો કેઃ "પ્રજાનું સંરક્ષણ કરનાર બાદશાહ વિરૂદ્ધ જે મનુષ્ય ખોટી ટીકા કરે છે તથા ખરાબ વાક્યો બોલે છે, તેની આવી દુર્દશા થાય છે ! પ્રજાએ તેનો દાખલો જોઈ લેવો." એવા માણસોને કેવી શિક્ષા મળે છે તે પણ સર્વના જાણવામાં આવશે. આ સમયે મ્હારે વધુ કઠોર થવું પડયું તેનું કારણ એ હતું કેઃ એજ મનુષ્ય પહેલાં એક વાર એ અપૂર્વ સાધુ પુરૂષ દરવેશ પાસે ગયો હતો અને ત્યાં તેમની સાથે ઉદ્ધતાઈ ભરેલું આચરણ કર્યું હતું. દરવેશે તેને કહ્યું હતું કેઃ "તું નાદાન હોવાથી ત્હારા એવા આચરણને માટે તારૂં મસ્તક લેવાની ઇચ્છા નથી, પણ તારા મસ્તકની ચામડી ઉતરાવીશ." દરવેશનું એ ભવિષ્ય કથન સંપૂર્ણ રૂપે ફળિભૂત થયું હતું. હું હમેશાં સાધુ–ફકીર તરફ માનપૂર્વકજ જોતો હતો. જો કે સત્ય ધર્મપંથનું અવલંબન કરનાર સાધુ પુરૂષ ઇશ્વર નથી એ ખરૂં પણ તે ઇશ્વરથી અધિક દૂર નથી.

પ્રકરણ ૫૭ મું.

કર્ત્તવ્યપરાયણતા ઉપર શ્રદ્ધા.

મ્હારા સર્વ પુત્રોમાં પરવેજ પર મ્હારો વિશેષ પ્રેમ છે, તેનું કારણ એ છે કે તે એક કર્ત્તવ્ય પરાયણ અને પૂર્ણ વિશ્વાસુ વ્યક્તિ છે. તે રણમાં અને રાજયકારભારમાં ઘણોજ નિપુણ અને શૂરવીર છે. તેનામાં એક હસવા લાયક ગુણ એ છે કેઃ તે ઘણું માન માગે છે. મથુરાથી મ્હારી પાસેથી રજા લઈ તે અલાહાબાદ કે જ્યાં તેને મ્હેં શાસન કર્ત્તા નીમ્યો છે ત્યાં ગયો. પ્રથમ સાધારણ અમલદારની પેઠે તેને પણ મ્હેં બે હજાર સૈન્યની સરદારી આપી હતી, પણ પાછળથી તેની તીવ્ર બુદ્ધિ અને હોંશિયારી જોઈ વિશ હજાર સૈન્યનો સરદાર બનાવ્યો. સત્યને ખાતર મ્હારે આ જગ્યાએ લખવું જોઇએ કેઃ હજી સુધીમાં તેણે એક પણ અપરાધ કર્યો નથી, તેમ એવું એક પણ કાર્ય કર્યું નથી કે જેથી મ્હારો તેના પ્રત્યેનો પ્રેમ ઓછો થાય. હું અંતઃકરણથી પ્રાર્થના કરૂં છું કેઃ ઇશ્વર એની સર્વ અભિલાષાઓ પરિપૂર્ણ કરો. તેના સંબંધી એક બનાવ આ સ્થળે

ઉલ્લેખ કરવો યોગ્ય લાગવાથી તેમ કરૂં છું. મથુરાની મુસાફરીથી પાછા ફર્યા પછી થોડાજ વખતમાં તેણે મ્હને એક એવો સંદેશો મોકલ્યો કેઃ "મુસાફરી દરમ્યાન અબદુલ્લાખાંની છાવણીથી થોડેક છેટે થઇને હું મ્હારા રસાલા સાથે જતો હતો તે સમયે મ્હને માન આપવા માટે તે મ્હારી મુલાકાતે આવ્યો નહિ. એક મહાન બાદશાહના પુત્ર તરીકે હું જેટલા સન્માનનો હક્કદાર છું તેટલું સન્માન મ્હને અબદુલ્લાખાંએ આપ્યું નહિ." એના ઉત્તરમાં મ્હેં તેને કહાવ્યું કેઃ "જે વખતે તમે ત્યાંથી પસાર થતા હતા તે વખતે અબદુલ્લાખાં હાથમાં બાદશાહી અર્ધ ચંદ્રાંકિત નિશાન લઇ યુદ્ધમાં જતો હતો. તેમનું મન સૈન્યની વ્યવસ્થા કરવામાં રોકાયું હતું. તમારે મ્હારૂં નિશાન જોઈ તેને નમન કરવા પ્રથમ ત્યાં જવું જોઈતું હતું, છતાં તમે તેમ કર્યું નથી. જો નિશાનને નમન કર્યા પછી અબદુલ્લાખાંએ તમારો યોગ્ય સત્કાર કર્યો ન હોત તો હું જરૂર તેની તેવી વર્તણુક માટે યોગ્ય શિક્ષા કરત. તમને જતા જાણુવા છતાં તે વખતનું મહત્વનું કાર્ય મુકી તેણે તમારો સત્કાર કર્યો નથી અર્થાત્ ખુશામદ કરી નથી તે કાર્ય તેણે અયોગ્ય કર્યુંજ નથી. એમાં એની ભૂલ નથી પણ તેણે પોતાનું ખરૂં કર્ત્તવ્ય બજાવ્યું છે એમ મ્હને જણાય છે. એ ઉપરાંત એણે કાંઈ બીજું અયોગ્ય આચરણ કર્યું હોત તો હું તેને ગ્વાલિયરના કિલ્લામાં ત્રણ વર્ષ સુધીની કેદખાનાની શિક્ષા ફરમાવત." એ જાણી શાહજાદા પરવેજને ગમે તેટલો અસંતોષ ઉત્પન્ન થયો હોય તો તેની મ્હેં પરવાહ રાખી નહિ. અબદુલ્લાખાંએ યુદ્ધમાં જવાનું મુલ્તવી નહિ રાખતાં શાહજાદાના નાદાની ભરેલા અહંકારને ઉત્તેજન આપ્યું નહિ તેથી હું ઘણોજ સંતુષ્ટ થયો. અબદુલ્લાખાંના કર્ત્તવ્ય પરાયણુથી ખુશ થઈ મ્હેં તેને બે હજાર વધારે સૈન્યની સરદારી આપી. પરવેજના જાણુવામાં આ વાત આવવાથી તેને પણ તેની ભૂલ સમજાઈ. તેથી તે એકદમ જ્યાં અબદુલ્લાખાંની છાવણી હતી ત્યાં ગયો અને તેણે બાદશાહી નિશાનને પ્રથમ નમન કર્યું. તુરતજ અબદુલ્લાખાંએ પોતાના સર્વ સૈન્યને ઉભું રાખી પરવેજને યોગ્ય માન આપ્યું. એ જોઈ પરવેજ ખુશ થઈ ગયો અને અબદુલ્લાખાંને કેટલીક ઉમદા બક્ષીસો આપી.

પ્રકરણ ૫૮ મું.

કાશ્મીરીઓની પક્ષી પકડવાની અદ્દ્ભુત રીત.

દિલ્લી નજીક અમે આવી પહોંચ્યા ત્યારે કેટલાક લોકો મ્હારી પાસે આવી કહેવા લાગ્યા કે: આ સ્થળે શિકાર કરવા લાયક કેટલાંક પક્ષીઓ છે. તેમનું માંસ ઘણુંજ સ્વાદિષ્ટ હોય છે. શિકારના કરતાં ત્યાંના લોકોની ભાષા મ્હને અતિ આશ્ચર્યજનક જણાઈ. તેમની ભાષા કાશ્મીરના લોકોને મળતી હતી. તેઓ એક પ્રકારનો એવો અદ્દ્ભુત નાદ કરતા કે: ઉડતા પક્ષીની ગતિ એકદમ બંધ થઇ જતી અને તેઓ ભૂમિ પર પડતાં હતાં. એ પ્રમાણે તેઓ ફક્ત શબ્દ–બાણુથીજ પક્ષીઓનો શિકાર કરતા હતા. એ બનાવ મ્હારી નજરે જોવાની ઇચ્છા થવાથી મ્હેં કેટલાક શિકારીઓને મ્હારી પાસે બોલાવ્યા, અને તે લોકોને મ્હારી સમક્ષ પક્ષી પકડવાની આજ્ઞા ફરમાવી. અમારી છાવણીની નજીકમાંજ એક સમતલ ભૂમિ પર હજારો પક્ષીઓ આવી બેસતાં હતાં. એક હજાર શિકારીઓને સાથે લઇ હું એ રમત જોવા ગયો. અમને દેખી નિશ્ચિંત જીવે બેઠેલાં પક્ષીઓનાં ટોળાં આકાશ તરફ ઉડવા લાગ્યાં. થોડીજ વારમાં આશરે વિશ કાશ્મીરીઓએ એકઠા થઇ મૃદુ ગુંજધ્વનિ કરવા માંડયો. તેમનો એ મધુર નાદ સાંભળી પંખીઓ પોતાનું આકાશ ભ્રમણ ભુલી ગયાં, અને જ્યાંથી એ ધ્વનિ આવતો હતો ત્યાં આવી બેઠાં. જેમ જેમ મૃદુ રાગ ગવાતો ગયો તેમ તેમ તેઓ છેક નજીક આવી લાગ્યાં. કેટલાક શિકારીઓએ તેમને છેક પાસે આવેલાં જોઇને પકડી લીધાં. સ્વતંત્રતામાં આનંદથી ઉડી કલ્લોલ કરતાં ગરીબ બીચારા પંખીડાંઓ મધુર સંગીતથી આકર્ષાઇ વિશ્વાસઘાતકતાને લીધે પ્રાણુ ગુમાવવા આવેલા જોઇ મ્હારા અંતઃકરણમાં ઘણી દયા ઉત્પન્ન થઇ. અમારા અયોગ્ય કૌતુહલની શાંતિને માટે આટલાં બધાં નિર્દોષ પ્રાણીના

પ્રાણુ હરણુ કરવા એને મ્હેં ઘાતકી અને ભયંકર કાર્ય જાણ્યું. તેથી જે વિશ હજાર નિર્દોષ પંખી પકડાયાં હતાં તે બધાંને બીજે દિવસે મુક્ત કરવાનો હુકમ ફરમાવ્યો. વિના શિકારે પક્ષીઓ કેવી રીતે મનુષ્યની જાળમાં સપડાય છે તે જોવાનીજ મ્હારી ઇચ્છા હતી. તેમની હત્યા કરવી એ મ્હારા સ્વભાવથી વિરૂદ્ધ હતું.

પ્રકરણ ૫૯ મું.

લોભી તહસીલદારને શિક્ષા.

ત્રણ ચાર દિવસ પ્રવાસ કર્યા પછી હું મ્હારા રસાલા સાથે સરહિંદ પહોંચ્યો. અહિં ખોજા-ઉ-ઇસ્ત મુખ્ય સુબેદાર હતો. મ્હારાજ હુકમથી તેને એ જગ્યાની સુબેદારી ઘણા વર્ષથી મળી હતી. ખોજા-ઉ-ઇસ્ત એક શૂરવીર તેમજ હોંશિયાર મુત્સદ્દી હતો. તેના મહેલની બાંધણી ઘણી રોનકદાર હતી. તેનામાં રહેલા ગુણો જોઈ હું ખુશી થઇ ગયો. ઉદ્યાનમાં પ્રવેશ કર્યા પછી હું એક આચ્છાદિત શીતકુંજમાં દાખલ થયો. તેની બન્ને બાજુઓ રક્ત વર્ણના ગુલાબ પુષ્પથી શણગારી હતી. થોડેક દૂર આંબા, દેવદાર અને બીજાં કેટલાક જુદી જાતનાં વૃક્ષો ઘણીજ સફાઇથી મનોહર આકૃતિમાં ઉગાડયાં હતાં. સર્વથી વિશેષ પ્રશંસા કરવા યોગ્ય એ હતું કેઃ એ મનોહર ઉદ્યાન બનાવવાનું કાર્ય ફક્ત ચાળીશ દિવસમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું. એ વૃક્ષશ્રેણી ઓળંગી હું એક વિચિત્ર વર્ણની પુષ્પ-ભૂષિત જગ્યાએ આવી પહોંચ્યો. તેના મધ્ય સ્થળમાં એક જળાશય મ્હારા જોવામાં આવ્યું. જળાશયના મધ્ય ભાગમાં અષ્ટકોણ આકૃતિવાળો એક સુંદર મંડપ હતો. એ મંડપ કેટલાક સ્તંભ પર ઉભો કરવામાં આવ્યો હતો. મંડપને બે માળ હતા. તેમાં બસો માણસો સાથે બેસી શકે તેટલી જગ્યા હતી. મંડપમાં ઘણાંજ સુંદર ચિત્રો ચિતરવામાં આવ્યાં હતાં. એ ઉપરાંત જળાશયમાં બસો હંસો આનંદથી વિહાર કરતાં હતાં.

જળાશયની ચારે બાજુઓ સુંદર પત્થરથી ચણી લેવામાં આવી હતી. ઉપર કથિત સ્થળમાં જે સુંદર પુષ્પો હતાં તે જેમ દેખાવમાં સુંદર હતાં તેજ પ્રમાણે તેમાંથી મધુર પરિમલ આવતી હતી. તેના એવા સ્વાગતથી હું કેટલો સંતુષ્ટ થયો છું તે જણાવવા માટે મ્હેં ખોજા–ઉ–ઇસ્તને સાતસો સૈન્યના અધિનાયકથી વધારી એક હજાર સૈન્યની સરદારી આપી.

ઉદ્યાનમાં ઉતર્યા પછી બીજે દિવસે જે એક બનાવ બન્યો તે લખ્યા સિવાય મ્હારાથી રહી શકાતું નથી. મ્હારા કેટલાક અનુચરોએ મ્હને કહ્યું કે: સરહિંદનો એક તહસિલદાર આપની પાસે એક વિનંતિ પત્ર લઇ આવ્યો છે. મ્હેં તુરતજ તેને મ્હારી પાસે મોકલવાનો હુકમ કર્યો. તે વિનંતિ પત્રમાં લખ્યું હતું કે: " મુસલમાન જાતિની સંપત્તિ પર હસ્તક્ષેપ કરવાનો મ્હારો ઉદ્દેશ નથી, પણ ધનવાન હિંદુ જાતિની આવક પર જો કાંઈ કર લેવામાં આવે તો તેથી કરીને " જેકત " કર માફ કરવાથી રાજ્યને જે ખોટ જાય છે તેનો બદલો આ કર નાંખવાથી વળી શકવાનો સંભવ છે. આપ નામદાર જો એ કર મુકો અને તેની વસુલાતનું કાર્ય મ્હને સોંપો તો ત્રણ વર્ષના કરની જે આવક આવવા સંભવ હોય તે હું પ્રથમથી આપને આપવા તૈયાર છું. " મ્હેં તેનું એ વિનંતિ પત્ર પાછું આપી ત્રણ વર્ષના કરના રૂપિયા પ્રથમ લાવવા કહ્યું. તે એકદમ ઉઠી પોતાના ગૃહ તરફ ગયો અને થોડીજ વારમાં ઉંટની પીઠ પર સોના મહોરોના કેટલાક તોડા લઇ મ્હારી પાસે આવી ઉભો રહ્યો. મ્હેં તેમાંથી દશ તોડા લઇ મ્હારા કોષાગારમાં મુકી આવવાનો હુકમ ફરમાવ્યો. ત્યાર પછી મ્હેં તહસીલદારને હુકમ કર્યો કે: આવતી કાલે પ્રાતઃકાળમાં તમારે મ્હારી પાસે આવવું. હું તમને કર ચાલુ કરવાનું લેખિત આદેશ–પત્ર આપીશ.

બીજે દિવસે સૂર્યોદય થતાં પહેલાં, ગળામાં એક લક્ષ રૂપિયાની મુક્તા માળા તથા શરીરે વિચિત્ર પણ કિંમતી સ્વાંગ ધારણ કરી તહસીલદાર, ઉમંગ ભેર પોતાની આશા પરિપૂર્ણ કરવા માટે મ્હારી પાસે આવી ઉભો રહ્યો. મ્હેં તેને પુછ્યું કે: તમે જે ધન સંપત્તિ મ્હારી પાસે લઇ આવ્યા છો તે તમારી પોતાનીજ સંપત્તિ છે કે તેમાં અન્ય કોઇ ભાગીદાર છે. પ્રત્યુ-

ત્તરમાં તેણે કહ્યું કે: "મ્હારા પિતાએ તેમના અવસાન સમયે પોતાની અઢલક ધન સંપતિનો માલિક મ્હનેજ ઠરાવ્યો છે. વળી તેમણે જેટલું ધન ઉપાર્જન કર્યું છે તે બધું મ્હારા મકાનમાં ખાડો ખોદી મોટા ચરૂઓ ગોઠવી મ્હારા પિતાએ તેમાં ભરી રાખ્યું છે અને મ્હને ખરી વિપતિના સમયમાં તેનો ઉપયોગ કરવા કહ્યું છે. હું જેટલી સુવર્ણ મુદ્રા અહિં લાવ્યો છું તેના કરતાં બમણી હજી મ્હારે ત્યાં ખાડામાં દાટેલી છે. કોઇના પર કશી જાતનો જુલ્મ ગુજારી એ દ્રવ્ય એકઠું કરવામાં આવ્યું નથી." તહસીલદારનું એ કથન સાંભળી હું ઘણોજ આશ્ચર્ય પામ્યો. જો તમારૂં એ કહેવું સત્ય હોય તો તમે મ્હારા મહમંદખાં નામના સરદારને એ સ્થાન બતાવો. તેમાં આપને કોઇ પણ જાતની વિપતિમાં આવવું પડશે નહિ. એ સાંભળી તહસીલદાર, સાદક મહંમદખાંને તુરતજ તે સ્થાને લઇ ગયો, અને ધનનું સ્થાન બતાવ્યું. થોડીજ વારમાં તેઓ મ્હારી પાસે પાછા આવ્યા. તેણે જે કાંઇ સ્વેચ્છાથી મ્હને ભેટ દાખલ આપ્યું હતું તે રાખવામાં મ્હને કોઇ જાતનો વાંધો જણાયો નહિ, પણ તેના સંતાન સંતતિનું અનિષ્ટ કરી તેનું ગુપ્ત ધન મ્હારા રાજ્ય ભંડારમાં લઈ લેવું એ મ્હને અનુચિત લાગ્યું. તેનો અને તેના પિતાનાં ઘોર કર્મનો બદલો તેના વંશને કષ્ટમાં નાંખવાથી કદાપિ વળશે નહિ. એ હું સારી રીતે સમજતો હતો. ગુન્હો કરનારનેજ ગુન્હાની શિક્ષા મળવી જોઇએ. તેના ગરીબ બિચારાં સંતાન તરફ તો પ્રેમ ભરી નજરથીજ જોવાનું મ્હને ઇષ્ટ લાગ્યું. પોતાના જાતી ભાઇઓ પર કર વધારી પોતાનું ઘર ભરવાનો તેનો દુષ્ટ વિચાર હું સમજી ગયો હતો. અત્યાર સુધીમાં તેણે તેમજ તેના પિતાએ જે અઢલક ધન મેળવ્યું હતું તે આવાં નીચ કર્મ કરીનેજ મેળવ્યું હોવું જોઇએ એવી હવે મ્હારી પૂર્ણ ખાત્રી થઇ. તેની એવી લોભી વૃત્તિની શિક્ષા માટે મ્હેં મ્હારા એક સરદાર નુરૂદ્દિન કુલિને એક ઉંટ લાવવાનો હુકમ ફરમાવ્યો. તેણે ઉંટ લાવી હાજર કર્યું. મ્હેં નુરૂદ્દિન કુલિને તહસીલદાર સ્હામું આંગળી બતાવી કહ્યું કે: "આ ઉત્તમ પોષાકમાં સજ્જ થઇ આવેલું શરીર અને મૂલ્યવાન મુક્તામાળાથી શોભી રહેલું ગળું એ આપને સ્વાધીન કરૂં છું. એની તમારી

નજરમાં આવે તે વ્યવસ્થા કરો. એ સાંભળી નુરૂદ્દિન કુલિ તેને શહેર બ્હાર પાદરે લઇ ગયો અને એ દુષ્ટ તહસીલદારનું પેટ કાપી ઉંટ સાથે તેની દેહ બાંધી આખા નગરમાં ફેરવ્યું. સાથે સાથે દરેક ચોગાન આગળ ઉંટ ઉભું રાખી એક ડાંડી પીટાવવામાં આવી હતી. તેમાં એવું કહેવામાં આવતું કે: "પ્રજાના સુખ માટે શહેનશાહ જહાંગીરે આજ ચૌદ વર્ષથી "જેકત" નામનો કર Tax માફ કર્યો છે. જે કોઇ પણ વ્યક્તિ તેના પુનઃ પ્રચાર માટે જરા પણ યત્ન કરી પિતા તૂલ્ય શહેનશાહના નામને તથા તેમના ફરમાનને કલંકિત કરવા જરા સરખી પણ ઇચ્છા પ્રદર્શિત કરશે તેને આવી શિક્ષા કરવામાં આવશે. જો કોઈ પણ મનુષ્ય, પ્રજા પર અત્યાચાર કરી શહેનશાહના પવિત્ર ફરમાનનું અપમાન કરતું જાણવામાં આવશે તેને તેનાં એવાં કાર્ય માટે ભયંકર શિક્ષા થશે. માટે એવું કાર્ય કરતાં અગાઉ આ દ્રષ્ટાંત સ્મરણમાં રાખવું."

મ્હને હવે સંતોષ થાય છે કે: એવા નરાધમ સ્વાર્થ સાધુ મનુષ્યો દિવસે દિવસે રાજ્યમાં ઘણાજ ઓછા જણાય છે. એવા કેટલાકના સમાગમમાં હું આવ્યો છું કે જેઓ પોતાનો સ્વાર્થ સાધવા મ્હને ગમે તેવું ઉંધું ચત્તુ સમજાવવાની હિંમત કરે છે. કેટલાક તો એટલે સુધી ડાહ્યા થઇ આવે છે કે: મ્હારા સામ્રાજ્યની આવકની ખોટ તેમનાથી ખમી શકાતી ન હોય અને તેથી તેમનું હૃદય દગ્ધ થતું હોય તેવો ઢોંગ કરી બીજાને કષ્ટ આપી મ્હને તેમના પાપના ભાગીદાર બનાવવા ઇચ્છા કરે છે! એવાં અન્યાયી આચરણથી તે ઇશ્વિર શું મ્હને યોગ્ય શિક્ષા નહિ આપે? દુષ્ટ મનુષ્યોનું એવું આડંબરયુક્ત કર્મ જાણે છુપાવી શકાશે એમ તેઓ ધારે છે. તેઓ જાણતા નથી કે જગત્માં છેવટે સત્યનોજ પ્રકાશ દેખાય છે. ધર્મ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે: "ફળાફળની ચિંતા ઇશ્વિરને અર્પણ કરીને તમે ફક્ત મનુષ્યના પ્રતિપાલક થાઓ." આ બન્ને ગુણો ધારણ કરવા એ સંસારમાં ઘણુંજ કઠિન કાર્ય છે. અલેકઝાન્ડર જેવો મહાન રાજા પણ એ કઠિણ વ્રતનું પાલન કરવા અશક્ત નિવડયો છે. શાસ્ત્રમાં એક સ્થળે એવો ઉલ્લેખ મ્હારા વાંચવામાં આવ્યો છે કે, "પાર્થિવ જીવનનો અહંકાર ત્યાગ

કર ! એજ જ્ઞાનનું મુખ્ય દ્વાર સ્વરૂપ છે. તમારા પોતાના આત્મા-સંબંધી જ્ઞાન પામ કરો. ક્ષણુ સ્થાયી જીવનનો સદ્દ્વ્યવહાર કરો. તમારી શક્તિને નિદ્રાવશ રાખશો નહિ. તમારામાં રહેલી અનંત શક્તિને ખિલવવાનો હમેશાં પ્રયત્ન કરો ! તમારા સૃજનહારની ઇચ્છા પ્રમાણે તમારો સમય વ્યતીત કરો. પારકાનું કલ્યાણ અને ખરેખરી દયા એજ જીવનના મુખ્ય વિષયો છે. તમારામાં જો એ ગુણો નહિ હોય તો તમારામાં ખરૂં મનુષ્યત્વ નથી અને તમે માત્ર મનુષ્ય રૂપે પત્થરની મૂર્ત્તિ જેવાજ છો. અને એટલું પણ કહેવું પડશે કે, તમે વિજ્ઞાન વિધિના એક સોમા ભાગ જેટલું પણ કાર્ય કરવા સમર્થ નથી. દર્શન શાસ્ત્રનું અધ્યયન કરતી સમયે જો તમે માનવ જાતિ પ્રતિનું કર્ત્તવ્ય ચુકશો તો તમારૂં તે સઘળું જ્ઞાન વૃથા સમજવું. ઘણોજ પરિશ્રમ અને વ્યાપારને અંતે મનુષ્ય કીર્ત્તિ પ્રાપ્ત કરે છે. ઇંદ્રિયને વશ થઈ જશો તો તમે ધર્મજ્ઞાન શી રીતે પ્રાપ્ત કરી શકશો ? જો કદાપિ તમારે અનંત સુખનો અમૃતમય સ્વાદ લેવો હોય તો તમારામાં રહેલી અનંત શક્તિની મર્યાદા પ્રાપ્ત કરો એજ ખરૂં તત્વ છે."

પ્રકરણ ૬૦ મું.

ખુરમનું લાહોર શહેરમાં આગમન.

ઉપર કથિત ઉદ્યાનમાં એક અઠવાડીયું નાના પ્રકારના આનંદમાં વ્યતીત કર્યા પછી મ્હેં ખોજા-ઉ-ઇસ્તિને બોલાવવા માણુસ મોકલ્યું. તે મ્હારી સન્મુખ આવી નમન કરી ઉભો રહ્યો. મ્હેં તેને એક ઉત્તમ પોષાક તથા ત્રિશ હજાર રૂપિયા ભેટ દાખલ આપ્યા. ત્યાર પછી સરહિંદનો ત્યાગ કરી મ્હેં કાશ્મીર તરફ યાત્રા શરૂ કરી. કાશ્મીરનું નૈસર્ગિક સૌંદર્ય જોવાની ઘણા દિવસથી મ્હને ઉત્કંઠા હતી. સરહિંદથી મુકામ ઉઠાવી જતાં યુવરાજ ખુરમે લાહોર જોવાની પોતાની ઇચ્છા બતાવી. તેથી મ્હેં તેને લાહોર જવા દશ દિવસની રજા આપી. રાજપુત્ર ખુરમ

લાહોરમાં આવે છે તે જાણી ત્યાંની પ્રજાને અત્યંત આનંદ થયો. તેમણે ખુરમને માન આપવા અપૂર્વ તૈયારી કરી. મ્હેં ખુરમનો સત્કાર કરવા, લાહોરથી બસેં સુસાજસજ્જિત ઉંટ, પાંચસો અશ્વો અને પુષ્કળ સૈન્ય મોકલાવ્યું હતું. એ ઉપરાંત ઉત્તમ મોતી, અને હીરા જડિત અમૂલ્ય પોષાક પણ મોકલાવ્યા હતા. તે સાથે મ્હેં કહાવ્યું હતું કે: "જે વખતે તમે શહેરમાંથી પસાર થાવ તે વખતે રસ્તામાં ઉભેલા ગરીબ તેમજ અનાથોને મોતી અને રૂપિયાનું દાન કરતા જજો." એવું દાન કરવા માટે મ્હેં દશ લાખ રૂપિયા અને સોળ લાખ સોનાનાણું મોકલાવી આપ્યું હતું. લાહોરમાં ખુરમની સ્વારી જોવા દબદબા અને ઠાઠમાઠથી નીકળી હતી તેવી હજી સુધી અન્યત્ર નીકળી નથી. લાહોર નજીક આલમગંજ નામનું એક શહેર છે ત્યાં ખુરમને પ્રથમ ઉતરવાની વ્યવસ્થા લાહોરની પ્રજાએ કરી હતી. આલમગંજથી લાહોરના દરવાજા સુધીનો રસ્તો રંગબેરંગી ધજા વાવટાથી શણગારવામાં આવ્યો હતો. થોડે થોડે અંતરે રસ્તાઓ પર સુંદર અને મનોહર ચિત્રોથી ચિત્રિ કમાનો ગોઠવવામાં આવી હતી. દરેક સ્થળે અને દુકાનોએ તેમજ બંગલા અને મહાલયો પર પુર ભપકાથી રોશની કરવામાં આવી હતી. નગર બહાર તેમજ અંદર સુવર્ણ રંગથી ચિત્રિત સુંદર સેત્રંજીઓ બિછાવી દેવામાં આવી હતી. શહેરથી ચાર ગાઉ સુધીનો રસ્તો સાફ કરી ત્યાં પણ ઉંચી જાતની જાજમો પથરાવી દીધી હતી. જ્યારે મહાન ઠાઠથી સ્વારી નીકળી ત્યારે સર્વથી અગાડી પચાસ માણસો મધુર વાજાં વગાડતા હતા. તેમની પાછળ સુવર્ણ અલંકારથી સજ્જ કરેલા તથા સુવર્ણની અંબાડી ચઢાવેલા ત્રીશ હાથી હતા. એ હાથીને ઘણીજ સુંદર રીતે ચિતરવામાં આવ્યા હતા. તેમની પાછળ ઉત્તમ રીતે સુસજ્જ કરેલા ઉત્તમ પ્રકારના પંદરસો અશ્વો હતા. એ બધાની પાછળ એક અતિ ઉચ્ચ અને મદોન્મત્ત હાથી પર સોનાની અંબાડીમાં શાહજાદો ખુરમ બેઠો હતો. તેની સાથે તેના કેટલાક અંગરક્ષકો હતા. તેની પાછળ વિશ હજાર અશ્વારોહી સૈન્ય અને તેની પાછળ ભિન્ન ભિન્ન જાતનાં વાજીંત્ર વગાડનારા હતા. આગળ અને પાછળ ડંકા, નિશાન, નોબત ઇત્યાદિકના અવાજથી ગગન

મંડળ કંપી ઉઠતું હતું. લાહોરના દરેકે દરેક મનુષ્ય ઉપર આનંદની છાયા છવાઈ રહી હતી. બંગલા અને મહેલની બારીમાંથી લોકો શાહજાદા ખુરમને આનંદપૂર્વક નિહાળતા હતા. અગાસી, ઝરૂખાં અને છાપરા પર પણ ટોળાબંધ માણુસો શાહજાદા ખુરમને માન આપવા ચઢીને બેઠાં હતાં. લાહોરની પ્રજાએ ખુરમનો સત્કાર કરવા પાછળ હજારો રૂપિયાનો ખરચ કર્યો હતો. ખુરમે લાહોરમાં બીજે દિવસે એક મોટો દરબાર ભરી શહેરના કેટલાક પ્રતિષ્ઠિત લોકોને તેમની યોગ્યતાનુસાર કેટલાક ખિતાબો તેમજ ઉમદા બક્ષિસો ભેટ આપી. પ્રજાએ પણ ખુરમને અતિ મૂલ્યવાન અને સુંદર સુંદર વસ્તુઓ ભેટ કરી. દરબાર ખલાસ થયા પછી રાવી નદીના તીર પર ખુરમને તેને માટે ખાસ બંધાવેલા મંડપમાં લઈ ગયા. એ દિવસે ખુરમે ગરીબ અને અનાથોને ઉત્તમ પ્રકારનું ભોજન તેમજ કરોડો રૂપિયાનું દાન આપી તેમના આત્માને સંતુષ્ટ કર્યા હતા. એ સ્થળે તેણે ત્રણ દિવસ આનંદમાં વિતાડયા. તેની માંગેલી દશ દિવસની રજા પુરી થતી હોવાથી મ્હને તે હસન અબદાલ આગળ આવી મળ્યો. મ્હારી સન્મુખ આવી મ્હને કુર્નિસ કરી વિશ લાખ રૂપિયાના કિંમતી રત્નાલંકાર, ત્રણુસેં અરબસ્તાની મૂલ્યવાન અશ્વ, એક હજાર ઉંટ અને પાંચ સુંદર હાથી નજરાણા તરીકે આપ્યા. તેના બદલામાં મ્હેં તેને પિસતાળીશ હજાર સૈન્યની સરદારી અને અડતાળીશ લક્ષ રૂપિયાની એક કિમતી મોતીની માળા ભેટ આપ્યાં.

પ્રકરણ ૬૧ મું.

એક દુઃખકારક પ્રસંગ.

હસન અબદાલથી જે દિવસે મુસાફરી ચાલુ કરવાનો મ્હેં હુકમ ફરમાવ્યો તે દિવસે પુષ્કળ વૃષ્ટિ થઇ. ત્રણ દિવસ તેમજ ત્રણ રાત્રિ પર્યંત મુસળધાર વર્ષાદ ચાલુ રહ્યો. અમે કાલાનુર નજીક આવી પહોંચ્યા ત્યારે વૃષ્ટિ જરા બંધ પડી, પણ નદીમાં પુષ્કળ પૂર આવેલું

હોવાથી નદી પાર જવાનું કાર્ય અમને ઘણુંજ કઠિન લાગ્યું. નદીમાં પૂર ઓછું થતાં સુધી કાંઠા પરજ મુકામ રાખવાનો અમે વિચાર કર્યો. એમ છતાં જે લોકો મોટા હાથી પર સ્વાર થયા હતા તેઓએ કેટલાક રત્નાલંકાર ઇત્યાદિક દ્રવ્ય લઈ સામે કાંઠે જવા પ્રયત્ન કર્યો. જેઓ તેજસ્વી અશ્વ પર સ્વાર થયા હતા તેઓએ પણ તેમ કરવા હિંમત ધરી. હજારો મનુષ્યોએ નદીના વહેતા વેગમાં ઝપલાવ્યું. એ બધા સાથે સામે કાંઠે જવામાં મિરજા રૂસ્તમનો પુત્ર પણ હતો. તે નદીમાં પ્રબળ વેગવાળી જગ્યાએ પડી તણાઇ ગયો ! તે તરવાનું જાણતો નહોતો. તેની ઉમર ઘણીજ થોડી હતી. તે કિશોર અવસ્થામાંથી યુવાનીના વહેળામાં આવી પહોંચ્યો હતો. જ્યારે તે અશ્વારૂઢ થઇ નદીમાં પડયો ત્યારે તેની સાથે તેના બીજા દશ અનુચરો હતા. પણ જે સ્થળેથી નદીના સામે કાંઠે જવાનો વેગ ઓછો હતો ત્યાંથી નહિ જતાં જ્યાં જળનો વેગ ગમે તેવો જબર હાથી ખેંચી જતો તેવે સ્થળે તે પડયો. નદીના મધ્ય ભાગ સુધી તો તે પૂર્ણ જોશથી અને હોંશીયારીથી જઇ પહોંચ્યો પણ મધ્યમાં આવતાંજ પાણીનો પ્રચંડ વેગ તેના અશ્વથી ખાળી શકાયો નહિ. તે અશ્વ પરથી ગબડી પડયો, અને જોત જોતામાં તે તેમજ તેનો અશ્વ જળમાં કોણ જાણે કયાંએ અદ્રશ્ય થઇ ગયા ! તેના અંગ રક્ષકોએ તેની તપાસ કરવામાં એજ સ્થળે પ્રાણ ગુમાવ્યા. કુદરતના પ્રબળ વેગ આગળ મનુષ્યનું ચાતુર્ય કેટલી વાર ટકી શકે ? નદીનો પ્રવાહ એટલા જોસથી વહેતો હતો કે ગમે તેવો ઉત્તમ તરનાર પણ પોતાના પ્રાણ બચાવી શકવા અસમર્થ નિવડે.

એ શોકકારક સમાચાર જાણ્યાથી મ્હને અતિશય દુ:ખ થયું. તે દિવસે રાત્રિએ મ્હને નિદ્રા આવી નહિ, અને અન્ન કે જળ પણ લીધાં નહિ. કોઇ સાથે વાતચિત કરવામાં પણ આનંદ મળતો નહિ. એ બાળક પર મ્હારો અત્યંત સ્નેહ હતો. જ્યારે હું હાથી પર સ્વાર થઈ ફરવા જતો ત્યારે એ બાળક મ્હારી સાથે બેસતો અને પોતે અંકુશ લઇ એક બાહોશ માવતની પેઠે હાથીને ચલાવતો હતો. તેની વયના પ્રમાણમાં તેનામાં ઉત્તમ ગુણો અધિક પ્રમાણમાં ખીલી નીકળ્યા

હતા. ૭ માસ પહેલાં મ્હેં તેનો વિવાહ ઇતિમાદ-ઉદ્-દૌલાની એક કન્યા સાથે કર્યો હતો. લગ્ન સમયે મ્હેં તેને એક કરોડ એંસી લાખ રૂપિયા ભેટ આપ્યા હતા. તેના સર્વ પરિવાર કરતાં તેની પ્રકૃતિ જુદાજ પ્રકારની હતી. તેના મુખપરનું ઓજસ્ તેને ભવિષ્યમાં ફળનારી મહાન આશાઓ બતાવી આપતું હતું. તેની તેજસ્વિ મોટી આંખો તે ભવિષ્યમાં એક મહાન બુદ્ધિશાળી વ્યક્તિ નિવડશે એવું જણાવતી હતી. ખરેખર! તેનો વિનય, તેનામાં રહેલા ઉત્તમ ગુણો અને તેની એટલી ઉમ્મરમાં બોલવા ચાલવાની છટા જોઇ હું મુગ્ધ થઇ ગયો હતો. તેને મ્હારા એક પુત્ર તુલ્ય ગણતો હતો. જળના પ્રબળ પ્રવાહમાં તેને પડતો નહિ અટકાવવા માટે મ્હેં તેના પિતાને સખ્ત શબ્દોમાં ઠપકો દીધો. તેણે મ્હને કાંઈ પણ ઉત્તર આપ્યો નહિ, કારણ તેનેજ બિચારાને એ બાબતથી કેટલો આઘાત થયો હશે તે હું સારી રીતે સમજતો હતો. તેની પાસે જે સો હાથી હતા તે બધા સાથે તેને સામે પાર જવાનું હતું, પણ એ બધા વિચારો કરવાથી હવે શો ફાયદો થવાનો છે? એવા નિર્દોષ અને પવિત્ર બાળકનું બલિ લેવાની અદૃષ્ટ સત્તાને દુષ્ટ વાંચ્છના કેમ થઇ હશે? ખરેખર! બાળક એક બીજા જોસફ જેવોજ હતો. તેના મરણથી મ્હને જે દુઃખ થયું છે તેવું હજી સુધી મ્હને બીજા કોઇ પણ કારણથી થયું નથી. હું મ્હારા હૃદયને થયેલી વેદના લેખિની દ્વારા બહાર પાડી કાંઇક શાંત્તિ મેળવીશ.

“હે વત્સ! ત્હારૂં ગુલાબના પુષ્પ જેવું વદન મંડળ અદૃશ્ય થવાથી મ્હને કેટલી ગંભીર વેદના થાય છે તેનો વિચાર હવે તને ક્યાંથી આવી શકશે? ત્હારૂં સૃષ્ટિમાંથી અદૃશ્ય થવું એ મ્હારા હૃદયને હજારો કાંટાની પેઠે વિંધે છે! મ્હારા પ્યારા બાળક! જ્યારે તું આ સૃષ્ટિમાં હતો ત્યારે તને જોઇ આ પૃથ્વી મ્હને સુંદર પુષ્પોદ્યાનની પેઠે હાસ્ય ભરિત અને પ્રીતિકર લાગતી હતી, પરંતુ તારો નાશ થવાથી મ્હારા હૃદયમાંનાં રક્તવર્ણના પુષ્પમાંથી રક્તબિંદુ પડે છે! તારૂં ગુલાબી મુખ અને તારા સુંદર અશ્રુપૂર્ણ નયનોનું તેજ મ્હારી સામેથી હવે શાને માટે સંતાઈ ગયાં છે! ત્હારા સંબંધથી મ્હને જે સુખ અને શાંતિ મળતાં હતાં તે સુખ અને

આનંદ ત્હારા વિયોગથી અત્યારે મ્હને અત્યંત દુઃખ અને વેદના આપી રહ્યાં છે. હે પ્રિય ! મ્હારો આવો સંબંધ છોડી તું કયા અંતરીક્ષ સ્થાનમાં સંતાઇ ગયો છે ? અરેરે ! સામ્રાજ્યની મહાન ચિંતામાં મ્હારા વિશ્રામરૂપ હવે બીજું કોણુ થશે ? મ્હારા હૃદયમાંથી અશ્રુ જળનાં બિંદુઓ ઝરી રહ્યાં છે. મ્હારા પ્રિય ! અદ્રષ્ટે તને મૃત્યુરૂપી બાણુથી વિંધ્યો છે, તેજ પ્રમાણે મ્હને પણુ અક્ષત રાખ્યો નથી. ક્રુરકાળ ! કોઇની પ્રીતિપાત્ર વસ્તુનો સમય આવતાં પહેલાં છેદ કરવો એમાં શું તું ત્હારૂં ભૂષણુ સમજે છે ? આ પૃથ્વીના ઉદ્યાનમાં તારા જેવું મુગ્ધકર ગુલાબ પુષ્પ મ્હને ક્યાંથી મળશે ? ખરેખર ! દુઃખનું મૂળ પ્રીતિ છે એ સત્ય છે. પ્રીતિનાં બંધનો બંધાતાં જેટલો વખત થાય છે તેનો અર્ધો વખત પણુ તે તુટતાં થતો નથી. મધુરી સુગંધ આપનાર ગુલાબ ! કયી નિર્દય અને અન્યાયી સત્તાએ તારા કોમળ પત્રોને ચુંટી લીધાં ? વસંત ઋતુ આવી પહોંચી છે. દરેક ઉદ્યાનમાં ગુલાબનાં પુષ્પો પૂર્ણુ રીતે ખીલી નીકળ્યાં છે, પણુ મ્હારા ભાગ્યમાં તો કેવળ યાતના અને વેદનાજ રહી ! તારી મનોહર અને આનંદી પ્રતિમા મ્હારા હૃદયમાં સદા માટે અંકિત થઈ રહેશે. હાય ! તારા જીવનનું હજી તો માત્ર અંકુરજ ફુટયું હતું, તે ફળ ફૂલથી સુશોભિત થતા પહેલાંજ મૃત્યુના ભીષણુ ઝાપટાથી ખરી પડયું ! અકાળે કરમાઇ ગયું ! હાય ! ત્હારૂં ઉગતું મધુરૂં યૌવન, દરેકને પ્રીતિ ઉત્પન્ન કરાવનારૂં તારૂં સૌંદર્ય, સદાના અંધકારના પડદામાં લીન થઈ ગયું ! પ્રિય વત્સ ! હું શું કરૂં ? મ્હારી સત્તા જ્યાં નથી ત્યાં તને હજારો શાન્તિ હજો, એટલુંજ કહી મૌન્ય રહું છું.”

હવે એ શોકકારક અને હૃદય વિદારક વાર્તા હું અધિક લખી શકતો નથી. નદીમાંથી એ બાળકના મૃતક દેહને શોધી કાઢવાને મ્હેં હજાર બાહોશ તરનારાઓને મોકલ્યા, પણુ તેમના પ્રયત્નો વ્યર્થ ગયા. તેના મૃતક દેહનું શું થયું તે પણુ જાણુવામાં આવ્યું નહિ. એ નદીમાં એકજ આવી દુર્ઘટ બીના બની એમ નથી, પણુ જળના પ્રચંડ પૂરમાં ઝપલાવવાનું સાહસ કરવાથી પચાશ હજાર લોકના જીવ નાશ થઇ ગયા હતા. નદી તટે એટલી બધી ટાઢ હતી કેઃ રસાલા સાથે જે દશ હજાર હાથી, ઉંટ અને અશ્વે

હતા તેમનો પણ નાશ થયો. હજારો મનુષ્યોના વિના કારણે પ્રાણ ગયા. એ પ્રમાણે લાખો–કરોડોનું નુકસાન ખમવું પડયું. એ બનાવમાં પણ ઇશ્વરનો કાંઇક હેતુ સમાયલો હશે એમ જાણીનેજ હું સંતોષ માનું છું. વખત ગ્રીષ્મ ઋતુનો હોવા છતાં ટાઢ અને બરફથી હજારો મનુષ્ય અને જાનવરોના પ્રાણ ગયા. મ્હારી સાથે જેટલા જેટલા વૃદ્ધ પુરૂષો હતા તે બધાનું પણ એમ કહેવું હતું કે આટલી ઉમ્મરમાં હજી સુધી તેઓએ આવી ટાઢ કે બરફ પડતાં જોયા નથી !

પ્રકરણ ૬૩ મું.

જહાંગીરશાહની ન્યાયપ્રિયતા.

શાહેનશાહ જહાંગીરની ન્યાયપ્રિયતા સંબંધી અનેક દ્રષ્ટાંતો તેમના સ્વલિખિત જીવન વૃતમાંથી મળે છે, પણ આ સ્થળે એક ઉત્તમ દ્રષ્ટાંત લખવામાં આવે છે. એક દિવસ સાયંકાળને સમયે તેમની માનીતી બેગમ નૂરજહાં આગ્રાના રાજમહેલમાં વાયુ સેવન કરતી હતી. સૂર્ય દેવતા અસ્ત થવાની તૈયારીમાં હતા. વૃક્ષ લતા અને પુષ્પોમાંથી સુંદર સુગંધ લઇ પવન દેવ નૂરજહાં બેગમના મસ્તકને તૃપ્ત કરતો હતો. બેગમ સાહેબા ઉચ્ચ અગાશીમાં ઉભી ઉભી આમતેમ જોતી હતી. એટલામાં એકાએક યમુનાને સ્હામે પાર તેની દ્રષ્ટિ ગઇ. ત્યાં તેને કંઈ સફેદ પશુ જેવું જણાયું. બેગમ સાહેબા બંદુકનું નિશાન તાકવામાં બહુ કુશળ ગણાતી હતી. તેણે ઘણી વખત શિકારમાં વિક્રાળ વાઘના શિકાર કર્યા હતા. આજે તેને ઇચ્છા થઇ કે, આટલે બધે વેગળેથી શિકાર થઇ શકે છે કે નહિ તેની પરીક્ષા કરવી. બેગમે હાથમાં બંદુક લીધી અને સ્હામે પાર જણાતા સફેદ પશુ તરફ નેમ તાકી ગોળી છોડી. થોડી વારમાંજ સફેદ રંગનું પશુ આડુ પડી ગયેલું જણાયું. એટલે તેના આનંદનો પાર રહ્યો નહિ. તેણે જાણી લીધું કે, શિકાર થઇ ગયો છે. ત્યાર પછી તેણે તે તરફ દરકાર કરી નહિ. સાયંકાળ થઇ ગયો હતો. અંધારૂં સર્વત્ર પ્રસરી ગયું હતું. તેથી બેગમ

સાહેબા અગાશીમાંથી ઉતરી ગૃહકાર્યમાં રોકાઇ.

બેગમ સાહેબાએ શિકાર તો કર્યો પરંતુ તે કઇ જાતનું પશુ હતું તેની તેને ખબર રહી નહિ. તે ચાર પગુ પશુ હતું કે બે પગુ તેની તેણે ખબર પણ કાઢી નહિ. એ સફેદ રંગે જણાતું પશુ થોડી વાર પહેલાં ઉભું જણાતું હતું અને બંદુકની ગોળી વાગ્યા પછી આડુ પડી ગયેલું જણાયું પણ તે શું છે એ જાણવાની તેણે યત્કિંચિદ્ પણ દરકાર કરી નહિ. વાંચક ! એ સફેદ રંગનું કોઇ પશુ નહોતું પણ એક ગરીબ નિર્દોષ ધોબી યમુના કિનારે ઉભો ઉભો લુગડાં ધોતો હતો. તેણે સફેદ વસ્ત્ર પહેરેલું હોવાથી ઘણે વેગળેથી તે સફેદ જણાતો હતો. કિનારાથી થોડે છેટે એક વટવૃક્ષ નીચે તેની પત્ની–ધોબણ–બેઠી હતી. તે ધોયેલાં વસ્ત્રો સુકવતી અને સુકાયલાં વસ્ત્રોની ગડીઓ વાળી ઢગલો કરતી હતી. વૃક્ષની એક ડાળી સાથે ઝોળી બાંધી તેમાં પોતાનું પ્રિય બાળક સુવાડયું હતું. અત્યારે તેણે વૃક્ષ નીચેજ જાણે પોતાનું ઘર બનાવ્યું હોય તેમ ઈંટોનો ચુલો, ચલમ, હુક્કો, એક બે વાસણો વગેરે આમતેમ પડયાં હતાં. તે ઘડીકમાં વસ્ત્રો સુકવતી, ઘડીકમાં સુકાયલાં વસ્ત્રોની ગડીઓ વાળતી, ઘડીકમાં નદી કિનારે જઇ પતિ દેવે ધોયેલાં વસ્ત્રો નીચોવી પાછી વૃક્ષ આગળ આવી તેને સુકવતી, ઘડીકમાં કેડે હાથ દઇ પતિની પાસે ઉભી ઉભી વાતો કરી બે નેત્ર કટાક્ષ કરતી, ઘડીકમાં વૃક્ષની ડાળે બાંધેલી ઝોળીમાં સુતેલા બાળકને હિંચકા નાંખતી કિંવા તે રડતું તો તેને સ્તનપાન કરાવતી, અને ઘડીકમાં પિત્તળના દાબડામાં ઘાલી લાવેલા રોટલા અને કઢી લઇ ખાવા બેસતી તેમજ કિનારે જઈ પતિ દેવને બોલાવી લાવી વૃક્ષને છાંયડે બેસાડી, પોતે તેની સ્હામા બેસી હાસ્ય ભરિત વદને તેને ખવાડતી. તે ગમે તે કાર્ય કરતી તો પણ બે વિષય તરફ તેનું લક્ષ્ય બરાબર રહેતું. તેનાં ચપળ નેત્રો વારંવાર વૃક્ષે બાંધેલી ઝોળી તરફ અને કિનારે વસ્ત્રો ધોતા પતિરાજ તરફ ફરતાં જ રહેતાં. કોઇક વખત તે નદીમાં વિચરતી નૌકાઓ તરફ અને કોઇક વખત સ્હામે પાર આવેલા શહેર, મહેલ અને અટ્ટાલિકાઓ તરફ પણ જરા દ્રષ્ટિપાત કરી લેતી.

નદિને સ્હામે કિનારેથી બંદુક ફુટી તે ધોબણે જાણ્યું. ત્યાર પછી

પતિરાજને એકાએક ધડાક દઇને જળમાં ગબડી પડતાં દીઠો. આ સમયે તે વૃક્ષ નીચે બેસી બાળકને સ્તનપાન કરાવતી હતી. પતિની એવી સ્થિતિ જોઇ તેણે બાળકને પૃથ્વી પર પડતું મૂકી દીધું અને ઉતાવળે પગલે કિનારા તરફ દોડી. ત્યાં જઇ જોતાં જણાયું કે તેનો પતિ જળમાં પડયો છે. નદીનું જળ તેના લોહીથી લાલ રંગનું થઇ ગયું છે. ધોબણે ધડકતે હૃદયે, રડતે નેત્રે પતિને જળમાંથી ઉંચકી બહાર કાઢયો. શરીરે તપાસતાં માથામાં બંદુકની ગોળી વાગેલી જણાઇ. ત્યાંથીજ ધડ્ ધડ્ લોહી નીકળતું જણાયું. તે સમયે તેના રડવાનો પાર ન હતો. ગરીબ મનુષ્યોને પતિ પત્નિ કે સંતતિ ઉપર વિશેષ પ્રેમ હોય છે. ધોબણ પતિને અતિશય વ્હાલી હતી. ધોબીએ પણ તેને કોઇ દિવસ દુભવી નહોતી. બન્નેમાં અતિશય પ્રેમ હતો. તે અત્યારે કરૂણાજનક વિલાપ કરી રડવા અને છાતી માથાં કુટવા લાગી. પાસેના ખેડુતો દોડી આવ્યા. તેમણે ગામમાં જઇ અન્ય ધોબીઓને ખબર આપી. અન્ય ધોબીઓના આવ્યા પછી મૃતક ધોબીના શબને અગ્નિ સંસ્કાર થયો.

ધોબીઓને તપાસ કરતાં જણાયું કેઃ આગ્રાના રાજ મહેલમાંથી બેગમ નૂરજહાંએ બંદુક ફોડી શિકાર કર્યો હતો તેથી ધોબીનો જીવ ગયો. શહેનશાહ જહાંગીરના અદલ ન્યાય સંબંધી ધોબણ જાણતી હતી. તેણે રાજમહાલય આગળ જઇ શહેનશાહનો સાક્ષાત્કાર કરવાનો લાગ શોધ્યો પરંતુ રાજમહાલય આગળ પહેરો ભરતા સિપાહીઓ તેને ન્યાયની સાંકળનો સ્પર્શ કરવા દેતા નહોતા. તેઓ જાણી ગયા હતા કે ધોબણ બેગમ સાહેબા વિરૂદ્ધ ફરીઆદ કરવા આવી છે. બેગમ સાહેબાને પણ એ ખબર થઇ ગઇ હતી, ત્યારથી તે બહુ ભય પામતી હતી અને શહેનશાહને એ વાતની ખબર ન થાય એવી તજવીજ કરતી હતી. તે શહેનશાહના સ્વભાવથી વાકેફગાર હતી તેથી તેને વિશેષ ભય લાગતો હતો. ધોબણે રાજમહેલ આગળ ઘણા દિવસ પર્યંત ધક્કા ખાધા પરંતુ તેનો પત્તો લાગ્યો નહિ.

એક દિવસ મધ્યાહ્‌ને પહેરો ભરતો સિપાહી દરવાજાની કમાનમાં આડો ઉભો રહી ચલમ પીતો હતો તે સમયનો લાભ લઇ ધોબણ બીજે રસ્તે થઇને દરવાજામાં પેસી ગઈ. શહેનશાહ બપોરનું ભોજન લેવા બેઠા

હતા. એજ સમયે ધોબણે ન્યાયનો ઘંટ વગાડયો. તે એટલા જોરથી વગાડયો કે જેથી શહેનશાહે એ ફરીઆદીને એકદમ રાજમહેલમાં બોલાવ-વાની આજ્ઞા આપી. સિપાહી ધોબણને રાજમહેલમાં લઇ ગયો. શહેનશાહે જમી પરવાર્યા, પછી તુરતજ તેની મુલાકાત લીધી. ધોબણે રડતાં કકળતાં અને છાતીમાથાં કુટતાં પોતાના પતિના મૃત્યુની હકીગત કહી સંભળાવી, અને કેડમાંનું નાવારસ બાળક શહેનશાહના પગ આગળ મૂક્યું. તેણે પોતાની ગરીબાઇનું વર્ણન કર્યું અને તે સાથે પતિ ઉપરનો પ્રેમ તથા તેના મરણથી થયેલું નુકશાન પણ કહી સંભળાવ્યું. એ સાંભળી શહેનશાહના ન્યાયી અને દયાળુ હૃદયમાં ન્યાય અને દયાનો સંચાર થયો. તેમણે તેને એક કોથળી મહોરોની અર્પણ કરતાં કહ્યું કે: “ આવતી કાલે સવારે દરબાર ભરાશે. ત્યાં આવી તું ત્હારી ફરીઆદ મ્હને કહેજે. ત્યાં નુરજહાંનો ઇન્સાફ થશે. ત્હારા અને ત્હારા બાળકના પાલણ પોષણ માટે દર વર્ષે એકસો મહોરો તને મળ્યા કરશે. ” ધોબણે ફરીઆદ કરી ત્યારે તેને મહોરો મળી અને પાલન પોષ-ણનો બંદોબસ્ત થયો પરંતુ તેનું અમુલ્ય હૃદય ધન તેને પુનઃ મળ્યું નહિ! ગરીબનું ખરૂં ધન તો તેજ હતું. તેમ છતાં ગરીબ તે ગરીબજ! તેણે અઢળક ધન ખોયું હતું તેના બદલામાં તેને જે કંઇ મળ્યું તેટલાથી તેને સંતોષ માનવાની ફરજ પડી!

બીજે દિવસે પ્રાતઃકાળમાં દરબાર ભરાયો. શહેરના મ્હોટા મ્હોટા અમીર, ઉમરાવો, અને નાગરિક જનોને આમંત્રણ થયાં હોવાથી તેઓ પણ પધાર્યા હતા. એક તરફ પડદામાં જનાનખાનાની બેગમો અને અન્ય કુલિન સ્ત્રીઓ પણ બેઠી હતી. દરબાર ગૃહ ચિકાર ભરાઇ ગયું હતું. સર્વે જાણી ગયાં હતાં કે, આજે નુરજહાં બેગમનો ઇન્સાફ થવાનો છે તેથી પ્રેક્ષકોમાં વિશેષ આતુરતા ઉપજી હતી. દરબાર ગૃહની બહાર પણ શહે-રના લોકોનું મ્હોટું ટોળું ઉભું હતું. થોડી વાર પછી શહેનશાહની સ્વારી આવી પહોંચી. એક તરફ સફેદ વસ્ત્રધારી ધોબણ પોતાના બાળકને લઇ આવી બેઠી છે, તેની સાથે કેટલાક ધોબીઓ પણ આવ્યા છે. સર્વ મનુ-ષ્યોની દ્રષ્ટિ કરૂણ ચ્હેરે બેઠેલી ધોબણ તરફ ચોંટી રહી હતી. કેટલાક તેની

ક્યા ખાતા હતા ત્યારે કેટલાક નુરજહાંને નિર્દોષ જણાવતા હતા. શહેનશાહ આવ્યા પછી સર્વ મનુષ્યો તેમની ક્રોધ ભરેલી મુખમુદ્રા સ્હામું જોઇ રહ્યા છે. ક્ષણ વારમાં શહેનશાહે નુરજહાં બેગમને પડદાની પાસે બોલાવી, અને તેને બંદુક માર્યાનું પૂછ્યું. સર્વ સમક્ષ બેગમે તે વાત કબૂલ કરી. બસ, થયું. અપરાધ સાબિત થયો. શહેનશાહે ધોબણને પોતાની સ્હામુ બોલાવી. તેને શી ખબર કે શા કામ માટે શહેનશાહ તેને ત્યાં બોલાવે છે?

ધોબણ તેમની પાસે આવીને ઉભી એટલે શહેનશાહે ખુરસીનો ત્યાગ કર્યો અને હાથમાં એક બંદુક લઈ ધોબણની પાસે આવ્યા. આ જોઇ સર્વ પ્રેક્ષકોમાં ગભરાટ ફેલાયો. કેટલાક કહેવા લાગ્યા કે: "બસ, હવે ધોબણનું આવી બન્યું! બેગમ સાહેબાની વિરૂદ્ધ તે ફરીઆદ થાય કે? ગમે તેમ પણ તે રાજની માલિક! મૂર્ખ ધોબણ! હવે ત્હારા દહાડા ભરાઇ ચૂક્યા!" વળી કેટલાક બુદ્ધિમાનો કહેવા લાગ્યા કે: "શહેનશાહના જેવો ન્યાય તો ત્રૈલોકમાં મળવો મુશ્કિલ છે. જો જો તો ખરા. હમણાંજ નુરજહાંની છાતીમાં બંદુક મારી તેના પ્રાણ લેશે. ખુનનો બદલો ખુનથી લેવો એવો શહેનશાહનો નિયમજ છે. કાંતો પોતે બેગમને બંદુક મારશે કિંવા ધોબણને હાથે તેનો જીવ લેવાડશે, ગમે તેમ પણ આજે તેઓ પોતાની પ્યારી બેગમનો પ્રાણસંહાર કરાવશે. અરેરે! શહેનશાહને કોણ શિખામણ દે? બેગમ ઉપર દયા કરવાની તેમને કોણ પ્રાર્થના કરે? થવાનું હતું તે થઇ ગયું છે! તેમણે બિચારીએ પશુ જાણીને બંદુક ફોડી હતી. એમાં બેગમ સાહેબનો શો દોષ? એક ધોબી જેવો તુચ્છ માણસ મરી ગયો તેથી સત્યાનાશ શું ગયું? એવાં હલકાં માણસની કિંમત શી? તે જે કાંઈ કમાતો હશે તેના કરતાં તો શહેનશાહે ધોબણને પુષ્કળ ધન આપ્યું છે. તેમ છતાં એ વળી પાછી અહિ ઇન્સાફ માગવા શા માટે આવી? એને કોઇએ સમજાવી કેમ નહિ?"

અમીરોમાં થતી એ વાતચિત સાંભળી એક વૃદ્ધ ગરીબ સામંત ત્યાં બેઠો હતો તેણે કહ્યું: "જનાબે આલિ! ગરીબ હો કે શ્રીમંત પણ સર્વને પોતાનાં મનુષ્યની એક સરખીજ કિંમત હોય છે. શ્રીમંત કરતાં ગરીબોના ઘરમાં પ્રેમની રેલછેલ હોય છે. તેમના ન્હાનકડા ઘરમાં વિલાસ વિભવનાં

સાધનો બહુ ઓછાં હોય છે છતાં એટલામાં તેઓ એક બાદશાહી જેટલું સુખ ભોગવે છે. ગરીબના ઘરમાં જે સુખ અને સંતોષ હોય છે તે મ્હોટા મ્હોટા અમીરોના—અરે! રાજાઓના ઘરમાં પણ હોતાં નથી. વળી તે બધા ઉપરાંત ગરીબોના અંતઃકરણમાં જે પવિત્રતા હોય છે, તેમના મુખ ઉપર જેવું મધુરૂં હાસ્ય ફરકતું જણાય છે અને તેમના મનમાં જે આતિથ્ય સત્કાર હોય છે તેમાંનો એક સોમો ભાગ પણ અમીરોમાં હોવો સંભવિત નથી! જ્યાં લક્ષ્મી દેવીની છોળો ઉછળતી હોય છે ત્યાં માત્ર સ્વાર્થ, શરીર-સુખ અને માન મેળવવાની આકાંક્ષા સિવાય અન્ય શું હોય છે? શ્રીમંતોને ત્યાં એક કરતાં અનેક પત્નીઓ ઘરમાં અથડાતી હોય છે. તેમાંની કોઇને સુખ સંતોષ કે આનંદ ભાગ્યેજ મળે છે. ઘણી ખરી તો કુકર્મો કરતી હોય છે! જ્યારે ગરીબના ઘરમાં જઇને જોશો તો સુકો રોટલો ખાનાર પતિપત્ની વચ્ચે અતિશય પ્રેમ હોય છે! એકથી બીજી સ્ત્રી કરવાને તેમનું અંતઃકરણ ભાગ્યેજ કબૂલ કરશે. ગરીબ પતિ પત્નીનાં નેત્રોમાં નિર્મળ પ્રેમ ફરકતો હોય છે! અને તેઓ ઉભયની ભક્તિમાં તલ્લીન થયાં હોય છે! એક ગરીબડી ધોબણને તેના પતિના મૃત્યુથી કેટલું દુઃખ થયું હશે તેની તમને ક્યાંથી કલ્પના હોય! એતો જ્યારે શ્રીમંતોને અનુભવ થાય ત્યારેજ તેમને ખબર પડે! માત્ર મોઢેથી બોલવું એમાં શું? શાહેન-શાહ તેને થોડુંક ધન આપશે તેથી શું તેના અમૂલ્ય પ્રાણ—ધનનો બદલો મળશે? કદી નહિ. કરોડો રૂપિયા આપવા છતાં કંઇ મૃત મનુષ્ય પાછું મળે છે? ત્યારે હવે એક મનુષ્યની કિંમત તમે કેટલી આંકો છો? મોઢેથી વાતો કરતાં બધાંનેજ આવડે પણ જ્યારે પોતાના ઘરનું કોઇ મનુષ્ય મરણ પામે છે ત્યારેજ શ્રીમંતોને તેની કિંમત જણાય છે! સાહેબ! ગરીબોની દયા અને કિંમત નહિ જાણવામાં આવે ત્યાં સુધી જગતમાં સ્વર્ગનું સુખ નહિ મળે એ પણ નક્કીજ."

આ પ્રમાણે વાતચિત થતી હતી એટલામાં શાહેનશાહે ઉચ્ચ સ્વરે કહ્યું: "મ્હારા અમીરો અને સરદારો! મ્હારી વહાલી બેગમ નૂરજહાંએ થોડા દિવસ પર સંધ્યા સમયે અજાણતાં બંદુક ફોડી હતી. તેમ કરવાથી

યમુનાને પેલે તટે વસ્ત્રો ધોતા એક ધોબીને ગોળી વાગી અને તેના પ્રાણ ગયા છે. જો કે એમ કરવામાં બેગમનો સંપૂર્ણ અપરાધ નથી તો પણ તેમણે જનસમૂહમાં શિકાર કર્યો તે માટે ધોબીના મરણનો અપરાધ તેને શિર ચોંટે છે. શિકાર રમવા માટે જ્યાં જંગલ હોય અને પ્રજા જનોની વસતી ન હોય ત્યાં જવાનો નિયમ છે. એ નિયમનો ભંગ કરવાનું કશું કારણ નથી. રાજા મહારાજાઓ કે રાણી મહારાણીઓ, ધનવાન હોય તો તેથી શું થઇ ગયું ? તેમણે રાજ્યના અને ઇશ્વરના કાયદાનું ઉલ્લંઘન કરવું એ તેમનો અહંકાર બતાવી આપે છે! પોતાની ઇચ્છાનુસાર, ગમે તે વખતે ગમે તેવી વર્તણુક ચલાવવી એ કદી પણ પસંદ કરવા જેવું નથી. રાજા એ દેશનો પિતા છે એટલે તેના કાયદા અને ઇશ્વિર એ જગત્‌નો પિતા છે માંટે તેના કાયદા પ્રમાણે વર્તવું એ પ્રત્યેક મનુષ્ય પ્રાણીની ફરજ છે. મનુષ્ય જ્યારે ફરજ–ધર્મ–ચૂકે છે ત્યારેજ તે નરકના અધિકારી થાય છે. મનુષ્ય શ્રીમંત હોય તો તેથી શું થયું ? શું ઇશ્વિરને ઘેર શ્રીમંતોની લક્ષ્મી ઉપયોગમાં આવશે ? શું ત્યાં લક્ષ્મીને બળે તેમને પરમેશ્વર ગાદીતકીયા, ગાડીઘોડા કે રાજસિંહાસન આપશે ? શું ત્યાં તેઓ પૈસાની લાંચ આપી કામ કહાડી લેશે ખરા કે? કંઇ નહિ. ત્યાં તો માત્ર ધર્મજ સાથે આવશે. ત્યારે તેજ ધર્મને હું પણ વળગી રહું તો તેમાં કશું ખોટું થશે નહિ. આજે સર્વ સભાજનો સમક્ષ હું એક ન્યાયનું કાર્ય કરૂં છું. જો કે તેમ કરવામાં તમને સર્વને વિચિત્રતા જણાશે પરંતુ મ્હારો ખરો ધર્મ એજ છે કે મ્હારે ન્યાય પ્રમાણે વર્તવું. પ્રજા અને રાજાને માટે કાયદો એકજ પ્રકારનો હોવો જોઇએ. પ્રજા અપરાધ કરે તો તેને સખ્ત શિક્ષા થાય અને રાજા અપરાધ કરે તો છુટી જાય કિંવા માત્ર નામની શિક્ષા થાય એ તદ્દન ગેરવ્યાજબી–અધર્મ–કહેવાશે. બેગમ નૂરજહાંએ બંદુક મારી આ ધોબણના પતિનો જીવ લીધો છે. તેનો હું સર્વના સમક્ષ બરાબર ન્યાય કરૂં છું અને બેગમ નૂરજહાંને આજ્ઞા ફરમાવું છું કેઃ " જેવી રીતે તેં ધોબણના પતિનો જીવ લીધો છે તેજ પ્રમાણે એ ધોબણે ત્હારા પતિ (શહેનશાહ જહાંગીર) નો જીવ લેવો. " એમ કહી શહેનશાહે પોતાના હાથમાંની બંદુક ધોબણને

આપી અને તેને કહ્યું કે: "બાઇ ! લે, આ બંદુક વડે તું મ્હારો જીવ લે. તોજ મ્હને સંતોષ થશે. તોજ મ્હેં સાચો ન્યાય આપેલો કહેવાશે."

એ સાંભળી સર્વ સભા સ્તબ્ધ થઇ ગઇ. સર્વે આશ્ચર્યમાં ગરક થઇ ગયા. સર્વના મનમાં મ્હોટી ચિંતા પેઠી. ધોબણ તો બિચારી આભીજ બની ગઈ! તેના મનમાં હતું કે: કદાચ મ્હારા દેખતાં નૂરજહાંને બાદશાહ ઠપકો આપશે કિંવા મારી ક્ષમા મંગાવશે પણ અહિં તો જૂદોજ ન્યાય નીકળ્યો. તે બિચારીએ રડી દીધું અને બેહાથ જોડી કહ્યું: "પ્રજાજનોના માતાપિતા જેવા શહેનશાહ ! આપ અમારા ધર્મના માતાપિતા છો. અમે તેમ પણ અમે તમારી ગરીબ પ્રજા. આપે તો ખરેખર ન્યાય આપ્યો, અને બંદુક મ્હને સોંપી છે પરંતુ હવે હું મ્હારૂં કર્તવ્ય બજાવું છું. "એક મરજો પણ હજારોનો પાળનાર મરશો નાહ." એવી એક કહેવત છે. બનનાર બની ગયું છે. આપને મારવાથી મ્હારો પતિ પાછો આવશે નહિ. તેથી હું આપને પ્રાર્થના કરૂં છું કે: આપે જે આજ્ઞા ફરમાવી તે માટે મ્હને ક્ષમા કરવી. ક્ષમા એજ આપનું ભૂષણ છે. બેગમનું કૃત્ય આપના જાણવામાં આવે તેથીજ મ્હેં આપને ફરીઆદ કરી હતી. વૈર લેવાને માટે નહિ. આપ ક્ષમા કરશો."

સર્વ સભાજનો ધોબણની આવી ઉદાર વૃત્તિ માટે તેને "વાહવા" કહેવા લાગ્યા. દરબાર ગૃહમાં હજી પણ શાંતિ છવાઇ રહી, અને બધા એકી ટસે શહેનશાહના મુખ સ્હામું જોઇ રહ્યા હતા. શહેનશાહે ઉતરેલે ચ્હેરે પુનઃ પોતાને બંદુક મારવાની ધોબણને માગણી કરી પરંતુ ધોબણે તેવીજ પ્રાર્થના કરી. અંતે બાદશાહે બંદુક પાછી લઇ લીધી અને ધોબણની પ્રાર્થનાથી નૂરજહાંનો અપરાધ ક્ષમા કરતાં આજ્ઞા ફરમાવી કે: "તેણે બાદશાહની આજ્ઞા વગર કોઈ પણ હથિઆર ધારણ કરવું નહિ અને તે સાથે રાજમાં સર્વત્ર એવી આજ્ઞા ફરમાવી કે કોઇ પણ મનુષ્યે જનમંડળની વસતીમાં શિકાર કરવો નહિ. બંદુક ફોડવી નહિ. આ હુકમ સર્વેએ સખ્ત રીતે પાળવો. નહિ પાળે તેને સખ્ત શિક્ષા થશે."

એટલી આજ્ઞા કર્યા પછી દરબાર બરખાસ્ત કરવામાં આવ્યો.

પ્રકરણ ૬૪ મું.

કાશ્મીર દર્શન.

કાશ્મીર પર્વતની તળેટીમાં સાત દિવસ અને સાત રાત્રિ પર્યંત, અવિચ્છિન્નપણે બરફ પડવો ચાલુ રહ્યો હતો. તેથી ટાઢમાંથી રક્ષણ કરવા માટે-તાપ કરવા માટે કાષ્ટ મળવાનું મુસ્કેલ થઇ પડયું હતું. કારણ, જંગલ બરફથી છવાઇ ગયું હતું. મ્હારી સાથે ટાઢ તથા બરફના દુઃખથી હેરાન થયેલા સાધુ-ફકીરો ઈત્યાદિક પણ આવતા હતા. એ સાધુ-ફકીરો પાસે ગરમ કપડાં નહોતાં કે જેથી તેમનું રક્ષણ થાય. મ્હને તેમની ઘણીજ દયા આવી. મ્હેં હુકમ ફરમાવ્યો કે આ જંગલ છોડી બીજા જંગલમાં જઈ ગમે ત્યાંથી કાષ્ટ એકઠાં કરી ઉંટ પર લાધી લાવો ! અને અગ્નિ સળગાવી ટાઢમાંથી રક્ષણ કરો. એ કામ માટે કેટલાક મનુષ્યોની નિમણુક કરી તેમને રવાનાં કર્યાં. મ્હારા રસાલા સાથે મ્હેં જેટલાં ગરમ કપડાં લીધાં હતાં તે બધામાંથી કેટલાકને ઝબ્બા અને કેટલાકને ઘેટાના ચામડાનાં બનાવેલાં વસ્ત્રો આપ્યાં. બરફ પડવો બંધ થયો એટલે મ્હેં મ્હારા નોકરોને કહ્યું કેઃ જે લોકોની ઈચ્છા મ્હારી સાથે લાહોર તરફ આવવાની થાય તેમણે તેમ કરવું. મ્હારા ઘણા માણસો તેમના પરિવારથી લાંબા સમયથી છુટા પડ્યા હતા, તેથી દરેકના ઉપર કોઇ જાતનું ફરજીયાતપણું નહિ નાંખતાં તેમની ઇચ્છાનુસાર વર્તવાનું કહ્યુંઃ કારણ દરેકને પોતાનો પરિવાર કેટલો વ્હાલો હોય છે તે હું મ્હારા એક પ્રિય બાળકના મરણથી સારી પેઠે સમજ્યો હતો. મ્હારી સાથે હમેશ મુસાફરી કરનાર ત્રણસો નોકરો મ્હારી સાથે આવવા તૈયાર થયા. તેમને મ્હેં સાથે લીધા. રત્નભંડાર ઇત્યાદિ જે જે કાંઈ હતું તે બધું સાથે લઇ લીધું અને અમે કાસ્મીર તરફ પ્રયાણ કર્યું. પર્વતની તલેટીના પ્રદેશ ઓળંગીને જેમ જેમ આગળ જતા ગયા તેમ તેમ ઠંડીનું પ્રમાણ ઘટતું ગયું. કુદરતની સૌંદર્યતાથી ભરેલાં મનોહર કાસ્મીરી વનોમાં મ્હેં એક માસ સુધી શિકાર કર્યો તેમજ બીજો ઘણો આનંદ મેળવ્યો. આ સ્થળે જે જે સુરમ્ય અને મનો-

હર જગ્યાઓ હતી તે બધી જોઇ અને બહુ આનંદ મેળવ્યો. ત્યાર પછી મ્હારી ઇચ્છા રાજધાનીમાં જવાની થઇ. પણ માર્ગમાં આવતું લાહોર શેહેર જોવાની ઇચ્છા થવાથી મ્હેં તે તરફ કુચ કરી. સાત વર્ષથી મ્હેં એ શહેર જોયું નહોતું. હું જ્યારે લાહોર શહેરમાં ગયો ત્યારે મ્હેં જોયું કે, નગરનો પુરાતન કોટ કેટલીક જગ્યાએથી ભાંગી ગયો છે. મ્હેં તેને લાલ પત્થર વડે ફરીથી બાંધવાનો હુકમં આપ્યો. તે ઉપરાંત રાવી નદીના તટ પર એક મનોહર ઉદ્યાન બનાવવાનો પણ હુકમ ફરમાવ્યો.

કાશ્મીરથી પાછા ફરતાં એક દિવસનો માર્ગ વ્યતીત કર્યા પછી મ્હને ખબર મળી કેઃ કાબુલના કેટલાક દુષ્ટ રહેવાસીઓએ વિદ્રોહ કરી ચારે દિશામાં જુલમ ગુજારવા માંડયો છે. એ સાંભળી મ્હેં પાંચ હજાર સૈન્યના મનસબદાર મહાબ્બતખાંને તે બળવો શાંત પાડવાને માટે કાબુલ જવાનો હુકમ આપ્યો. આ વખત તેની સાથે વિશ હજાર અશ્વારોહી, દશ હજાર ઉંટ પર સજ્જિત થયેલું સૈન્ય અને બસો મ્હોટા હાથી હતા. અલ્લા દાઉદખાં નામક મનુષ્ય એ બળવાનો આગેવાન હતો. અફગાનોમાં તે પ્રથમ શ્રેણીનો એક સરદાર હતો. તે વિના કારણે મ્હારી સભામાંથી રજા લઇ કાબુલ ગયો અને ત્યાં જઇ બળવાખોરોને મળી બળવો જગાડયો હતો. મ્હેં મહાબ્બતખાંને કહ્યું કેઃ જો તે કેદ પકડાય તો તેને જીવતો મ્હારી પાસે મોકલી આપવો, કારણ તેની કૃતઘ્નતા માટે મ્હારી જાતેજ તેને શિક્ષા કરવાની મ્હને ઇચ્છા છે. તેમ થવાથી પ્રજામાં એવું કામ કરવા તત્પર થનાર મનુષ્યો પણ જાણે કે વિના કારણે મ્હારા દરબારમાંથી ન્હાસી જઇ બળવો જગાડનારની કેવી અવદશા થાય છે!

બાદશાહ જહાંગીર પોતાનું આત્મજીવન આટલેથીજ પુરૂં કરે છે. તેઓ કાશ્મીરથી આગ્રા આવતાં માર્ગમાંજ લાહોરમાં મરણ પામ્યા હતા. તેમના જેવા પ્રજાપ્રિય, બુદ્ધિમાન અને દક્ષ શહેનશાહનું સમાધિ મંદિર અત્યારે પણ જોનારને અનેક પ્રકારની શિખામણ આપે છે.

સમાપ્ત.

અનુક્રમણિકા.

અસ્તી વાર્તામાળા મળવાનાં ઠેકાણું.

૧. મુંબાઇ–મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કુ. બુકસેલર્સ કાલબાદેવી
રોડ–પ્રિન્સેસ સ્ટ્રીટ. (છુટક પુસ્તકો મળી શકશે.)
૨. ,, ઠા. વસનજી પરમાણંદ ચાહેવાળા બુકસેલર કાલબાદેવીરોડ.
૩. ,, રા. રા. નારૂશંકર હરિપ્રસાદ દેશાઈ. લોઅર પરેલ.
૪. સુરત–શા રંગીલદાસ કાશીદાસ જનરલ મરચન્ટ-અરાનપુરી ભાગોળ.
૫. ,, ચંદ્રપ્રકાશ ઑફીસ–ભાગાતલાવ.
૬. ભરૂચ–રા. રા. ગણપતરામ દુર્ગારામ દેસાઈ. વિમા કંપનીના એજન્ટ.
૭. વડોદરા–મોહનલાલ મનસુખરામ બુકસેલર. (છુટક પણ મળશે.)
૮. નડીઆદ–રા. રા. મણીલાલ લલ્લુભાઈ દેસાઇ.
૯. ,, રા. રા. મગનલાલ દામોદર પંડયા. લખાવાડને નાકે.
૧૦. ભાવનગર-રા. અબદુલહુસેન આદમજી બુકસેલર. (છુટક પણ મળશે)
૧૧. કરાંચી–રા. રા. છગનલાલ ત્રિભુવન દવે. ઠે. બંદર રોડ. લેટ–
પિપલ્સ બેંક બિલ્ડિંગ.
૧૨. અમદાવાદ–ડી. રૉય અને કુંપની. ઠે. ખાડીયા. પોલીસ ચૉકી પાસે.
૧૩. ,, રા. રા. મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે. બુકસેલર ત્રણ દરવાજા.
૧૪. ,, રા. રા. જેકીશન પરમાનંદ. તારકસ. ત્રણ દરવાજા.
૧૫. ,, રા. રા. હરિપ્રસાદ મોહનલાલ. ખાડીઆ. ગોટીની શેરી.
૧૬. ,, રા. રા. પુંજાલાલ લલ્લુભાઈ. ભટ્ટસાહેબ. માણેક ચૉક.
બહુચરાજી માતા.
૧૭. ,, મેસર્સ જે. એન. વકીલ અને કુ. રીચીરોડ.
૧૮. ,, વકીલ એન્ડ કુંપની. રીચીરોડ.
૧૯. ,, રા. રા. નંદલાલ ચુનિલાલ બોડીવાળા. સારંગપુર.
૨૦. ,, રા. રા. રણછોડલાલ મોતીલાલ બુકસેલર. રીચીરોડ.
૨૧. ,, રા. રા. રામનારાયણ કેશવલાલ દેસાઇ. રંગના વેપારી.
૨૨. ,, અંબાલાલ શંકરલાલ દવે. ખાડીયા શ્રીરામજીની શેરી.
૨૩. બારડોલી–રા. રા. નારૂશંકર હરિપ્રસાદ દેસાઈ. વ્યાસ ફળીઉં.
૨૪. ડબઇ તથા ઠઠ્ઠા–રા. રા. ચાંદુમલ સુખાનંદ ભાટીયા.

બસો રૂપૈઆમાં અન્નદાન સાથે અમર નામ.

દાનવીર સજ્જનો, અનાથોની પ્રાણ રક્ષા કરવા આપના વરદ હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો !! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ !! જો દયાળુ, દાતા તરફથી એકી વખતે રૂ.૨૦૦ બસો દાનમાં મળશે, તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દર વર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દિવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે અને તે દાતાના નામની આરસની તખ્તી કરાવી ઓફીસમાં ચોઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે ? જરૂર મળશે. દયા લાવી લખો:—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ,

નડીઆદ.

ઢીલ થવાનું કારણઃ—

"વાર્તામાળા" ના પ્રસ્તુત પુસ્તક **શાહેનશાહ જહાંગીરને** પ્રકટ કરવામાં **અસાધારણ ઢીલ થઈ છે.** તેનું કારણ, કેટલાંક સાંસારિક કાર્યોમાં રોકાણ થવાનું છે. એ પુસ્તકો અન્ય સજ્જનોને લખવા આપેલાં ત્યાંથી આવ્યા પછી બરાબર તપાસી છાપવા આપવાનું હોવાથી પણ કેટલીક ઢીલ થઇ છે. એ માટે સજ્જન ગ્રાહક બંધુઓ ક્ષમા કરશે..

હવે પછીનાં પુસ્તકો **"મહારાષ્ટ્રીય કથાકુંજ"** વગેરે છપાય છે જે **પંદરેક દિવસમાં પોષ્ટ થશે,** અને તે પછીનું પુસ્તક **"ઉમાજી નાયક" પણ ત્યાર પછી પંદરેક દિવસે પોષ્ટ થશે.**

નવા વર્ષનું પ્રથમ પુસ્તકઃ—

શ્રાવણમાં બહાર પડી જશે. અનિવાર્ય કારણોથી માત્ર આ વખતેજ ઘણો વિલંબ થયો છે ને માટે પુનઃ ક્ષમા યાચના છે. ભવિષ્યમાં તેવો વિલંબ નહિ થાય તેની ખાત્રી રાખવી અને કોઇ પ્રકારની શંકા રાખવી નહિ.

રજીષ્ટર નંબર—ઘણાં ગ્રાહકો રજીષ્ટર નંબર પત્રોમાં લખતા નથી તેમણે કૃપા કરી રજીષ્ટર નંબર સાથે અમને પત્ર લખવો જેથી તુરત ઉત્તર મળશે.

એજંટો—કેટલાંક ગ્રાહકોને એજંટો તરફથી સંતોષ મળતો નથી તેમણે નવા વર્ષથી અમારે ત્યાંથી પુસ્તકો મંગાવી ગ્રાહક થવું.

ગ્રાહકો વધારવાની અમારી પ્રાર્થના ગ્રાહક બંધુઓએ સ્મરણમાં રાખવી.

મેનેજર—**સસ્તી વાર્તામાળા**—મુંબઈ નં. ૧૩